205

A

DICTIONARY,

ENGLISH AND GUJARATI

BY

ARDASEER FRAMJEE MOOS

AND

NÁNÁBHÁI RASTAMJI RÁNINÁ.

PART IX.

Price Rs.2½

2 પહેલાંથી દિલ લાગેલું-ખેંચાયલું હોવું તે; પહેલાંથી બાંધેલી પ્રીતિ; અગાઉની આસક્તિ.

Pre-exist, *v. i.* કશાની-કોઈની ... ગાઉ-પહેલાંથી થવું-હોવું; પૂર્વે હોવું.

Pre-existence, *n.* પેરા હસ્તી; પહેલ... હોવું તે; કદામત; પૂર્વ સ્થિતિ; પૂર્વ ભૂતિ; કોઈ-કશાની પહેલાં હોવાપણું-અસ્તિત્વ.

Pre-existent, *a.* પૂર્વભૂત; પહેલાંથી હે... કોઈ-કશાની પહેલાં હોનારું; પેરા હસ્ત; કદીમ.

Preface, *n.* દિબાચો; પ્રસ્તાવના; ઉપોદ્ઘાત... સૂચી; ઉપન્યાસ.

Preface, *v. t.* પ્રસ્તાવના-દિબાચો લ... -કરવો; આગળથી-આરંભે કહેવું.

Preface, *v. i.* દિબાચો કરવો; પ્રસ્તાવન... પે કહેવું-બોલવું.

Prefactory, *a.* પ્રસ્તાવના રૂપ; પ્રસ્તાવના... દિબાચાના જેવું.

Prefect, *n.* (રોમન લોકમાં) કોઈ ખાતા... ઉપરી અધિકારી; સૂબો; નાજિમ; હાકિમ; સરદાર; અધ્યક્ષ; ...ધ્યક્ષ; પુરાધિપતિ.

Prefectship, }
Prefecture, } *n.* સૂબાગિરી; સરદારી; પ્રી... નો હોદ્દો-અધિકાર; પુરાધ્યક્ષતા; નગ... ...ક્ષતા; સૂબાની હકૂમત; સૂબાનો અમલ; નિજામત; હાક... સાબાર્ત.

Prefer, *v. t.* To set forth, ગુજારવું; રજુ ... આગળ કરવું-લાવવું-ધરવું; જાહેર-ઈજાહર-વિદિત-... ...ત કરવું.

2 To advance, ચઢાવવું; વધારવું; બઢતી-... ...ી કરવી; કોઈને વધારે મ્હોટી જગો-પદવી આપવી; ...ની પદવૃદ્ધિ કરવી; સરબુલંદ કરવું.

3 To regard or honor before another, ...વિશેષ-વધારે ચહાવું-પસંદ કરવું; વધારે ગમ... ...ું-પસંદ પડવું.

Preferable, *a.* બેહતર; વધારે પસંદ કરવા... વધારે ગમે-રૂચે એવું; બીજાના કરતાં સરસ-ઉત્તમ; ...પસંદ પડવા જેવું; વધારે પસંદ પડે એવું.

Preferably, *a.* વધારે પસંદ પડતી રીતે; બીજાના ... સારું લાગવાથી-સારું સમજીને; બીજાના કરતાં વધા... પ-ડવાથી-ગમવાથી.

Preference, *n.* વધારે પસંદ કરવું-ગમવું તે; વધા... પસંદ પડવું તે; અધિક ચાંહ; વધારે ગમત; અધિ... અધિકાનુરાગ.

2 પસંદ કીધેલું જે કંઈ તે; વધારે પસંદ કીધેલું-પડેલું ગુણ અથવા વસ્તુ; પસંદગી.

In preference to this, આને બદલે; આના કરતાં; એની આ...

Preferential, *a.* કોઈના કરતાં વધારે પસંદગી પામેલું-...સંદગી ધરાવતું.

Preferment, *n.* દરજ્જે-પદવીએ ચઢાવવું-વધારવું તે; મ્હોટે દરજ્જે-ઉંચી પદવી આ... તે.

2 દરજ્જે ચઢવું-વધવું તે; મ્હોટો દરજ્જો-ચઢતી પદવી મળવી તે; પદવર્દ્ધન; પદવૃદ્ધિ; સરફરાજી; સરબુલંદી.

3 મ્હોટો દરજ્જો; ચઢતી પદવી; ઉંચો-બાલાતર હોદ્દો; મ્હોટી-ચઢતી પાયરીની જગો; પદોત્કર્ષ; સ્થાનોન્નતિ.

Prefiguration, *n.* પ્રતિ રૂપદ્વારા પૂર્વ પ્રદર્શન; પૂર્વ લક્ષણ-દર્શન; કશાનું આગળથી રૂપ-ડોળ-સ્વરૂપ બતાવવું તે; તરાબી.

Prefigurative, *a.* પૂર્વ પ્રદર્શક; લાક્ષણિક; આગળથી રૂપ-સ્વરૂપ-ડોળ-ચિન્હ બતાવી આપે-જણાઈ આવે એવું.

Prefigure, *v. t.* પ્રતિ રૂપદ્વારા પૂર્વ પ્રદર્શન કરવું; કશાનું આગળથી સ્વરૂપ-ડોળ-ચિન્હ બતાવવું-દેખાડવું.

Prefix, *v. t.* આગળ-પહેલાં-શીરૂઆતમાં-પૂર્વ-આરંભે મૂકવું-જોડવું-લગાડવું-લખવું.

Prefix, *n.* ઉપસર્ગ; શબ્દને આરંભે જે અક્ષર, વર્ણ અથવા એકસ્વર જોડવા-લગાડવામાં આવેછે અને જેથી મૂળ અર્થમાં ફેર પડેછે તે અક્ષર અથવા વર્ણ; અગ્રક; પૂર્વગ.

Pregnancy, *n.* હમેલ; દહાડા-મહીના રહેવા તે; ગર્ભધારણ; સગર્ભાવસ્થા; ગર્ભારપણું; ગરોદરપણું; સગર્ભતા; આધાન; મહીના; દહાડા.-(an animal) ગાભણપણું.

2 ભરપૂરપણું; માતબરપણું; ઘણા અને ભારે પરિણામો ભરેલાં હોય એવો ગુણ; ગૌરવ; બાહુલ્ય.

Pregnancy of parts, બુદ્ધિ બાહુલ્ય; બુદ્ધિ ગૌરવ.

Pregnant, *a.* હમેલ-દહાડા-મહીનાવાળી; હમેલદાર; ભારેવાઈ; સગર્ભા; ગરોદર; બે જીવવાળી; કુક્ષિયા.-A pregnant woman, ઓરતે હામિલ; ગર્ભવતી.-(an animal) ગાભણ; ગાભણી; સ્હવાએલી; ગાભવાળી. એ ઉપરથી,

2 ભરપૂર; પૂર ભરેલું; ભારે; માતબર; જેમાં ભારે અને અગત્યના પરિણામો ભરાયલાં હોય એવું; પૂર-પુરેપુરે અગત્યનું.

To be pregnant, પેટ વધવું-ફુલવું; ગર્ભ રહેવો; મહીના રહેવા.

Pregnant signification, ગર્ભિત અર્થ; માંહે સમાયલો અર્થ; બોલવા અથવા જણાવવામાં આવેલું હોય તેના કરતાંબી વધુ સમાયલું તે.

Pregustation, *n.* પૂર્વસ્વાદન; અગાઉથી ચાખવું-સવાદ લેવો તે.

Prehensile, }
Prehensory, } *a.* પકડે-ધરે-ચુંગાલમાં પકડી શકે એવું, જેમકે the *prehensile* tail of a monkey.

Prehension, *n.* ચુંગાલ; પકડ; કબજ ધરવું-પકડવું તે.

Prehistoric, *a.* ઈતિહાસ-તવારીખમાં જણાવેલું હોય તેની અગાઉના વખતને લગતું.

Prejudge, *v. t.* પુછપરછ-ચોકાસી-તપાસ કીધાવગરજ અથવા કોઈનું કંઈ સાંભળ્યા વગર અગાઉથી ઠરાવ-નિવેડો કરી નાખવો; પૂરી તપાસ કર્યા વગર કશાનો નિશ્ચય કરવો.

Prejudged, *a.* પૂર્વ નિર્ણીત; અગાઉથી ઠરાવ-ચુકાદો કીધેલું.

PREJUDGMENT, *n.* પૂરતી તપાસ-ચોકસી કીધા અગાઉ કરી દીધેલો ઠરાવ-ચુકાદો-નિવેડો; પૂર્વનિશ્ચય-નિર્ણય.

PREJUDICAL, *a.* જે બાબદવિષે આગળ નક્કી ચુકાદો-નિવેડો-ફડચો થયલો નહી હોય એવી બાબદવિષે ઠરાવ કરવાને લગતું.

PREJUDICATE, *v. t. & v. i.* અગાઉથી ઠરાવ કરવો; કોઈની વિરૂદ્ધ અગાઉથી મત-વિચાર બાંધવો; ઘટતી તપાસ કર્યા વગર ચુકાદો કરી રાખવો.

PREJUDICATION, *n.* હરેક બાબદને લગતી હકીકતોની ઘટતી તપાસ-ચોકસી કર્યા વગર અથવા તે બાબદસર વાજબી પુરાવા વગર અગાઉથી વિચાર બાંધી દેવો અથવા ચુકાદો કરી નાખવો તે.

2 (*Rom. Law.*) (*a*) વાંધામાં પડેલી કોઈ બાબદને લગતી અવલ તપાસ અથવા તે ઉપરનો ઠરાવ-ચુકાદો. (*b*) કોઈ ચોકસ બાબદ વિષે અગાઉ થયલો ચુકાદો અથવા તે બાબદનો ફડચો કેવી રીતે આણવામાં આવ્યો હતો તેની વિગત.

PREJUDICE, *n.* તઆસ્સુબ; તાસુબ; મનનું વલણ; ઝોક; અવિચારબુદ્ધિ; બદગુમાની; કોઈ ચોકસ બાબદમાં, તેજ બાબદને લગતી જોઈતી તપાસ અને ચોકસી કર્યા વના કોઈ બળતાજ બાબદોને આધારે તે બાબદમાં વિરૂદ્ધ યા તરફેણમાં આગળથી બાંધી રાખેલું મત; પૂરી તપાસ વગર બાંધેલો-ભુલ ભરેલો વિચાર; અવિચારપૂર્વક મનોધર્મ, જેમકે prejudice *in favour* of a thing, કશાવિષે બંધાઈ ગએલો સારો-અનુકૂળ વિચાર; કશા ઉપર બંધાઈ ગએલી મમતા-ભાવ-મોહ; પક્ષપાત; તરફદારી; રગબત. —prejudice *against* a thing, કશા વિષે બંધાઈ ગએલો માઠો-પ્રતિકૂળ વિચાર; કશા ઉપર થઈ ગએલી અરૂચી-અસૂયા; અણખત; મનમાં વળેલી ગાંઠ; અંટસ; દગદગો; વસવસો.

2 નુકશાન; હરકત; હાનિ; ખરાબી; ધોકો; અપકાર; ખલલ; અપાય; ક્ષતિ; નાશ; હિંસા.

PREJUDICE, *v. t.* ઉતાવળા અને ખોટા ખ્યાલ-વિચાર ઉપરથી કોઈની વિરૂદ્ધ અથવા તરફેણમાં મત બાંધવું-બંધાવવું-(in favour of) કોઈના મનમાં સારો અનુકૂળ વિચાર લાવી-બંધાવી-બેસાડી-ભેરવી દેવો.—(against) કોઈના મનમાં માઠો-પ્રતિકૂળ વિચાર બેસાડી દેવો; કોઈને-કશાવિષે છીટ હોવી-રાખવી.

2 નુકસાન કરવું; ધોકો પુગાડવો; હરકત-ખલલ પહોંચાડવી ખરાબ કરવું; કોઈનું બગાડવું; નુકસાની-ખરાબી કરવ[ી]

PREJUDICED, *a.* —(against) અગાઉથી ખરાબ મત બાં[ધ]ેલું; બદગુમાન.

PREJUDICIAL, *a.* અપકારક; અંટસવાળું-ભરેલું; નુકસાનકારક; પહોંચાડે એવું; હાનિ-ક્ષતિ-અહિતકારક-જનક; જિય[ાન]

PREJUDICIALLY, *ad.* નુકસ[ા]ન-ખરાબી થાએ એવી રીતે; ધોકો પુગાડે એવી રીતે; તા[સુ]બીથી; તાસુબીની રાહે.

PRE-KNOWLEDGE, *n.* પૂ[ર્વજ્ઞ]ાન; પૂર્વ-અગ્રબોધ.

PRELACY, *n.* મ્હોટા દ[રજ્જા]ના પાદરી-મુખ્ય ધર્માધ્યક્ષની પદવી-જગા-મરતબો-હોદ્દો[;] ામત.

2 ધર્મકાર્ય સંબંધી [અધ્યક્ષ]રીપણાનું કામ; અધ્યક્ષો કરતા હોય એવો વહીવટ-[વ્યવ]સ્થા.

3 અધ્યક્ષ વર્ગ-[મંડળ]ી.

PRELATE, *n.* મ્હોટી [પદ]વી-દરજાનો પાદરી; ધર્માધ્યક્ષ; ઈમામ.

PRELECT, *v. t. & [v.] i.* જાહેર ભાષણ કરવું; જાહેરમાં વાઆજ કરવી.

PRELECTION, *n.* જ[ાહેર]માં અથવા થોડાંક નિવડી કાહાડેલાં આસામીઓ હજુર વ[ાંચ]ી સંભળાવેલું ભાષણ અથવા કહેલો પાઠ.

PRELECTOR, *n.* [ભાષ]ણ કર્તા-કરનાર; પાઠક; પાઠ કહેનાર.

PRELIBATION, *n.* [પૂર્વ]ભોગ; પૂર્વાનુભવ; આગમજથી લેવાતો-લીધેલો સવા[દ;] ...ાખેલી મઝા; પેશમઝા; પૂર્વસ્વાદન.

2 કોઈ છ[ૂંદો] ... ાખ્યા અગાઉ ગ્હોડામાં છુટતો રસ-પાણી.

PRELIMINARY[, *a.*] શીરૂઆત કરવાની આગમજની વાતને લગતું; પહેલ[ાં] ... મુળ આરંભને લગતું; મુળ આરંભનું; ઉપક્રમનું; અ... ; પૂર્વનું; પહેલાં કરવાનું; પૂર્વકર્તવ્ય; પૂર્વાંગરૂપ; ઉપક્રમસ્થ[; ઉ]પક્રમ સાધક.

Prelimi[nary] observations, પરિભાષા; પારિભાષિક કથન.

PRELIMIN[ARY,] *n.* કોઈ બાબદની શીરૂઆત કરવાની આગમજની ...-વાત-કામ; પહેલું મંડાણ; પહેલાં કરવાનું કામ; પૂર્વ... -કર્મ; પૂર્વાંગ; ઉપક્રમ પૂર્વ વિષય; પ્રારંભનો વિષય.

PREL[UDE, *n.*] An introductory performance, (to be played on [an ins]trument) પૂર્વવાદન. —(to be sung) પૂર્વગાન; અભીલાપ.

2 [Any]thing which indicates a future event, શ્હેન; ચિન્હ; નિશાણી; રૂપ; લક્ષણ; રંગ; શ્હેનકાં; પૂર્વલક્ષણ.

PR[ELUSIVE,] P[RELUSORY,] } *a.* પૂર્વસૂચક; એવીજ પ્રકારનો કંઈ બનાવ હવે પછી બનવાનો છે એવી સૂચના કરતું-કરનારૂં; ...થી જણાવતું-જણાવનારૂં; હવે પછી શું થવાનું છે તે [જણ]ાવનારૂં; પેશઆમદી; પેશરૂ.

[PREM]ATURE, *a.* વખતની આગમચ-અગાઉ પાકેલું; અકાલપક્વ; [અ]પૂર્વ પક્વ;

[2] વખતની આગમચનું; અધુરૂં; બેવક્ત; કાચા દહાડાનું; અકાળ; અકાલિક; બેમહલ; કમોસમનું; અપૂર્ણકાળ; અપૂર્ણ કાલિક; ઘટતો વખત થયાની અગાઉ થતું-આવતું-બનતું; કાચેપાકે-ઉતાવળ કરીને કીધેલું-ઉપાડેલું-બાંધેલું.

3 કામાપાચાનું; ઉતાવળું; કાચું; જોઈએ તેવા આધાર-પ્રમાણ-સત્તા વિનાનું.

PREMATURELY, *ad.* કાચે પાચે; કવખતે; બહુ ઉતાવળે; વખત થયા પહેલાં; બેઅવસ.
2 પ્રમાણ-આધાર-સત્તા વિના.

PREMEDITATE, *v. t. & v. i.* આગળથી મનમાં ગોઠવવું-ગોઠવી રાખવું; મનમાં અગાઉથી કલ્પી-યોજી રાખવું; અગાઉથી મનમાં વિચાર-કલ્પના-યોજના-રચના-અનુસંધાન કરી રાખવું; આગળથી ઘાટ ગોઠવવો-રચવો.

PREMEDITATED, *a.* આગળથી ગોઠવણ-વિચાર કરીને કીધેલું; આગળથી પાયો રચીને-ઘાટ ગોઠવીને કીધેલું; મનમાં અગાઉથી યોજી રાખેલું; પૂર્વકલ્પિત.

PREMEDITATELY, *ad.* અગાઉથી વિચાર-કલ્પના-યોજના કરીને.

PREMEDITATION, *n.* અગાઉથી વિચાર-મનન-ચિંતન કરવું તે.
2 અગાઉથી ગોઠવેલો ઘાટ; આગળથી યોજેલી યુક્તિ-રચેલી ગોઠવણ; પૂર્વ મનન-ચિંતન-યોજના; પેશબંદી; તદબીર.

PREMIER, *a.* પહેલું; મુખ્ય; વડું; પ્રધાન; સર.
2 (*Her.*) ઘણુંજ કદીમ; અસલી; ઘણાજ પ્રાચીન કાલનું.

PREMIER, *n.* મુખ્ય પ્રધાન; વઝીર; દીવાન; પેશવ વઝીર ઉલમુલ્ક; પ્રધાન મંત્રી.

PREMIERSHIP, *n.* મુખ્ય પ્રધાન-પ્રધાનમંત્રીનો હોદો-પદવી-દરજ્જો; મુખ્ય પ્રધાનપણું.

PREMILLENNIAL, *a.* હજાર વર્ષની પહેલાંનું; ખ્રિસ્તી ધર્મપુસ્તકમાં ચોકસ ઠેકાણે એવું જણાવવામાં આવેલું છે કે આગળ જતાં હજાર વર્ષનો એવો એક જમાનો આવશે કે જે વખતમાં શેતાનનો દોર તદન તુટી તે કબજ થઈ આ લોકમાં સત્ય, નીતિ અને ધાર્મિકપણું બવિઘ્ન વ્યાપી રહેશે, તે હજાર વર્ષની પહેલાંનું. પારસીઓના ધર્મપુસ્તકમાં પણ એવા એક જમાનાની આગાહી કરવામાં આવેલી છે, અને તે શોશીયોશનો જમાનો કહેવાય છે.

PREMISE, *v. t. & v. i.* મુખ્ય બાબદની આગમચ ખોલાસા તરીકે બોલવું-લખવું-કહેવું; આરંભે કહેવું-કહી મૂકવું; જે કહ્યા-કબૂલ રાખ્યાવગર આગળ તકરાર ચલવાયેજ નહી એવી વાત આગળથી કહેવી; સાધનરૂપે કહેવું.
2 અગાઉથી કામમાં લેવું; કશાનો અગાઉથી ઉપયોગ કરવો.

PREMISE, *n. pl.* PREMISES, (*Logic.*) પક્ષ; સાધન; પ્રતિજ્ઞા.
Major premises, ગુરૂપક્ષ; આદ્ય-પૂર્વપક્ષ; ગુર્વવયવ; પ્રધાનસાધન; ઉદાહરણ.
Minor premises, ઉત્તરપક્ષ; લઘ્વવયવ; ગૌણસાધન; ઉપનય.
2 (*pl.*) (LAW.) અમલો, ધરબાર, માલમિલકત, વતનવાડી અને તેને લગતી સઘળી જગાઓ; ગૃહાદિ.

PREMIUM, *n.* A reward or recompense, ઇનામ; બદલો; બક્ષીસ; નજર.
2 Something offered or given for the loan of money, મંડામણ; મંડામણી; નાણું ધીરનારને વ્યાજ ઉપરાંત જે રકમ આપવા કહેલી અથવા આપેલી તે રકમ.
3 Interest, વ્યાજ.
4 ઉતારેલા વિમામાં કોઈપણ જાતની નુકશાની જાય તો તે ભરી આપવાની જવાબદારી માથે લેનાર વિમાવાળાઓને આપેલી રકમ.

PREMOLAR, *n.* દાઢ.

PREMONISH, *v. t.* તાકીદ કરવી; પહેલાંથી-આગળથી કહી-ચેતાવી રાખવું; આગળથી ચેતાવવું-ખબર આપવી-સૂચના કરવી; નસીહત કરવી.

PREMONISHED, *a.* આગળથી ચેતાવેલું; પૂર્વસૂચિત; પૂર્વબોધિત.

PREMONISHER, PREMONISHING, PREMONITORY, *a.* જે ઉપરથી આગળથી ચેતાય એવું; આગળથી સૂચના થાય એવું; પૂર્વ સૂચક; પૂર્વબોધક પૂર્વ સૂચનકારી.

PREMONISHMENT, PREMONITION, *n.* પૂર્વસૂચન; પૂર્વસૂચના; આગળથી મળેલી ચેતવણી-સૂચના-બાતમી; પહેલાંથી પડેલી ખબર; પૂર્વબોધ; પેશખબરી; પેશ આગાહી.

PREMOSAIC, *a.* મુસા પેગંબરના વખતની અગાઉનું.

PREOCCUPANCY, PREOCCUPATION, *n.* કોઈ બીજો બાઝી લે તેની અગાઉ કબજા-અખત્યારમાં લેવું તે અથવા કબજો-અખત્યાર લેવાનો હક; પ્રથમ ભોગવટો.

PREOCCUPY, *v. t.* કોઈ પોતાના સ્વાધિનમાં લે તેની આગમચ લઈ-કબજ કરી લેવું; કોઈની પહેલાં કબજો-ભોગવટો-વહીવટ કરવો.
2 કોઈના મનમાં આગળથી કોઈ વિચાર પેસાડી-બેસાડી દેવો; કોઈના મનમાં અગાઉથી કંઈ ભરી દેવું.

PREORDAIN, *v. t.* આગળથી સ્થાપી-નેમી-નક્કી કરી-મુકરર કરી મૂકવું; આગળથી નિરમવું-નિર્મી-નિર્માણ કરી રાખવું.

PREORDINANCE, *n.* અગાઉનો કરેલો ઠરાવ; આગળથી કરી રાખેલો ઠરાવ.

PREORDINATION, *n.* આગળથી નક્કી-નિર્માણ કરી રાખવું તે.
2 આગળનો-અગાઉથી કરી રાખેલો ઠરાવ-મનસુબો.

PREPARABLE, *a.* તૈયાર કરી શકાય એવું.

PREPARATION, *n.* The act of preparing or fitting for a particular purpose, use, service or condition, કામમાં લેવા-આવવા જેવું કરી મૂકવું તે; તૈયાર-દુરૂસ્ત-લાયક-સજ્જ કરવું-કરી મૂકવું તે; સજ્જીકરણ; સિદ્ધીકરણ; આરાસ્તગી.
2 Previous arrangement or adaptation, આગળથી કીધેલા-કરવાનો ઉપાય-સામગ્રી; તૈયારી; તદબીર; તજવીજ; ગોઠવણ; બંદોબસ્ત; તરદૂત; પેરવી; ત્રેવડ.
3 The state of being prepared or got ready, તૈયારી; સજ્જતા; સિદ્ધતા; તૈયાર-લાયક-યોગ્ય થઈ રહેવું-થઈ રહેલાં હોવું

તે; તૈયાર-હોશિયાર-કંમર બાંધીને બેઠેલાં હોવું તે; કંમરબંધી.

4 That which is prepared, made or compounded for a particular purpose, મેળવી કરીને તૈયાર કરેલો પદાર્થ; મેળવણી; રસાયન.

5 (*Anat.*) A part of an animal body prepared and preserved as a specimen, જતન-તજવીજથી તૈયાર કરીને નમુના તરીકે સાચવી-જાળવી-સમાલી-સંભાળી-સંચકી રાખેલો કોઈ પ્રાણીના શરીરનો અમુક ભાગ.

6 (*Med.*) ચુરણ; મેળવી કરીને તૈયાર કરેલું આસડ; તૈયાર આસડ; પાક.

Preparative, *a.* તૈયાર-લાયક-યોગ્ય-સજ્જ કરવા મંડે એવું; સિદ્ધિજનક-કારક.

2 તૈયાર-લાયક-યોગ્ય કરવાને લાયક-ની શક્તિ ધરાવતું.

Preparative, *n.* તૈયાર-લાયક કરનારું; ચોકસ મકસદ બર લાવવા માટે આગળથી તૈયાર-યોગ્ય કરી રાખવાની શક્તિ ધરાવનાર.

2 તૈયાર-લાયક કરનારું-થવાનું સાધન; સિદ્ધતાજનક વિષય-કૃત્ય.

3 આગળથી કીધેલો-કરવાનો ઉપાય-સામગ્રી; તૈયારી; તજવીજ; ગોઠવણ; બંદોબસ્ત; તરતુત; પેરવી; ત્રેવડ.

Preparatively, *ad.* તૈયારીને માટે; તૈયારી થાય તેટલા સારૂ.

Preparatory, *a.* આગળથી કીધેલા ઘટતા-લાયક ઉપાયથી કોઈ યોજને વાસ્તે રસ્તો મોકળો કરે એવું; તૈયારી કરનારું.

2 શરૂઆતનું; પહેલું; પૂર્વનું; આરંભનું; પુર્વાંગરૂપ.

Prepare, *v. t.* To fit, adapt, or qualify for a particular purpose. કોઈ ચોકસ મકસદ બર લાવવા માટે તૈયાર-લાયક-જુગતું-યોગ્ય-સિદ્ધ કરવું; કામમાં લેવા-આવવા જેવું-સજ્જ કરી મુકવું; તરતીબ આપવી.

2 To procure as suitable, મેળવી મુકવું; તૈયાર-સિદ્ધ કરી રાખવું-મુકવું.

3 To provide, કશાની તૈયારી કરી રાખવી-મુકવી; કશાની સામગ્રી-સાહિત્ય તૈયાર રાખવું; કશાનો ઈલાજ-તજવીજ-પેરવી-ગોઠવણ-બંદોબસ્ત કરી રાખવો.

4 To make ready by process, to dress, કમાવવું; કેળવવું; તૈયાર કરવું.

Prepare, *v. i.* તૈયારી કરવી-થવી; તર્તુદ-ત્રેવડ-તજવીજ-બંદોબસ્ત કરવો-થવો; સજવું.

2 તૈયાર રહેવું-હોવું-થવું; કંમર બાંધીને બેસવું.

Prepared, *a.* તૈયાર; કંમરબસ્તા; સજ્જીકૃત; સજ્જ.

To be prepared, તૈયાર-સજ્જ રહેવું; કંમર બાંધીને બેઠેલાં હોવું.

Preparedly, *ad.* આગળથી કરી રાખેલી લાયક ગોઠવણો મુજબ; અગાઉથી લીધેલા ઘટતા ઉપાયો મુજબ.

Preparedness, *n.* સિદ્ધતા; સજ્જતા; સિદ્ધિ; કંમરબસ્તગી.

Prepay, *v. t.* અગાઉથી-પહેલાંથી આપવું-ભરવું.

Prepayment, *n.* અગાઉથી-પહેલાંથી આપેલું-ભરેલું તે; પુર્વદાન.

Prepense, *a.* આગળથી મનમાં ઘાટ ગોઠવીને કીધેલું; ચિંતિતપુર્વ; મતિપુર્વ. See Premeditated. [જે શબ્દની સાથે *prepense* શબ્દ સંબંધ ધરાવતો હોય તે શબ્દની પાછળજ એ મુકવા અથવા બગાડવામાં આવેછે, જેમકે This has not arisen from any misrepresentation or error *prepense.*]

Malice prepense, દ્રોહચિંતા; આગળથી જાણીબુજીને મનમાં ધારેલું કપટ; બદનિષ્ઠા; બદદ્યાનત.

Prepensely, *ad.* આગળથી ઘાટ ગોઠવીને કીધું હોય એવી રીતે.

Preponderance, **Preponderancy**, *n.* The state or quality of being preponderant, વધારે ભારે થવું તે; વધતો-અધિક ભાર-વજન; વજનનું જાસ્તીપણું; ભારાધિક્ય; જ્યાદા વજની.

2 Superiority of influence or power, પ્રાધાન્ય; પ્રભાવ; ગૌરવ; બળ-જોર-વગ-વજન વધી જવું તે; પ્રબળ; અધિક પ્રભાવ; અધિક શક્તિ.

Preponderant, *a.* અધિક વજનનું; વધતા ભારનું; અતિ-અધિક ભારી.

2 પ્રધાન; ભાર બોજ-વગ વસીલામાં વધી ગયલું હોય-વધી જતું હોય એવું.

Preponderate, *v. t.* વધારે ભારે કરવું; કવી કરવું; તોલ-વજનમાં બીજા કરતાં વધવું-વધતું થવું.

2 કોઇનો વગ વધારે થવો-હોવો; જબરા વગ વસીલાથી જોર મારીને જેર કરવું.

Preponderate, *v. i.* વધારે ભારી-જડ-વજનદાર થવું; તોલ-વજનમાં વધવું; અધિક ભારી હોવું.

—(the scale of a balance) નમવું.

2 કોઈનું જોર-બળ વધારે હોવું-થવું; કોઈનું પ્રાબલ્ય-પ્રાધાન્ય વધારે થવું-હોવું-વધવું; કોઈનો ભારબોજ-વગ વસીલો વધવો; વધારે બળવાન-વજનદાર હોવું; વધારે જોર-બળ પકડવું-પામવું.

Preposition, *n.* (*Gram.*) શબ્દયોગી અવ્યય; નામયોગી અવ્યય.

An inseparable preposition, ઉપસર્ગ.

Prepositional, *a.* નામ-શબ્દયોગીનું કામ કરનારું; નામ-શબ્દયોગીરૂપ; નામયોગી; ઉપસર્ગસંબંધી; ઔપસર્ગિક.

2 નામયોગી-શબ્દયોગી જેને આરંભે આવી તેના ઉપર અધિકાર ભોગવતો હોય એવું; નામ-શબ્દયોગ્યાધીન.

Prepositive, *a.* આગળ-પહેલાં-આરંભે-શરૂઆતમાં મુકેલું-લગાડેલું; પૂર્વસ્થાપિત.

Prepositive, *n.* કોઈ શબ્દની પૂર્વે–અગાઉ મુકેલો–લગાડેલો–જોડેલો શબ્દ અથવા અવ્યય; ઉપસર્ગ.

Prepositor, *n.* બીજા નિશાળીઆઓ ઉપર દેખરેખ રાખવાને નિશાળના ગુરૂએ ઠરાવેલો નિશાળિયો; ઉપગુરૂ.

Prepossess, *v. t.* પૂર્વ ગ્રહન કરવું; અગાઉથી લઈ લેવું; કોઈ ચીજ, જગા વગેરેનો પહેલાંથી કબજો લઈ લેવો; પોતાનું કરી લેવું; અગાઉથીજ ભોગવટો–વહીવટ કરવો.

2 કોઈના મનમાં કોઈને–કશાને વિષે આગળથી સારો અથવા માઠો (પણ ઘણું કરીને સારો) વિચાર પેસાડી દેવો; કોઈ કારણને લીધે આગળથી સારો વિચાર બંધાઈ–પેસી જવો; કોઈના મનમાં આગળથી વસી–રૂચી–ભાવી–ગમી જવું.

Prepossessing, *a.* જોતાંવારજ ગમી આવે–વહાલું લાગે એવું; જોતાંવાર કોઈના ઉપર ભાવ કે આસ્થા બેસી–ચ્હોંટી જાએ એવું; કોઈનો ચાહ–પ્યાર પોતા ઉપર ખેંચે એવું; રૂચિર; દૃષ્ટમાત્ર ચિત્તાકર્ષક; સુંદર; મનોહર; દિલપસંદ.

Prepossession, *n.* પૂર્વભોગ; પૂર્વધારણ; પ્રથમ ભોગવટો; પહેલાનો–અગાઉનો કબજો.

2 આગમચથી બંધાઈ ગયલો સારો અથવા માઠો (ઘણો ખરો સારો) વિચાર; પહેલાંથી–જોતાંવાર–અગાઉથી જોયા નિરખ્યા વગર બંધાઈ–બેસી–ચ્હોંટી ગયલો વિચાર–ભાવ–આસ્થા–રૂચી; ચિત્તાકર્ષણ; સુમત.

Preposterous, *a.* અનુક્રમમાં ઉલટાયલું એવું; જેમાં પહેલું તે છેલ્લું ને છેલ્લું તે પહેલું હોય એવું; ઉલટું; વિપરીત ક્રમનું; વિપર્યાતાનુક્રમિક.

2 છેકજ બેવકૂફી ભરેલું; બેહુદું; બેજા; અખતર; વિપરીત; અયુક્ત; છેકજ ઉંધ બુધિલું; હડહડતી મુર્ખાઈનું ભરેલું; લાલ બુઝરગ સાહી; લાલ બુઝક્કડિયા; દસાડિયા મલેક સહી.

Preposterousness, *n.* બેહુદગી; અખતરી; ઉંધી બુદ્ધિ.

Prepuce, *n.* (*Anat.*) ઇંદ્રિના ફુલની ઉપરની ચામડી; અગ્રત્વક; શિશ્નાગ્રત્વચ; લિંગાગ્રચર્મ.

Prerequisite, *a.* ધારેલી મતલબ પાર પાડવા સારૂ જે પહેલાંથીજ કરવાની જરૂર હોય એવું; પેશ જરૂર; પહેલાંથી જરૂરનું; પૂર્વાપેક્ષિત; પૂર્વાવશ્યક.

Prerequisite, *n.* પહેલાંથી જોઈતી–જરૂરની ચીજ–બીના–બાબદ–વિષય–પદાર્થ; પૂર્વાવશ્યક વિષય–પદાર્થ.

Prerogative, *n.* (હંમેશના–કાયમ) ખાસ હક; વિશેષ અધિકાર–સત્તા; વિશેષાધિકાર; અસાધારણાધિકાર.

Presage, *n.* Prognostic, પૂર્વલક્ષણ–ચિન્હ; આગળથી દેખાતી નિશાણી; આગાહી; જે ઉપરથી હવે પછી બનવાની વાત આગળથી જણાય અથવા કહેવાય એવી નિશાણી; ભાવી ચિન્હ; ફાલ.

2 Fore knowledge, પૂર્વજ્ઞાન; આગમચથી પડેલી ખબર; ભવિષ્ય–ભાવી જ્ઞાન–શક્તિ.

3 Presentiment, એમ થશે એવું આગળથી જોવું–કહેવું તે, અથવા આગળથી કહેવાની–જોવાની શક્તિ; મન સાથે લાગી ગયલું–ભાસેલું ભાવી; મનથી ઉઠેલી ભાવીની પ્રેરણા; પૂર્વબોધ; ધખારો; ભણકારો.

Presage, *v. t.* To forebode, આગળથી ખબર પડવી; એવું થશે એમ આગળથી લાગવું–ભાસવું–જણાવું; કશા ઉપરથી આગમચ સૂચના થવી–જણાવું–દેખાવું; હોનાર વસ્તુ–બનાવની ખબર પડવી.

2 To foreshow, ભવિષ્યની સૂચના આપવી; આગમચથી જણાવવું–દેખાડવું–કહેવું; ભાવી કહેવું; અગમચેતી કરવી; અગમ બતલાવવું; પેશગોઈ કરવી.

Presager, *n.* રમ્માલ; ફાલગો; ભાવી કહેનાર–દર્શક; દૈવજ્ઞ.

Presbyopia, **Presbyopy**, **Presbyte**, *n.* (*Med.*) ઘડપણ વખતની આંખની એક ખામી; નજદીકની ચીજો બરાબર જોઈ ન શકાય પણ દૂરના પદાર્થો પરગરા જોઈ શકાય એવી આંખની ખામી–ખોડ.

Presbyopic, *a.* દૂરનું પરગરી રીતે જોઈ શકે પણ જેને નજદીકનું બરાબર દેખાઈ શકે નહી એવું.

Presbyter, *n.* (*Anc. Church*) ખ્રિસ્તી વડીલ સભામાંનો એક સભાસદ; ખ્રિસ્તી દેવળમાં ભક્તિ કરનારાઓને શિખવવા તથા દેવળની અંદરનો કારભાર ચલાવવાને નીમેલો વડો ઉપદેશક; "પ્રિસ્બિટર" પંથનો પાદરી.

2 (*Church of England*) "ડીકન"થી ચઢતા અને "બિશપ"થી ઉતરતા એવા બીજા દરજાનો પાદરી.

3 "પ્રિસ્બિટર" પાદરીઓમાં બીજી પદવી ધરાવનાર પાદરી. (સ્કાચ લોકોના ધર્મ સંબંધી ખ્રિસ્તિ મંડળને આ "પ્રિસ્બિટર" શબ્દ લાગુ પડે છે.)

Presbyteral, **Presbyterial**, **Presbyterian**, *a.* "પ્રિસ્બિટર" પંથ અથવા મંડળ સંબંધી.

2 ખ્રિસ્તી ધર્મનું કામ ચલીવનાર "પ્રિસ્બિટર" પંથવાળા વડીલ પાદ્રીઓની સત્તાને લગતું; પ્રિસ્બિટર વડીલ સત્તાક; પ્રિસ્બિટર વડીલ સભાએ કરેલું, જેમકે *Presbyterian ordination*, પ્રિસ્બિટર વડીલોએ કરેલી (ઉપદેશકની) નીમનુક.

Presbyterian Church, ધર્મનું કામ ચલાવવા વિષે વડીલોની સત્તા છે એવું માનનાર–કબુલ રાખનાર; પ્રિસ્બિટરોનું મંડળ.

Presbyterian Church Government, ધર્મનું કામ ચલાવવાની પ્રિસ્બિટર વડીલોની સત્તા–વ્યવસ્થા.

Presbyterian, *n.* ખ્રિસ્તિ ધર્મનું કામ ચલાવવા વિષે પ્રિસ્બિટર વડીલોની સત્તા છે એવું માનનાર અથવા એવા પંથનું માણસ; વડીલ સત્તાકપંથી.

Presbyterium, *n.* (*Arch.*) ઈશ્વર ભક્તિ અને ક્રિયા કર્મ કરવા

માટે એલાહેદો રાખેલો દેવળમાંનો અમુક ભાગ—જગા—ઓરડો.

PRESBYTERY, *n.* પ્રિસ્બિટર વડીલોની સભા; વડીલ સભા; વડીલ વર્ગ.

2 પ્રિસ્બિટર વડીલ સત્તાક ધર્મ-પંથ.

3 (*Arch.*) ઇશ્વર ભક્તિ-ક્રિયાકર્મ કરવા માટે એલાહેદો રાખેલો દેવળમાંનો અમુક ભાગ-જગા-ઓરડો.

PRESBYTIA, *n.* (*Med.*) SEE PRESBYOPY.

PRESBYTIC, *a.* SEE PRESBYOPIC.

PRESCIENCE, *n.* ભવિષ્યપૂર્વજ્ઞાન; ભવિષ્યદર્શન; અગમબુદ્ધિ; અગમચેતી; બનનાર વસ્તુ-બનાવ આગળથી જાણવો તે; આગમ; એલ્મે ગએબ; બસારત; પેશબીની; ગએબદાની.

PRESCIENT, PRESCIOUS, *a.* ભવિષ્ય જાણનાર; આગમ જ્ઞાની; અગમ બુદ્ધિવું; ભવિષ્યજ્ઞાની-દર્શી; બનનાર બનાવ આગળથી જાણનાર-સમજનાર; પેશબીન; ગેબદાન.

PRESCRIBE, *v. t.* & *v. i.* To lay down authoritatively for direction, નેમવું; નેમી-ઠરાવી-મુકરર કરી આપવું; બાંધી આપવું; રસ્તો-રીત-ધોરણ બતાવવું-કહેવું; આ મુજબજ કરવું-ચાલવું-બોલવું એમ કહેવું; હુકમ કરવો-આપવો-ચલાવવો; ફરમાવવું.

2 (*Med.*) To direct as a remedy to be used by or for a patient, નુસખો લખી આપવો; દવા-ઓસડ લખી આપવું-બતાવવું; ઉપાય કહેવો-બતાવવો; ઔષધોપચાર કહેવો.

PRESCRIBED, *a.* નેમી-ઠરાવી-મુકરર કરી આપેલું; વિધ્યુક્ત.

2 કહેલું; જણાવેલું; લખી આપેલું.

PRESCRIPT, *n.* આજ્ઞા; હુકમ; ફરમાન; નિર્દેશ.

2 ઓસડની યાદી; નુસખો; ઔષધવિધિ; ચિકિત્સાલેખ.

PRESCRIPTION, *n.* નેમવું-નેમી-ઠરાવી-બાંધી આપવું તે; કહેવું-હુકમ કરવો-ચલાવવો તે; નિર્દેશ; આજ્ઞા.

2 નુસખો; કહેલું-લખી આપેલું ઓસડ તથા તે વાપરવાની રીતિ-વિધિ; ઔષધવિધિ; ચિકિત્સાલેખ.

3 (*Law*) જુના-આગળના-અસલથી ચાલતા આવેલા વહિવટનો હક; કાયદામાં જણાવેલી મુદત ઉપરાંતનો-ઘણા વરસનો-અનાદિ પરંપરાનો કબજો-ભોગવટો-વહિવટ; ચિરકાળ ભોગ-વ્યવહાર; ચિર-બહુકાળ ભુક્તિ; હક્કેકદામત.

PRESCRIPTIVE, *a.* કાયદામાં જણાવેલી મુદત ઉપરાંતના-ઘણા વરસના-અસલથી ચાલતા આવેલા-અનાદિ પરંપરાના કબજા-ભોગવટા-વહિવટને લીધે થયલું-મળેલું પોહોંચેલું; ચિર-બહુકાળ ભુક્ત; અનાદિ પરંપરા પ્રાપ્ત; અનાદિ પરંપરાગ્રયી.

Prescriptive right, હક્કેકદામત.

PRESENCE, *n.* The state or condition of being present, હાજરી; હજુરી; હાજર બાશી; મોજુદી; વિદ્યમાનતા; પ્રત્યક્ષતા; સમુપસ્થિતિ.

2 Neighbourhood, without the intervention of any thing that forbids intercourse, રૂબરૂપણું; સમક્ષતા; સમક્ષા સમક્ષ.

3 Neighbourhood to one of superior or exalted rank, હજુર; હાજર બાશી; ખિદમત.

4 Presence-chamber, દીવાનખાનું; મોટા લોકોનો મુલાકાત લેવાનો ઓરડો; દીવાનેઆમ-ખાસ; દર્શન-રાજદર્શન શાળા.

5 The person of a superior, હજુર; જનાબ.

6 A number assembled before a great person, કોઈ મ્હોટાં માણસની હજુરમાં ભેગાં થયલાં લોકો.

7 Port, mien, ચર્યા; ચેહેરો; છટા; અદા; બાની; ઢબ; રફતાર.

Presence of mind, હોસ; હોશગોશ; હોશિયારી; ઓસાન; શુધબુધ ઠેકાણે હોવી-રહેવી તે; દેહભાન; સમયસુચકતા; સાવધગિરી; કેમ; સ્થિર ચિત્તતા.

That waits in the presence of, હજુરિયો.

To suffer to be in one's presence, પાસે આવવા દેવું; પાસે ઉભા રાખવું.

In the presence of, સમક્ષ; હજુરમાં; દેખતાં; સામે; સામને; નજર-મ્હોડાં આગળ; રૂબરૂ; સાક્ષાત; સંમુખ.

In your presence, તમારા દેખતાં; તમારી નજર સામે.

PRESENCE CHAMBER, PRESENCE ROOM, *n.* દીવાનખાનું; મોટા લોકોનો મુલાકાત લેવાનો ઓરડો; દીવાનેઆમ; દર્શનશાળા.

PRESENT, *a.* Being at hand, હાજર; પાસે; મોજુદ; વિદ્યમાન; રૂજુ.

2 Now existing, or in process, પ્રકૃત; પ્રસ્તુત; વર્તમાન; ચાલુ; ચાલતું; હાલનું; હમણાનું.

3 Neither ended nor yet to begin, ચાલતું; સાંપ્રતનું; સાંપ્રતકાળનું; હાલના વખતનું.

4 Not past or future, ગયલા વખતનું નહી તેમજ આવતા વખતનું પણ નહી; નહીં ભૂત કે નહી ભવિષ્યનું; હાલનું; હમણાનું; ચાલતું.

5 Being now in view, or under consideration, હાથમાંનું; હાથમાં લીધેલું; મનપર લીધેલું; ઉપસ્થિત; ઉપાડેલું; નજર આગળ રાખેલું.

6 Not delayed, તાત્કાળિક; તરતજ-લાગલું-તાબડતોબ થનારું; તુરતા તુરતનું; રોકડું; હાથમાંનું હાથમાં; હમણાનું હમણાં; ઢીલ-ઓઠી વગરનું.

7 Ready at hand, જોઈએ ત્યારે તૈયાર; સમયસૂચક; શીઘ્ર.

8 Favourably attentive, propitious, અનુકૂળ; પ્રસન્ન; ગાફીલ-બેદરકાર નહી એવું; વરદ; અભીષ્ટ.

To be present, મ્હો આગળ-નજર સામે-રૂબરૂ-સમક્ષ-હાજર હોવું; હજુર દાખલ.

Present matter, પ્રસ્તુત વિષય.

Present tense, (*Gram.*) વર્તમાન કાળ; જમાને હાલ.

PRESENT, *n.* જમાનેહાલ; હાલનો-ચાલતો-ચાલુ વખત; વર્તમાન કાળ.

PRESENTS, *n.* (*pl.*) (*Law.*) લેખ; દસ્તાવેજ; સનદ; નવિશતો.

2 ભેટ; સોગાત; એનાયત; નજરાણું; હદિયો; નજર કીધેલી-ધરેલી વસ્તુ; નજર; બક્ષીસ; દાન.

At present, હમણાં; આજ વખતે; અધુના; તુરત; હાલમાં; સાંપ્રતકાળમાં; દર ઇન વક્ત.

For the present, હાલ તો; હમણાં તો.

In present, એકદમ; લાગલુંજ; તાબડતોબ; ઝટ.

PRESENT, *v. t.* હાજર-રજુ-નમુદ કરવું; રૂબરૂમાં લાવીને ઉભું કરવું; કોઈની રૂબરૂ કે હજૂરમાં તેડી લાવવું; ઓળખાવવું; ઓળખાણ-ભેટ-મુલાકાત કરાવવી; ભેટાડવું; ભેટવવું.

2 મ્હો-આંખ-નજર આગળ લાવવું-મુકવું-ધરવું; નજરે પાડવું; બતાવવું; દર્શાવવું; આગળ ધરવું; નજર સામે મુકવું.

3 સભ્યતાની રીતે આપવું; હવાલે કરવું; સોંપવું; હવાલામાં-હાથમાં આપવું-રાખવું-ધરવું.

4 ભેટ-નજર કરવી; બખશવું; આપવું; સોગાત-બક્ષીસ કરવી; અર્પણ કરવું; નવાજવું.

5 ધર્મોપદેશકની વૃત્તિપર કોઈને નીમવું.

6 અરજ કરવી; ગુજારવું; કરવું; આપવું; કોઈ જાહેર સમાજ હજુર રજુ કરવું.

7 ધારવું; તાકવું; નિશાનો માડવો.

To present ones self, કોઈની રૂબરૂમાં-હજૂરમાં આવી ઉભાં રહેવું; હાજર થવું.

To present arms, (*Mil.*) માનની ઇંધાણી તરીકે હથિયાર સામાં ધરવાં, જાણે કહે તો તુરત હથિયાર મુકી દીએ એવી રીતે તે નજર સામે ધરવાં; બંદુક ઝુંકાવવી.

PRESENTABLE, *a.* કોઈની રૂબરૂ-હજુરમાં તેડી જવા-લઈ જવા જેવું-લાયક; કોઈની સાથે ભેટવવા-મુલાકાત કરાવવાને લાયકનું; પાંચ માણસમાં જવા આવવાને લાયકની શાન સોગતવાળું.

2 દેખાડવા-બતલાવવા-કહેવા-નિવેદન કરવા લાયક; દર્શનીય.

3 ભેટ-સોગાત-નજર કરવા લાયક; ભેટ-નજરાણામાં આપવા લાયક; નિવેદનીય.

4 ધર્મોપદેશકની વૃત્તિ કરાવી આપવા-કરી અપાવવાની અધ્યક્ષને ભલામણ કરવા લાયક-યોગ્ય.

PRESENTATION, *n.* રજુ-હાજર કરવું તે; નિવેદન; ગુજારણી.

2 આપવું-સોંપવું-હવાલે કરવું તે.

3 ભેટ-નજર કરવી તે; સોગાત; બક્ષીસ; નજર; નજરાણું.

4 ભેટ-ઓળખાણ-મુલાકાત કરાવવી તે; મુલાકાત.

5 રમત-ગમત-તમાશો વગેરે કરી બતાવવો તે; રમી-કરી દેખાડવું તે; પ્રદર્શન; દર્શન.

6 (*Eccl. Law*) ધર્મોપદેશકની વૃત્તિપર કોઈને નીમવું-કરાવવું તે; ધર્મવૃત્તિ નિયોજનાધિકાર.

7 (*Obstetrics*) ઓરત કષ્ટાતી હોય તે વખતે ગર્ભદ્વારને સંબંધે બાળકે રહેલાં-પડેલાં-આવી રહેલાં હોવું તે; કષ્ટાતી વખતે બહાર પડવાના માર્ગ આગળ બાળકની સ્થિતિ.

Presentation copy, ગ્રંથકાર પોતાના ગ્રંથની જે નકલ માનની ઇંધાણી દાખલ કોઈને ભેટ ધરે-નજર કરે તે નકલ; ભેટ આપવાની-નજર કરવાની નકલ-ચોપડી-ગ્રંથ.

PRESENTEE, *n.* ધર્માધ્યાપક વૃત્તિપર જેને નીમ્યો હોય તે; ધર્મવૃત્તિ ભોગી.

PRESENTIENT, *a.* અગમચેતીવાળું; આગળથી વરતી-જાણી-ચેતી જાએ એવું; આગાહી જાણનાર; ભવિષ્યજ્ઞાની.

PRESENTIMENT, *n.* આગાહી; એમ થશે એવો આગળથી મનમાં આવી ગયલો વિચાર-વાત; મન સાથે લાગી ગયલું-ભાસેલું ભાવી; ભાવીની પ્રેરણા; પૂર્વબોધ; ભાસ; ભાન; પૂર્વભાવના; આગમ.

2 આગળથીજ મનપર થએલી અસર; કોઈ બનાવ (ઘણું કરીને માઠો) બનશે એવી ખાતરી; માઠો બનાવ બનવાની આગાહી-અગમચેતી.

PRESENTLY, *ad.* એકદમ; તુરત; હમણાંજ; તત્કાળ; અતરઘડી; એએ; ફિલહાલ; સાંપ્રત; લાગલુંજ; તત્ક્ષણ; હમણાનું હમણાં.

2 જરાવાર રહીને; થોડીકવાર પછી; જરાવારમાં; ક્ષણાન્તરે.

PRESERVABLE, *a.* રાખવા-બચાવવા જોગ; રાખી-બચાવી શકાય એવું; રક્ષણીય; રક્ષ્ય.

PRESERVATION, *n.* The act, બચાવવું-જાળવવું તે; સંભાળવું-બગડવા ન દેવું તે.

2 The state, બચવું-ઉગરવું તે; જતન; બચાવ; રક્ષણ; સંરક્ષણ; મુહાફઝત; ઇફાઝત.

PRESERVATIVE, **PRESERVATORY**, *a.* બચાવી-સાચવી શકે એવું; રક્ષક; રક્ષણકારી; હિમાયતી; મુરબ્બી; બચાવ-રક્ષણ થાય-જળવાય એવું; બગડે નહી-કોહી ન જાએ એવું.

PRESERVATIVE, **PRESERVATORY**, *n.* રાખી-સાચવી-બચાવ કરી શકે-બગડવા ન દે એવી ચીજ-એલાજ; બગડી કે કોહી ન જાય એવો ઉપાય; રક્ષણ સાધન; રક્ષણોપાય.

PRESERVE, *v. t.* બચાવવું; રક્ષણ કરવું; જાળવવું; ઉગારવું; સમાળવું; સલામત-સહીસલામત રાખવું; જતન-રક્ષણ કરવું.

2 બગડવા ન દેવું; આથીને-સારો અથવા ચાસણી પાઈને જતનથી સમાલી રાખવું; ન બગડતાં ઘણા દહાડા સલામત રહે તે સારૂ મીઠું દઈને અથવા મસાલો ભરીને રાખવું; -(in brine) આથવું-અથાણું ભરવું-કરવું; -(with sugar) મુરબ્બો કરવો.

3 સાચવી રાખવું; ઠાવકું-ઠેકાણે રાખવું, જેમકે to *preserve* appearances.

To preserve game, જનાવરોનો શિકાર થવા ન દેવો; શિકાર કરતાં અટકાવવું.

PRESERVE, *n.* મીઠું દઈને-મસાલો ભરીને-સીરો, ચાસ અથવા ખાણની ચાસણી પાઇને રાખી મૂકેલો ખાવાનો પદાર્થ;-(with sugar) મુરબ્બો;-(in brine) અથાણું, અચાર.

2 શિકાર ખેલવા માટેનાં અથવા ભક્ષ માટેનાં જાનવરોને સંભાળ-જતનથી રાખવાની જગ્યા; મૃગયાભૂમિ; શિકારગાહ; વિતંસ.

PRESERVER, *n.* બચાવનાર; તારનાર; રક્ષણ કરનાર; રક્ષક; ઉગારનાર; ત્રાતા; સંભાળનાર; જતન કરનાર-રાખનાર; હાફિઝ; નિગાહબાન; દસ્તગીર.

2 મુરબ્બો કરનાર-બનાવનાર; મુરબ્બાસાજ; અથાણું ભરનાર; અચાર બનાવનાર; મુરબ્બા-અચારવાળો.

PRESHOW, *v. t.* ભવિષ્યની સૂચના આપવી. SEE FORESHOW.

PRESIDE, *v. i.* પ્રમુખ-સરનશીન-અધ્યક્ષ-નિયંતા હોવું; સરનશીન-મુરબ્બી તરીકે બિરાજવું; પ્રમુખપણું કરવું; સરનશીન-અધ્યક્ષ-પ્રમુખ દાખલ કામ કરવું-ચલાવવું; સરદારી કરવી.

2 દેખરેખ કરવી-રાખવી; મુખી-મુખ્ય તરીકે તપાસ-સંભાળ રાખવી; અધ્યક્ષપણું કરવું.

PRESIDENCE, PRESIDENCY, *n.* The act or condition of one who presides, પ્રમુખપણું; પ્રમુખતા; સરનશીની; અધ્યક્ષપણું; અધ્યક્ષતા; અધિકાર; સદરનશીની.

2 Superintendence, દેખરેખ; નિગેહબાની; ચોકશી; સંભાળ; ઉપરીપણું; ખબરદારી; તપાસ.

3 The office of president, સરનશીન-પ્રમુખ-અધ્યક્ષનો હોદ્દો; નાયકી; સરદારી; સરનશીનપણું; ઉપદ્રષ્ટત્વ; અધ્યક્ષપદ; હોદ્દો-એ-મીરમજલિસ.

4 The term during which a president holds his office, સરનશીન-પ્રમુખ-અધ્યક્ષના હોદ્દાની મુદત; અધ્યક્ષની કારકીર્દી; હદ યા જમાને સદરનશીની.

5 The jurisdiction of a president, ઇલાકો; ગવરનરના તાબા તળેનો મુલક; અધ્યક્ષાધિન દેશ-પ્રદેશ; સૂબો.

PRESIDENT, *n.* અધ્યક્ષ; પ્રમુખ; સરનશીન; નિયંતા; સભાપતિ; સભાધ્યક્ષ; બાલાનિશીન; મીરમજલિસ; સદરનશીન.

2 પ્રજાસત્તાક રાજ્યનો મુખ્ય અમલ કરનાર હાકેમ-અધિકારી; પ્રજાસત્તાક રાજ્યનાયક. C. S. G. પ્રેસિડેંટ.

PRESIDENTIAL, *a.* પ્રમુખ-અધ્યક્ષ-સરનશીનનું કામ કરનાર-ચલાવનાર.

2 પ્રમુખ-અધ્યક્ષ-સરનશીનનું-ને લગતું-સંબંધી.

PRESIDENTSHIP, *n.* સરનશીનનો હોદ્દો તથા જગા; નાયકી; અધ્યક્ષપદ; બાલાનિશીની; સદરનશીની.

2 અધ્યક્ષની કારકીર્દી; સરનશીન-પ્રમુખના હોદ્દા-અમલની મુદત; સરનશીનનો અમલ.

PRESS, *v. t.* To compress, દાબવું; ચાંપવું; કશાં ઉપર દબાણ-જોર-ભાર આવવો-પડવો; ઠાંસવું; ચપડવું, જેમકે we *press* the ground with the feet when we walk; the smith *presses* iron with his vice &c.

2 Squeeze in order to extract the juice of, નિચોવવું; નિચવવું; પિલવું; કશામાંથી દાબી-ચાંપીને રસ વગેરે કહાડવો, જેમકે

> From sweet kernels *pressed,*
> She tempers dulcet creams.

3 To squeeze in or with suitable instruments in order to make smooth, સુંવાળું-લીસું કરવા માટે શિકંજામાં અથવા સાંચા કે બીજા ઓજારથી દાબવું; ઘુંટવું, જેમકે to *press* paper, cloth, and the like.

4 To embrace closely, સારી પેરે આલિંગન કરવું; જોરથી દાબી ચાંપીને ભેટવું; ભેટીને બાથ ભીડી-દાબી નાખવું; ગાઢાલિંગન કરવું, જેમકે

> Leucothoe shook
> And *pressed* Palemon closer in her arms.

5 To urge with earnestness or importunity, બહુ જીત થઈને-કાલાવાલા-આજીજી કરીને-કરગરીને કરાવવું; ગળે ઘાલવું; ઘારવવું, જેમકે he *pressed* a letter upon me, within this hour, to deliver to you.

6 To distress, to straiten, ભીડાવવું; સપડાવવું; અકળાવવું; સાંકડમાં લાવવું; કશાને લીધે ભીડ-સંકડાસમાં આવી જવું; આજિજ કરવું; હેરાન કરવું; અડચણ-સંકટમાં લાવવું-નાખવું; તંગ-લાચાર કરવું, જેમકે O, my lord, *press* not a fallen man.

7 To drive with violence, જોરથી હાંકવું; ખૂબ દાબીને-ચાંપીને-ફટકારીને-દપટાવીને હાંકવું; ઉતાવળે-જલદી જાય-ચાલે તેમ કરવું, જેમકે to *press* a horse in motion or in a race.

8 To inculcate with earnestness, આતુરતાથી મનાવવું-મનાવવા માંગવું; મનમાં ઉતારવાની ઘણી તદબીર કરવી; દિલમાં ઠસાવવું-ઠસાવવા માટે કોશીસ કરવી, જેમકે to *press* divine truth on an audience.

9 To force into service, particularly into naval service, વેઠે પકડવું; જબરીથી-બળાત્કારે કામ-ચાકરી કરાવવા પકડી જવું; સરકારી કામ માટે, તેમાં વિશેષે કરી દરીઆઈ લશ્કરમાં લડવા પકડી જવું, જેમકે

> The peaceful peasant to the wars he *pressed.*

Pressed service, વેઠ.

To be pressed, ભીડાઈ જવું; પેરાઈ જવું; ભીડાયલા-સપડાયલા હોવું; દબવું.

Press, *v. i.* દબાવું; ચંપાવું; દબાણ–ભાર–જોર લાગવો–પોંહોંચવો.

2 ધસમાં ચાલ્યાં જવું–આવવું; જોર–બળ કરીને આવવું–જવું; હડસેલીને–હડસેલા મારીને જવું–આવવું; હડસેલીને–હડસેલા મારીને પોતા માટે રસ્તો કરવો–માર્ગ કહાડવો.

3 ફસાંથી ઘેરાઈ–સપડાઈ–ભીડાઈ જવું.

To press hard upon, કોઈની છાતીપર બેસવું; કોઈને દુંખાલે–પુંઠે લાગવું; પીછો ધરવો–પકડવો.

Press, *n.* દાબવા–ચાંપવા–સિકડવાનો સાંચો–યંત્ર–ઓજાર; શિકંજો; ચાંપ.

2 દાબવા–ચાંપવાના સંચા–સિકંચા ગોઠવ્યા હોય તે જગા. C. S. G. પ્રેસ.

3 છાપવાનો સાંચો; છાપા યંત્ર: મુદ્રા યંત્ર. C. S. G. પ્રેસ.

4 છાપાકળા; છાપવાનું કામ અથવા હુન્નર; છાપાનું કામ.

5 છાપો; મુદ્રાંકિત લેખ; છપાઈને બહાર પડતાં–પ્રગટ થતાં પુસ્તકો, ચોપાનિયાં, વર્તમાન પત્રો.

6 છાપખાનું; મુદ્રાલય; જ્યાં ચોપડી, ચોપાનિયાં વગેરે છપાતાં હોય તે જગ્યા. C. S. G. પ્રેસ.

7 સામાન વગેરેને જતનથી સંભાળી રાખવા સારૂ બનાવેલો ખાના ખાનાવાળો અથવા પરદા ભરી લીધેલો લાકડાંનો ઉભો જે ઘાટ તે; અલમારી; કબાટ. C. S. G. પ્રેસ.

8 ચાંપણી; દાબવું–દબાવું–ચંપાવું–ભચડાવું તે; દબાઈ–ચંપાઈને આગળ ખસવું–નિકળવું તે.

9 ભારે રોકાણ; ધમાલ; ધાઈ; ધાડ; ભીડ; ઘણુંજ કામ; તાણ.

10 ભીડ; ભીડાભીડ; ગરદી; ઠઠ.

Liberty of the press, છાપાનું છુટાપણું; છાપવાની છુટ; મુદ્રાંકનસ્વાતંત્ર્ય.

Press of sail, (*Naut.*) પવનના જોરની હાલત મુજબ જેટલો સઢ ખેંચાય તેટલો સઢ.

Press of work, કામનો ભાર–દબાણ–બોજો; કામની ધમાલ.

Cotton press, રૂની ગાંસડીઓ દાબવા–ચાંપવાનો સાંચો–યંત્ર.

Press for oil, ઘાણી.

Pressgang, *n.* તરીના લશ્કરમાં રાખવાસારૂ માણસો પકડી લાવવાનો અખત્યાર મળેલો એવી ખલાસીઓની એક ટુકડી.

Pressing, *p. a.* અગતનું; તાકીદનું; ધાડાધાડનું; અડી; જરૂરનું.

2 અકળાવા–ગભરાવા જેવું; ભીડાઈ–સપડાઈ જવાય એવું.

3 વળગણાૂરું; વળગણ કરનારું; ખજીત થઈને–લાગલું લાગીને બેસનારું–બીડું; આગ્રહી; આગ્રહ–હોઠ–આજીજીનું ભરેલું.

Pressingly, *ad.* જોરથી; બળેદ; જબરનઃ જબરદસ્તીથી; અડી અડીને.

Pressman, *n.* (*Print.*) છાપનારૂ છાપગર; પ્રેસનું કામ કરનારૂ મુદ્રાંકનિષ્ઠ; શિકંજાદાર. C. S. G. પ્રેસમેન.

2 તરીના લશ્કરમાં રાખવા માણસો પકડી લાવનાર ટુકડીમાંનું માણસ.

Pressmoney, *n.* પકડીને સરકારી નોકરીમાં રાખેલા માણસને આપેલા પૈસા.

Presspack, *v. t.* પ્રેસમાં ચાંપે–દાબે તેમ ચાંપવું–દાબવું–સિકડવું.

Pressurage, *n.* (*Fr.*) દાબવાના પ્રેસની મમદથી કાઢેલો દ્રાક્ષનો રસ.

2 દ્રાક્ષરસ કાઢવાના પ્રેસની દસ્તુરી–પ્રેસ વાપરવાના બદલામાં આપેલું લવાજમ.

Pressure, *n.* The act of pressing, દાબવું–ચાંપવું–ઠાંસવું તે; ડાબ; ચાંપણ; ચાંપણી; દબાણ; ચંપાણ; દાબણી; દાબણ.

2 The condition of being pressed, દબાયલું–ચંપાયલું હોવું તે.

3 (*Mech.*) પ્રતિકાર બળને દાબનારૂ બળ; પોથનબળ; સામા જોરને પાછું હઠાવનાર બળ; દાબણ.

4 A constraining force or impulse, દાબદબાણ; ચાંપણ; ડાબ; ઠેસ.

5 That which afflicts the body or depresses the spirits, માર; ભાર; પીડા; તાણ; તંગી; આજેજી; હેરાની; સખતી; તકલીફ; મુસીબત; મુગો માર; જેથી શરીરને દુઃખ ને મનને સંતાપ થાય તે, જેમકે *pressure* of poverty or want, the *pressure* of debts &c.

6 Urgency, ભારે–ભારી રોકાણ; ધમાલ; ધાઈ; ધાડ; ઘણુંજ કામ–રોકાણ; તાકીદ; તકાજો.

7 Impression, છાપ; બેઠેલી–પડેલી છાપ; ઠસ્સો.

Presswork, *n.* બીબાં–ટાઈપ ઉપર કાગળ દાબીને છાપવાનું કામ; મુદ્રાંકન કાર્ય; બીબાં–ટાઈપનું છાપવાનું.

Prestidigitation, *n.* હાથ ચાલાકીની હોશિયારી; હસ્તલાઘવ ચાતુર્ય; હસ્તલાઘવ કૌશલ્ય.

Prestidigitator, *n.* હાથ ચાલાકીમાં હોશિયાર; હસ્તલાઘવ કુશળ.

Prestige, *n.* Illusion, Imposture, ઈંદ્રજાળ; મોહ; મોહિણી; માયા; મનનો ખોટો તરંગ–લેહેર; માયા–મોહનશક્તિ; પ્રપંચ.

2 Expectation of future achievements founded on those already accomplished, કોઈ કામમાં એકવાર ફતેહ મળવાથી ત્યારપછીના કામમાં પણ તેવીજ ફતેહ મળવાની આશા–હિમ્મત; એકવાર એક કામ સરંજામ ઉતરવાથી હવે પછીનાં બીજાં કામો પણ સરંજામ ઉતરશે એવી જે ઉમેદ તે; આગળી વર્તણુક અથવા આચરણ ઉપરથી બેઠેલો છાપ–ઠસ્સો–વાગી રહેલો ડંકો; બેસાડી દીધેલો છાપ–સિક્કો.

Prestissimo, *ad.* ઘણું જલદી; ઘણીજ ઝડપથી; અતિ વેગે; બહુજ ઉતાવળે.

Prestmoney, *n.*, See Pressmoney.

Presto, *ad.* જલદી; એકદમ; તાબડતોબ; વેહેલાં; ઉતાવળે; તરત.

2 (*Mus.*) ચાલતી લયમે; ઉતાવળી ગતે.

PRESUMABLE, *a.* પ્રત્યક્ષ પુરાવા વગર પણ ખરૂં મનાય એવું; અનુમાન લઈ જવા યોગ્ય; અનુમેય.

PRESUME, *v. t.* અનુમાન કરવું; અટકળવું; અટકળ-તર્ક કરવો; ગુમાન લાવવું; પ્રત્યક્ષ પુરાવા વગર સંભવ ઉપરથી ખરૂં માનવું-ગણવું; આગળથી માની-સમજી લેવું-ધારી મુકવું-કબુલ રાખવું; ખ્યાલ-ક્યાસ કરવો.

PRESUME, *v. i.* અનુમાન કરવું; કશા પુરાવા તપાસ્યા વગર ફક્ત કેટલીક બાબદોને આધારે આગળથી માની-સમજી લેવું-ધારી મુકવું; ક્યાસ કરવો; દરિયાફ્ત કરવો.

2 આગળ વધીને-હદ ઓળંગીને-બેઅદબી કરીને-મર્યાદા મુકીને-ધિટાઈથી ચાલવું-બોલવું-કરવું; ગુસ્તાખી કરવી.

3 પોતા ઉપર અતિશે ભરોસો રાખવો; બહુ બેધડક રહેવું; ફાંકો-તોર-અભિમાન રાખવું; શેખી કરવી.

PRESUMINGLY, *ad.* ખાતરીથી; ખાતરજમાથી; નક્કી; નિસંશય.

2 ધિટાઈથી; અભિમાન પૂર્વક; દિમાખથી; શેખીથી.

PRESUMPTION, *n.* The act of believing upon probable evidence, or taking for granted, અનુમાન કરવું-ગુમાન લઈ જવું તે; પ્રત્યક્ષ પુરાવા વગર સંભવ ઉપરથી ખરૂં માનવું-ગણવું તે; અનુમાન ગ્રહણ.

2 Belief upon incomplete proof, અટકળ; તર્ક; અનુમાન; ગુમાન; ક્યાસ; ખ્યાલ; અંદેશો.

3 Ground for presuming અનુમાન-ગુમાન લઈ જવાનો આધાર-કારણ; મુદ્દો.

4 Evidence probable, but not conclusive, માત્ર મનને સંતોષ થ[illegible] [illegible]ણ ચોકસ ખાતરી ભરેલો નહી એવો પુરાવો.

5 Strong prob[illegible], પાકો-સબળ સંભવ; ઘણું કરીને બનશે જ એવી વકી; સંભાવના; સંભાવ્યતા.

6 That which is presumed, જે માની લીધેલું-ધારી મુકેલું તે; બાંધેલું અનુમાન; રાખેલું ગુમાન; એતેકાદ.

7 આગળ વધીને-મર્યાદા મુકીને-હદ ઓળંગીને-ધિટાઈથી ચાલવું-બોલવું-કરવું તે.

8 ગુમાન; તોર; શેખી; શોખી; શોખાઈ; ધિટાઈ; બેઅદબી; ફાંકો; ઉદ્ધતાઈ; અભિમાન; અહંકાર; તકબ્બુર; ગુસ્તાખી.

9 (*Law*) કોઈ વાત ખરેખર એમ બની છે એમ ચોકસ પ્રમાણ ઉપરથી નહી પણ તે વાતની સાથે સંબંધ રાખતી કોઈ હકીકતો ઉપરથી થતું અનુમાન; આનુષંગિક અનુમાન.

Excuse my presumption, બેઅદબી માફ.

PRESUMPTIVE, *a.* અનુમાન-તર્કને આધારે ચલાવેલું-કબુલ રાખેલું; અનુમાનાશ્રયી; અનુમાનિક; અનુમાનાધાર; તર્કાધાર; ખ્યાલી; અટકલી; અનુમાનસિદ્ધ; સંભાવિત.

Presumptive evidence, (Law.) ખુદ મુદ્દાની વાતનો નહી પણ તે મુદ્દાની વાતની સાથે વળગેલી બીજી હકીકતો ઉપરથી મળી આવેલો પુરાવો; અનુમાની પુરાવો; અનુમાનિક પ્રમાણ; આડકતરો પુરાવો.

Presumptive proof, અનુમાન નિર્ણય.

Presumptive heir, જો કોઈ વધારે નજદીકનો સગાનો જન્મ થાય તો જેના વારસાનો હક ડુબે તે; સપ્રતિબંધ-સ્થાનાધિકારી. SEE HEIR PRESUMPTIVE.

PRESUMPTUOUS, *a.* Going beyond bounds of due self-appreciation or modesty, છેક વધીને-અદબ-મર્યાદા મુકીને-હદ ઓળંગીને ચાલનાર-બોલનાર-કરનાર; નાલાયક; બેઅદબ; અમર્યાદ; નાલાયકી-બેઅદબીનું ભરેલું; બેઅદબીવાળું.

2 Full of presumption; over-confident, પોતાની આવડત-હોશિયારી-અક્કલમંદી-યોગ્યતા વિષે બહુ ફાંકો રાખનારું; તોરમાં ને તોરમાં રહેનાર; બહુ તોરવાળું; અભિમાની; ગુમાની; શોખ; બેઅદબ; ગુસ્તાખ; તોર-અભિમાનનું ભરેલું; અહંકારી; મગરૂર.

3 Proceeding from excess of confidence, અતિશે મ્હોટું; ઘણું જ; અમર્યાદ; પોતાની મકદુર-ઓકાત-સ્થિતિ-હકીકત જોતાં રાખવી જોઈએ તે કરતાં વધારે રાખેલા, જેવી કે ઉમેદ-ઇચ્છા.

4 Done with bold design, rash confidence, or in violation of known duty, છેકજ ફેરાવન થઈને-માથાના ફરેલ થઈને કીધેલું; જીવપર આવીને કીધેલું; સાહસિક; ખુદાનો ડર ભુલીને-ઈશ્વરને વિસારીને કીધેલું; ડાટવાળયા જેવું.

A presumptuous statement, સાહસોક્તિ.

PRESUPPOSE, *v. t.* આગળથી ધારવું-તર્ક બાંધવો-ખ્યાલ કરવો.

PRESUPPOSAL, } *n.* પૂર્વ કલ્પના; પૂર્વ ગ્રહણ; આગળથી માની-
PRESUPPOSITION, } સમજી લેવું-ધારી મુકવું તે; પૂર્વ ભાવના.

2 અટકલ; તર્ક; ગુમાન; અનુમાન; કલ્પના.

PRESURMISE, *n.* આગળથી કરી રાખેલી કલ્પના-અટકલ.

PRETENCE, *n.* SEE PRETENSE.

PRETEND, *v. t.* બહાનું કાઢવું-કરવું; જુઠો સબબ દેખાડવો; ઢોંગ-સોંગ કરવો; ડોળ ઘાલવું.

2 જુઠું કહેવું; ખોટું બહાનું બતાવવું; ચરત કરવાં.

3 દાવો કરવો; હક લાગુ કરવો.

4 અભિમાન અથવા ખોટી સમજ ઉપરથી કહેતાં ફરવું; કશાં વિષે અહંકાર કરવો; છાંટવું; ગુમાન રાખવું-ધરાવવું; ડુંપણું દેખાડવું; લાફ-ડિંગ મારવી-હાંકવી.

PRETEND, *v. i.* ખોટો કે ખરો દાવો રજુ કરવો; કંઈ ચીજ મેળવવા માટે કોશિસ-મેહેનત કરવી.—એવે અર્થે એ શબ્દની પાછળ *to* લગાડવામાં આવે છે.

PRETENDER, *n.* ઢોંગી; ડોળ ઘાલનાર; વેષધારી; લાફ઼જન.

2 ખોટા-જુઠા દાવા કરનાર-ઉઠાવનાર; દાવાદાર.

PRETENCE, } *n.* *The act,* બહાનું કાઢવું-કરવું તે; જુઓ સબબ
PRETENSE, } દેખાડવો-ડોળ ઘાલવું તે; મરત-મકર કરવાં તે.

2 બહાનું; મસ; નિમિત્ત; ખોતરું; ઢોંગ; મકર; ડોળ; છીંડું; હીલો; છળ.

3 ઉઠાવેલો-બનાવટથી કીધેલો-રજુ કીધેલો દાવો.

PRETENSION, *n.* *The act,* દાવો કરવો-હક બાંધવો તે; ડાપું કરવું તે.

2 ડોળ ઘાલવું-લાફ-ડિંગ મારવી-હાંકવી તે; ફાંકો.

3 રજુ કીધેલો-ઉઠાવેલો દાવો-હક.

PRETENTIOUS, *a.* પોતાને ઘટે તે કરતાં વધારેનું ડોળ ઘાળનાર; ફાંકો રાખનાર; ફાંકો રાખવાના સ્વભાવવાળું.

PRETER IMPERFECT, *a.* (*Gram.*) અપૂર્ણ ભૂત. જે પૂરેપૂરું પસાર થયું નથી, પણ હજી કંઈક અધૂરું છે એવું દેખાડવાને વાસ્તે વ્યાકરણમાં એ શબ્દ વપરાયછે; માજી ઇસ્તિમરારી.

PRETERIT, *a.* (*Gram.*) ભૂત; ગયલા વખતનું; માજી.

PRETERIT, *n.* (*Gram.*) ભૂતકાળ; જમાનેમાજી; ગુજરેલો વખત.

PRETERMIT, *v.t.* ન ગણકારવું; ન લેખવવું; પસાર કરવું; આખાડા કરવા; મુકી દેવું; પડતું નાખવું.

PRETER NATURAL, *a.* વિલક્ષણ; અદ્ભુત; સૃષ્ટિના સાધારણ ક્રમથી ઘણું જુદું-જુદી તરેહનું; નવતરું; સ્વભાવનિયમ બાહ્ય; ખિલાફે આદત; ખિલાફે દસ્તુર; કરામાતી.

PRETER PERFECT, *a.* (*Gram.*) માજીકરીબ; પૂર્ણ-સંપૂર્ણ ભૂત (કાળ.)

PRETER PLUPERFECT, *a.* (*Gram.*) પૂર્ણભૂત કાળની પૂર્વેનું; પ્રાક્-પૂર્ણ ભૂત; માજી બઇદ. SEE PLUPERFECT.

PRETEXT, *n.* ઢોંગ; ખરી વાત અથવા બાએશ છુપાવવાની મતલબે કીધેલો બહારનો ખોટો દેખાવ-ગોઠવેલો ઘાટ.

2 બહાનું; નિમિત્ત; ખોતરું; મસ; છીંડું; હીલો; છળ.

PRETTILY, *ad.* શાનશોગતથી; સુંદર-શોભિતું-ખુશનુમા લાગે એવી રીતે; અચ્છી તરાહથી.

PRETTINESS, *n.* સોહામણાપણું; સુઘડાઇ; ખુબી; સાદાપણું; સારું ખુશનુમાપણું; સુઘરાઇ; ખુશનુમાઇ; લતાફત; ચારુતા; નાજુકી; સૌંદર્ય; લાવણ્ય; હુસ્ન; જમાલ; નજાકત; ખૂબસુરતી.

PRETTY, *a.* Handsome, સુંદર; ખૂબસુરત; દેખાવડું; લતીફ; ખુશનુમા; ચારુ; સારું ને સોહામણું; સુઘરું; શાનદાર; ઘાટ ઘુટવાળું; ઘાટીલું ને નાજુક; સારું પણ રૂપાળા ઘાટ ઘટમવાળું; કાવલું; રૂપાળું; કાચની પુતળી જેવું; ઉડીને આંખે વળગે એવું; ફુટડું; રઢિયાળું; શોભિતું.

2 Foppish, (in an ill sense) ટિકટાકિયું; ડોળ ડાળિયું; ફાંકડું; ફુંફાડ; અકડબાજ; વરણાગિયું; ઇશ્કી; બાંકું; અલબેલું.

3 Mean, despicable (used ironically) ખાસું; મઝેનું; ધનતર, જેમકે a *pretty* trick, a *pretty* fellow.

Little and pretty, ચચુકડું.

Having a pretty face, ચારુવદન; સુમુખ.

Having pretty eyes, ચારુ લોચન; સુ નયન.

Having pretty teeth, ચારુ દંત; સુદંત.

PRETTY, *ad.* થોડુંઘણું; ઠીક; મધ્યમ; ચાલી જાય એવી રીતે; કંઈક; સુમાર માફક; કમબેશ.

PREVAIL, *v. i.* To gain advantage, ફાવવું; બરતર હોવું; ગાલિબ હોવું; જય થવો-પામવો; કોઈનું ચાલવું; કોઈનું-કશાનું જોર-બળ ચાલવું; જોર કરવું; જીતવું; ફતેહ પામવું. [આવે અર્થે એ શબ્દની પાછળ કોઈ કોઈ વાર *over* અથવા *against* શબ્દ લગાડવામાં આવેછે.]

2 To be in force, ચાલવું; ચાલુ હોવું; કશાનો અમલ-પ્રચાર હોવો-ચાલવો; વેહવારમાં હોવું; પ્રવૃત્તિ હોવી. [આવે અર્થે એ શબ્દની પાછળ ઘણોખરો *with* શબ્દ લગાડવામાં આવેછે.]

3 To operate effectually, લાગુ થવું; કશાંથી ફળ-ગુણ-અસર થવી; સફળ થવું; સાધવું.

4 To persuade or induce, મનાવવું; સમજાવી મન ફેરવવું; મન વાળી લેવું; મનમાં ઉતારવું; કોઈના કહેવાની અસર થવી; પોતાનો વિચાર સામા ધણીમાં ઉતારવો; વાત કબૂલ કરે તેવી રીતે સમજાવવું; પહલાળવું. [આવે અર્થે એ શબ્દની પાછળ *on, upon,* અથવા *with* શબ્દ લગાડવામાં આવેછે.]

PREVAILING, *p. a.* Predominant, વધારે બળ-પ્રબળ પામેલું; વિશેષ પ્રાબલ્યવાન; બળ-જોર પામી ગયલું; બળવાન થઈ બેઠેલું; જોર પકડી ગયલું-બેઠેલું; વધારે સત્તા ધરાવતું; જેની વધારે સત્તા ચાલતી હોય-જેનું વધારે ચાલતું હોય તેવું; ફાવી ગએલું; ફાવી જતું.

2 Efficacious, લાગુ પડી ગએલું; લાગુ થઈ ગએલું-થતું જતું; જેનું ફળ-ગુણ-અસર થયા વના રહેજ નહી એવું; ગુણકારક; ગુણકારી; સફળ; સાધક; ફળદાયક.

3 Most general, ચાલુ; ચાલતું; પ્રચાર પામી ગયલું; ફેલાયલું; પસરતું જતું; પ્રસિદ્ધ; ઘણુંજ સાધારણ; સર્વત્ર પ્રચલિત; પ્રચલ.

PREVAILINGLY, *ad.* ફાવી જવાએ એવી રીતે.

PREVALENCE, } *n.* The condition or quality of being prevalent,
PREVALENCY, } બળ પકડે-લાગુ થાય-અસર કરે એવાં હોવું તે; કાર્યસાધકતા; સાફલ્યોત્પાદકતા.

2 Superior strength, influence or efficacy, પ્રબળ; પ્રાબલ્ય; જોર; પ્રાધાન્ય; વિશેષ બળ; તાસીર.

3 Success, સફળતા; ફળાવાપ્તિ; સિદ્ધિ.

4 Most general practice, પ્રચાર; પ્રચલિતત્વ; રિવાજ; ચાલ; રૂઢી; રીત; રસમ.

5 Most general existence, ફેલાવો; પ્રસાર; પસારો; વ્યાપ્તિ; ફેલાવ; સર્વત્રવ્યાપ્તિ.

Prevalent, *a.* Gaining advantage or superiority, જય પામનારૂં-પામે એવું; બળ-જોર પકડનારૂં-પકડે એવું; ફાવતું; ફાવે એવું; ગાલિબ.

2 Efficacious, લાગુ થનારૂં; લાગુ થાય-પડે એવું; ફળ-ગુણ-અસર ઉત્પન્ન કરનારૂં-કરે એવું.

3 Most generally received or current, ઘણા લોકોના મનમાં આવેલું-આવી ગયલું; ઘણા લોકોએ સ્વીકારેલું-કબુલ રાખેલું; આમમગીર; લોકોમાં ચાલતું-ચાલી રહેલું, જેમકે *a prevalent* opinion.

4 Extensively existing, ઘણા લોકોમાં ફેલી-પસરી-ગરી ગયલું; લોકોમાં પંથરાઈ-ફેલાઈ જનારૂં-જાએ એવું, જેમકે *a prevalent* disease.

Universally prevalent, સર્વત્ર પ્રચલ-પ્રસિદ્ધ; સર્વ પ્રવૃત્ત.

Prevalently, *ad.* ઘણી શક્તિથી; જબરાઈથી; જબરદસ્તીથી; ઘણી સારીપેરે અસર કરે એવી રીતે; ઘણી સરસ રીતે.

Prevaricate, *v. i.* To shuffle, to quibble, ગાંગાંતલ્લાં-ગલ્લાંતલ્લાં કરવાં; યુક્તિથી ઉડાવવું; જબાનબાજી કરવી; આડું અવળું બોલવું; હેરફેર-ફેરફાર બોલવું; ફેરવી તોલવું; ચોતાળાં મારવાં; જબાન બદલાવી; બે મોહોડે બોલવું; બોલીમાં ફરક પાડવો; જવાબ દેવામાં ગુલાંટ માર્યા કરવી-ગોટિમડું ખવડાવવું; બોલવામાં કરવું; જરાવારમાં આમ ને જરાવારમાં આમ કહેવું-કળવું.

2 (*Civil Law*) પ્રતિવાદી સાથે મલી જઈને તેના ઉપર નામની-અમથી-દેખાડવાની-ખોટી ફરિયાદી માંડવી.

Prevarication, *n.* ગાગાંતલ્લાં; હેરફેર-ઉલટપાલટ-બે મોહોડે બોલવું તે; ઉડાવવાની યુક્તિ; ટાળમટોળ; જબાનબાજી; અપલાપ; મકર મકર; લીલાબાજી; ગલ્લાંતલ્લાં.

2 જાહેર નોકરીની ફરજ બજાવવામાં કીધેલો છૂપો દગો-દગલબાજી.

Prevaricator, *n.* ગાંગાંતલ્લાં કરનાર; ચોતાળાં મારનાર; બે મોહોડે બોલનાર; બોલીને પલટી જનાર; ટાળમટોળી; લીલા-જબાનબાજ.

Prevenient, *a.* આગળ જતું-જાય એવું; આગળ જનારૂં. એ ઉપરથી,

2 અટકાવતું; અટકાવ કરનારૂં; અટકાવે એવું.

Prevent, *v. t.* અટકાવવું; રોકવું; થોભાવવું; વચ્ચે અડચણ નાખવી; હરકત કરવી; ખાળવું; વારવું; આડે આવવું; નિવારણ-બંદ-મના કરવું; ટાળવું; બિલકુલ થાયજ-આવેજ નહી એમ કરવું.

Prevention, *n.* The act of hindering, અટકાવવું-રોકવું તે; બિલકુલ થવાજ ન દેવું તે.

2 Hindrance, અટકાવ; મનાઈ; બંધી; અડચણ; નિવારણ; પ્રતિબંધ; રોકાણ.

Preventive, *a.* અટકાવે-થવાજ ન દે એવું; થાયજ-હોયજ-આવેજ-બનેજ નહી એવું; નિવારક; બાધક; પ્રતિબંધક.

Preventive service, દાણચોરીથી આવતા માલની ચોકસી રાખવા માટે બંદરપર-બારાંમાં રાખેલું પુલીસખાતું.

Preventive, *n.* નિવારક પદાર્થ-વિષય; થાયજ-આવેજ-બનેજ નહી એવો ઉપાય-ઈલાજ.

2 (*Med.*) રોગ-દરદ પાછું થાયજ-ઉભરાયજ નહી માટે અથવા ફરીથી થતું અટકાવવા સારૂ અગાઉથી લીધેલું ઓસડ.

Previous, *a.* આગળનું; અગાઉનું; પૂર્વનું; પહેલાંનું; પહેલાં-અગાઉ કીધેલું-બનેલું-આવેલું-ગુજરેલું; પહેલાં-અગાઉ હોનારૂં-બનનારૂં; પૂર્વ; પેશ્તર.

Previously, *ad.* પૂર્વે; અગાઉથી; આગળથી; પહેલાંથી.

Prey, *n.* Booty, plunder, લૂંટ; લડાઈમાં દુશ્મનને હરાવ્યા પછી જબરદસ્તીથી હરણ કીધેલો માલ-સામાન.

2 That which is seized, or may be seized, by violence to be devoured, શિકાર; પારધ; ભક્ષ.

3 Ravage, depredation, સંહાર; નાશ; ખરાબી; નખોદ; ધૂળધાણી; ઉચ્છેદ.

Animal or beast of prey, શિકારી જનાવર; બીજાં પ્રાણીને મારી તેનું માંસ ખાનારૂં જનાવર; પશુપજીવી-પશુભક્ષક પ્રાણી.

To be a prey to ills, આફતના મોહોમાં પડવું; વાઘના મોહોડાંમાં ફસવું.

Prey, *v. i.* લુટવું; લુટફાટ કરવી-કરી મુકવી; લુટ કરવી-ચલાવવી.

2 શિકાર-ભક્ષ કરવો-મેળવવો.

To prey on or upon, લુટવું; લુંટાલુટ-લુટફાટ કરવી-ચલાવવી.

2 શિકાર-ભક્ષ કરવો; ખોરાક માટે જાનવર મારવાં-મારીને ખાવાં; ઝડપીને ખાઈ જવું. એ ઉપરથી,

3 તવાઈ જવું; તવાવું; ખવાવું; કશાંથી અજાવું-મુઝાવું-ઝૂરવું; ખાઈ નાખવું.

Price, *n.* કિમત; મુલ; દામ; પૈસા.

2 Current value or rate, ભાવ; દર; નિરખ.

3 Excellence, ખૂબી; ઉત્તમ ગુણ; મુલ; સુલક્ષણ; યોગ્યતા.

4 Recompense, બદલો; પ્રતિફળ; અવેજ.

Market price, બજારભાવ.

Price current, Price list, નિરખપટ્ટી; ચાલતા ભાવની-ચાલુ ભાવની યાદી; નિરખની-બજારભાવની યાદી.

Price, *v. t.* કિમ્મત કહેવી-કરવી-મૂકવી-ઠેરવવી; ભાવ કહેવો; મુલ ઠરાવવું; આંકવું.

Priceless, *a.* અમૂલ્ય; જેનું મૂલજ-કિમ્મતજ ન થઈ શકે એવું; મોહોટી કિમ્મતનું; ભારી.

2 હલકું; કંઈ વિસાત-કિમ્મતનું નહી; કોડીનું; માલ વગરનું.

Prick, *v. t.* વિંધવું; કશામાં છેદ-કાણું પાડવું; ટોંચવું; ઘોંચવું, જેમકે to *prick* one with a pin.

2 ખોસવું; ગોપવું; ખોચવું; ભોકવું; ખોસી-ગોપી દેવું-ઘાલવું; કશામાં ખોસી-ગોપીને તાળી-ઉંચકી રાખવું, જેમકે The cooks *prick* a slice on a prong of iron.

3 ચોખવું; ચોખી-કોચી-ટોંચીને નીશાન કરવી; છુંદણા પાડી-ટાંચી-ગોપીને નીશાન-ઓધાણી પાડવી, જેમકે Those many then shall die; their names are *pricked*.

4 કાણાં-આંખરાં પાડીને મર્યાદા-રેખા આંકવી-પાડવી, જેમકે To *prick* a pattern for embroidery.

5 આર ભોકવી-કરવી; પરાણીનો ગોદો-ગોદા મારવા-લગાવવા; મમરેઝ ચાંપવી; ઘોડાને એડ મારવી-કાંટા ભોકવો, જેમકે O'er thy plain the pilgrim *pricked* his steed.

6 ઉસકેરવું; ઉત્તેજન કરવું-આપવું; ઉત્તેજ આપવી, જેમકે My duty *pricks* me on to utter that.

7 ખટકો-ચટકો-ચચણાટ લગાડવો; કલેજું ચચણાવવું; જેમકે I was *pricked* with some reproof.

8 ઉભું કરવું, જેમકે The horse *pricks* his ears.

9 ખાટું-આંબટ કરવું, જેમકે *Pricked* wine.

To be pricked with, કોઇને સાલવું-ખટકવું-ખૂંચવું-ખખરવું.

To prick up the ears, ચોકસાઇથી સાંભળવું; મજબુત ધ્યાન રાખવું; કાન ટેહેરવા; કાન દઇને-લક્ષ લગાડીને સાંભળવું.

Prick, *v. i.* ભોકાવું; કોચાવું; ભોકાવા-ગોપાવા દેવું.

2 ઘોડાને એડ મારી દોડાવવો; ઘોડાપર સવારી કરી નીકળી જવું.

3 ખાટું થવું; ખટાસ મારવું.

4 ચોકસ જગા-નિશાનપર નેમ ટાકવી.

5 ઠાઠ-ઠઠારો કરવો; ઠાઠ રચવો; લુગડાં ઘરેણાંથી અછી તરેહથી દેખાવડું-લું બનવું; ઠઠારવું; ઠાઠીલું બનવું.

Prick, *n.* ભોકાય એવી પતળી અણીઆળી ચીજ; -(wooden) સરાક; ફાંસ; -(of an instrument) આર; કાંટો; પરાણી.

2 ખટકો; ખટખટ; ખરખરો; ચટકો; ચણચણાટ; પશ્ચાતાપી.

3 કોચવા-ભોકવાથી પડેલું કાણું-છિદ્ર; વેહે.

4 કેટલા વાગ્યા તે દેખાડવાને ઘડિયાલની તક્તિપર પાડેલા કલાકના અંક ઉપરનું ટિબ-ટપકું, જેમકે 'Tis now upon the *prick* of noon.

5 સસલાનું પગલું; સસલાના પગલાની છાપ-નિશાન.

6 (*Naut.*) ન્હાનો વીંટો-વિંટાળો.

Pricking, *n.* કોચવું-ગોપવું-ભોકવું તે.

2 (*Far.*) ઘોડાને લંગડતો કરવા સારૂ તેના પગમાં ખીલો ઠોકી બેસાડવો તે.

3 ચમચમાટ; ઝમઝમાટ; ઝણઝણાટ.

4 ખરગોશના પગલાંની નિશાન; સસલાના પગલાની છાપ.

5 સસલું કયે રસતે પસાર થઇ ગયું તે તેના પગલાની નિશાન ઉપરથી શોધી કહાડવું તે; સસલાનું પગલું પકડવું તે; ખરગોશનો ખોજ.

Prickle, *n.* કાંટો; કંટક; ખાર.

Prickle, *v. t.* ભોકવું; કોચવું; ગોપવું; સારવું.

Prickly, *a.* કાંટાકાંટાવાળું; કાંટાલું; સકંટક; કાંટાથી બધું ભરાઇ ગએલું; બહુ-પ્રચુરકંટક; ખારદાર; પુરખાર; કાંટાદાર.

Prickly-heat, *n.* (*Med.*) અળાઇ; ગરમીને લીધે શરીર ઉપર જે ઝીણી ઝીણી ફોલ્લિયો થાયછે તે.

Prickly-pear, *n.* (*Bot.*) ફાફડા થુવેર; નિવડુંગ; કેતારયો થુવર, *Cactus opuntia*; નાગફની, *Cactus ficus Indica*.

Prick-post, *n.* (*Arch.*) See Queen post.

Prick shaft, *n.* તીર; બાણ; શર.

Pricky, *a.* See Prickly.

Pride, *n.* Inordinate self esteem, ગર્વ; અભિમાન; અહંકાર; દિમાગ; મદ; દંભ; દર્પ; ટેગરાઇ; હેકાર; હેકારી; તકોબરી; ખિસની; મગરૂરી; હુંપણું; હુંપદ; પતરાજ; શેખી; મસતી; કિમતાઇ; મિજાસ; તોર; ગરૂરી; ખુદબીની; ગુમાન; ખુદ પસંદી; આમોદી; બરો; અહંભાવ.

2 Lofty self-respect, noble self-esteem, (in a good sense) ગેરત; સદભિમાન; યોગ્યાભિમાન; ઉત્તમાભિમાન; ગુણાભિમાન; સ્વાભિમાન; ગુણ-સ્થિતિના મોટાપણાની ખાતરીથી પોતાને વિષે જે સારૂં મત બાંધ્યું હોય તે; અભિમાન, જેમકે દેશાભિમાન.

3 That of which one is proud, ભુષણ; સજાવટ; જે ચીજ હાંસલ થવાથી કોઇનામાં વાજબી રીતે આવતું અભિમાન.

4 Show, ostentation, ડોળ; ઠાઠ; ભપકો; આડંબર; ડમાક; ઠાઠમાઠ; ભડક; જાહોજલાલ.

•5 Loftiness, ઉંચાણ; ઉંચાઇ; બુલંદી.

6 Excitement of the sexual appetite in a female beast, સહવાણે-પારસે આવવું તે; ચુર; ખુજલી; મદ; મસ્તી.

Pride of India, (*Bot.*) નિબનું-નિમનું-લીમડાનું ઝાડ, *Azadirachta Indica*. See Margosa.

Arithmetical progression ગણિત શ્રેઢીની દરેક સંખ્યાને અપુર્ણાંક રૂપ આપ્યાથી જે શ્રેઢી થાય તેને *Harmonical progression* અથવા *Reciprocals of Arithmetical progression* ફરી કહેછે, જેમકે

૨, ૪, ૬, ૮, ૧૦ એ *Arithmetical progression* છે તેના $\frac{૧}{૨}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૬}$, $\frac{૧}{૮}$, $\frac{૧}{૧૦}$ એ *Harmonical progression or Reciprocals* છે.

PROGRESSIVE, *a.* Moving forward, આગળનું આગળ ચાલ્યાં–વધ્યા જતું–જવાનું; પુરોગામી; આનુક્રમિક.

2 Improving, ચઢતું થતું જતું; સુધરતું જતું; વર્ધમાન; ચઢતી દશામાં આવતું; ચઢતી કળાનું.

PROGRESSIVELY, *ad.* રફતે રફતે; હોતાં હોતાં; ક્રમે ક્રમે; ધીમે ધીમે આગળ વધે તેવી રીતે; દરજે બ દરજે.

PROHIBIT, *v. t.* To forbid. સત્તાવાર હુકમથી મના કરવું; વારવું; મનાઈ કરવી; અટકાવવું; બંધી કરવી; નિષેધવું.

2 To hinder, હરકત કરવી; નડવું; હરકત–અટકાવ–નડ–અવરોધ કરવો; રોકવું; પ્રતિબંધ કરવો.

PROHIBITION, *n.* સત્તાવાર થયલી મનાઈ; મના; અટકાવ; બાધા; બંધી; નિષેધ; પ્રતિબંધ; રોકણી; રોકાણ.

PROHIBITIVE, PROHIBITORY, *a.* મનાઈનું; અટકાવ નાખે–કરે એવું; અટકાવતું; નિષેધક; પ્રતિબંધક; પ્રતિષેધ રૂપ; બંધીનું.

PROJECT, *v. t.* પાડવું; નાખવું; કશાનું પડવું, જેમકે The ascending villas *project* long shadows o'er the crystal tide.

2 કલ્પના કરવી–બાંધવી; કશાને વિષે નવો મ્હોટો વિચાર યોજવો–ઉઠાવવો, જેમકે To *project* a plan for paying off the national debt.

3 નકશો ખેંચવો; આંકવું; રેખવું; દોરવું; પાડવું, જેમકે To *project* a sphere, or a map. [આવે અર્થે એ શબ્દની પાછળ કોઈ કોઈવાર *on, upon, into* વગેરે શબ્દો લગાડવામાં આવેછે, જેમકે To *project* a line or point upon a plane.]

PROJECT, *v. i.* બહાર–આગળ નીકળી આવવું; બહાર પડવું; આગળ તણાઈ આવવું.

PROJECT, *n.* ઉઠાવેલો–યોજેલો નવો મ્હોટો વિચાર–કલ્પના–ઘાટ –યુક્તિ; તદબીર; અખ્તરો; પ્રયોગ; સંકલ્પ.

2 શેખચલ્લી સરખો વિચાર; તુરંગ; તુક્કો; બુટ્ટો; ખ્યાલબંધી.

PROJECTILE, *a.* આગળ ઢકેલી આપે એવું; પાછળથી જોર–હડસેલો મારનારૂં–આપનારૂં; ફેંકનારૂં; પ્રેરક.

2 ફેંકવાથી–પાછળથી જોર–હડસેલો લાગવાથી આવેલું–પામેલું પ્રેરિત.

PROJECTILE, *n.* ફેંકેલું હથિયાર–પદાર્થ; દૂરવેધી શસ્ત્ર, જેવો કે તોપમાંથી છુટેલો ગોળો.

2 *(pl.) (Mech.)* હવામાં ફેંકેલી જીનસોની ગતિ, તેમનો ટપ્પો, તેમને હવામાંથી પસાર થતાં લાગતો વખત વગેરેની સમજણ આપનાર યંત્રશાસ્ત્રનો એક ભાગ.

PROJECTION, *n.* The act of throwing or shooting forward, પાડવું–નાખવું–બહાર નીકળી આવવું તે.

2 A part jutting out, આગળ પડતો–બહાર નીકળી આવેલો–ઝુલાઈ આવેલો ભાગ; ઉભાર; ઝોક; ઝુકાવો.

3 Scheme, કલ્પના; યુક્તિ; ઘાટ; યોજના; મનસુબો; તજવીજ.

4 Plan, નકશો; આળેખેલો ઘાટ–આકાર; આકૃતિ.

PROJECTOR, *n.* નવો ઘાટ રચનાર–ઉઠાવનાર; અખ્તરો કરનાર; યોજક; કલ્પક; ઉપાય કલ્પક–ચિંતક.

2 તુક્કો–બુટ્ટો ઉઠાવનાર; તુરંગબાજ; શેખચલ્લી; નહી બનવા જોગ યુક્તિઓ ઉઠાવનાર; મનસુબાબાજ.

PROLAPSUS, *n.* *(Med.)* The falling down of a part through the orifice with which it is naturally connected, ભ્રંશ.

Prolapsus ani, ગુદ ભ્રંશ; શિશ ભ્રંશ; આમણ; આમળ; આંતરડાના છેક નીચલા ભાગનું સફરાની બહાર નીકળી પડવું તે; બાલી.

Prolapsus uteri, ગર્ભાશય ભ્રંશ; યોન્યર્શસ્; આમળ; ગર્ભનું ઈંદ્રિની બહાર ઝુલી પડવું તે.

PROLEGOMENON, *n. pl.* Prolegomena, પરિભાષા; મૂળપીઠિકા; પુસ્તક વગેરેની શુરૂઆતમાં કહેલી ટીકા–ખુલાસો.

PROLEPSIS, *n.* *(Rhet.)* નીકળનાર વાંધા અગાઉથી જણાઈ આવે અથવા તેનો અટકાવ કરી શકાય એવો અલંકાર; પૂર્વ સમાધાન.

2 પૂર્વ મિતી; આગળી તારીખ; કાળગણનાભ્રમ.

PROLIFIC, *a.* –(a female) ઘણાં છોકરાં–બચ્ચાં જણવાની શક્તિવાળું; બહુપ્રસૂ. –(a tree) ઘણાં ફળ લાગે એવું; બહુ ફલદ–ફલક–ફલવાન.

2 ઉત્પન્ન કર્યા કરે એવું; પરિણામ નિપજાવ્યા કરે એવું; બહુ તાર્કિકી; બહુ તર્કવતી, જેમકે A *prolific* brain, a controversy *prolific* of evil consequences.

PROLIFICATION, *n.* *(Bot.)* એક ફુલમાંથી બીજાં ફુલનું નીકળવું તે, જેમકે કેટલીક જાતની જાસવંદીનાં ફુલો.

PROLIX, *a.* ઘણું લાંબું; અતિ વિસ્તીર્ણ; જેમાં ઘણી પુનરુક્તિ તથા ઝીણી અને નજીવી બાબદો હોય એવું; પુનરુક્તિનું ભરેલું; મિથ્યાલાંબું; લંબાણિયું; તુલાની; કંટાળા ભરેલું.

PROLIXITY, PROLIXNESS, *n.* અતિ વિસ્તાર; ઘણું–મિથ્યા લંબાણ; તુલો તવીલી; તુલાનીપણું; તુલિકલામ; તુલકલામી; ઝીણી બાબદોની–બારીકીબારી તફસીલ.

PROLOGUE, *n.* પ્રવેશક; પૂર્વરંગ; નાટકને પ્રારંભે નાટકના સારની સુચના કરનારી ટુંકી કવિતા–ભાષણ; નાંદી.

PROLONG, *v. t.* To lengthen in time, લંબાવવું; લાંબું કરવું; જારી રાખવું; ટકાવી–નિભાવી રાખવું, જેમકે The unhappy queen with talk *prolonged* the night.

2 To put off to a distant time, આઘું–લાંબું–લાંબી મુદ્દત ઉપર નાખવું; લંબાવવું; મુલતવી રાખવું; મોકુફ રાખવું; ઝુલાવ્યા કરવું; ઝોળે નાખવું, જેમકે

For I myself am not so well provided
As else I would be, were the day *prolonged.*

3 To extend in space, લંબાવવું; લાંબું કરવું; વધારવું; દરાજ કરવું; કોરાદે કરવું.

PROLONGATION, *n.* લાંબું કરવું–વધારવું તે; લંબીકરણ.

2 વાર લગાડવો તે; લાંબી મુદતપર–ઝોળે નાખવું તે; દહાડા કહાડવા તે; વિલંબકરણ.

PROMENADE, *n.* ફરવા–ચાલવાની કસરત; સ્હેલ–કસરતને સારૂ ફરવું–ચાલવું તે; ચલન વિહાર.

2 ફરવા હરવાની–સેર–કસરત કરવાની–હવા ખાવાની જગા; ફરવા જવાનું મેદાન; ચલન રંગ; વિહાર સ્થાન.

PROMENADE, *v. i.* સ્હેલ–સેર કરવી; ફરવું; કસરત–સ્હેલને સારૂ ફરવું.

PROMETHEAN, *a.* Prometheus દેવનું–ને લગતું–સંબંધી.

2 કોઈ વસ્તુમાં જીવ મૂકવા–આપવાનો ગુણ ધરાવતું; જીવ મુકતું–આપતું.

PROMETHEUS, *n.* *(Gr. Myth.)* પ્રાચીન કાળના કવિઓએ કલ્પેલા દેવોમાંનો એક દેવ. દાવપેચ રમવામાં આ દેવ ઘણીજ ચમત્કારિક શક્તિ ધરાવતો હતો. આકાશ માહેલાં સઘળાં દેવ દેવિઓને એણે ઠગ્યાં હતાં, તથા તેમની તરેહવાર રીતે

હેકડીઓ કરતો હતો; તેમજ પૃથિવિપરનાં સઘળાં માણસોને એ દેવ કુશાળી માર્યાં હતાં—મ્હોટામાં મોટા દેવ *Jupiter*ને વઠીક આ ઠગારાએ ઠગીને તેની પાસેનો પવિત્ર અગ્નિ એક વખત તે ચોરી ગયો હતો. કથામાં જણાવેછે કે તેના આ દુષ્ટ કર્મથી જ્યુપિટરે કોપાયમાન થઈ *Vulcan* દેવને આજ્ઞા કરી કે *Prometheus*ને ઉઠાવી Caucasus પર્વતપર લઈ જઈ ત્યાં તેને બાંધી રાખે, અને તેનું કાળજું એક મ્હોટા ગીધ પક્ષીને ખાવા આપે. કથામાં વધારે એમ જણાવેછે કે એ પક્ષી રોજ તેનું કાળજું ખાતું હતું, તોપણ તે પુરૂં થતુંજ ન હતું. ત્રીસ હજાર વરસ સુધી આવી દુખી હાલત *Prometheus*ને સોસવી પડી હતી અને પેહેલવાનોના પેહેલવાન *Hercules*એ પેલા પક્ષીને ઠાર કરવાથીજ આ આ-જાબમાંથી તેનો છુટકારો થયો હતો. કથામાં આગળ એમ પણ જણાવ્યુંછે કે આ પૃથિવિપરના સઘળા હુનરો અને કળા *Prometheus* પાસેથી આપણને મળેલાછે તથા ઝાડ પાનની વિદ્યા અને તેના ઓખધી ગુણોનું જ્ઞાન પણ *Prometheus* પાસેથી આપણે સંપાદન કર્યુંછે.

PROMINENCE, } *n.* બહાર નીકળી—ઉભરાઈ—ઉંચકાઈ—ઉપસાઈ
PROMINENCY. } આવવાપણું; ઉપડતાપણું; ઉન્નતતા.

2 પ્રસિદ્ધતા.

3 મુખ્યતા; પ્રસિદ્ધિ; પ્રાધાન્ય.

4 ઉપડતી—બહાર નીકળી—ઉંચકાઈ આવતી જગો—ભાગ—પ્રદેશ.

PROMINENT, *a.* બહાર—આગળ પડતું; ઉપડતું; ઉન્નત, જેમકે A *prominent* figure on a vase.

2 ખુલ્લું; સાફ—પોતાની મેળે જણાઈ આવે એવું; તરત—ઝટ દેખાઈ આવે—નજરે પડે એવું; પ્રસિદ્ધ, જેમકે A *prominent* feature or countenance.

3 બીજાથી આગળ પડેલું—પડતું; બહાર—મેદાન પડેલું—પડતું; ઉંચા નીકળતું; મુખ્ય; પ્રધાન; પ્રસિદ્ધ, જેમકે A *prominent* character.

A prominent person, નાક; તોરો.

PROMISCUOUS, *a.* સેળભેળ; સેળભેળિયું; ખીચડિયું; એકઠું; મ-ખલુત; એક સામટું, જેમકે A *promiscuous* crowd or mass.

2 મેળંમેળાનું—વાળું; નિયમ—વ્યવસ્થા રહિત; અવ્યવસ્થિત; અસ્તાવ્યસ્ત; અસંબદ્ધ; અવિવિક્ત; તાળા વગરનું, જેમકે *Promiscuous* love or intercourse.

PROMISCUOUSLY, *ad.* બેનતંબિ; રાથરપથર; અવ્યવસ્થિત; મે-ળંમેળા થઈ ગયલું હોય એવી રીતે; મખલુતન; પંચમેળ.

PROMISCUOUSNESS, *n.* બેનતંબી; ઘાલમેલ; મેળંમેળા.

PROMISE, *n.* વચન; બોલ; બોલ્યું; બોલવું; કોલ; કબુલાત; પ્ર-તિજ્ઞા; બોલી; પયમાન; એકરાર; કરાર; અહદ.

2 આશાનો આધાર; આશાયેર.

3 વચન—પ્રતિજ્ઞા—વાગ્દાન સંપાદન; કબુલેલું આપવું તે; વ-ચન ખરૂં કરી આપવું—પાળવું તે.

A promise to pay, વાયદો.

Of promise, નામ કાઢે—ફેરવીવાળે—વાળીઆપે—દહાડો ફેરવે એવું.

Hollow promise, ખોટો વાયદો.

True to one's promise, બોલ—વચનનું ખરૂં.

A sure unfailing promise, સત્યપ્રતિજ્ઞા; એકવચન; રામબાણ.

To redeem one's promise, વચન પાળવું—ખરૂં કરી આપવું.

PROMISE, *v. t.* વચન આપવું; કબુલ કરવું; પ્રતિજ્ઞા કરવી; વા-યદો કરવો; બોલ—કોલ આપવો; કરાર કરવો.

2 આશા થવી—રહેવી; આશા બાંધવાને કારણ મળવું; કશાં ઉપરથી ખાત્રી—પ્રતિજ્ઞા થવી.

PROMISE, *v. i.* કબુલ થવું—કરવું; નક્કી—ખાત્રીથી કહેવું; આ-શા આપવી.

To promise one's self, આશા—ખાત્રી—પાકો ભરોસો હોવો—રાખવો.

PROMISE BREACH, *n.* વચન ભંગ; પ્રતિજ્ઞા ભંગ; કબુલાત તો-ડવી તે; અહદશિકની.

PROMISE BREAKER, *n.* વચન ઘાતકી; કોલ—વચન તોડનાર; અહદશિકન; વચનભંગી.

PROMISEE, *n.* જેને વચન—કોલ આપ્યો હોય તે; વચન લેનાર.

PROMISER, *n.* વચન આપનાર; વચને બંધાનાર; કોલ—પ્રતિજ્ઞા—વાયદો કરનાર; વચની; કોલ આપનાર.

PROMISING, *a.* નામ કાઢે એવું; આગળ જતે સારૂં નીકળે એવું; ફેરવી વાળે—વાળી આપે—દહાડો ફેરવે એવું; નેકબખત; આશાજનક; શાહતમંદ.

PROMISOR, *n.* (*Law.*) વચન—કોલ આપનાર; વચને બંધાનાર.

PROMISSORY, *a.* જેમાં વચન—કોલ—પ્રતિજ્ઞા છે એવું; પ્રતિજ્ઞા-વચન વિશિષ્ટ; સપ્રતિજ્ઞ; શરતી; કરારી.

Promissory note, (*Law*) હાથની લખી આપેલી ચિઠ્ઠી; લખત વચન; વચન પત્રી; દેખત હુંડી; અહદનામું; જેનું નામ લખ્યું હોય તેને અને જે વખત જણાવ્યો હોય તે વખતે નાણાંની અમુક રકમ એકદમ ચુકવી આપવા માટે લખી આપેલું વચન. C. S. G. પ્રૉમિસરી નોટ.

PROMONTORY, *n.* (*Geog.*) ભુશાભાકા; ઉંચો—ઉચ્ચ—ઉન્નત ભુ-શિર; ભુનાસિકા.

PROMOTE, *v. t.* વધારવું; તકવિયત—પુષ્ટી આપવી; હિમાયત કરવી; વધારો—વૃદ્ધિ—પુરસ્કાર—પ્રવર્તન કરવું, જેમકે To *promote* learning; to *promote* disturbance or disorder.

2 ઉશ્કેરવું; મચાવવું; ઉલટ આપવી; ભરાવી—ચઢાવી આપવું, જેમકે To *promote* mutiny.

3 વધારવું; દરજ્જે—પાયરીએ ચઢાવવું; વધારે મ્હોટી જગા—પદવી આપવી; પદવૃદ્ધિ કરવી; સરફરાજ કરવું.

PROMOTER, *n.* વધારનાર; વર્દ્ધક; પ્રવર્તક; હિમાએતી; હામી; મદદગાર; દસ્તગીર; સરફરાજ કરનાર; દરજે-પાયરી-પદવીપર ચઢાવનાર.

2 ઉસ્કેરી-ભરાવી-ચઢાવી આપનાર; મચાવનાર.

PROMOTION, *n.* સાહાય; પુરતપનાહ; પુષ્ટિ; વધારો; વર્દ્ધન; સંવર્દ્ધન; પુરસ્કાર.

2 (the act) મ્હોટી પદવીએ-દરજે ચઢવું-ચઢાવવું તે; પદવર્દ્ધન; —(the state) સરફરાજી; બઢતી; પદવૃદ્ધિ; બરતરી; સરબુલંદી.

PROMOTIVE, *a.* વધારે એવું; જેથી કંઈ વધે એવું; વર્દ્ધક; વર્ધક; વૃદ્ધિકારક; સિદ્ધિસાધક.

PROMPT, *a.* ઝડફ-ઉકેલ-ઝપાટા-સત્વરતાવાળું; તાકીદનું; શિતાબ; ચાલાક; તેજ.

2 હોંસ-ઉલટ-ઉત્સાહથી તરત કરે એવું; તત્પર; ચુસ્ત; તૈયાર.

3 તાબડતોક્રિયા; ઝડફનું; ઉકેલનું; તાબડતોક-ઉલટભેર-તત્પરતાથી આપેલું-કીધેલું.

PROMPT, *v. t.* To instigate, ઉસ્કેરવું; કશાંથી ઉસ્કેરાવું; ઉસ્કેરણી કરવી; ચઢાવી-ભરાવી-ઉંચકી આપવું.

2 To suggest to the mind, સુઝાડવું; સુઝે-મનમાં આવે એમ કરવું; આણવું; અણાવવું; કશાંથી કરવાનું મન થવું.

3 To assist, as a speaker, when at a loss, by pronouncing the words forgotten or next in order, કોઈના મ્હોમાં બોલ મુકવા-આપવા; સુચના-એસારો કરવો; વિસરી ગયેલા બોલ યાદ દેવડાવવા; સ્મૃતિ ચુકવવી; વિસ્મૃત સુચન કરવું.

PROMPT BOOK, *n.* નાટકમાં ખેલાડીઓ પોતાના બોલવાના બોલો વિસરી જાય તો તેમના મ્હોડામાં તે બોલો પાછા મુકવા સારૂ જે ચોપડી રાખેલી હોયછે તે ચોપડી; સ્મૃતિસુચક પુસ્તક.

PROMPTER, *n.* ઉસ્કેરનાર; ઉંચકી-ચઢાવી-ભરાવી આપનાર; કરાવનાર; ઉત્તેજક.

2 મ્હોમાં બોલ આપનાર-મુકનાર; સ્મૃતિસુચક; સુચક; બોધક; એસારો કરનાર. C. S. G. પ્રોંપટર.

PROMPTITUDE, } *n.* તાકીદ; શિતાબી; ઝડફ; તરત બુદ્ધિ; તરતબુદ્ધિયાપણું; ઉકેલ; ઝપાટો; ત્વરા; સત્વરતા.
PROMPTNESS, }

2 હોંસ; ઉલટ; તત્પરતા; ઉત્સાહ.

PROMPTLY, *ad.* તેજીથી; ચાલાકીથી; ઝડફથી; હોંસ-ઉલટથી; તુરત; જલદ.

PROMULGATE, *v. t.* જાહેર-પ્રસિદ્ધ-મશાહુર-આશ્કારા કરવું; જાહાર પાડવું; લોકજાહેર કરવું; ફેલાવવું.

PROMULGATION, *n.* પ્રસિદ્ધ કરણ; જાહેર કરવું તે.

PRONATION, *n.* હાથ ઉંધો કરતી વખતે તેને જે ગતિ અથવા વલણ આપવામાં આવેછે તે.

2 હાથ ઉંધો રાખ્યો હોય એટલે કે અંગુઠો આપણા શરીર ભણી ને હથેલી હેઠળ કરી હોય તે વખતની તેની સ્થિતિ.

3 હાથ ઉંધો કરવો અથવા હથેલી હેઠે કરવી તે. Opposed to *Supination*.

PRONATOR, *n.* (*Anat.*) જે સ્નાયુની મદદથી હાથ ઉંધો કરીએ છૈયે અથવા હથેલી તળે કરીએ છૈયે તે સ્નાયુ.

PRONE, *a.* નીચી ડોક વાળું; નજર-મ્હો નીચું રાખેલું હોય એવું; અધોમુખી; પ્રણત શિરસ્ક; ડોક ખાધેલું.

2 ઉંધે મ્હોડે-ઉંધે મસ્તકે પડેલું; ઉંધું.

3 ઢળતું; ઢોળાવ પડતું-વાળું; ઢળકતું.

4 (usually in an ill sense) સ્વભાવવાળું; મન લાગેલું-ઇચ્છા થયલી હોય એવું; વલણવાળું.

Prone to quarrel, લડાક; લડાઈખોર.

PRONENESS, *n.* નીચી ડોક રાખવાની હાલત, જેમકે પશુ પ્રાણીઓની નીચી ડોકે રેહેવાની, —opposed to the *erectness* of man.

2 ઉંધે મ્હોડે પડવું-લેટવું તે, opposed to *supineness*.

3 ઉતરતો ઢોળાવ-ઢાળ, જેમકે the *proneness* of a hill.

4 મન-દિલ-સ્વભાવનું વલણ; જાતી ખવાસ, જેમકે the *proneness* of good men to commiserate want.

PRONG, *n.* દાંતો; ફણું; શૂળ; દાંટો.

Three-pronged, ત્રિશૂલ.

PRONGHORN, *n.* (*Zool.*) ઉત્તર અમેરિકાનું એક જાતનું હરણ, જેના શિંગડાં અણી આગળથી વળેલાં હોયછે.

PRONOMINAL, *a.* સર્વનામનું; સર્વનામ રૂપ-વિષયક; સાર્વનામિક; સર્વનામ સંબંધી.

PRONOUN, *n.* (*Gram.*) સર્વનામ.

PRONOUNCE, *v. t.* To utter articulately, ઉચ્ચાર કરવો; ઉચ્ચારવું; બોલવું.

2 To utter formally, officially or solemnly, આપવું; કહી સંભળાવવું; રીતિ પ્રમાણે-અધિકારની રૂએ કહી-બોલી સંભળાવવું; ફતવો આપવો.

3 To speak or utter rhetorically, કરવું; આપવું; સંભળાવવું; ફસાહતથી બોલવું.

4 To declare or affirm, કહેવું; ઠોકીને-ગાઈ બજાવીને-ખચીતાઈથી-નિશ્ચય પૂર્વક કહેવું; બોલવું.

PRONOUNCE, *v. i.* કહેવું; બોલવું.

PRONOUNCED, *a.* ખાતરી ભરેલી રીતે-નિશ્ચ પૂર્વક-નિઃશંકપણાથી-મજબૂત-પાકા ઠરાવથી જણાવેલું.

PRONOUNCING, *a.* ઉચ્ચાર કરતાં શિખવે એવું, ઉચ્ચાર સમજાવે એવું; જેમકે *a pronouncing* dictionary.

PRONUNCIATION, *n.* ઉચ્ચાર; વર્ણોચ્ચાર; ઉચ્ચારણ.

Easy of pronunciation, સુખોચ્ચાર્ય.

PROOF, *n.* અજમાયેશ; પરીક્ષા; કસોટી; ઈમતેહાન; કસવા-કસાવાનો મામલો; પ્રતીતિ.

2 પુરાવો; પ્રમાણ; સાબીતી; દાખલો; પુરવાગી; દલીલ; શાહદત; ગવાહી; બુરહાન.

3 જેમાં કંઈ પ્રવેશ કે સંચાર ન કરી શકે એવો ગુણ; જેને કંઈ બાંધી ન શકે એવો ગુણ; અપ્રવેશ્યતા; અભેદ્યતા; અબાધ્યતા; જેમાં કંઈ પેશી-પેવસ થઈ શકે નહી એવો ગુણ, જેમકે A wall that is *proof* against shot.

4 મનની મજબુતાઈ; મન સ્થૈર્ય; દૃઢીભૂતપણું; દૃઢતા; દૃઢ-સ્થિર બુદ્ધિત્વ; દૃઢવિચારતા-સંકલ્પતા; દૃઢ નિશ્ચય; મનનો પાકો ઠરાવ.

5 દારૂ-મદ્યનો કસ જોવો-કહાડવો તે.

6 દારૂ-મદ્યનો કસ. C. S. G. પ્રૂફ.

7 (*Print.*) કંપોસ કીધેલા-બીબાંમાં ગોઠવેલો અથવા કોતરેલી તકતીપરનો મચકુર-બાબદ તપાસવા-સુધારવા સારૂ તેનો જે છાપ-ખરડો-મસવદો કહાડેલો તે. C. S. G. પ્રૂફ.

8 (*Arith.*) તાળો; ઉપપત્તિ.

To put to the proof, કસી જોવું; કસોટીપર લેવું.

To give proof, સાબીતી આપવી; પુરવાગી-પુરાવો કરી આપવો.

Convincing or positive proof, બુરહાને કાતે; દલીલે બુરહાની.

Tangible proof, દલીલે માકુલ.

PROOF, *a.* અભેદ્ય; જેની અંદર કંઈ પેશી-પેવસ થઈ શકે નહી એવું; અટકાવ કરવા-બાળવામાં ફાવે એવું; કશાની સામે ટકી શકે એવું; કશાને પોતા ઉપર ફાવવા દઈ ન શકે એવું, જેમકે *Proof* against harm; water-*proof*; bomb-*proof*; *proof* against all temptation.

PROOFLESS, *a.* અપ્રમાણ; નિષ્પ્રમાણ; પુરાવા-સાબીતી વગરનું; બેદલીલ; બેબુરહાન.

PROOFSHEET, *n.* છાપવા ધારેલી કોઈ બાબદનો સુધારવા માટે કહાડેલો મસવદો-ખરડો. C. S. G. પ્રૂફશીટ.

PROOF SPIRIT, *n.* તોલમાં ચોખ્ખા-નરા દારૂના ૧૦૦ ભાગ સાથે કરેલો ૧૦૩·૦૯ ભાગ પાણીનો ભેળ અથવા માપમાં નરા દારૂના ૧૦૦ ભાગ સાથે કરેલો ૮૧·૮૨ ભાગ પાણીનો ભેળ.

PROOF TEXT, *n.* કોઈ ચોકસ મત સિદ્ધ કરવા માટે ખ્રિસ્તી ધર્મ પુસ્તકના જે વાક્ય ઉપર આધાર રાખવામાં આવ્યો હોય તે વાક્ય; કોઈ મતના પ્રતિપાદનાર્થે આધારને માટે આપેલું બાઈબલમાંનું વચન; બાઈબલનું આધાર વચન-વાક્ય.

PROP, *v. t.* ટેકો-તીર-ટેકણ આપવું.

2 ટકાવી-થંભાવી-તોળી રાખવું; પુશ્તપનાહ આપવી; આશરો આપવો.

PROP, *n.* ટેકો; ટેકણ; તીર.

2 થામલો; આધાર; આસરો; સ્તંભ; ટકાવી-ટેકવી રાખનાર; અઢિંગણ.

PROPAGANDA, *n.* રોમ શહેરમાં સ્થાપેલી એક મંડળી, જે સઘળાં રોમન ક્યાથોલિક મિશનોનો કારોબાર ચલાવેછે તથા તેમનાપર દેખરેખ રાખેછે.

PROPAGATE, *v. t.* પરંપરા ઉત્પત્તિ ચલાવ્યાં-વધાર્યાં જવી; ઉત્પત્તિ પરંપરા ચાલ્યાં-વધ્યાં કરે એમ કરવું; વંશ-વસ્તાર-વેલો ચલાવવો-વધારવો; ઓલાદ વધારવી.—જાનવરો અને ઝાડપાન બંધેને એ શબ્દ લાગુ પડેછે, જેમકે To *propagate* a breed of horses or sheep; to *propagate* any species of fruit tree.

2 પસરે-પંથરાય-પોંહોચે-આઘે સુધી પડે કે સંભળાય એમ કરવું; ફેલાવવું; પ્રસારવું; ફેલાવો-પ્રસાર કરવો, જેમકે To *propagate* sound or light.

3 ઘણા જણામાં ચલાવવું; એક કાનથી બીજે કાન કરવું; ફેલાવવું; ફેલાવો-પ્રસાર કરવો; કંઈ નવું કાઢીને કે ઉઠાવીને ચલાવવું; એક ઠેકાણેથી બીજે ઠેકાણે ચલાવવું-લઈ જવું; જેમકે To *propagate* a story or report.

4 ઉત્પન્ન કરવું; કશાથી થવું-ઉત્પન્ન થવું, જેમકે Motion *propagated* motion, and life threw off life.

PROPAGATE, *v. i.* (જાનવર અથવા ઝાડપાનની) સંતતિ-ઓલાદ વધવી, જેમકે Wild horses *propagate* in the forests of South America.

PROPAGATION, *n.* The act of propagating, વધારવું તે; વર્દ્ધન; વિસ્તાર; વૃદ્ધિ.

2 પરંપરોત્પત્તિ; પ્રસુતિપારંપર્ય; પ્રજાવૃદ્ધિ; સંતાનવૃદ્ધિ.

3 પ્રસાર કરણ; પ્રસાર; ફેલાવો; પસારો.

4 ઉત્પન્નકરણ; ઉત્પત્તિ; વસ્તાર.

PROPAGATOR, *n.* પરંપરા-પેઢી દર પેઢી ઉત્પત્તિ ચલાવ્યાં-વધાર્યાં કરનાર; વંશવિસ્તારક; વંશવર્દ્ધક.

2 નવું કાઢીને ચલાવનાર; પ્રસારક; ફેલાવો કરનાર.

3 ઉત્પાદક; પેદા કરનાર.

PROPEL, *v. t.* ઠેલવું; હડસેલવું; ઢકેલવું; ઢકેલી લઈ જવું; હડસેલી-ઠેલી લઈ જવું.

PROPELLER, *n.* ઠેલનાર; હડસેલનાર; હડસેલી લઈ જનાર; ઠેલી-ઢકેલી લઈ જનાર.

2 આગબોટના સુકાનવાળા ભાગમાં વરાળ વિગેરેથી ફરતો ઈસ્કુ.

3 એવા ઈસ્કુથી ચાલનારી આગબોટ.

PROPENSE, *a.* રૂખવાળું; રુચિવાળું; સ્વભાવવાળું; મનનું વલણ લીધેલું-પકડેલું; ઝોક ખાધેલું.

PROPENSION, PROPENSITY, *n.* જાતી ખવાસ; મનનું વલણ; વાસના; બુદ્ધિ; સ્વભાવ; ચિત્તવૃત્તિ; પ્રવૃત્તિ; પ્રાવણ્ય; રૂખ; રુચિ; ચસકો; રગબત.

Good propensity, સુશીલતા; સાધુવૃત્તિ; સાધુ શીલત્વ.

Evil propensity, વ્યસન; દુર્ગુણ; દુઃશીલતા.

Proper, *a.* Belonging to as one's own, પોતાનું; પોતીકું; જાતનું; નિજ; આત્મ; ખુદ; સ્વ; સ્વકીય, કેમકે Our *proper* son.

2 Peculiar, સ્વાભાવિક; વિશેષ; ખાસ; સહજ, જેમકે Every animal has its *proper* instincts and inclinations, appetites and habits.

3 Befitting one's nature, સ્વભાવ–ખાસીયત–ગુણ–પ્રકૃતિ બંધારણને હળતું–અનુકૂળ; સ્વભાવાનુકૂળ; પ્રકૃત્યાનુકૂળ; ખાસ, જેમકે The *proper* element of an animal; the *proper* study of mankind is man.

4 Suitable, appropriate, યોગ્ય; ઉચિત; સજાવાર; દુરસ્ત; વાજિબ; મુનાસિબ; લાયક; ઘટારત; યથાયોગ્ય; રવા; લાજિમ; ગોઠતું; માફક, જેમકે

In Athens all was pleasure, mirth, and play,
All *proper* to the spring and sprightly May.

5 Precise, બંધબેસતું; જોઈએ તેવું; ઘટતું; સમીચીન; મુનાસીબ, જેમકે A *proper* word, style and the like.

6 Pertaining to one of a species, but not common to the whole, વિશેષ; કોઈ વર્ગમાંના એકજ જણનું, જેમકે A *proper* name.

Proper duty, સ્વધર્મ.

Proper nature, સ્વભાવ.

Proper to be done, કર્તવ્ય; કરણીય.

Proper to be eaten, ખાદ્ય.

Proper to be spoken, વાચ્ય.

Not proper to be spoken, અવાચ્ય.

Properly, *ad.* બરાબર; જોઈએ તેવું; ખરું; યોગ્ય રીતે; યથાયોગ્ય; યથોચિત; ઠીક; બખૂબી; અચ્છી તરેહ.

2 ખરું–બારીકીથી જોતાં; વાસ્તવિક; તત્વતઃ

Property, *n.* કોઈ પણ પદાર્થના જાતી–કુદરતી ગુણો, જે અસલથીજ તેમાં હોયછે. Physical scienceમાં તમામ જીનસોના ગુણોના નીચે પ્રમાણે ત્રણ વર્ગ બાંધેલા છેઃ—

૧ લો. The *physical properties of matter*, જીનસોનો રંગ, તેમનો ચળકાટ, અપારદર્શકપણું, પારદર્શકપણું, સંગીનપણું, ખણખણતો અવાજ કરવાનો ગુણ, પાસાદાર આકૃતિ, પસરી અથવા પીગળી જવાનો ગુણ, ગરમી લાગવાથી રસ થઈ જવાનો ગુણ, બાફ થઈ ઉડી જવાનો ગુણ, ઇત્યાદિ.

૨ જો. The *chemical properties of matter*, રસાયની ગુણો, જેવાકે બાફતનો સળગી ઉઠવા અથવા ફુટી જવાનો, લાકડાંનો બળી જવાનો, તેજાબોમાં ધાતુઓનો ખવાઈ અથવા પીગળી જવાનો ગુણ, ઇત્યાદિ.

૩ જો. The *organolectic properties of matter, i. e. Properties of matter making an impression upon organs of Taste, Smell, Touch* and upon the organic system of animal bodies, આ ત્રીજા વર્ગના ગુણો, ઉપર જણાવેલા બંધે વર્ગોના ગુણો કરતાં તદનજ જુદા પ્રકારના છે.—એ ગુણો, માણસ જાતના શરીરની ઈંદ્રિયો સાથે સ્પર્શ થયા વગર જણાઇ શકતા નથી, જેવાકે—

Taste (સવાદ)—કોઈ વસ્તુનો મીઠો, કડવો, ખારો કે તીખો સવાદ, તે વસ્તુ જીભને લગાડયા વગર જણાઇ શકતો નથી, તે ગુણ.

Touch (સ્પર્શ)—કોઈ વસ્તુ સુવાળી, પોચી, થંડી કે ગરમ છે તે, તે વસ્તુને હાથ લગાડયા વગર આપણે જાણી શકતા નથી, તે ગુણ.

Smell (વાસ)—કોઇ જીનસ પમરતી કે બદબો મારતી છે તે, તે સુંઘ્યા વગર આપણે જાણી શકતા નથી, તે ગુણ.

Medicinal effects upon organism, (શરીર ઉપર દવાઈની અસર)—કેટલીક વસ્તુઓનો ગુણ, તે વસ્તુઓ ખાધા પીધા વગર જણાઇ શકતો નથી, જેમકે જમાલગોટો. આ ચીજ જબરો જુલ્લાબ લાવનાર ગુણ ધરાવે છે, તે, તે ખાધા વગર જણાતું નથી–તેમજ સોમળ, જેહર છે, અફીમ અને ગાંજો જબર કેફ લાવનાર પદાર્થો છે, અને દાળ ભાત વગેરે પુષ્ટિકારક છે—એ બધી વસ્તુઓના આવા ગુણો, તે વસ્તુઓ ખાધા પીધા વગર જણાઈ શકતા નથી તે સઘળા ગુણો, ઇત્યાદિ.

2 કૃત્રિમ–ઉપાર્જિત ગુણ; હુનર–કળાની મદદથી, અથવા માણસની અકલના બળથી મેળવાયલા–પ્રાપ્ત કરેલા ગુણ, જેમકે કવિતાના બખાણ–રચનાની ખુબી.

3 માણસનો જાતી ગુણ; ધર્મ; ખવાસ; ખો; ખાસિયત; ખસલત; સ્વભાવ; વિશેષ લક્ષણ; તાસિર; સિફત; સહજ–પ્રકૃતિ ગુણ.

4 માલ; પોતાની સત્તાની વસ્તુ–પદાર્થ.

5 માલકી; સત્તા; ધણીપણું; સ્વામિત્વ; હકદારી; માલિકયત.

6 મિલ્કત; માલમિલ્કત; માલમતા; ધન; સંપત્તિ; સમૃદ્ધિ પુંજી; જિંદગી; અસબાબ; જાયદાદ; દ્રવ્ય; અર્થ; વિત્ત વસુ; અસબાબ.

7 જમીન અને તેને લગતાં ઘરો, ઇમારત ઇત્યાદિ.

Ancestral property, ક્રમાગત; જાયદાદે અબાની; જાયદાદે મઉરૂસી; બાપદાદાની–બાપદાદેથી ઉતરતી આવેલી મિલ્કત

Common property, ગણદ્રવ્ય–ધન; આમમાલ; સામાન્ય દ્રવ્ય

Divided property, વિભક્ત; જેના ભાગ–વાંટા પડી ચુકેલ એવી ભૂમિ–ધન–મિલ્કત.

Immoveable and moveable property, સ્થાવર જંગમ.

Immoveable property, સ્થાવર મિલ્કત; સ્થાવર.

Landed property, ભુમીધન; પૃથ્વિધન; જાયદાદે આરાઝી.

Moveable property, જંગમ મિલ્કત; અસ્થાવર ધન.

One's own property, જાયદાદે ખાસ; પોતાની ખાસ મિલ્કત.

Property in cattle, ગોધન; પશુ ધન.

Public property, સરકારી માલ; બાદશાહી માલ; રાજ ધન.

Rent free land, જાયદાદે મુઆફી; માફી જમીન.

Self acquired property, સ્વયમાર્જિત; જાયદાદે મકસૂબા; જાતે પોતે મેળવેલી મિલ્કત; ખાસગત-ખાસગી મિલ્કત.

Undivided property, અવિભક્ત; સમરાસ; જાયદાદે ઇજમાલી; માલે શિરાકત.

Woman's property, સ્રીધન.

PROPERTY MAN, *n.* નાટકશાળાનો માલ, જેવો કે પોશાગ, પરદા વગેરૂ જેના સ્વાધિનમાં હોય તે ધણી; નાટકશાળાને લગતા સામનનો રખેવાળ.

PROPHASIS, *n.* (*Med.*) SEE PROGNOSIS.

PROPHECY, *n.* આગમ; આગમવાની; આગમચેતી; ભવિષ્ય કહેવું તે; ભાવી; ઇશ્વરપ્રેરિત ભવિષ્ય કથન-વાત; ઇશ્વરપ્રેરણાથી કહેલું ભાવી; ગએબગોઇ; સુખને ગએબ; ગએબદાની.

2 ભવિષ્યવાદનું પુસ્તક.

3 સભા આગળ બાઇબલનો અર્થ કહેવો તે.

4 ઉપદેશ; બોધ; વાઆજ.

PROPHESY, *v. t. & v. i.* ભાવી-ભવિષ્ય કહેવું; આગમચેતી કરવી; આગળથી કહેવું; ગએબગોઇ કરવી; ગએબની ખબર આપવી.

PROPHET, *n.* ભવિષ્ય કહેનાર; ભવિષ્ય વક્તા-ભાષી; ભાવી કહેનાર.

2 પેગાંબર; પયગમ્બર; વખ્શુર; નબી; રસૂલ; ઇશ્વરપ્રેરણાથી ભાવી કહેનાર.

3 દુભાષિયો; અર્થ સમજાવનાર.

School of prophets, (*Anc. Jewish Hist.*) જવાન શખ્સોને જાહેર ઉસ્તાદો તરીકે તૈયાર કરવા સારૂ તેમને લાયકની તરબિયત આપવાની મકતબ-મદ્રેસા-શાળા. એવી રીતે તરબિયત લઇ તૈયાર થયલા વિદ્યાર્થિઓને *Sons of the prophets*નું નામ આપવામાં આવતું હતું.

PROPHETESS, *n.* ભવિષ્ય ભાષિણી; ભવિષ્ય-ભાવી કેહેનારી.

2 ઇશ્વરપ્રેરણાથી ભાવી કેહેનારી; પેગંબરી; જનેપેરિગો.

PROPHETIC, PROPHETICAL, *a.* ભવિષ્યસૂચક; જેમાં ભવિષ્ય-ભાવી કહેલું હોય એવું; ભવિષ્યનું-વિષેનું; ભવિષ્યોત્તર; ગેબાની.

PROPHYLACTIC, *n.* (*Med.*) રોગ નિવારક ઓસડ; રોગ-દરદ પાકું થાય-ઉત્પન્ન નહીં એવું ઓસડ.

PROPINQUITY, *n.* પાસેપણું; સમીપપણું; નિકટતા; સામીપ્ય; નૈકટ્ય; નજદીકી; પડોસ.

PROPITIABLE, *a.* મનાવવા-પ્રસન્ન કરાવવા યોગ્ય; આરાધ્ય; આરાધનિય.

PROPITIATE, *v. t.* મનાવવું; પ્રસન્ન કરવું; કોપ-અકૃપા-ક્રોધ નિવૃત્તકરી કૃપા મેળવવી; આરાધવું; આરાધન-પ્રસાદન કરવું; શાંત કરવું; સાધવું.

PROPITIATED, *p. a.* પ્રસન્ન કીધેલું; આરાધિત; પ્રસન્ન.

PROPITIATION, *n.* આરાધન; પ્રસાદન; શાંતવન; મન મનાવવું તે; અનુરંજન; મેહેરબાનસાજી.

2 (*Theol.*) માણસના ઉદ્ધારને અર્થે ઇશ્વરને પ્રસન્ન કરવાનું ઇસુ ખ્રિસ્તે કીધેલું પ્રાયશ્ચિતરૂપ કર્મ.

3 પ્રાયશ્ચિત કરવા માટે આપેલું કરેલું બલિદાન-ભોગ.

PROPITIATORY, *a.* મનાવવાનું; પ્રસન્ન કરવાનું; શાંતિનું; આરાધક; પ્રસન્નકારક.

2 પ્રાયશ્ચિતરૂપ.

PROPITIOUS, *a.* —(of men) મેહેરબાન; અનુકૂળ; અભીષ્ટ; ભેરખા.

2 —(of God) મેહેરબાન; કરીમ; રહીમ; સાનુકૂળ; પ્રસન્ન; વરદ; કૃપાળુ; પ્રસાદાભિમુખ.

3 —(circumstances) પાધરૂં પડે એવું; માફક; સાનુકૂળ; શુભકારી; શુભપ્રદ; શુભ; ધારજણી; ઇષ્ટ; બામુરાદ; નેક; મુબારક.

PROPITIOUSLY, *ad.* મેહેરબાન-પ્રસન્ન-અનુકૂળ થઇને; પ્રસાદપૂર્વક.

PROPITIOUSNESS, *n.* પ્રસન્નતા; મેહેરબાની; તોફીક; કૃપા; પરોપકારબુદ્ધિ; માયા; બખ્તયારી.

2 અનુકૂળતા; આનુકૂલ્ય; પાધરૂં પડે એવી હાલત; મુઆફકત.

PROPOLIS, *n.* રાતા રંગની રાળ જેવી એક વસ્તુ. પોતાના મધપુડામાં ઠંડી હવા વગેરેને આવતી અટકાવવા સારૂ, તેનાં છિદ્રો અને ફાટોમાં પૂરવા માટે, મધમાખીઓ એ વસ્તુ ઝાડપાનની ફુલ કળીઓમાંથી એકઠી કરેછે.

PROPONENT, *n.* દરખાસ્ત મુકનાર-રજુ કરનાર; પૂર્વવાદી; પૂર્વપક્ષી.

PROPORTION, *n.* પ્રમાણ; માપ; પરિમાણ.

2 ભાગ; સરખો-બરાબર ભાગ; ફાળો; હિસ્સો; પાંતી.

3 પ્રમાણ; પ્રમાણશુદ્ધિ; મેળ; બેત; મુઆફકત; મુનાસબત; મિજાન; અંદાજો.

4 (*Math.*) પ્રમાણ; ગણિતનો એક પ્રકાર.

Arithmetical proportion, ગણિત પ્રમાણ.

Geometrical proportion, ભૂમીતિ પ્રમાણ.

Harmonical proportion, ઋણ સિદ્ધ; ઋણ પ્રમાણ.

Rule of three, ત્રિરાશી; ત્રૈરાશિક; અનુપાત.

Compound proportion, પંચરાશી.

Direct proportion, સમત્રિરાશી.

Inverse proportion, વિષમ-વ્યસ્ત ત્રિરાશી.

In proportion, પ્રમાણે; મુજબ; અંદાજસર.

PROPORTION, *v. t.* પ્રમાણ-મિજાનમાં રાખવું-ઠેરાવવું-કરવું; કદા પ્રમાણે રાખવું-કરવું; લાયક રીતે બેસતું આવે-મેળ મળે તેમ રાખવું-બેસાડવું.

2 પ્રમાણશુદ્ધ રાખવું-કરવું; જુગતું કરવું; પ્રમાણશુદ્ધિ રાખવી.

PROPORTIONABLE, *a.* પ્રમાણમાં રખાય એવું; પ્રમાણશુદ્ધ કે સપ્રમાણ કરાય એવું; સપ્રમાણક. SEE PROPORTIONAL.

PROPORTIONABLENESS, PROPORTIONALTY, PROPORTIONATENESS, *n.* બરાબરી; પ્રમાણ સમતા; સપ્રમાણતા; સમતોળપણું; હમ અંદાજી; મુનાસિબત.

PROPORTIONAL, *a.* પ્રમાણ પ્રમાણેનું; પ્રમાણમાં; સમતોળ; માફક; મિજાન મુજબનું; પ્રમાણસર; પ્રમાણ જેટલું; યથા પ્રમાણ; પ્રમાણશુદ્ધ; હમ અંદાજ.

2 (*Math.*) જેથી પ્રમાણ ઉભું થઈ રહે એવું; જેનું ગુણોત્તર એકજ હોય એવું; સપ્રમાણ; સપ્રમાણક.

PROPORTIONAL, *n.* (*Math.*) સપ્રમાણ અંક-સંખ્યા-રકમ; સપ્રમાણક.

PROPORTIONALLY, *ad.* પ્રમાણમાં; પ્રમાણ-પ્રમાણશુદ્ધિ જોતાં.

PROPORTIONATE, *a.* કશાના પ્રમાણમાં ઠીકેલું-રાખેલું; પ્રમાણ પ્રમાણેનું; પ્રમાણસર; પ્રમાણ જેટલું; હમ અંદાજ.

To be proportionate, પ્રમાણમાં-પ્રમાણસર હોવું.

PROPORTIONATE, *v. t.* પ્રમાણમાં રાખવું; કશા પ્રમાણે રાખવું-ઉઠાવવું-કરવું; લાયકરીતે બેસતું આવે-જોગ જમે-મેળ મળે તેમ રાખવું-ગોઠવવું.

2 પ્રમાણશુદ્ધ રાખવું-કરવું; પ્રમાણશુદ્ધિ રાખવી.

PROPORTIONATELY, *ad.* પ્રમાણમાં; મિજાન મુજબ; યથા પ્રમાણ; બઅંદાજ.

PROPOSAL, *n.* બતલાવેલો વિચાર; વિચાર કે તકરાર કરવા કે મંજુર કરાવવાને માટે કહાડેલી-કહેલી વાત-રારત; દરખાસ્ત; કર્તવ્ય સૂચના; કર્તવ્ય નિર્દેશ; —(for marriage &c.) વસટાણું.

PROPOSE, *v. t.* આગળ મુકવું-કરવું; રજુ કરવું; વિચાર કે તકરાર કરવા કે મંજુર રખાવવા માટે કહાડવું-કહેવું; વિચાર આપવો-બતાવવો; દરખાસ્ત કરવી; દરપેશ કરવું.

To propose to one's self, મન સાથે-મનમાં ધારવું; મનસૂબો-ઈરાદો-વિચાર કરવો; મુરાદ રાખવી.

PROPOSE, *v. i.* ધારવું; વિચારવું; મનસૂબો-ઈરાદો કરવો; બેતબાટ રચવો.

2 કોઈની સાથે અદરાવા-પરણવા માટે તૈયાર થવું-બહાર પડવું.

PROPOSER, *n.* દરખાસ્ત કરનાર-રજુ કરનાર-મૂકનાર.

PROPOSITION, *n.* આગળ ધરવું-મૂકવું તે; તકરાર કરવા કે મંજુર રખાવવા માટે રજુ કરવું તે.

2 દરખાસ્ત; વિચાર કે તકરાર કરવા કે મંજુર રખાવવા માટે કહાડેલી-કહેલી વાત-રારત.

3 (*Gram. & Logic*) વાક્ય; ફક્કિકા; પૂર્વપક્ષ; કહેવું.

4 (*Math.*) પ્રતિજ્ઞા.

PROPOUND, *v. t.* આગળ ધરવું-મૂકવું-કાઢવું; મેદાન મૂકવું; બતાવવું; દરખાસ્ત કરવી.

PROPRIETARY, PROPRIETOR, *n.* ધણી; માલિક; સ્વામી; અધિપ; સત્તાધારી.

Landed proprietor, જમીનદાર.

Proprietor de facto, માલિકે હકીકી.

PROPRIETARY, PROPRIETORIAL, *a.* ધણીનું; ધણીને લગતું-સંબંધી; ધણીપણાનું; સ્વામ્યધીન.

PROPRIETORSHIP, *n.* ધણીપણું; માલિકી; માલકિયત; સત્તા; સ્વામિત્વ.

PROPRIETRESS, *n.* અધિકારણ—રીણી; માલિકણ; ધણિઆણી.

PROPRIETY, *n.* યોગ્યતા; યથાર્થ; યથાન્યાયત્વ; વાસ્તવિકત્વ; યથાયોગ્યપણું; ઔચિત્ય; દુરસ્તી; શાઈસ્તગી; લિયાકત; મુનાસબત.

Propriety of conduct, વિનય; મર્યાદા; મલાજો.

PRORATE, *v. t.* સરખે ભાગે વેંહેચવું; સરખા ભાગ-ફાળા-વાંટા કરવા.

PROROGATION, *n.* પાર્લ્યમેંટની સભા મુલતવી રાખવી તે; આવતી સેશન સુધી પાર્લ્યમેંટની સભાની બેઠક તહકુબ રાખવી તે.

PROROGATE, *v. t.* SEE PROROGUE.

PROROGUE, *v. t.* લંબાવવું; લાંબું કરવું; લંબાણમાં કરવું.

2 ઠેલી નાખવું; લાંબા દહાડા-મુદત ઉપર નાખવું; મોકુફ રાખવું.

3 એક બેઠક પછી બીજી બેઠક થાય ત્યાં સુધી મુલતવી રાખવું; આવતી બેઠક સુધી તહકુબ-મુલતવી રાખવું.

PROSAIC, PROSAICLE, *a.* ગદ્યરૂપ; ગદ્યાત્મક; સાદી ઈબારતના જેવું; જેમાં કવિતા-છંદ નહી હોય એવું; નસરી; છંદોહીન-રહિત.

2 નીરસ; બેમજા; કુચા જેવું; રસ-મજા વગરનું; ફિકું; કંટાળો ઉપજાવે એવું; રસ પડે નહી એવું; અરસિક.

PROSAIST, *n.* સાદી એબારતમાં લખનાર; નસર નવીશ.

PROSCENIUM, *n.* (*Anc. Theatre*) નાટકશાળામાંની જે જગાપર ખેલાડીઓ ખેલ ભજવતા હતા તે જગા.—એ જગાને હાલમાં *Stage* એટલે નાટક તકતો, રંગભૂમિકા અથવા નાટકસ્થળ કહેછે.

2 (*Modern Theatre.*) નાટક સ્થળ અથવા રંગભૂમિકાનો આગલો ભાગ; સ્ટેજનો આગલી તરફનો ભાગ, જે ઠેકાણે "ડ્રાપસીન"નો મોટો પરદો આવેલો હોય છે—આ પરદો સ્ટેજને તમાશાગીરોથી છૂટો પાડેછે.

PROSCRIBE, *v. t.* મરણાધીન કરવું; મોતની સજા-શિક્ષા ઠરાવવી.

2 કોઈના ઉપરથી કાયદાનું રક્ષણ ઉઠાવી લેવું; કોઈને રાજરક્ષણ બાહ્ય-રાજના રક્ષણથી દૂર કરવું; જલાવતન કરવું.

3 અયોગ્ય-અપાત્ર-દુષ્ટ-નિંદિત ઠરાવીને રદ કરવું; ખારેજ કરવું.

PROSCRIPTION, *n.* મોત અથવા દેશ નિકાલીની શિક્ષા કરવી તે; હુકમે કતલ; રાજરક્ષણ બાહ્યકરણ; નિષિદ્ધિકરણ; જલાવતની. (among the ancient Romans) રાજદ્રોહી રાજુનું માથું કાપી લાવવાને માટે ઈનામ આપવાનું કહેવું-ઠરાવવું તે.

PROSE, *n.* ગદ્ય; નસર; કવિતાના નેમ વગરનું સાદું લખાણ-એબારત; છંદોરહિત ભાષણ-વાક્ય.

2 સુકી-લુખ્ખા જેવી-નિરસ ભાષા અથવા ભાષણ; રસ-મઝા વગરની-કંટાળા ભરી ભાષા-ભાષણ; ટાહેલું; સાધારણ બાબદોનું અમથું વિજન.

Prose writer, નસર નવીસ.

3 (*Rom. Cath. Church.*) અમુક તેહવારના દિવસોપર દાખલ કરેલું ભજન-કીર્તન; ગાથા.

Prose and verse, ગદ્ય પદ્ય; નસર વ નઝમ.

PROSE, *v. t. & v. i.* ગદ્યરૂપ લખાણ કરવું; નસર એબારતમાં લખવું.

2 કંટાળો છુટે એવી રીતે લંબાણ ટાહેલું કરવું-ચલાવવું; વિજ્યા કરવું.

PROSE, *a.* ગદ્યમાં-નસરમાં-સાદી એબારતમાં લખેલું; ગદ્યરૂપ; ગદ્યાત્મક.

2 ઝાંખા-રસ-મઝા વગરનું; સુસ્તી આવી જાય એવું.

PROSECUTE, *v. t.* પુઠ પકડવી; પુંઠે લાગુ રહેવું; પિછો ધરવો; કર્યે-ચલાવ્યાં જવું; જારી રાખવું; પાછળ મંડયાં-લાગ્યાં રહેવું.

2 મેળવવા-સાબિત કરાવવા સરકાર દરબાર ચઢવું; દિવાનીમાં જવું-ચઢવું.

3 (*Law*) શિક્ષા કરાવવાની મતલબે કોઈપર કામ ચલાવવું-ફરિયાદી માંડવી-કરવી-ચલાવવી; કોઈપર ફોજદારી કરવી; ફોજદારીમાં ઘસડવું-કામ ચલાવવું.

PROSECUTE, *v. i.* કોરટમાં-ફોજદારીમાં ઘસડવું-કામ ચલાવવું.

PROSECUTION, *n.* નિત્યાનુસેવન; નિત્યસેવન; કર્યે-ચલાવ્યાં જવું તે; જારી-ચાલુ રાખવું તે; કશાની પાછળ મંડયાં-લાગ્યાં રહેવું તે; પુઠ પકડવી-પિછો ધરવો તે; કોશિશ; કારરવાઈ; પૈરવી; પેરવી.

2 દાવો બાંધવો-કરવો તે; દિવાનીમાં કામ ચલાવવું તે.

3 ફરિયાદી; ફોજદારીમાં ચલાવેલું-ચાલતું કામ; ફોજદારી.

Prosecution of a case, મુકદમાની પેરવી-પૈરવી કરવી.

Prosecution of efforts, નિરોદ્યોગ; કસદ ચાલુ રાખવો તે.

Prosecution of study, નિત્યાધ્યયન; અભ્યાસ ચાલુ રાખવો તે.

PROSECUTOR, *n.* પુંઠે લાગનાર; પિછો ધરનાર; હરેક કશાં પાછળ મંડયો રહેનાર; પેરવી-પૈરવી કરનાર; પૈરોકાર.

2 ફોજદારી કરનાર; ફોજદારીમાં કામ ચલાવનાર; ફરિયાદી.

Public prosecutor, ગુન્હેગાર-અપરાધિ ઉપર સરકાર તરફથી કામ ચલાવનાર; ફોજદારી કામનો સરકારી વકીલ; પૈરોકારે સરકારી.

PROSELYTE, *n.* પોતાનો અસલ ધર્મ-મત-પક્ષ મુકી બીજા ધર્મમાં જનાર; અન્ય ધર્માશ્રયી-મતાશ્રયી-પક્ષાશ્રયી; નવો મુરીદ.

PROSELYTE, *v. t.* પોતાનો અસલ ધર્મ-મત-પક્ષ છોડી બીજા ધર્મમાં દાખલ થાય તેમ કરવું; કોઈ પાસે પોતાનો ધર્મ-પક્ષ મુકાવી બીજા ધર્મમાં લેવું-લાવવું; નવા ધર્મમાં લાવવું-આણવું.

PROSELYTISM, *n.* નવા-પારકા ધર્મમાં લાવવું તે; બીજા-પારકા ધર્મ-માર્ગ-મત અખત્યાર કરાવવો તે; નવીન ધર્માશ્રય કરણ.

PROSELYTIZE, *v. t.* SEE PROSELYTE.

PROSER, *n.* ગદ્યકાર; ગદ્ય-નસરમાં લખનાર.

2 અમથું-લંબાણ ટાહેલું કરનાર-ચલાવનાર; લુખ્ખા જેવી બાબદોપર અમથું વિજન કર્યા કરનાર.

PROSODIAL, }
PROSODICAL, } *a.* પિગળનું; પિગળના નિયમ પ્રમાણેનું.

PROSODIAN, }
PROSODIST, } *n.* પિંગળ પ્રવીણ; પિંગળજ્ઞાની; છંદશાસ્ત્રી; છંદશાસ્ત્ર-વેત્તા.

PROSODY, *n.* પિંગળ; છંદશાસ્ત્ર; કાવ્યશાસ્ત્ર; કવિતા રચના સંબંધીનું શાસ્ત્ર; નજમનું મીઝાન; છંદો વિદ્યા; છંદો જ્ઞાન.

PROSOPOLEPSY, *n.* માણુસનો બહારનો દેખાવ જોઇને તેની તરફેણ કે વિરૂદ્ધમાં બાંધેલું મત.

PROSOPOPŒIA, *n.* (*Rhet.*) જેમાં જડ પદાર્થને સચેત પ્રાણી ગણ્યું હોય અથવા પરોક્ષ હોનાર કે મુએલા માણુસને પ્રત્યક્ષ છે એમ ગણ્યું હોય એવો અલંકાર; સચેતપ્રત્યક્ષત્વ રૂપક.

PROSPECT, *n.* એકી વખતે આંખે દેખાઈ આવતો ભાગ-પ્રદેશ; દેખાવ; દૃગ્ વિષય; નઝરગાહ; દીદગાહ.

2 વિશાળ-લલિત દૃગ્ભુમિ; દરાઝ-ખુશનુમા નઝરગાહ.

3 વિશાળ-લલિત દૃગ્ભુમિ ચિત્ર-રૂપક.

4 સારીરીતે કંઈ જોવાઈ શકાએ એવી મુખડાની જગા.

5 ઈમારતનો મુખડાનો-આગલો ભાગ; ઈમારતનું મોહોડું.

6 આગળ જતે શું થશે તે વિષે ધારવું તે; અગાઉથી રાખેલી ધારણા; આશા; ઉમેદ; આશાનું ઠેકાણું.

7 ભાવિદર્શન; મનથી દેખાતું જે કંઈ તે; દર્શન.

PROSPECTIVE, *a.* હવે પછીના કાળ વિષેનું; આવતા વખત સાથે સંબંધ રાખતું; ભાવિકાળ વિષયી; ભવિષ્યકાળ વિષયી.

PROSPECTIVELY, *ad.* આવતા વખતનું ધોરણ ધરીને; ભાવિકાળાપેક્ષા પૂર્વક.

PROSPECTUS, *n.* મદેહનજર; કર્તવ્ય પ્રસિદ્ધિ પત્ર; કોઈ ગ્રંથ પ્રગટ કરવા અથવા ઉઠાવવાના કોઈ કામ વિષેની જાહેર ખબર; સુચનાપત્રક; વ્યવસ્થા નિવેદન પત્રી; કર્તવ્ય-કર્તવ્યાર્થ સુચનાપત્ર.

PROSPER, *v. t.* પાર પાડવું-ઉતારવું; સફળ-ફતેહમંદ કરવું; સાર્થક થાય એમ કરવું; બરકત થાય-યશ મળે તેમ કરવું; બોલબાલા થાય તેમ કરવું; ખખતાવર કરવું.

PROSPER, *v. i.* ફાવવું; જીતવું; પાર પડવું; જસ મળવો-ખાટવો; ફતેહ થવી.

2 ચઢતી કળા-દશા થવી-થતી જવી; આબાદ-આબાદીમાં હોવું; ચ્હાડા ઉઘડવા-ફરવા; સેતારો જાગવો-રોશન થવો.

PROSPERITY, *n.* આબાદી; ચડતી; ચડતી દશા-કળા; સુખી હાલત; ઉત્કર્ષ; બખતાવરી; બખતયારી; મોજબાજા; સાદતમંદી; સફળ-સાર્થક થતાં જવું તે; તાલેમંદી; ફીરૂજમંદી; ખેરીયત; સમૃદ્ધિ; સઘળાં સુખની છત; નેકબખ્તી; એકબાલમંદી.

PROSPEROUS, *a.* બધી વાતે સુખી; બખતાવર; યશસ્વી; ચડતી કળાનું; આબાદ; આબાઆબાદ; આબાદાન; સાદતમંદ; વર્દ્ધમાન; લક્ષ્મીવાન; ક્ષેમ; કુશળ; કલ્યાણ; સુબારક; બખતયાર; ફીરોજમંદ; તાલેમંદ; બરખુરદાર; બુલંદ.

2 અનુકૂળ; માફક આવતું; સફળ-સાર્થક થતું જતું; માંગળિક.

3 -(trade &c.) ધમધોકાર ચાલતું; રંગપર આવવા માંડતું.

4 -(a war, game, suit &c.) જેમાં કોઈનું પાસું ચડતું થતું જતું હોય એવું; ફીરતું; રંગપર આવવા માંડતું.

5 -(a town, country &c.) આબાદ, આબાદાન; ભરપૂર.

May the issue be prosperous, આકેબત બખયર.

PROSTHESIS, *n.* (*Surg.*) માણસના શરીરના કોઈ ખોડવાળા ભાગને બદલે હુનર-કળાથી બનાવેલો નવો ભાગ લાગુ કરવો-પાડવો તે અથવા લાગુ કરવા-પાડવાની ક્રિયા, જેમકે ભાગી ગયલા પગને બદલે લાકડાનો પગ લાગુ કરવો તે, ઈત્યાદિ.

2 (*Gram.*) કોઈ શબ્દને આરંભે એક અથવા વધુ અક્ષરો લગાડવાનો-લગાડવામાં આવે એવો અલંકાર, જેમકે *beloved*.

PROSTITUTE, *v. t.* ભડવાઈ કરવી-ખાવી.

2 નીચ-અધમ-દુષ્ટ કામમાં લેવું-આપવું-વાપરવું-સોંપી દેવું; કશાનો દુષ્ટ-અધમ-નીચ ઉપયોગ કરવો.

To prostitute one's self, છિનાળું કરવું; બદકામ કરવું.

PROSTITUTE, *n.* છિનાળ; કસબાતેણ; વેશ્યા; ગુણિકા; પેશેવર; કંચની; રાંડ; કાહેરા; કાબા; રામજની; કુલટા; વારાંગના.

2 પૈસાની લાલચે-પૈસા લઈને ગમે તેવું નીચ-અધમ-દુષ્ટ કામ કરનાર-કરતું કરનાર; કિસ્બાતી માણસ; કિસ્બાતિયું.

PROSTITUTION, *n.* ભડવાઈ કરવી-ખાવી તે; ભડવાઈગીરી.

2 છિનાળી; છિનાળું; પેશેવરી; વેશ્યા ધર્મ-વૃત્તિ; કસબ; વેશ્યા-કસબનો પેશા-ધંધો; કાહિરાગી.

3 દુષ્ટ-નીચ-અધમ કામમાં લેવું-વાપરવું-સોંપી દેવું તે; અધમ-દુષ્ટ ઉપયોગ; દુરુપયોગ.

PROSTRATE, *a.* જમીનદોસ્ત થયલું; લાંબું થઈ જમીન ઉપર પડેલું; લાંબું થઈ ગએલું; સૂઈ ગએલું.

2 જમીન ઉપર લાંબા પડી-સૂઈ નમસ્કાર કીધેલું-પગે લાગેલું-પડેલું; સાષ્ટાંગ નમસ્કાર કીધેલું.

3 છેક શક્તિ અટકી પડેલું; છેક નિર્ગત-લોથપોત થયલું; ઢગલો થઈ પડેલું; ભાંગી ગએલું; ક્ષીણ-ભગ્ન શક્તિ; ભગ્નોત્સાહ.

4 (*Bot.*) ભોંય-જમીનપર પસડાતું-ઘસડાતું; વેલાની પેઠે લાંબું ને લાંબું પથરાતું-પ્રસરતું.

PROSTRATE, *v. t.* જમીનદોસ્ત-ભોંયબરાબર કરવું; સુવાડી દેવું; બિછાવી નાખવું; જમીન ઉપર લાંબું નાખવું-પાડવું.

2 ઉંધું મારવું; વેરાન-પાએમાલ-બરબાદ કરવું; ધૂળ મેળવવું; સુવાડી દેવું.

3 પગે લાગવું-પડવું; લાંબા થઈને-નમીને-ઘૂંટણિયે પડીને પગે લાગવું; દંડવત કરવો; સાષ્ટાંગ નમસ્કાર-પ્રણામ કરવો; નાક ઘસવું; નાકઘસણી કરવી; સેજદો કરવો.

4 છેક નિર્ગત-લોથપોત કરી નાખવું; દાબી-ભાંગી-છેક નરમ કરી નાખવું; શક્તિ ક્ષીણ કરવી.

PROSTRATION, *n.* સુવાડી દેવું-જમીનદોસ્ત કરવું તે.

2 લાંબું થઈને-નમીને-ઘૂંટણિયે પડીને પગે લાગવું-પડવું તે; દંડવત; સાષ્ટાંગ નમસ્કાર-પ્રણામ; નાકઘસણી; સેજદો.

3 દબાઈ-ભાંગી-છેક નરમ થઈ ગએલા હોવું તે; ભગ્નતા; ઉદાસી; નિરાનંદપણું; ખિન્નતા.

4 (*Med.*) શરીરની શક્તિ પડી ભાંગલી હોવી તે; પડિયલપણું; પડતલપણું; શક્તિક્ષય-ભંગ-પાત; નાકવતી; નાતાકતી; ગ્લાનિ; સત્વહાનિ.

Prostration of spirits, ભગ્નોત્સાહતા; ઉત્સાહભંગતા.

PROSY, *a.* ગદ્યના જેવું; ગદ્યરૂપ; ગદ્યાત્મક.

2 રડતું; રડતી સુરત જેવું; નીરસ; મઝા વગરનું; લાંબું કંટાળા ભરેલું.

PROTASIS, *n.* મસલ; વચન; કહેવત.

PROTECT, *v. t.* રાખવું; બચાવવું; રક્ષણ કરવું; સંભાળવું; સહાયાતળે રાખવું; કોઈનો બચાવ-રક્ષણ-સંરક્ષણ કરવું; કોઈની કોઈ ઉપર છત્તરછાયાં હોવી; કોઈનો કોઈને જબરો સહાયો હોવો; હિફાજત કરવી; પનાહ આપવી; હિમાયત કરવી.

PROTECTION, *n.* બચાવવું-સંભાળવું તે; બચાવી લેવું તે.

2 રક્ષણ; બચાવ; સંભાળ; સંરક્ષણ; છત્તરછાંયા; મુહાફઝત; નિગાહબાની; હિફાઝત.

3 આશ્રય; હિમાયત; પનાહ; સહાયો; આશરો; ઓથ; ઓપો; આધાર; અમાન.

4 રક્ષણનો ઉપાય-સાધન-ઠેકાણું; રક્ષણ.

5 હેરાન ન કરવાનો લખેલો હુકમ; રક્ષણ પત્રી; અભયપત્ર.

Writ of protection, કોરટના કામસર કોઈને કોરટમાં આવવું પડ્યું હોય તેને કોરટમાં આવતાં કે કોરટમાંથી પોતાને ઘેર જતાં તથા કોરટમાં હોય એટલીવાર ન પકડવો એવો હુકમ; પકડવા બાબતનો મનાઈ હુકમ.

PROTECTIVE, *a.* જેથી બચાવ થાય એવું; જેથી રક્ષણ મળે-થાય એવું; રક્ષણનું; રક્ષણકારી; પનાહબક્ષ; હિમાયતી.

PROTECTOR, *n.* બચાવનાર; વાલીવારેસ; ધણીધોરી; દસ્તગીર; સંરક્ષક; નગેહબાન; મુરબ્બી; રક્ષણ કરનાર-કર્તા; હામી; હિમાયતી; રક્ષક; આશ્રયદાતા; પ્રતિપાલક.

Lord Protector, (*Eng. Hist.*) ક્રોમવેલે ઈસ્વી ૧૬૫૩ ના સાલમાં ધારણ કીધેલો ખેતાબ-ઈલકાબ; રાજ્યસંરક્ષક.

PROTECTORAL, } *a.* બચાવનાર-દસ્તગીર-રક્ષકનું-ને લગતું-
PROTECTORIAL, } સંબંધી.

PROTECTORATE, *n.* ઈંગલંડના ક્રોમવેલના અમલનો વખત; ક્રોમવેલની કારકિર્દી; સંરક્ષક સત્તાકરાજ્ય.

2 ચડિયાતા રાજ્યની સરકારે પોતાના હાથ નીચેના અથવા તાબાના રાજ્ય ઉપર હકુમત ચલાવવાને આખત્યાર કીધેલી સત્તા.

PROTECTRESS, } *n.* રાખનાર-બચાવનાર સ્ત્રી; રક્ષણ-સંરક્ષણ
PROTECTRIX, } કર્ત્રી-કર્તી; સરક્ષિણ; જને-ઔરતે દસ્તગીર.

PROTEGE, *n.* જેને કોઈનો આશ્રય-ઓથ-છતરછાંયા છે એવું માણસ; રક્ષિત; રક્ષિતા; આશ્રિત.

PROTEST, *v. i.* કોઈએ પોતાના સત ઉપર-પ્રતિજ્ઞા કરીને-ખરૂં કહેવું; સાફ-ખુલ્લું-ઉઘાડી રીતે કહેવું-બોલવું-કહેતાં-બોલતાં કરવું; છાતી ઠોકીને કહેવું-બોલવું.

2 જેથી સામા આગાળીએ ઠમકીને વિચાર કરવો પડે એવી રીતે-ધ્રુજાવીને-ધમકાવીને-સત્ય ઉપર સામા થવું-વાંધો લેવો; ખોટું-ગેરવાજબી-દોષવાળું-અધર્મ્ય છે એમ કડકીને કહેવું-લખી આપવું; કડકતો વિરુદ્ધ મત જણાવવો-લખી આપવો. C. S. G. પ્રોટેસ્ટ કરવો.

PROTEST, *v. t.* કંઈ છે એમ પ્રતિજ્ઞાપૂર્વક-છાતી ઠોકીને કહેવું; ઠોકાઠીને કહેવું.

To protest a bill or note, (*Law*) હુંડી ધરાવનારની વતી *Notary public*એ પોતાની સહી તથા મોહર છાપ સાથે કાયદા મુજબ લખેલી પ્રતિજ્ઞા કરીને જણાવવું કે જો હુંડી સ્વિકારવા કે તેનાં નાણાં પગાર કરવામાં નહી આવ્યાં તો તેથી હુંડી ધરાવનારને જેવી નુકસાન જશે તે, હુંડી પગાર કરનારાઓ પાસેથી ખરચ સોદે મજરે લીધામાં આવશે. SEE NOTARY.

PROTEST, *n.* કડકીને જણાવેલો-કડકડતો, લખેલો કે જબાની, વિરુદ્ધમત; ધમકાવીને સામા થવું-પડવું તે; પ્રતિજ્ઞાપૂર્વક અસંમતિ લેખ. જેમકે કોઈ ધારા બાંધનારી સભાના કામકાજની વિરુદ્ધ કર્યો હોય તે. C. S. G. પ્રોટેસ્ટ.

2 (*Law*) હુંડી ધરાવનારની વતી "નોટરી પબ્લિક" પોતાની સહી તથા મોહર છાપ સાથે કાયદા મુજબ કરેલી પ્રતિજ્ઞા, જેમાં એવું જણાવેલું હોયછે કે જો હુંડી સિકારવામાં કે તેનાં નાણાં પગાર કરવામાં નહી આવ્યાં તો તેથી હુંડી ધરાવનારને જેવી નુકસાન જશે તે, હુંડી પગાર કરનારાઓ પાસેથી ખરચ સોદે ભરી લીધામાં આવશે.

3 કોઈ વહાણ, આગબોટ અથવા બારકસ દરિયામાં તોફાન ખાઈને અથવા તોફાનથી હેરાનમાઈને બારામાં દાખલ થતાં, "નોટરી," "કાનસલ," અથવા એવી બાબતોના એકરાર સાંભળવાને ઠરાવેલા કોઈ અમલદાર હજુર, તે વહાણના કપતાન અથવા નાખોદાએ કરેલો એકરાર. એ એકરારમાં, તે અકસમાતને લગતી વિગતવાર હકીકત આપી કપતાન જણાવેછે કે વહાણ, તેમાંના માલ કે ઉતારુઓને જેવી કંઈ નુકસાન કે હાની થઈ હોય તે, તે બારકસ, તેના કોઈ અમલદાર કે ખલાસીની કસુરથી થઈ નથી, પણ તે દરિયાઈ કજાઈલાહી વગેરે બનાવોથી થઈછે.

4 કોઈની ગેરવાજબી છાપો, કર, મેહેસુલ અથવા ભરણું આપવું પડે તો તે આપતી વખતે અથવા તે આપ્યા અગાઉ આપનાર ધણીએ એવી મકસદનો કરેલો એકરાર કે એવો કર, છાપો વગેરે માંગવો ગેરવાજબી અને તે લેવો કાયદા વિરુદ્ધ છે, ને જોકે તે આપવામાં આવેછે તોપણ આપનારે પોતાની રાજીખુશીથી તે આપ્યો નથી.

PROTESTANT, *a.* અસ્વીકારવાદી; પ્રોટેસ્ટ કરનાર-કરતું.

2 પોપાચાર્યના મતથી વિરુદ્ધ મતનું; પ્રોટેસ્ટંટ પંથનું. C. S. G. પ્રોટેસ્ટંટ.

PROTESTANT, *n.* રોમન કથોલિક પંથ-મતની વિરુદ્ધના ખ્રિસ્તી લોકનો પંથ; શોધિત ખ્રિસ્તીધર્મ-પ્રોટેસ્ટંટ પંથનું માણસ.

PROTESTANTISM, *n.* શોધિત ખ્રિસ્તીધર્મ; પ્રોટેસ્ટંટ પંથ.

PROTESTATION, *n.* સત ઉપર-પ્રતિજ્ઞા કરીને કહેવું-કહેતાં-બોલતાં કરવું તે.

2 સત ઉપર-પ્રતિજ્ઞા કરીને કહેલી વાત.

3 કડકીને જણાવેલો કડકડતો લખેલો કે જબાની વિરુદ્ધ મત.

PROTEUS, *n.* (*Myth.*) કામરૂપ; પોતાની મરજી મુજબ જુદાં જુદા રૂપ ધારણ કરનાર એક દરિયાઈ દેવતા. એ ઉપરથી,

2 જરાજરામાં પોતાના મત-આચાર-રંગરૂપ બદલી-ફેરવી નાખનાર માણસ; ઢંગધડા વગરનું માણસ.

PROTHALAMION, *n.* વિવાહગીત; લગ્નગીત; લગનનાં ગીત.

PROTHESIS, *n.* (*Surg.*) માણસના શરીરનો કોઈ ભાગ ખોડવાયો હોય તેને બદલે હુનર અથવા કળાથી બનાવેલો ભાગ લાગુ કરવો-પાડવો તે અથવા લાગુ કરવા-પાડવાની ક્રિયા, જેમકે ભાગી ગયલા પગને બદલે લાકડાંનો નવો પગ લાગુ કરવો ઈત્યાદિ.

PROTHONOTARY, *n.* કોરટનો એક મુખ્ય મુસદ્દી-લેખક; બાદશાહી અદાલતનો મીર મુનશી.

PROTO, એક પૂર્વગ છે, જેનો અર્થ પેહેલો અથવા એક થાયછે. રસાયન શાસ્ત્રની ભાષામાં કેટલાક મિશ્રિત પદાર્થોનાં નામ આગળ આ પૂર્વગ મુકવામાં આવેછે, જેમકે *Proto oxide of iron*, એટલે લોખંડ અને "આક્સિજન" એ તત્વો મળીને જે મિશ્રિત પદાર્થ બન્યોછે તેમાં દરેક જીનસ એકેક ભાગેજ મળેલી છે, એટલે એક ભાગ લોખંડ અને એક ભાગ "આક્સિજન" મળીને *Proto oxide of iron* બન્યુંછે.

Protocol, *n.* તહનામા–બાદશાહી ખતની અસલ નકલ.

2 કોઈ બાબત અથવા દસ્તાવેજનો ખરડો–મુસદો.

Prototype, *n.* મૂળરૂપ; અસલ નમૂનો; પ્રતિમા; અસલ; અસલ; મૂળ પ્રતિમા.

Protract, *v. t.* લંબાવવું; લાંબું કરવું; જારી–ચાલુ રાખવું.

2 આઘું–લાંબું–લાંબી મુદત ઉપર નાખવું; લંબાવવું; મુલતવી–મોકૂફ રાખવું; ઓળે નાખવું.

Protracted, *a.* લંબાયલું; લંબાણ ગયલું; લાંબું થયલું; લાંબી પથારીનું, જેમકે *protracted* illness.

Protractedly, *ad.* કંટાળા ભરી રીતે લંબાયલું; કંટાળો ઉપજાવે એવી રીતે.

Protraction, *n.* લંબાવવું–લાંબું કરવું તે; દૂર–લાંબી મુદતપર નાખવું તે; વિલંબકરણ.

Protractive, *a.* લંબાણ–લંબાયા–ચલાવ્યા કરે એવું.

Protractor, *n.* લંબાણ કરનાર; વખત કહાડનાર.

2 કાગળપર કોણ અથવા ખૂણા પાડવાનું અને માપવાનું, નકશા બનાવનારાઓના કામનું, એક ઓજાર. એ ઓજારનો આકાર વર્તુળ, અર્ધવર્તુળ અથવા કાટકોણ જેવો હોયછે.

3 (*Surg.*) કોઈ જખમ અથવા ઘામાંથી માંસનો સડી ગયેલો, મુરદાર, બદબો મારતો ભાગ બહાર ખેંચી કહાડવાનું ચીમટા જેવું એક હથિયાર: માંસમાં બંદૂખની ગોળી, પથ્થર અથવા કોઈબી બીજી બહારની જીનસ પેસી ગઈ હોય તો તેનેબી ખેંચી કહાડવાને એ ચીપિયો કામ લાગેછે.

Protrude, *v. t.* To cause to come forth, ખિલવી કહાડવું; ખિલવી બહાર પાડવું; ખિલવવું, જેમકે વસંતરૂતુ ફૂલોને ખિલવી બહાર પાડેછે.

Protrude, *v. i.* આગળ–બહાર નીકળવું; ફૂટીને બહાર પડવું–નીકળવું; ડેસો–હડસેલો કરીને–ફોડીને નીકળવું.

Protrusive, *a.* હડસેલી કાઢવાનું; હડસેલી કાઢનારૂં.

Protuberance, } *n.* ઢીમડું; ઢીમું; આસપાસની સપાટી કરતાં ઉ-
Protuberancy, } ચકાઈ–ઉપસી–ફૂગી આવેલો કોઈબી ભાગ; ઢેકો; ઢેકા જેવો–આગળ નીકળી આવેલો ભાગ.

Protuberant, *a.* ઉપસી–ફૂગી આવેલું; આગળ નીકળી આવેલું; ઢેકા જેવું; ઉપસેલું. [આવવું.

Protuberate, *v. i.* આગળ–બહાર નીકળી આવવું; ફૂગી–ઉપસી

Proud, *a.* –(in a bad sense) અહંકારી; અભિમાની; દિમાગદાર; દિમાગી; દંભી; ખુદપસંદ; અહંકારનું ભરેલું; ગર્વિષ્ટ; મગરૂર; ઉન્મત; બડાઈખોર.

2 –(in a good sense) અભિમાન ધરાવનાર; સદભિમાની; સ્વાભિમાની; ઉચ્ચાભિમાની.

3 Elated, છાકી–ફાટી–બેહેકી ગએલું; દર્પિત; બેહેકાટવાળું; મસ્ત; શેખીબાજ; લાફજન; ડિંગો; ડિંગી.

4 Magnificent, મ્હોટું; મસ મ્હોટું; દબદબા ભરેલું; ભભકાદાર; શોભાયમાન; ગંભીર; આલીજાહાન; ગંજાવર; બુલંદ; આલીશાન; આલા.

5 Excited by the animal appetite:—applied particularly to the female of some animals, ઉન્મત; વિષયાંધ; મદાક્રાંત.

Proud flesh, (*Med.*) ઘા–નાસુર વિગેરેમાંથી વધી ઉપડી આવેલું માંસ; મુરદાર માંસ–ગોશ્ત.

Prove, *v. t.* પારખવું; પારખ કરવી; અજમાવી–કરી–જોઈ–અનુભવમાં લઈ જોવું; કશાની પરીક્ષા–અજમાએશ કરી જોવી; કસી જોવું; કસોટીપર લેવું, જેમકે To *prove* the strength of gunpowder by experiment.

2 સાંખી જોવું–લેવું, જેમકે To *prove* the contents of a vessel by comparing it with a standard measure.

3 ખરૂં કરી આપવું–દેખાડવું; સાબિત–સિદ્ધ–પુરવાર–સ્થાપિત કરવું; ગવાહી આપવી.

4 ચાખવું; કશાનો સવાદ આવવો; સારાં નરસાંનો અનુભવ લેવો–મેળવવો; કોઈને કશાનો અનુભવ થવો; કોઈપર કંઈ વીતવું.

5 (*Arith.*) તાળો મેળવવો; તાળો કરવો.

Prove, *v. i.* અજમાવવું; તપાસ કરવી–લેવી; તપાસમાં ઉતરવું–દેખાઈ આવવું.

2 અનુભવથી સાબિત થવું; અનુભવ–મહાવરાથી જણાઈ આવવું; પરિણામ જાણ્યાથી કોઈ બાબદની ખાતરી થવી.

Proved, *pp.* or *a.* પુરવાર–સાબિત થયલું; સિદ્ધ; સ્થાપિત.

2 અજમાવી નક્કી કીધેલું; કસી જોયલું; પરીક્ષિત.

3 તાળો મેળવી તપાસેલું; તાળો કીધેલું–લીધેલું.

Proveditor, } *n.* મોદી; વાકનીસ; ચોધરી; નેસ્તી; રસદી.
Provedone, }

Proven, *p. p.* See **Proved**.

Provence rose, *n.* એક જાતનો ઘણોજ ખુશનુમા ને ખુશબોદાર ગુલાબ.

Provencial, *a.* ફ્રાન્સ મહેલા પ્રોવેન્સ શેહેરને લગતું અથવા ત્યાંથી આવતું, જેમકે "Two *Provencial* roses in my razed shoes."

Provender, *n.* ઘાસ દાણો; ઘાસ ચારો; સેહના; સુકો ચારો. –(the mixture) કાપેલો પેંડા, દાણો અને કાપેલું સુકું ઘાસ મેળવીને બનાવેલો ચારો; કાટલું.

Proverb, *n.* કહેવત; કહેણી; કહેતી; મસલ; લોકોક્તિ.

2 ઉખાણું; હોયડો.

3 તિરસ્કાર વિષય; નિંદોક્તિ; ધિક્કાર નાખવા–તિરસ્કાર દેખાડવાનું વાક્ય.

Book of Proverbs, જુના બંદોબસ્તનું નીતીનું પુસ્તક; ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનું નીતીનું પુસ્તક; નીતિ.

PROVERBIAL, *a.* કહેવતમાં જણાવેલું-કહેલું; કહેવતમાં આવેલું-બોલાતું-ચાલતું.

2 કહેવત થઈ પડેલું; જગતે કબૂલ કીધેલું-રાખેલું; જગત-લોક પ્રસિદ્ધ; લૌકિક; મશહૂર.

3 કહેવત જેવું; કહેવતનું; કહેવતરૂપ-વાળું-સરખું.

To become or grow proverbial, કહેવત ચાલવી. -(in a bad sense) કહેવત-કહેતી થવી-થઈ જવી; કહેતી રહી જવી.

PROVIDE, *v. t.* આગળથી તૈયાર કરી રાખવું-મુકવું; તરદ્દુદ-તજવીજ કરી રાખવી; આગળથી એકઠું કરી-ભરી રાખવું-મુકવું; કોઈ બીજાની આગળથી સોઈ-સ્હુજ કરી રાખવી; આગળથી ગોઠવણ-બંદોબસ્ત કરી રાખવો-મુકવો; આગળથી લઈ-મંગાવી રાખવું.

2 આગળથી આપી મુકવું; પૂરું પાડવું.

PROVIDE, *v. i.* કશાથી બચવાનો કે આવી પડનાર કોઈ ખરાબીને અટકાવવાનો ઈલાજ-ઉપાય કરી રાખવો; બચવા-ઉગરવાનો ઉપાય-બંદોબસ્ત કરી રાખવો. એવે અર્થે એ શબ્દની પાછળ against શબ્દ લગાડવામાં આવેછે, જેમકે To *provide* against the inclemency of the weather.

2 સાધન-સાહિત્ય-સામગ્રી પૂરી પાડવી; કોઈના-કશી વાતના ખરચની સ્હુજ કરવી-સ્હુજ-ગોઠવણ કરી રાખવી. એવે અર્થે એ શબ્દની પાછળ for શબ્દ લગાડવામાં આવેછે, જેમકે To *provide* for the education of a child.

3 આગળથી શરત-કબુલાત કરી રાખવી; આગળથી બોલી-કરાર કરેલા-કીધેલો હોવો.

PROVIDED, *conj.* જો; એમ હોય તો; અગર; એવી શરતે; એ બોલીથી; શરત એ કે; બશર્તે. *provided that*, આએ બોલીથી.

PROVIDENCE, *n.* દુરંદેશી; કશાંને માટે આગળથી તૈયારી-હોશિયારી-સ્હુજ રાખવી તે; દીર્ઘદૃષ્ટિ; પૂર્વ વિચાર; આકિબત અંદેશી; પેશબીની; આગમશોચ.

2 પરવરદીગારી; પોતે પેદા કરેલાં પ્રાણીઓ વિષે ઈશ્વરની કાળજી-સંભાળ-તજવીજ-દાબ; પોતાની સૃષ્ટિ વિષે ઈશ્વરની દીર્ઘદૃષ્ટિ; ઈશ્વરની પ્રજાપાલન દીર્ઘદૃષ્ટિ; રબ્બાની; ખુદાઈ; કારસાજી; કજાઓ કદર.

3 પ્રજાપાલન દીર્ઘદૃષ્ટિ રાખનાર ઈશ્વર; દયાળુ અનાગત વિધાતા; પરવરદીગાર; ફલક; ખુદા; રબ્બાનક.

PROVIDENT, *a.* દુરંદેશ; આકિબત અંદેશ; પેશબીન; દુરંદેશવાળું; દીર્ઘદર્શી; શું જોઈશે, શાની જરૂર પડશે તે વિષે આગળથી સાવચેત રહી ચોકશી-સંભાળ-તરદ્દુદ-તૈયારી કરી રાખનાર; કારસાજ.

PROVIDENTIAL, *a.* ખુદાઈ; ઈલાહી; ઈશ્વરની સંભાળ અથવા નગેબાનીથી થયલું; ઈશ્વર દયાથી-ઈશ્વરના દીર્ઘદર્શી દયાભાવથી થયલું; ઈશ્વરે પ્રજાપાલન દીર્ઘદૃષ્ટિએ કીધેલું; ઈશ્વરકૃતિનું; ઈશ્વરી સત્તાનું; ખુદાસાજ.

PROVIDENTIALLY, *ad.* ખુદાના ફજલો ઈનાયતથી; ફજલકારક ઈશ્વરકૃતિથી; ઈશ્વરેચ્છાથી.

PROVINCE, *n.* (*Anc. Rome*) પ્રાચીન રોમન સરકારના તાબા તળે આવેલો મુલક અથવા દેશ, જે તેની રાજધાનીથી થોડો ઘણો દુર હોય; ઈટાલીની બહાર આવેલો રોમના તાબાનો મુલક.

2 કોઈબી પ્રાંત અથવા મુલક જે પોતાની રાજધાણીથી ઘણો દુર છતાં, તે શેહેરની હકુમત તળે હોય; તાબાનો મુલક; સુબાનો મુલક; પ્રાંત; ઈલાકો; પરગણું; જિલ્લો; સુબો.

3 કોઇ મ્હોટું પંથક, જેની ઉપર વડો પાદરી દુર દેશથી પોતાનો અમલ ચલાવતો હોય.

4 કામ; વિષય; અધિકાર; ઈલાકો; ઈલાકાની વાત.

PROVINCIAL, *a.* પ્રાંત-પરગણાનું-માંહેલું; પ્રાંતિક ઈલાકાનું.

2 મુખ્ય સરકારના તાબાનું.

3 અનાડી; ગામડિયાસાહી; દેહકાનીના જેવું; અસભ્ય.

4 ધર્માધ્યક્ષના પ્રાંતનું.

PROVINCIAL, *n.* દેહકાની; ગામડિયો; પ્રાંત-પરગણાનો રહેવાસી.

2 (*Rom. Cath. Church*) મોટા વિસ્તાર ઉપર હકુમત ચલાવનાર મહાધિપતિ; મહંત.

PROVINCIALISM, *n.* ગામડેની-ગામડિયા બોલી; ગ્રામ્ય-ગ્રામિણી ભાષા.

PROVINCIALITY, *n.* કોઈ મુલક યા ઈલાકાની ખાસ જબાન.

PROVISION, *n.* The act of providing or making previous preparation, આગળથી તૈયાર કરી રાખવું-મુકવું તે; આગળથી તજવીજ-તૈયારી કરી રાખવી તે; સરંજામ.

2 Measures taken beforehand, આગળથી રાખેલી સ્હુજ; આગળથી કરી રાખેલી તજવીજ-ગોઠવણ-તૈયારી-બંદોબસ્ત-તરદ્દુદ-ઉપાય; પૂર્વ યોજના; કારસાજી; પૂર્વોપાય.

3 A stock of food, ખોરાકી; સીધું સામાન; સીધું પાણી; મોદીખાનું; બાજાર; ખાવાપીવાનું; ભરી રાખેલું ખાદ્ય; રસદ; ડબરા; અન્ન સામગ્રી.

4 Provender, ઘાસ ચારો; ઘાસ દાણો; ચારો; રાતબ.

5 A previous agreement, પૂર્વેનો સંકેત-ઠરાવ-કબુલાત; આગળથી કીધેલી શરત; લખાણ; બોલી; કરાર.

6 Special enactment in a statute, ઠરાવ.

7 Temporary arrangement, કાચ્ચી વ્યવસ્થા; તુરત વેળા માટેની-કામચલાઉ ગોઠવણ-બંદોબસ્ત.

PROVISION, *v. t.* ખાધખોરાકી પુરી પાડી આપવી; ખાવાપીવાનું નક્કી કરી આપવું; સીધું સામાનની સ્હુજ કરી આપવી.

PROVISIONAL, *a.* કામચલાઉ; ચાલતાં કામ માટેનું; તુરતવેળા કામ ચલાવવા સારૂ કીધેલું-રાખેલું-ઠરાવેલું; શરતી; સમયોપયોગી.

PROVISIONALLY, *ad.* તુરતવેળા માટે; હાલની ગરજનેસારૂ; થોડા વખત.

PROVISIONARY, *a.* SEE PROVISIONAL.

PROVISO, *n.* હરકોઈ કબાલા, ખત અથવા લખાણમાં આવેલી એવી કલમ અથવા શરત કે જેથી તે આખું લખાણ શરતી થઈ જાય; બંધિજ; પણ વાક્ય.

PROVOCATION, *n.* ચ્હીડવવું-ખીજવવું-છેડવું તે; ચ્હીડવણી; ખીજવણી.

2 સામો ધણી ચ્હીડે એવું કંઈ; જેથી કોઈ ચ્હીડાય એવું કંઈ; ચ્હીડવાનું કારણ; છેડખાની; આંગળી ચાળો; ચ્હીડ: કોપ કારણ.

PROVOCATIVE, *a.* આણનારૂં; લગાડનારૂં; આપે-થાય-લાગે-ઉશ્કેરે-વધારે એવું; ઉસકેરનારૂં.

PROVOCATIVE, *n.* ઉસકેરે-વધારે-આપે એવી કંઈ ચીજ; જેથી ઉસકેરણી થાય એવી ચીજ; ઉત્તેજક-ઉદ્દીપક વસ્તુ; હોરાજોમ વધારે તેવી વસ્તુ, જેમકે *A provocative* of hunger or of lust.

PROVOKE, *v. t.* To call forth, (laughter, resentment, contempt &c.) લાવવું; આણવું; પેદા-ઉત્પન્ન કરવું; આવે-થાય-લાગે એમ કરવું; આણાવવું; લગાડવું.

–(reply &c.) હાથે કરીને-મ્હોમાં આંગળી ઘાલીને-મ્હોમાં મારીને બોલાવવું-બોલવું-કહેવું-આપવું પડે એવું કરવું; ચટકો લગાડીને કઢાવવું.

–(a quarrel &c.) સળગાવવું; લાગે-સળગે-ઉઠે એવું કરવું; ભરાવી-ઉસકેરી આપવું.

2 ચ્હીડવવું; ખીજવવું; છેડવું; ચ્હીડવા જેવું કરવું; છંછેડવું; ખફા કરવું; બેજાર કરવું.

3 હાથે કરીને-આગળ રહીને-ચ્હીડવાને કરાવવું; ચ્હીડીને-ચ્હીડી જઈને કરે એવું કરવું; ચ્હીડ ચઢાવવી; કોઈ ચ્હીડે-કોઈને ચ્હીડ ચઢે એમ કરવું.

PROVOKING, *p. a.* ઉસકેરે-લગાડે-સળગાવે એવું; કોપજનક; ક્રોધોત્પાદક; ઉત્તેજક; પ્રકોપક; સંતાપક.

PROVOST, *n.* –(of a town) મુખ્ય ફોજદારી અમલદાર; શેહેરનો મુખ્ય કોટવાલ. –(of a college) શાળાધ્યક્ષ; મ્હોટી વિદ્યાશાળાનો મુખ્ય અધિકારી.

PROW, *n.* વહાણનો આગલો ભાગ; નાળ.

2 પડાઉ; એક જાતનો મછવો.

PROWESS, *n* પરાક્રમ; વિક્રમ; સમશેર બહાદુરી; વીર્ય; શૌર્ય; દિલેરી; દિલાવરી; જવાંમર્દી; પુરૂષાર્થ; પુરૂષત્વ; જુરત; હિમ્મત; મર્દાનગી.

Personal prowess, બાહુવીર્ય; ભુજબળ.

Gained by one's own prowess, સ્વહસ્તાર્જિત.

Man of great prowess, સુપરાક્રમી.

PROWL, *v. t.* ભટકવું; રખડવું; ભટકતા-ફરતા ફરવું.

PROWL, *v. i.* (વાઘ વિગેરેએ) શિકારને માટે ફરતાં-સુંઘતાં-ભમતાં ફરવું; શિકાર શોધતાં ફરવું. એ ઉપરથી,

2 શિકાર મારવો-પકડવો; લૂટવું; ચોરી લુટફાટ કરવી.

PROWLER, *n.* શિકારની શોધમાં ફરનાર-ભમનાર-ભટકનાર જનાવર. એ ઉપરથી, 2 પારધી; ચોર; લુટારૂ.

PROXIMATE, *a.* છેક પાસે-નજદીકનું; છેક નિકટ-નિકટનું-નિકટ સંબંધ રાખનારૂં; કરીબ; લગોલગ આવેલું-રહેલું; સમીપનું; સંસક્ત. *Proximate cause,* ઉપાદાન; તરત-પાસેનું-નજદીકનું કારણ.

PROXIMITY, *n.* છેક નિકટપણું; વખતની, જગ્યાની, લાગવગની અથવા લોકોની સગાઈની નજદીકી; સમીપતા; સાંનિધ્ય.

PROXIMO, *n.* આવતા મહિનાનો એકું દિવસ-દહાડો.

PROXY, *n.* The agency of one who acts as a substitute for another or his principal, મુખ્તારિઅત; અવેજીપણું; પ્રતિનિધિત્વ; વકાલત.

2 The person who is substituted or deputed to act for another, મુખ્તાર; અવેજી; પ્રતિનિધિ; બદલી; નાએબ; વકીલ.

3 A writing by which one person authorizes another to vote in his place, મુખ્તારનામું: મુખ્તાર અથવા બદલીને પોતાની વતી મત આપવાનો અખત્યાર આપવાનો દસ્તાવેજ-લેખ.

PRUDE, *n.* લાજ-અંદાજે-મર્યાદા-ભારખમપણાનો ખોટો દેખાવ કરનાર સ્ત્રી; થોડબોલાપણાનો તથા લાજનો ખોટો ઢોંગ બતાવનાર-નખરાબાજ-ચોર બૈરૂં; ધુર્તપણાની લજ્જાવાળી સ્ત્રી; બાહ્ય લજ્જાલુકા; મક્કાર ઓરત; બગલીભગતન.

PRUDENCE, *n.* Wisdom applied to practice, સહાણપણ; સમજદારી; વિવેક; ડહાપણ; દાનાઈ; યુક્તિબાજ; તમીઝ; હોશ; હુશમંદી.

2 Caution evinced in forethought, પુર્વાપાર વિચાર; આગલો પાછલો વિચાર; દુરંદેશી; તદબીર; પેશબીની; ચતુરાઈ.

PRUDENT, *a.* Practically wise, ડાહ્યું; નીતિનિપુણ; મકદુર વિચારીને ડગલું ભરનાર; લાંબી નજર પોંહોંચાડીને-આગલો પાછલો વિચાર કરીને ચાલનાર; છીછાળી પગ ન ભાંગે-લાંબાં ડૅધાં ન ભરે એવું; હુશમંદ; અક્કલમંદ; દાનેશમંદ; દાના; દુરંદેશ; ચતુર; સહાણું; સામજું; હોશિયાર.

2 Evincing prudence, નીતિનિપુણતાનું; ડહાપણ-દાનાઈનું; ડહાપણ-દાનાઈનું ભરેલું.

3 Economical, ગજું તપાસીને-ખરચનાર; મકદુર જોઈને-ડહાપણથી ખરચ કરનાર (માણસ); જોઈ તપાસીને કાપેલું; મકદુર પ્રમાણેનું (ખરચ).

PRUDENTIAL, *a.* SEE PRUDENT.

PRUDENTLY, *ad.* આગલો પાછલો વિચાર જોઈને; દાનાઈથી લાંબી નજર પુગાડીને.

PRUDERY, *n.* નખરાખોર બૈરીના જેવા ગુણ-રીત; નખરા-

ખોરી; અતીસે-ખોહું બારીખમપણું-ડાગ઼કાપણું-ચોડખોલાપણું-લજ્જાળુપણું.

PRUDISH, *a.* નખરાંખોર; નખરાબાજ; અતીસે-જુઠું બારીખમ-ચોડખોલું-ડાગ઼કું-લજ્જાળુ.

2 નખરાદાર બૈરીનું-ના જેવું; નખરાખોરીનું; અતીસે-ખોટા બારીખમપણા-લજ્જાળુપણાનું.

PRUNE, *v. t.* -(Branches of trees) ડાળવું; છાંટવું; ઝારવું; તરાશવું.

2 -(Wings of birds) ચાંચે ચાંચે ટૂંપવું-સમારવું;સફાઇદાર કરવું.

PRUNE, *n.* *Prunus Bokhariensis*, આલુ; આલુ બોખારા; આલુએ બુખ઼ારા. -*Prunus Cerasus*, ચેરી ફળ. SEE CHERRY.

PRUNELLA, *n.* (*Med.*) ગળાનું એક જાતનું દરદ.

2 હોટ, મોહડું અને આંતરડામાં થતું એક દરદ; મ્હો, ગળું પાકી જવાં તે; મુખ પાક.

3 છાતીના ચપટા વચલા હાડકા અથવા પોપરી આગળ થતું એક દરદ, જેની કળતર વધતી વધતી છેક હાથ સુધી આવેછે, અને એ દુઃખમાં પેટમાં ફાળ પડેછે, જાણે ગુંગળાઈ જતા હોઇએ એવું લાગેછે, અને દિલની હાલત બીગડેલી રહેછે.

4 (*Bot.*) ગળાના દરદ ઉપર લાગુ પડતી એક જડી-વનસ્પતિ.

5 (*Anat.*) આંખની કીકી.

PRUNELLA, } *n.* એક જાતનું સફાઇદાર ટકાઉ કાળા રંગનું ઉનનું
PRUNELLO, } કપડું, જે ઇંગ્રેજી જોડા તથા ડગલા બનાવવાના કામમાં વપરાય છે.

PRUNELLO, *n.* સુકું આલુ; આલુએ બુખ઼ારા.

PRUNING HOOK, }
PRUNING KNIFE, } *n.* કોઇતું; ઝાડ છાંટવાની મ્હોટી કાતર-છરી.
PRUNING SCISSORS, }

PRURIENCE, } *n.* લખલખાટ; રતળવતળ; તલખાટ; તલપાપડ;
PRURIENCY, } અતિરતિઇચ્છા; અત્યભિલાશા; બેકરારી.

PRURIENT, *a.* તલખી-લખલખી રહેલું; રતળવતળ-તલપાપડ થઈ ગએલું; નિહાયત મુશ્તાક઼; બેકરાર.

PRUSSIAN, *a.* Prussia દેશનું-ને લગતું.

Prussian blue, એક જાતની રસાયન મેળવણી.—બલુ (આસમાની) રંગ આપવાના કામમાં એ વસ્તુ ઘણી વપરાયછે:—બલુ શાહી બનાવવાના કામમાં પણ એ મેળવણી વપરાયછે.

PRUSSIATE, *n.* (*Chem.*) Cyanides, નામની રસાયણી મેળવણીમાંની એક મેળવણી, જેમકે *Yellow and red prussiate of Potash.*

Prussiate of Potash, પીળા તથા લાલ રંગનો એક ખાર, જે ધાતુ ઉપર ઢોળ ચઢાવવાના કામમાં વપરાયછે, તથા રસાયન સંજોગથી વિજળી ઉત્પન્ન કરવાના ઉપયોગમાં આવેછે. આ ખારને *Potassium Cyanide* કરીને પણ કહેછે.

PRUSSIC, *a.* Prussian blue નામની રસાયન મેળવણીને લગતું.

Prussic Acid, SEE CYANIC ACID.

PRY, *v. i.* ખણખોળ-જ-ત-દ કરવી; ચકચાર-ળ-ચરચા જોવી-સાંભળવી; મર્માન્વેષણ-મર્મ ગવેષણ કરવું; સુંઘા લેવા; કનવાર-જાસુસી કરવી; ભેદ લેવો.

PRYING, *p. a.* ખણખોદિયું; સુંઘા લેનાર-લેતું; કનવાર કરનારૂં.

PRYTHEE, SEE PRITHEE.

PSALM, *n.* ભજન; કીર્તન; સ્તોત્ર; પાક સરોદ; ભક્તિ ગાયન-ગીત; ઇશ્વરસ્તુતી ગીત.

2 દાઉદ અને બીજાઓનાં રચેલાં ભજન; દાઉદ આદિકૃત ભજન; દાઉદનાં ગીત; જબુર.

PSALMIST, *n.* સ્તોત્રકાર-કર્તા-કવિ; ભજન-કીર્તન બનાવનાર કવી; પાક સરોદ નવિસ; ગીતરચક.

2 દાઉદ અને બીજા ભજન કર્તાઓએ, જુના બંદોબસ્તમાં જે ભજનો આપેલાં છે, તેમને વિશેષે કરીને આ નામે ઓળખવામાં આવેછે.

PSALMISTRY, *n.* પૂજા-ભક્તિમાં દાઉદનાં ગીતોનો ઉપયોગ.

PSALMODIST, *n.* ભજન ગાનાર; પવિત્ર ગીત-પાક સરોદ ગાનાર.

PSALMODY, *n.* સ્તોત્રગાન-ભજન ગાવાં-ગાતાં શિખવા-આવડવાની તાલીમ લેવી તે; ભજન ગાવાનો ઇલમ.

2 ગીત સંગ્રહ; ભજન, કીર્તન, સ્તુતિ ઇત્યાદી.

PSALTER, *n.* ભજન-કીર્તનનું પુસ્તક; પાક સરોદનામું; ગીત પુસ્તક; ગીતસંહિતા.

2 જુના બંદોબસ્તના જે ભાગમાં દાઉદ આદિકૃત સ્તોત્રો લખેલાંછે તે ભાગ; જુના બંદોબસ્તનો સ્તોત્રાધ્યાય; કિતાબે જબુર; જબુરનામું.

3 (*Rom. Cath. Church*) સ્તોત્રમાળા.

PSALTERY, *n.* તાંત-તારવાળું એક વાજિત્ર, જે યહુદી લોકો ભક્તિનાં ગાયન વખતે વાપરતા હતા. એ વાજિત્રનો આકાર કેવો હતો તે બરાબર જણાયું નથી, તોપણ ધારવામાં આવેછે કે તે ત્રિકોણાકાર હશે. પવિત્ર પ્રસંગો ઉપર ભજન કરતી વખતેજ એનો ઉપયોગ થતો હતો.

PSEUDO, *n.* ખોટું-ફોકટું-મિથ્યા-કૃત્રિમ-ઢોંગી એવા અર્થ બતાવનારો પૂર્વગ, જેમકે *Pseudonymous.*

PSHAW, *interj.* An exclamation used as an expression of contempt, disdain or dislike, છટ! અલ! થટ! અરે અલ! છિઃ! ધિક! થુથુ!

PSHAW, *v. i.* છિઃ! છટ! વગેરે શબ્દો બોલી ધિક્કાર અથવા નાપસંદગી જણાવવી.

PSYCHOLOGIC, } *a.* આત્મવિવેકનું-વિષેનું-સંબંધનું-વિષયક.
PSYCHOLOGICAL, }

PSYCHOLOGY, *n.* આત્મવિદ્યા; માનસિક શાસ્ત્રવિદ્યા; આત્મ તત્વ

વિદ્યા; માણસના આત્માની શક્તિ તથા ધર્મો વિષેનું શાસ્ત્ર; આત્મીયશક્તિ શાસ્ત્ર; આત્મ વિવેક; આત્મ જ્ઞાન શાસ્ત્ર.

PTARMIGAN, *n.* (*Ornith.*) એક જાતનું મુર્ઘ તીતર.

PTOLEMAIC, *a.* મિસર દેશના ટોલમી નામના પ્રખ્યાત ભૂગોળ તથા ખગોળ શાસ્ત્રીનું-વિષેનું.

Ptolemaic system, (*Astron.*) ટોલમીની-ટોલમિકી સૂર્યમાળા. [પૃથ્વિ મધ્યમાં તથા સ્થિર છે અને સૂર્ય તથા ગ્રહો તેની આસપાસ ફરેછે એવું Ptolemy નું મત-ધારણા-કલ્પના. —જમાનાઓ સુધી આ મત કબુલ રહેવા પછે Copernicus નામના જ્યોતિષ શાસ્ત્રીએ કલ્પેલી ખગોળ રચનાથી તેને રદ કરવામાં આવ્યું હતું.]

PUBERTY, *n.* જુવાની ફુટવાનો-જોબન ખિલવાનો વખત; તારુણ્ય; યૌવનાવસ્થા; તારુણ્યાવસ્થા.

2 (*Bot.*) છોડને પેહેલા મોર લાગવાનો વખત.

To arrive at puberty,—(a male) જુવાની ફુટવી;—(a female) વેશે આવવું; ન્હાવી ધોતી થવી.

PUBES, *n.* (*Anat.*) પેહેડું; પેડુ; પીડુ. 2 ઝાંટાં; પશમ.

3 (*Bot.*) વનસ્પતિ ઉપરના કપ-રૂઆં.

PUBESCENCE, PUBESCENCY, } *n.* જુવાની; જોબન; યૌવનાવસ્થા; તરૂણાવસ્થા.

2 (*Bot.*) વનસ્પતિ ઉપર ઉગતા બારીક કપ-રૂઆં.

PUBLIC, *a.* Relating to a nation, state or community, સહુનું; આમલોકને વાસ્તેનું; સરકારી; સહુ લોક-આખી પ્રજા-દેશ-રાજ્ય-લોક સમુદાયનું-વિષેનું-સંબંધનું-ઉપર આવી પડેલું.

2 Open to the knowledge of all, સહુએ જાણેલું; સહુ જાણે એવું; ખુલ્લું; ઉઘાડું; પ્રસિદ્ધ; આહન; મશહૂર; આશકારા; જગપ્રસિદ્ધ.

3 Open to common use, સહુના ખપ-વાપરમાં આવતું; સહુને લાભ લેવાનું-વાપરવાનું; લોકોપયોગી; જાહેર; સાર્વજનિક.

Public benefit, લોકોપકાર.

Public business, લોક વ્યવહાર.

Public disgrace, ફીંડ; ફેડફજેતી; જાહેર રુસવાઈ.

Public good, લોક હિત.

Public law, દેશો-પ્રજાઓનો કાયદો.

Public opinion, લોક મત.

Public peace, અમનો અમાન.

Public prosecutor ફોજદારી કામમાં સરકારી વકીલ; સરકાર તરફથી ગુનેહગાર ઉપર કામ ચલાવનાર.

Public road, શારેઆમ; શારેઆમ રસ્તો; રાજમાર્ગ.

Public service, સરકારી નોકરી-ચાકરી.

Public stores, સરકારી સામાન-અસબાબ.

Public works, રેલવે, મોરીઓ, નેહેરો વગેરે પ્રજા ઉપયોગી સઘળાં સ્થાવર બાંધકામો; સરકારને ખરચે થતાં લોકોપયોગી બાંધકામો.

To become public; ફુટવું; બહાર આવવું-પડવું; જાહેર થવું.

Regard to public opinion, લોક લાજ.

PUBLIC, *n.* લોક; સહુ લોક; પ્રજા; આમ લોક; હરકોઈ દેશનાં માણસો; અવામો ખવાસ; ખલક; ખિલકત; ખાસોઆમ.

In public, બહાર; સહુમાં; સહુ દેખતાં; ઉઘાડે છોક; જાહેરમાં; જાહેર પડીને.

In private and in public, ઘરમાં ને બહાર; ઘરને ખુણે અને સહુમાં; અંદરખાને રહીને અને બહાર પડીને; ચોરી છુપીથી ને ઉઘાડે છોક.

For the benefit of the public, લોકોપકારાર્થ.

PUBLICAN, *n.* (*Rom. Antiq.*) A farmer of the public taxes and revenues, સરકારી છાપો અથવા મેહેસુલ વસુલ કરવાનો મકતો લેનાર-મકતેદાર. એ ઉપરથી,

2 A collector of toll or tribute, જકાતદાર; જકાત ઉઘરાવનાર; ઘાટવાળો. [આ ખાતાના હલકી પદવીના અમલદારો, વસુલાત ઉઘરાવવામાં ઘણી વાર જુલમાત ગુજારતા હોવાથી તેઓનો ધિક્કાર થતો હતો.]

3 The keeper of an inn or public house, પૈસા લઈને સહુને ઉતારો આપવાનું તથા ખાવાપીવાનું પુરૂં પાડવાનું મકાન રાખનાર; વીસીવાળો.

4 One licensed to retail beer, spirits or wine, પીઠાંવાળો દારૂના લેસનવાળો; છૂટક દારૂ વેચનાર; કલાલ.

PUBLICATION, *n.* The act of publishing or making known; notification to the people at large, either by words, writing or printing, બોલીને, લખીને કે છાપીને લોકમાં જાહેર-પ્રસિદ્ધ-પ્રગટ-આશકારા કરવું તે; પ્રગટી-પ્રકટી-પ્રસિદ્ધિ કરણ; પ્રકાશન; ઉદ્ઘાટન.

2 The act of offering a book or writing to the public by sale or gratuitous distribution, લોકોમાં વેચવા અથવા મુફત વેંહેચવા માટે પુસ્તક વગેરે બાહાર પાડવું-આપવું તે.

3 That which is published or made known; especially any pamphlet or book offered for sale or to public notice, પ્રસિદ્ધ કીધેલું-છાપીને બહાર પાડેલું ચોપાનિયું-પુસ્તક-ચોપડી-ગ્રંથ-વર્તમાન પત્ર.

PUBLIC HOUSE, *n.* વીસી; પોંહોચખાનું; પૈસા ખરચતાં સહુ કોઈને ઉતારો તથા ખાવાપીવાનું મળે એવું મકાન; ભઠિયારખાનું.

2 પીઠું; દારૂની દુકાન; કલાલખાનું; મદ્યખાનું; શરાબખાનું.

PUBLICITY, *n.* સહુ જાણે એવાં હોવું તે; સહુના જાણ્યામાં હોવું તે; પ્રસિદ્ધિ; ખુલ્લા-ઉઘડા-જાહેરપણું; લોકજાણું; મશહૂરી.

To give publicity, ખુલ્લું-ઉઘાડું પાડવું-કરવું; ચૌટે મુકવું-ચઢાવવું; આશકારા કરવું.

PUBLICLY, *ad.* જાહેર-ખુલ્લી રીતે; લોક જાણે એવી રીતે; ગાઈ બજાવીને; છચોક; ખુલ્લેચોક; વાજતે ગાજતે; જાહેરાત; સરેદરબાર.

2 પ્રજાને નામે; રૈયતના લોકોને નામે.

PUBLIC-SPIRITED, *a.* Disposed to make private sacrifices for the public good, પોતાનું નહી પણ જાહેર-આમના ફાયદાનું કામ કરવાની ઉલટ ધરાવતું; આમના ફાયદા માટે જાતના સુખ કે હિતને ભોગમાં આપવાની બુદ્ધિવાળું; લોકોપકારશીલ; જાતનું સુખ કે હિત કોરે મુકી સહુનું-દેશનું-સરકારનું-હરકોઈ મંડળનું કલ્યાણ કે હિત કરવાની બુદ્ધિવાળું; ખલકદોસ્ત; બેરખવાએ ખલક; ખલકપરવર.

2 Dictated by a regard to public good, લોકોનું-આમનું ભલું કરવાની બુદ્ધિથી કીધેલું; લોકોપકાર બુદ્ધિનું.

PUBLISH, *v. t.* To make public, -(News, events &c.) સહુને-લોકને જણાવવું-કહેવું-કહેતાં ફરવું; જાહેર-પ્રસિદ્ધ કરવું; -(shame, blemishes, secrets &c.) બહાર-ઉઘાડું પાડવું; ફોડવું; પ્રગટ કરવું.

2 To promulgate or proclaim, કાઢવું; બહાર પાડવું, જેમકે To *publish* a law or edict.

3 To make known by posting, or by reading in a church, કાગળો-જાહેર ખબરો વળગાવીને અથવા દેવળમાં વાંચીને જાહેર-આશકારા કરવું, જેમકે To *publish* bans of matrimony.

4 To send forth; to issue, છાપીને બહાર પાડવું; કાઢવું; પ્રસિદ્ધ-પ્રગટ કરવું, જેમકે To *publish* a book or other literary work.

5 To utter or put into circulation, ચલાવવું; પ્રસાર કરવો; પ્રસારવું; વેહેવારમાં આણવું, જેમકે To *publish* counterfeit paper.

To publish abroad, ડાંડી-ઢંઢેરો પાટવો; બુમાટો ઉરાડવો; ગજાવવું.

To publish bills, (નાટકકાર વગેરેએ) જાહેર ખબરો-પ્રોગ્રામનાં કાગળો કાઢવાં-મારવાં—ચોડવાં-વળગાવવાં.

PUBLISH *a.* જાહેર-પ્રસિદ્ધ કીધેલું; પ્રગટ; પ્રસિદ્ધ.

PUBLISHER, *n.* જાહેર-પ્રગટ કરનાર.

2 ગ્રંથ-પુસ્તક પ્રસિદ્ધ કરનાર; ચોપડી ચોપાનિયાં છાપી પ્રગટ કરનાર; છાપગર.

3 ગ્રંથ વિગેરે છાપીને વેચનાર.

4 ખોટા-ઉભા કીધેલા દસ્તાવેજો ચલાવનાર.

PUCK, *n.* (*Medieval Myth.*) એક મશહૂર પરી; પ્રખ્યાત યક્ષિણી. *Robin Goodfellow, Friar Rush, Pug* વગેરે નામે પણ એ પરી ઓળખાયછે.

PUCKER, *v. t.* કરચલી વાળવી-પાડવી-કરવી; કરચલી વળવી; વાટા વળવા; ચીણુ-ચૂણ વાળવી; ચિણવું.

PUCKER, *n.* ચીણ; ચૂણ; કરચલી; વાટો.

PUDDER, *n.* ખળભળાટ; ગડબડાટ; તોફાન; ધામધુમ; બખેડા; હુલ્લડ; ફિસાદ.

PUDDER, *v. t.* શોર મચાવવો; ગડબડ-બખેડા કરવો; ધામધુમ કરવી.

PUDDING, *n.* માવા જેવો નરમ કે જરા તેથી કઠણ એવો તરેહવાર જાતનો બનતો, પણ ઘણુંકરીને લોટ, દૂધ અને ઈંડાંનો બનાવેલો, ઝીણી દરાખ નાખેલો ખાવાનો પદાર્થ; એક પ્રકારની ઈંગ્રેજી મીઠાઈ. O S. G. પુડિંગ.

2 પુડિંગના જેવી હરકોઈ ચીજ; પુડિંગના જેવી નરમ કોઈ પણ વસ્તુ.

PUDDING HEADED, *a.* અકમીથ; મૂર્ખ; બેવકુફ; બુદ્ધિહીન; જડ; મંદ બુદ્ધિનું; ડોઠ; બુઅક; પોપો.

PUDDING PIE, *n.* ભુંજતી વખતે માંહે માંસ નાખીને બનાવેલું પુડિંગ.

PUDDING TIME, *n.* જમવાનો વખત; ભોજનકાળ. [આગલા વખતમાં જમતી વખતે પેહેલવેલું પુડિંગ ખાવામાં આવતું હતું.]

PUDDLE, *n.* મેલાં-ડોહવાયલાં-ગદલાં-ગંદાં પાણીનું ખાબોચિયું-ખાબડું-ન્હાનું ડબરું.

2 માટી અને રેતીને પાણીમાં ખુબ કાલવીને કીધેલા લોંદા જેવો મિશ્ર, જેમાંથી પાણી પેવસ થઈ શકે નહી.

PUDDLE, *v. t.* ડોહવી નાખવું; ગદલું-ડોહવાયલું કરવું.

2 માટી અને રેતીને પાણીમાં ખુબ કાલવીને લોંદા જેવી કરવી.

PUDDLING, *n.* (*Civil Eng.*) માટી લગાડીને પાણી પેવસ થઈ નહી શકે એવું કરવું તે.

2 (*Metal*) (Cast iron એટલે) બીડ અથવા ભરતરના લોઢાને (Wrought iron) ઘડતરનું લોઢું બનાવવાની રીત. ભરતરના લોઢાને ભઠ્ઠીમાં નાખી બહુજ તપાવેછે, જેથી તે ઓગળી તેનો રસ થઈ જાયછે. તે રસને લોઢાના મ્હોટા સળિયાઓથી ખુબ હલાવેછે, જેથી તે રસમાંનો કચરો, પથરા વગેરે છુટા પડી જાયછે. જેમ જેમ રસને હલાવેછે, તેમ તેમ તે ઘાડો થતો જાયછે ને તેના લોંદા બંધાયછે. એ લોંદાને મ્હોટા હથોડાથી ટીપીને ઘડતર લોઢું બનાવેછે.

PUDENCY, *n.* શરમાળપણું; મર્યાદા; લજ્જા; વિનય; લાજાળુપણું; લજ્જાશિલતા.

PUDENDA, *n. pl.* ઉપસ્થ; ગુહ્યાંગ; આલત.

Pudendum mulibre, ભગ; યોનિ; સ્ત્રીની ગુહ્ય ઈંદ્રિ.

PUDGY, *a.* જાડું ને ઠુમસું; ભરેલું ને ખતકું; વામણું.

PUER, *n.* (*Law*) સાતથી ચઊદ વરસની ઉમરનું છોકરું (છોકરો કે છોકરી). 2 છોકરો (છોકરી નહી).

PUER, *n.* કુતરાનું ગુ.—ચામડાં સાફ કરવામાં એક જાતના ખાર તરીકે એ વપરાયછે.

Puerile, *a.* બચ્ચાંના જેવું; છોકરવાદિયા; નાદાનીનું; નાદાની ભરેલું; પોરએલિયા; બાળક બુધિયા; ચિબાવલું.

Puerileness, } *n.* છોકરવાદી; નાદાની; પોરએલપણું; બાળક
Puerility, } બુધ-બુદ્ધિ; ચિબાવલાપણું.

Puerperal, *a.* સુવાવડ-સૂતિકાળનું-માંનું; પ્રસુતિક.

Puerperal woman, સુવાવડી; સૂતિકા.

Puet, *n.* See Pewet.

Puff, *n.* ઝડપથી મ્હોડા વાટે એકાએક બહાર કાઢેલો થોડોક વા-શ્વાસ-દમ; ફૂંક; ફુંકારો; ફુત્કાર; ફુપકાર. એ ઉપરથી,

2 પવનનો ઝપાટો-સુસાટો-સનાટો-સપાટો; એોકળ.

3 હવાથી ભરેલી કોઈબી હલકી ચીજ, જેવીકે Puff-ball એટલે ન્હાનાં છોકરાંને રમવાનો ફુગ્ગો.

4 એક જાતની હલકી ઈંગ્રેજી મીઠાઈ. C. S. G. પફ.

5 મ્હોડાં અથવા બાલપર "પાઉડર" છાંટવા માટે પર અથવા રૂઆંટાંનો બનાવેલો હલકો દડો. C. S. G. પફ.

6 કોઈને ફુલાવવાનું અતિશયોક્તિવાળું છાપેલું-છાપામાં આવેલું વખાણ; ફુલાવણી; ચઢાવણી; ફુલાસ; અતિપ્રશંસા.

Gentle puff, લપટ; લ્હેરખું; ધીમી લેહેર-લેહેકી.

Puff, *v. i.* ફૂંકવું; ફૂંક મારવી; ફુંકારો કરવો.

2 ફૂંફાડા મારવા; કોઈને દમ ચઢી-ભરાઈ આવવો; કોઈને હાંફ ચઢી જવી; હાંફવું; સાંસ ચઢવી.

3 ફૂલવું; ફૂલીને દડા જેવું થવું.

4 ફૂંફાં કરવી; છલકાવું; છલકાઈ મલકાઈ જવું; ફુલાવું; હવા સાથ વાત કરવી; અકડવું; ફુલીફાલી જવું.

Puff, *v. t.* To drive with a blast of wind or air, એોકળમાં ઘસડી જવું; પવનના ઝપાટા-સપાટામાં ખેંચી-તાણી-ઘસડી જવું, જેમકે The clearing north will *puff* the clouds away.

2 To drive with a blast in scorn or contempt, ધુતકારી કાઢવું; ફૂહ કરવું; નાપસંદ કરવું; ધિકારી-તુછકારી કહાડવું, જેમકે I *puff* the prostitute away.

3 To dilate with air, ફુલાવવું; ફુગાવવું; ઉપસાવવું, જેમકે A bladder *puffed* with air; the sea *puffed* up with winds

4 To swell; to inflate, ફુલાવું; ફૂલણજી બનવું; ચણાના ઝાડપર-તાડપર-આસમાનપર ચઢવું; ફરાંથી ફૂલી-ફાલી-ચઢી-છાકી જવું, જેમકે *Puffed* up with pride, vanity, or conceit.

5 To praise with exaggeration, ચઢાવવું; પ્રતારણા કરવી; તારીફનું ભાંડું ફૂંકવું, જેમકે To *puff* a pamphlet; to *puff* wares:—ખૂબ તારીફ કરવી; ફુલણજી કરવું; છાપરે-આસમાનપર ચઢાવવું, જેમકે *Puffed* up with wonderful skill.

Puffer, *n.* ફુલકાવનાર; ચઢાવનાર; તારીફનાં ભાંડાં ફૂંકનાર; ફુલણજી કરનાર-બનાવનાર.

2 લીલાંઉમાં વેચવા મૂકેલા માલની કિમ્મત ચઢાવી આપવાની મતલબે ભાવ વધ્યા કરવાસારૂ માલ ધણીએ રાખેલું માણસ.

Puffy, *a.* ફુલેલું; ફુલીને દડા જેવું થયલું; ઉપસેલું; ઉપસાઈ આવેલું.

2 -(style &c.) મ્હોટા મ્હોટા અલ્ફાજવાળું; ખાલી મ્હોટા મ્હોટા શબ્દો વાપરેલું; ખાલી ભભકાદાર; પ્રૌઢાક્ષર. -(persons &c.) ફુલાઈ ગએલું; ફુલાટવાળું; ફુલાટ ઉપર ચઢેલું; છાલકું.

Pug, *n.* See Puck

2 વાંદરાના જેવા મ્હો તથા નાકવાળું એક જાતનું ન્હાનું કુતરૂં; વાંદરિયું કુતરૂં.

3 અનાજના છોતાં-ફોતરાં.

Pugdog, *n.* See Pug No. 2.

Pugfaced, *a.* વાનર-કપિમુખ; વાનરવદન; વાંદરિયા મ્હોડાંનું; વાંદરાના જેવી શિકલનું.

Pugging, *n.* ઈંટ વિગેરે બનાવવા માટે માટીને કેસણી-કાલવીને તૈયાર કરવાની રીત.

2 (*Arch.*) સોલીઆર એટલે પાટિયાની ભાંયની નીચેના ભ-ડોડ અથવા પીઢિયાંની વચમાંના ગાળા પૂરવા માટે બનાવેલો ગારો-ચૂનો-છો-સલ્લો. પાટિયાની જમીન ઉપર થતી ચાલ હાલ વગેરેનો અવાજ નીચે સંભળાય નહીં તે માટે તેને આ રીતે બનાવવામાં આવેછે.

Pugh, *interj.* ઉંહ! એંહ! છટ! છિટ! ફૂહ! થત્ત!

Pugil, *n.* ચપટી; અંગુઠો અને તેની પાસેનાં બે આંગળાંની ચપટીમાં પકડાઈ-આવી શકે એટલો કોઈબી ચીજનો જુડો.

Pugilism, *n.* મુક્કામુક્કી; મુક્કાબાજી-દાવ; ઠોસાઠોસી-બાજી-દાવ; મુશ્તજની; મુષ્ટિયુદ્ધ. [મુશ્તઝન.

Pugilist, *n.* મુક્કાબાજી રમનાર-લડનાર-કરનાર; મુષ્ટિયોદ્ધો;

Pugilistic, *a.* મુક્કાબાજી-ઠોસાબાજીનું-ને લગતું-વિષેનું.

Pugmill, *n.* ઈંટરડી વિગેરે બનાવવાને સારૂ જુદી જુદી જાતની માટીને મેળીને તેમને સારી પેરે કાલવવા અને દળવાની ઘંટી-ચક્કી.

Pugnacious, *a.* Disposed to fight, મારામારી કરી પડવાના સ્વભાવવાળું; યુદ્ધ પ્રિય; કલહ પ્રિય.

2 Quarrelsome, લડાક; લડાઈખોર; કજિયાખોર; ઝઘરાળુ.

Pugnacity, *n.* મારામારી કરવાનો સ્વભાવ; યુદ્ધ પ્રિયતા; કલહેચ્છા.

2 લડાકપણું; લડાઈ-કજિયાખોરી; ઝઘરાળપણું.

Pugnose, *n.* ચીબું નાક; ફુમકું બાઠું નાક; નતનાસિકા; બેઠું નાક.

Puh, *interj.* See Pugh.

Puisne, *a.* (*Law*) ઉતરતી પદવી-પાયરી-દરજ્જાનું; ન્હાનું; ઉતરતું; ગૌણ; કનિષ્ઠ; દુયમ; અદના.

Puissance, *n.* બળવાન-જબરદસ્તપણું; પરાક્રમ; સામર્થ્ય; બળાઢ્યતા; શૌર્ય; વિક્રમ; બળ; પ્રૌઢ પ્રતાપ; પુરૂષત્વ; તવાનાઈ; કુદરત; કૌવત; તાકત.

Puissant, *a.* બળવાન; પ્રતાપી; શૂર; પરાક્રમી; સમર્થ; જબરદસ્ત; બળાઢ્ય; બળીઉં; જબરૂં; કાદિર; જોરાવર; મજબૂત; તવાના; કવી.

Puke, *v. t.* ઓકવું; પાછું નાખવું–કાઢવું; વમન કરવું; ઉલટી કરવી. –(an infant) બળવું.

Puke, *n.* ઉલટીનું–ઉલટી કરાવે એવું ઓસડ; વાંતિકારક–વમનકારક ઔષધ; વાંતિકૃત ઔષધ.

Puke, *a.* ભુરા રંગનું; ભુરૂં.

Puker, *n.* ઉલટી કરનાર; ઓકનાર; જેને ઉલટી–ઓકારી થઇ હોય તે.

2 ઉલટી–ઓકારીનું ઓસડ; વાંતિકારક–વમનકારક ઔષધ.

Pulchritude, *n.* ફુટડાઈ; દેખાવડાપણું; રૂપાળાપણું; સુંદરપણું; સૌંદર્ય; ખુબસુરતી; ખુબી; હુસ્ન. એ ઉપરથી,

2 ઉત્તમ નીતિ; નીતિ ભૂષણ.

Pule, *v. i.* મરઘીના પીલાંની પેઠે અવાજ કહાડવો.

2 ડસકાં ખાઇને રડવું; કકળવું; બચ્ચાંની કાની રડવું.

Puling, *n.* ડસકાં ખાઇને રડવું તે; કકળાટ.

Pull, *v.t.* To draw, ઓંચવું; ખેંચવું; તાણવું; હાથ બહાર કાઢીને કોઈ ચીજ અંદર ખેંચી લેવી, જેમકે He put forth his hand and *pulled* the dove in.

2 To tear, rend, ફાડી–ચીરી નાખવું; ફાડવું; તોડવું, જેમકે He hath turned aside my ways, and *pulled* me in pieces.

3 To pluck, –(fruits) તોડવું; તોડીલેવું. –(flax &c.) કાઢવું; ચોટવું.

4 To move by pulling, ખેંચી–તાણીને ખસેડવું–હલાવવું; ખેંચતા લઇ જવું; આચકો મારીને ચલાવવું, જેમકે To *pull* a boat along; to *pull* a bell.

Pulled and hauled, અહીંથી તહીં ને તહીંથી અહીં ખેંચાયલું–તણાયલું; ખેંચતાણમાં પડેલું; ખેંચમ ખેંચા–હડસેલા ઢકેલામાં પડેલું.

To pull down, તોડી પાડવું; ઉતારી નાખવું–પાડવું; ઉખેડવું, જેમકે To *pull down* a house.

2 ભાંગી પાડવું–નાખવું; તોડી પાડવું; મિસમાર કરવું; ઉંધું વાળવું, જેમકે In political affairs, as well as mechanical, it is easier to *pull down* than to build up.

3 હલકું–નીચું પાડવું; નમ્ર કરવું; જેર કરવું; માન મોડવું–ઉતારવું; ઝાંખું પાડવું; બેઇજ્જતી કરવી, જેમકે To raise the wretched, and *pull down* the proud.

To pull off, To pluck, તોડવું; ખેંચીને જુદું કરવું–પાડવું, જેમકે ફળ, ફુલ.

2 To take off without force, ઉંચકી–ઉપાડીને ઉતારી લેવું; કહાડવું, જેમકે માથાપરથી પાઘડી.

To pull out, ખેંચી કહાડવું.

To pull up, ઉખેડી નાખવું–કહાડવું; જડમૂળથી–મૂળ સુદ્ધાં ઉખેડી નાખવું.

2 કોઇની જડ કહાડવી; કોઇને જડમૂળથી ઉખેડી નાખવો; સમુળો નાશ કરવો.

To pull in pieces, કોઇનાં ચીંથરડાં ઉડાવી દેવાં; ચિંથરડી ચિંથરડી કરવી; બોટી બોટી કરવી; ટુકડે ટુકડા કરવા.

To pull together, બંનેને બનવું; હળીમળીને રહેવું.

To be pulled down, લેવાઇ–તણાઇ જવું; દુબળું થવું.

Pull, *v. i.* આચકો મારવો; ખેંચવું; તાણવું.

To pull apart, તૂટવું; તૂટી જવું; છુટું પડવું; અલગ થવું.

To pull up, ઘોડાની લગામ ખેંચવી; ઉભું રહેવું; અટકવું; થોભવું.

Pull, *n.* ખેંચ; ખેંચાવો; ખેંચવું–તાણવું તે; આચકો; ઝટક.

2 માથાકુટ; તાણાતાણ; ખેંચાખેંચી.

Pullet, *n.* ન્હાની મરઘી–કુકડી; મરઘીનું પીલું.

Pulley, *n.* (*Mech.*)(small) ફરખી; ઘરેડી; ગરગડી. (large) ફરખો.

Pulmonary, } *a.* ફેફસાને લગતું; ફેફસાનું; ફેફસામાંનું; ફેફસામાંથી ઉઠેલું–નીકળેલું; ફોપ્ફુસ.
Pulmonic, }

Pulmonic, *n.* ફેફસાના રોગની દવા–ઓસડ.

2 જેને ફેફસાનો રોગ થયો હોય તે; ફૌપ્ફુસ રોગી.

Pulmoniferous, *a.* ફેફસાવાળું; જેને ફેફસાં હોય અથવા ફેફસાને ઠેકાણે કામ લાગે એવાં બીજાં અવયવ હોય એવું.

Pulp, *n.* The soft, succulent part of fruit, ગર; માવો.

2 The soft substance within a bone, ગૂર; મજ્જા; હાડકામાંનો નરમ માવો; મેદ.

3 The arial or exterior covering of a coffee-berry, ગીફ્બદાર; કાફીના દાણા ઉપરનું છલતું.

4 The material of which paper is made, ચિથરાં, કેટલાંક ઝાડપાનના રાખ્યા, ગર વગેરે કાગજ બનાવવાની ચીજો.

Pulpit, *n.* (*Roman Theatre*) નાટક તખ્તાનો મોખરો–આગલો ભાગ, જ્યાં ખેલાડીઓ વેષ ભજવેછે.

2 ખ્રિસ્તી દેવળમાં ઉપદેશકનું ઉંચું આસન; વ્યાસાસન; પીઠ; ગુરૂ પીઠ; ઉપદેશ–વ્યાસ પીઠ; મિમ્બર. એ ઉપરથી,

3 વાઅજ; ઉપદેશ–બોધ કરવો તે; જાહેર બંદગી; ભક્તિ.

Pulpous, } *a.* માવાદાર; નરમ માખણ જેવું; મુલાયમ; ગરવાળું; કોમળ.
Pulpy, }

Pulsate, *v. i.* ધડકવું; ધબકવું; થડકવું.

Pulsation, *n.* રક્તાશય તથા નાડીનો ધબકારો થવો તે; નાડી ધડકવી–દોડવી તે; હૃદય–નાડીનું ઉડવું–ઠણકવું–ધડકવું તે.

2 આઘાત; ઠોકો; શબ્દ થાય એવું ઠોકવું અથવા અફાળવું તે.

3 (*Law*) જાણીબુજીને અથવા ગુસ્સામાં આવીને કોઇના શરીરને અમથો હાથ અથવા આંગળી લગાડવી તે.—એવી રીતે હાથ લગાડવો તે કાયદામાં મારવા બરાબર ગણાયછે.

Pulsative, *a.* ધબકતું; ધડકતું.

Pulse, *n.* (*Physical*) રક્તાશય અને નાડીઓનો ધબકારો; નાડી સ્ફુરણ; નાડ; નાડી; નબજ; નબ્જ.

To feel the pulse, નાડ જોવી; નાડી પરીક્ષા કરવી.

To feel one's pulse, ચાંપી જોવું; મન જોવું; મનવરતી લેવું-જોવું.

To show (suffer to be felt) one's pulse, નાડ દેખાડવી.

Versed in pulses, નાડીવૈદ; નબજબાજ.

Pulse, *n.* સિંગમાં થનારૂં અન્ન-દાણો; કંઠોળ; જે અનાજની બે ફાડ થઈ શકે એવું અનાજ; દ્વિદલ અનાજ; દ્વિદલાન્ન.

Split pulse, દાળ.

Grain remaining unhusked amongst split pulse, ઢોળ.

Cajanus Indicus, તુવર; તુવેર.

Phaseolus Mungo, મગ.

Phaseolus Radiatus, અડદ.

Phaseolus Aconitifolius, મઠ.

Pisum Sativum, વટાણા.

Ervum Lens, મસુર.

Cicer Arietinum, ચણા.

Dolichos Uniflorus, કળથી; કુળથી.

Pulse-glass, } **Pulsimeter**, } *n.* (*Med.*) નાડીની દોડ-ઝડપ તપાસવાનું યંત્ર.

Pulseless, *a.* નાડી બંધ પડી હોય-ચાલતી ન હોય એવું.

Pulselessness, *n.* નાડી બંધ પડી હોય એવી હાલત.

Pulverization, *n.* સૂક્ષ્મ ચૂર્ણીકરણ. See Pulverize.

Pulverize, *v. t.* ભૂકી કરવી; ચુરણ કરવું; કરાનો ઝીણો-બારીક ભૂકો કરવો.

Pumice, } **Pumice-stone**, } *n.* ઝામો; ઝાનવો; જ્વાળામુખી પર્વતમાંથી બહાર નીકળતો તરેહવાર રંગનો, ખરબચડો, કઠણ, છિદ્રવાન એક પદાર્થ; સંગેપામાલ્હ; સંગે પચો.

Pummel, *n.* & *v. t.* See Pommel.

Pump, *n.* પ્રવાહી પદાર્થ શોષી લેવા કે ઉરાડવાનું યંત્ર; જલયંત્ર.

2 પાતળી અથવા એક તળીનો જોડો-બૂટ.

Air pump, See under Air.

Chain pump, શૃંખલાયંત્ર.

Forcing pump, પાણીને ઉંચે ચઢાવવાનો-ઉરાડવાનો બંબો; બુંબો.

Pump, *v. t.* બંબો-બુંબો ચલાવવો; બંબાથી પાણી ઉગાડવું-ઉંચે ચઢાવવું.

2 તાલમેલથી કહડાવવું; કોઈ જુગતી લગાડીને સામાના મનની વાત-ભેદ જાણી લેવો.

To pump a ship, બુંબો લગાડીને-ચલાવીને વહાણમાંનું પાણી ખાલી કરવું-કહાડવું; વહાણમાંનું ધામટ કહાડવું.

Pump, *v. i.* બુંબો ચલાવવો; બુંબાથી પાણી ઉપર ચઢાવવું.

Pumpbrake, *n.* બુંબાનો હાથો.

Pumper, *n.* બુંબો ચલાવનાર; બંબાવાળો.

2 બંબો ચલાવવાનો સંચો; જે સંચાથી બંબો ચાલતો હોય તે સંચો.

3 ભેદ લેનાર; તાલમેલ-જુગતી લગાડીને સામાના મનની વાત જાણી લેનાર.

Pumpernickel, *n.* થુલાંનું એક જાતનું પાઉં-રોટી, જે Westphaliaના ખેડુતોનો મુખ્ય ખોરાક છે.

Pumpgear, *n.* બંબાને લગતો સઘળો સામાન-ઓજાર-હથિયારો.

Pumping engine, *n.* See Steam engine.

Pumpion, } **Pumpkin**, } *n.* (*Bot.*) *Benincasa Cerifera* (The plant.) કોહોળી; કોહોળાંનો વેલો. -(the fruit) કોહોળું; કુષ્માંડ.

Pumproom, *n.* ઈંગલંડના બાથ શેહેરમાંના ધાતુના ગુણ ધરાવતા પાણીના ઝરા આગળની પાણી પીવાની જગા-ઓરડી. [ધાતુધર્મક ઝરાનાં એ પાણી દરદીઓને ગુણકારી કહેવાય છે.]

Pun, *n.* શબ્દની રમુજ-વિનોદ; શબ્દ શ્લેષ; શ્લેષ; શ્લેષસંગ્રહ; જુદા જુદા અર્થ નીકળે એવી શબ્દરચના.

Pun, *v. i.* ઓશીવારેજ એક શબ્દના જુદા જુદા અર્થ થાય એવો શબ્દ વાપરવો.

2 ફાંફાં મારવાં; ગાંગાતલાં કરવાં; યુક્તિથી ઉડાવવું.

Pun, *v. t.* એકથી વધારે અર્થ થાય એવી શબ્દ રચનાથી કોઈને સમજાવવું-મનાવવું.

Pun, *v. t.* કુટી નાખવું; મારવું; ઠોકવું; ગીચી નાખવું, જેમકે He would *pun* thee into shivers with his fist.

Punch, *n.* પાણીમાં સાકેર, લીંબુનો રસ અને દારૂ નાખીને બનાવેલો એક પીવાનો પદાર્થ; લીંબુ દારૂનું બનાવેલું મીઠું શરબત. C. S. G. **પંચ.**

Punch, *n.* (Abbreviated from punchinello) પુતળાંના તમાશામાંનો તરકડિયો; જુઠણ; મશ્કેરો; વિદુષક; લાખો. C.S.G. **પંચ.**

2 ઠાંગણ; ટકુ; ગેટકો પેડુ; બટ.

3 જાડો બતકો આદમી; ઠિંગણું ને જાડું માણસ; વામણજી; ગેટકું; ઠાંગણ. 4 કોઈ ટુંકી ને જાડી વસ્તુ.

Punch, *n.* (Abbreviated from puncheon) પોલાદ અથવા બરાં લોઢાના બનાવેલાં તરેહવાર ઘાટનાં અણીદાર બીજાં રોકાં હથિયાર, જે ધાતુના પત્રાં અથવા કાગજ અને તેવીજ બીજી જીનસોમાં સુરાખ-વેહ અથવા છાપ પાડવાના અથવા નકસી કોતરવાના કામમાં આવેછે; વેહ પાડવાનું કે ગાબડી કાઢવાનું એક ઓજાર; વેધું; ખીલો. C.S.G. **પંચ.**

Punch pliers, પકડ વેધું; સાંડસી.

Punch, *v. t.* ઓજારથી આંધરૂં-ભોક-વેહ પાડવો; સાલવું. -(a ticket &c.) કશામાં કાણું પાડવું; વેધું કરવું; પંચ કરવું.

2 ગોદો મારવો; ઠોંસો-હડસેલો મારવો.

Puncheon, } **Punchin**, } *n.* ભોક-વેહ પાડવાનું કે ગાબડી કાઢવાનું એક ઓજાર; ખીલો. [એ ઓજારની અણીપર તરેહવાર ઘાટ ને આકાર પાડેલા હોયછે તથા તેપર ખુદા વગેરે

પાડેલા હોવાને લીધે તેને ધાતુની પતરી વગેરે ઉપર ઠોકતાં તેપરનો આકાર કે બુટ્ટો આબાદ પડેછે.]

2 ૮૪ કે ૧૨૦ ગ્યાલનનું પ્રવાહી પદાર્થનું માપ; પીપ.

PUNCHINELLO, *n.* પૂતળાંના તમાશામાંનો તરકડિયો; જાુઠણ; રંગલો; લૈઓ. [આ મશકેરાનો દેખાવ કદે ઠિંગણો, દિલે ભરેલો, માતેલો ને ખુંધો કરવામાં આવેછે.] SEE PUNCH.

PUNCHING MACHINE, *n.* ધાતુની અથવા બીજી ચીજોમાં વેહે પાડવાનું ઓજાર; વેહ–કાણાં પાડવાનું યંત્ર.

PUNCTILIO, *n.* સન્માન આપવાની–આદરોપચાર કરવાની બારીક બાબત–વાત; ચાલવા કરવા તથા અદબ આદાબની બારીક રીત–બારીકી; વિનય વર્તન રીતિની સૂક્ષ્મતા; વર્તનાચાર; સૂક્ષ્મ વર્તન નીતિ; તકલ્લુફ; સભ્યાચાર સૌક્ષ્મતા.

PUNCTILIOUS, *a.* આદરમાનને લગતી સઘળી બારીક બાબદોપર ધ્યાન રાખનાર; અદબ આદાબની બધી બારીકી જોઇને ચાલનાર; ચાલવા કરવામાં ચિંધું; સૂક્ષ્મ વિનયવર્તન નીતિ પાળનાર; સૂક્ષ્મ વર્તનાચારનિષ્ઠ; તકલ્લુફ મિજાજ.

PUNCTO, *n.* અદબઆદાબની બારીક રીત–બારીકી.

2 પટાબાજીની એક નિશાન.

PUNCTUAL, *a.* બારીકી તપાસનાર; બધી વાતની બારીકી પાળનાર; બારીકબીન. SEE PUNCTILIOUS.

2 વેળાસર–વખતે વખત–બરાબર વખતે–વાયદાસર આવનાર–જનાર–કરનાર; વેળા–વાયદા–મુદત ચુકવા ન દેનાર; સમય વેધી–સેવી–સાવધ; વાયદાવફા.

3 બરાબર વખતે–મુદતે–વાયદાસર થયલું–કીધેલું–આપેલું; વખતે વખત–મુદતે મુદત થયાં કરનારું–કીધેલું.

PUNCTUALITY, PUNCTUALNESS, *n.* વેળા–વખત–વાયદો ચુકવા ન દેવાની રીત–સ્વભાવ–ગુણ; સમયવેધિપણું–તા; સમય સેવિતા–સાવધતા–સેવન; વાયદા વફાઈ.

PUNCTUALLY, *ad.* બરાબર વખતસર; બરવક્ત; વાયદાસર; વખત–વેળા સાંધીને; નિયમસર; યથાસમય.

PUNCTUATE, *v. t.* લખવામાં વિરતિ–વિરતિ ચિન્હો–વિરામ ચિન્હો મુકવાં–માંડવાં–કાઢવાં.

PUNCTUATION, *n.* (*Gram.*) (the act) વિરામ ચિન્હો મુકવાં–માંડવાં તે; વિરત્યંકન; વિરામ–વિરતિ ચિન્હાંકન. –(the art) વિરામ ચિન્હો મુકવા–માંડવાની કળા–હુનર; વિરત્યંકન–વિરામ ચિન્હાંકન વિદ્યા; નુક્તરેજી.

PUNCTUIST, *n.* વિરામચિન્હ મુકી જાણનાર; લખવામાં જોઇતે ઠેકાણે બરાબર વિરામ ચિન્હો જેને મુકતાં આવડતું હોય તે.

PUNCTURE, *n.* કોચવું–વીંધવું–કરામાં વેહ—કાણું પાડવું તે; ચોબો.

2 છેદ; વેહ; કાણું; છિદ્ર; સુરાખ; નાકું; સાલ.

3 વાગેલા–કરડેલા–ડંખેલાની નિશાણી; જખમ; લાગેલા–પડેલો દાંત; ડંખ.

PUNCTURE, *v. t.* કોચવું; વીંધવું; વેહ–સુરાખ–કાણું–નાકું પાડવું; ચપકો–ચોબો મુકવો–દેવો.

PUNESSE, *n.* માકડ; માકણ; ચાવરો.

PUNGENCY, *n.* તિખાપણું; તીખાટ; પ્રખરતા; નાકમાં બળતાં બળે એવો ગુણ; તીક્ષ્ણતા; તલખી.

2 તીવ્રતા; કલેજાફાડપણું; ચટકો; ટચકો.

PUNGENT, *a.* –(to the taste or palet,) તીખું; મ્હોમાં ઝમઝમ થઈ રહે એવું; પ્રખર; ઝમઝમતું; ઝણઝણતું; તલખ; તીવ્ર; તીક્ષ્ણ.

2 –(to the sense of smell) નાકમાં ઝમઝમ થાય–બળતાં બળે–નાક ફાટી જાય એવું; પ્રખર.

3 (pain &c.) કલેજે કાણું પડે એવું; તીવ્ર; તીક્ષ્ણ; જાલમ.

4 (discourse) ઝાટકો–મરચાં લાગે એવું; હૈયા–કલેજા ફાડ; છાતીનું દૂધ બળી જાય એવું; તીવ્ર.

5 (*Bot.*) અણિયાળા કાંટાવાળું; ઘણીજ તેજ અણી હોય એવું; ધારદાર; કાંટાદાર; નોકીલું.

PUNIC, *a.* રોમન લોકોના શત્રુ કાર્થેજિનિયન લોકની સાથેનું–થએલું; કાર્થેજિનિયન લોકોને લગતું–ના જેવું.

2 દગલબાજી–ચોરાઈ–છેતરપટીનું–નું ભરેલું; બેવફાઈનું; ઠગવિદ્યાનું.

PUNINESS, *n.* ન્હાનપણું; ક્ષુદ્રતા; દૂબળાપણું.

PUNISH, *v. t.* દંડ કરવો; સજા–શિક્ષા આપવી–કરવી; દંડ નાખવો.

2 નસીહત આપવી–દેવી; શાસન કરવું; શિખામણ આપવી–દેવી; શિક્ષા–શાસન કરી સુધારવું; સુધારવાને શિક્ષા કરવી.

PUNISHABLE, *a.* શિક્ષા–સજા કરવા જેવું; શિક્ષા પાત્ર–યોગ્ય–લાયક; દંડ્ય; શિક્ષ્ય; શાસનિય; દંડવા જોગ.

PUNISHMENT, *n.* The act of punishing, સજા–શિક્ષા કરવી તે; દંડવું તે; શિક્ષણ.

2 સજા; શિક્ષા; દંડ; સરજનિશ; નસીહત; શાસન; પારિપત્ય.

Capital punishment, ગરદન કુશી; દેહાંત દંડ; પ્રાણાંત દંડ; સજાએ કત્લ–મોત; મોતની–ફાંસીની–જીવ લેવાની શિક્ષા.

Corporal punishment, શારીર દંડ–શિક્ષા; બાંધી મારની–ફટકાવી કહાડવાની સજા; માર મારવાની સજા.

PUNITIVE, *a.* દંડ–શિક્ષા–સજાનું–વિષેનું; દંડ આપવાનું–આપનારું; દંડ પડે–વળગે–થાય એવું.

PUNITORY, *a.* દંડ–શિક્ષા આપવાનું–આપે એવું–આપનારું; દંડ–શિક્ષા થાય–લગે–વળગે એવું.

PUNK, *n.* વાદળી જેવું નરમ એક જાતનું બાળવાનું લાકડું; મારવણ.

2 છિનાળ; વેશ્યા; કસબણ; કસ્બાતણ; ગુણિકા; પેશેવર; કાબા.

PUNNER, PUNSTER, *n.* શબ્દની રમુજ કરનાર; શબ્દશ્લેષ વક્તા.

PUNNET, *n.* છાબ; છાબડી; છાબડું; જંબીલ; વાંસની ચીપની પોહોળી ને છાલકી અથવા છાજરી ટોપલી, જે ફૂલ અથવા મેવો ભરવાના કામમાં આવેછે.

PUNT, *n.* છાછર હોડી; થાપડ હોડી; થાપડો; ચપટાં તળિયાનો એક મછવો.—વહાણોને કળફાત કરતી વખતે અથવા છાછરાં પાણીમાં માછળાં પકડવાના કામમાં એ મછવો વપરાયછે.

PUNTY, *n.* SEE PONTEE.

PUNY, *a.* ન્હાનું અને દૂબળું; દુબળું; ખુદું; હલકું; ક્ષુદ્ર; પામર; અલ્પ; છોટું; ચિનકુલું.

PUNY, *n.* નાકાર અજમૂદા નવજવાન; અનુભવ વગરનું જવાન માણસ; નવું-બિન અનુભવી આદમી; શિખાઉ.

2 ઉતરતી પદવીનું-હાથ નીચેનું માણસ.

PUP, *v.i.* વિયાવું; કુતરીએ બચ્ચાં પેદા કરવાં; કુતરીને ખોળીનાં આવવાં.

PUP, *n.* ખોકિલું; કુતરીનું બચ્ચું; કુરકુરિયું.

2 સીલ જાતના દરીઆઈ માંસાહારી આંચળવાળાં પ્રાણીનું બચ્ચું.

PUPA, *n.* PUPÆ, *pl.* (*Entom.*) કોશાવાસી કીડો; કીડાની કોશ સ્થિતિ; કીડા-જીવજંતુની બદલાઇને તદનજ ફેરવાઈ જતી હાલત.

PUPE, *n.* SEE PUPA. [નેનનો તારો.

PUPIL, *n.* (*Anat.*) આંખની કીકી; કનીનિકા; આંખની પૂતળી; *Pin hole pupil,* (*Med.*) કેટલીક જાતના તાવમાં આંખની કીકી સંકોચાઈ જઈ એક ટાંચણીની અણી જેટલી થઇ જાયછે તે.

PUPIL, *n.* નિશાળિયો અથવા નિશાળિયેણ; શિષ્ય; શિષ્યા; શાગિર્દ; ચેલો; ચેલી; વિદ્યાર્થી; વિદ્યાર્થિની; પાઠક; શિકનાર. –(of a holy man) મુરીદ.

2 વાલીના હસ્તકમાં-સંભાળમાં સોંપેલું બાળક-છોકરું.

3 (*Civil Law.*) કાચી ઉમ્મરનું માણસ; જેને જવાની ફુટેલી નહી એવો છોકરો અથવા વેશે આવેલી નહી એવી છોકરી; ચઉદ વરસની અંદરનો છોકરો અથવા બાર વરસની અંદરની છોકરી; સગીર.

PUPILAGE, *n.* નિશાળિયાપણું; વિદ્યાર્થી-શિષ્ય દશા; શિષ્યાવસ્થા; શિષ્યત્વ; શાગિર્દી.

2 બાળદશા; બાળત્વ; જન્મ પછીથી તે ચઉદ વરસની છોકરાની અથવા બાર વરસની છોકરીની ઉમ્મર થાય ત્યાં સુધીનો જે વખત તે.

PUPILLARITY, *n.* SEE PUPILAGE.

PUPPET, *n.* પૂતળું; બાહુલું; ઢીંગલું; ગુડિયું.

2 તારો વગેરેની કળાથી, ચાંપની મદદથી અથવા સાંચા કામથી હાલતું ચાલતું ને બોલતું નાચતું બનાવેલું પૂતળું; કઠ પુતલી; ખેલાડી પુતળું.

3 એવું; પોતાની મરજી મુજબ નહી, પણ બીજો કોઈ ચલાવે તેમ ચાલનાર; કોઈના હાથમાં પૂતળું થઈ રહેનાર. (કોઈ વિષે ધિક્કારથી બોલતાં એ અર્થે એ શબ્દ વપરાયછે.)

PUPPET MAN, PUPPET MASTER, PUPPET PLAYER, *n.* પૂતળાંની રમત-નાચ-તમાશાવાળો; પુતળાંનો ખેલ-તમાશો કરનાર.

PUPPET PLAY, PUPPET SHOW, *n.* પૂતળાંની રમત-નાચ-ખેલ-તમાશો; કળાસૂત્રનો ખેલ; કઠ પુતલીનો તમાશો.

PUPPY, *n.* ખોકિલું; કુરકુરિયું; કુતરીનું બચ્ચું; સગબચ્ચો.

2 બે બદામનું હોઈને સામી ચેંચી કરવાથી ધિક્કારમાં આવી પડેલું માણસ; જે કિસ ગણતીમાં નહી છતાં પતરાજી કરતું હોય અથવા જે પોતાની યોગ્યતા એટલે દરજ્જો ભુલી જાય કે ખોકિલાની પેઠે બીજાને વળગ્યાં કરે તેને તિરસ્કારમાં કહેવાનો શબ્દ; અતીસે હલકી બુદ્ધિનું-અતીશે પતરાજીવાળું-તોરવાળું માણસ.

PUPPYISM, *n.* અતીસે હલકી બુદ્ધિ-બેડસાઈ-તોર.

PUR, *n.* બિલાડી જ્યારે પુરા મિજાજમાં હોયછે ત્યારે જે સાદ કહાડેછે તે; ખુરખુર; ખુરખુરાહટ; ઘુરઘુર. SEE PURR.

PURBECK BEDS, *n.* (*Geol.*) ચુનાના પથ્થરોનાં પડ-થર.

PURBECK STONE, *n.* (*Geol.*) ઈંગ્લંડ મધેના Purbeck ટાપુમાંથી મળી આવતા ચુનાના પથ્થર.

PURBLIND, *a.* પાસે હોય તોજ જેને દેખાય એવું; ઝાંખું ઝાંખું જોઈ શકતું હોય એવું; ઝાંખું ઝાંખું દેખનારું; આંધળું ધૂંધળું; ચુંધળું; ચુંખળું; કોતા નજર.

PURCHASE, *v. t.* To pursue and obtain, પૂઠે લાગીને મેળવવું; લાભવું; ઉદ્યોગ-મેહેનત કરીને સંપાદન-હાંસિલ કરવું.

2 To obtain by paying money or its equivalent, ખરીદવું; વેચાતું લેવું; ખરીદ કરવું; વસાવવું; સોદો કરવો; વોહોરવું; હોરવું.

3 To obtain by any expense of labor, danger, or other sacrifice, કોઈબી રીતે, ગમે તે ખરચે, જોખમે અથવા ભોગે હાથ કરવું-મેળવવું.

4 (*Law.*) To sue out, અરજ કરીને લેવું-મેળવવું-કઢાવવું.

5 ઓલાદ અથવા વારસાથી ઉતરેલા હક સિવાય, કોઈ બાજી ગમે તે રીતે મેળવવું.

PURCHASE, *v. i.* To draw in, અંદર ખેંચવું-તાણવું-લેવું, જેમકે The capstan *purchases* apace.

PURCHASE, *n.* ઉદ્યોગ-મેહેનત કરીને મેળવવું-સંપાદન કરવું તે; ઉદ્યમ સાધિત સંપાદન-પ્રાપ્તિ-લબ્ધિ.

2 મેહેનત કરીને મેળવેલી-લબ્ધ-પ્રાપ્ત-સંપાદિત વસ્તુ; લાભ.

3 ખરીદી; ક્રય.

4 વેચાણ લીધેલું-વોહોરેલું જે કંઈ તે; વોહરત; ખરીદી; સોદો; ક્રીત; ક્રીત વસ્તુ.

5 બહારથી લાગેલું-પહોંચેલું જોર; બહારનું-આજુબાજુનું જોર-ટેકો; લાગ; ભારી દાગીના અથવા પદાર્થો ઉપાડવા અથવા ખસેડવા માટે લગાડવામાં આવતું યાંત્રિક જોર-શક્તિ.

6 (*Law.*) ઓલાદ અથવા વારસાથી ઉતરેલા હક સિવાય કોઈબી જમીન અથવા મિલકત મળવી-પ્રાપ્ત થવી તે.

Purchase money, ક્રય મૂલ્ય; જરે ખરીદ; ખરીદીના પૈસા;

વેચાતી લીધેલી-ખરીદેલી કોઇ વસ્તુનું જે દામ આપ્યું હોય અથવા આપવું ઠરાવ્યું હોય તે; ખરીદેલા માલની કિંમતના પૈસા.

PURCHASER, *n.* ખરીદદાર; ક્રેતા; ક્રેતી; વેચાતું લેનાર; ઘરાક; મુગાતરી.

PURE, *a.* Free from mixture, ભેળવિનાનું; ચોખ્ખું; નર્યું; નરું; નરદમ; સ્વચ્છ; નિર્મળ; શુદ્ધ; નિતરું, જેમકે, *Pure* water, *pure* clay, *pure* sand, *pure* silver or gold.

2 Innocent, guileless, chaste, —applied to persons, —(morally) નિષ્કલંક; નિષ્પાપ; બેકુસુર; બેગુનાહ; પવિત્ર; ચોખ્ખું; કેવળ નિર્દોષ; શુદ્ધ; પાક; પાકીઝ; પાકદામન; કેવળ શુદ્ધ સત્વ; શુદ્ધાત્મા; દિલપાક; સાધુ. —(ceremonially) પવિત્ર; પાવન; પાકસાફ.

3 Genuine, real, perfect, —(language) અસલ; ખાલિસ; શુદ્ધ; નિર્વિકાર; પરભાષાના કિંવા અપભ્રંશ શબ્દો જેમાં નહીં ભળેલા એવું. —(religion) શુદ્ધ; ખરું; સત્ય; કેવળ. —(friendship) કેવળ શુદ્ધ સત્વ. —(motives, views &c.) મનમાં પાપ રાખ્યા વગરનું; નિષ્પાપ; કેવળ શુદ્ધ બુદ્ધિનું.

4 Mere, absolute, એકલું; માત્ર; કેવળ; શુદ્ધ; બીજા કશા સાથે કશોએ સંબંધ ન રાખતું.

Pure impure, પૂરેપૂરું અપવિત્ર; બધી વાતે મેલું-ગંદું-ખરાબ.

Pure Mathematics, ગણિતશાસ્ત્રનો તે ભાગ કે જેમાં તે શાસ્ત્રના બીજરૂપ નિયમનો — વ્યવહાર ઉપયોગી વાતમાં કિંવા બીજા શાસ્ત્રોના શોધ વિષે—નિયોગ કીધેલો હોતો નથી પણ જેમાં તે બીજરૂપ નિયમોનોજ માત્ર વિચાર હોયછે; ગણિત બીજ શાસ્ત્ર.

PURELY, *ad.* કેવળ; એકલું; માત્ર; ફક્ત.

2 નિખાલસ; શુદ્ધ; સાફ.

PURFLE, } *n.* ભરેલી કોર; ભરત ભરેલી કોર; ચીકનની કોર;
PURFLEW, } કસબની કોર; કારચોબી યા જરબાફી હાંશિયો.

PURGATION, *n.* The act of purging, કશામાંથી કચરો-કચરા જેવું કંઈ કાઢી નાખવું-કાઢી સાફ કરવું તે; કશામાંથી કચરો અથવા કચરા જેવું જે કંઈ હોય તે કાઢી નાખી સાફ કે ચોખ્ખું કરવું તે.

2 (*Law*) મોકળું-કરવું તે; નિર્દોષ કરવું-ઠેરવવું તે; પાપ-દોષ નિવારણ; નિર્દોષકરણ.

PURGATIVE, *a.* રેચક; જુલાબનું; જુલાબ આવે-થાય એવું; પેટ લાવવાની શક્તિ ધરાવતું.

PURGATIVE, *n.* (*Med.*) જુલાબ; રેચ; રેચન; વિરેચન; પેટ લાવવાનું ઓસડ.

Mild and gentle purgative, હલકો જુલાબ.

PURGATORY, *n.* (*Rom. Cath. Church.*) અનંત નરકવાસ આપવા જેવાં, જેણે આ લોકમાં ઘોર કુકર્મો ન કર્યાં હોય, તેવા લોકનાં હલકાં પાપો ધોવાઈ જઈ અથવા તેનો દંડ ભોગવી સ્વર્ગને પાત્ર થવાની જે જગો અથવા સ્થિતિ રોમન કાથોલિક પંથના લોકો માનેછે તે; પાપમોચનસ્થાન.

PURGE, *v. t.* To cleanse, clear, or purify by separating and carrying off whatever is impure, heterogeneous, foreign or superfluous, કશામાંથી કચરો અથવા કચરા જેવું જે કંઈ હોય તે કાઢી નાખવું અથવા કાઢી નાખી સાફ કરવું; કચરો અથવા કચરા જેવું જે કંઈ હોય તે કાઢી નાખી સાફ કે ચોખ્ખું કરવું; મેલ-કચરો દૂર કરી સોજું કરવું.

2 To operate on as a cathartic medicine, જુલાબ લાગવો-આવવો; પેટ આવવાં-છુટવાં; ઝાડા થવા.

3 To operate on by means of a cathartic, જુલાબ-રેચ આપવો; પેટ આવે તેમ કરવું; પેટ લાવવાં; કોષ્ઠશુદ્ધિ-મળશુદ્ધિ કરવી; કોઠો સાફ કરવો.

4 To clarify, to defecate, ગાળવું; નિતારવું; શુદ્ધ-સાફ-નિર્મળ કરવું.

5 To clear from guilt or defilement, મોકળું કરવું; નિર્દોષ કરવું-ઠેરવવું; બેગુનાહ ઠરાવવું.

6 (*Law*) To clear from accusation or the charge of a crime, બદનામીમાંથી-દોષ-ઠપકામાંથી મોકળું કરવું; ગુનાહના આરોપમાંથી મોકળું કરવું.

7 To deterge, to wash away, ધોઈ-ભૂસી નાખવું.

PURGE, *v. i.* સાફ-શફા-સોજું-નિર્મળ થવું.

2 પેટ આવવાં-છુટી જવાં; ઝાડા થવા.

PURGE, *n.* The act of purging, કચરો અથવા કચરા જેવું જે કંઈ હોય તે કાઢી નાખી સાફ-ચોખ્ખું કરવું તે.

2 પેટ આવે-જુલાબ લાગે-થાય એવું ઓસડ; જુલાબ; ઝાડા-જુલાબની દવા; રેચ; વિરેચન.

PURGERY, *n.* સાકર ધોવા અથવા સાફ કરવાની જગા; સાકરનો મેલ કાપી તેને સોજી કરવાની જગા.

PURGING, *n.* જુલાબ-ઝાડા થવા તે; પેટ છુટી જવાં તે; અમારો; અમામણ; છેરાડું; છેરેટો.

Purging and vomiting, અઘોક; હગોક; હગઓક.

PURIFICATION, *n.* The act of purifying, સુધારવું-સમારવું-ચોખ્ખું-સ્વચ્છ કરવું તે; શોધન; નિર્મળી-સ્વચ્છીકરણ.

2 The act or operation of cleansing ceremonially, શુદ્ધ-પવિત્ર-પાક-પાકીઝ કરવું તે; શુદ્ધિકરણ; પવિત્રકરણ.

3 A cleansing from guilt or the pollution of sin, શુદ્ધ કરવું તે; પાપ કાઢી નાખવું-પાપ નીકળી જવું તે; નિર્મળ કરવું તે; શુદ્ધસત્વ-સાધુકરણ.

Ceremonial purification, અંગ શુદ્ધિ.

Purification previous to prayer, સ્નાન; વુજુ; ગુસલ.

PURIFICATORY, *a.* જેથી સ્વચ્છ-શુદ્ધ થાય એવું; શોધનકારી;
2 જેથી મેલ કષાય-પાપ નીકળી જાય એવું; શુદ્ધ-નિર્મળ કરે એવું; મલાપકર્ષક.
3 જેથી શુદ્ધ-પવિત્ર થાય-થવાય એવું; શુદ્ધિનું; પાવન.

PURIFIER, *n.* શુદ્ધ-ચોખ્ખું-નિર્મળ-સ્વચ્છ કરનાર.

PURIFORM, *a.* (*Med.*) પૂય-પરૂના જેવું.

PURIFY, *v. t.* To free from extraneous matter, સુધારવું; સમારવું; ચોખ્ખું-સ્વચ્છ કરવું; શોધવું; કરાંનું શોધન કરવું, જેમકે To *purify* liquors or metals; to *purify* the blood; to *purify* the air.
2 To free from guilt or moral defilement, પવિત્ર-પાક-પાકીઝ-શુદ્ધ કરવું; પાપ-મેલ કાઢી નાખવો; નિર્મળ કરવું; દિલમાંથી પાપ-મેલ કાઢી નાખવો-નીકળી જવો, જેમકે To *purify* the heart.
3 To free from ceremonial or legal defilement, શુદ્ધ-પવિત્ર-ચોખ્ખું કરવું, જેમકે And Moses took the blood and put it upon the horns of the altar round about with his finger, and *purified* the altar.
4 To free from improprieties or barbarisms, પર ભાષાના કિંવા અયોગ્ય શબ્દ કાઢી નાખવા; શુદ્ધ કરવું; શોધવું, જેમકે To *purify* a language.
To purify one's self, પાક-શુદ્ધ-પવિત્ર-ચોખ્ખું થવું.

PURIFY, *v. i.* નિર્મળ-નીતરૂં-સ્વચ્છ-સાફ થવું.

PURIST, *n.* બોલવા લખવામાં વાણી દોષ ન આવવા દેવા વિષે અતીસેં ચિંધું માણસ; વાગ્દોષભીરૂ; વાગ્દોષાતિભીરૂ.
2 ખ્રિસ્તી લોકોનો નવો કરાર-નવો બંદોબસ્ત શુદ્ધ ગ્રીક ભાષામાંજ લખાયલો હતો એવું માનનાર-એવું મત ધરાવનાર.

PURITAN, *n.* (*Eng. Church*) ધર્મશાસ્ત્રને લગતા પ્રાચીન કાળથી ચાલતા આવેલા રેવાજોની વિરૂદ્ધ મત ધરાવનાર, ઈંગલંડની એલિઝેબેથ રાણીના વખતમાંનો શખ્સ; એકલું બાઈબલમાંજ કહેલું માનવું અને ઈસુખ્રિસ્તે તથા તેના પ્રેરિતોએ આચરેલા આચાર પાળવા અને તેના આધાર વિના ઈંગલંડનો રાજ સ્થાપિત ભક્તિનો પ્રકાર ન માનવો એવો ૧૭ મા સૈકામાં મત રાખનાર માણસ-પંથી. પ્યુરિટન.

PURITANIC, PURITANICAL, } "પ્યુરિટન" લોકો તથા તેના મતો અને આચારનું-વિષેનું.
2 બહુ ચોળી ચોળીને ચાલનાર; કાયદા અથવા ધર્મમાં જે બધું ફરમાવેલું હોય તે મુજબ ઘણીજ બારીકીથી ચાલનાર; કડક; કરડું; સખ્ત; બારીકબીન; ચોકસ.

PURITY, *n.* The condition of being pure, as freedom from foreign admixture or heterogeneous matter, ચોખ્ખા-નર્યાપણું; સ્વચ્છતા; નિર્મળતા; શુદ્ધતા, જેમકે The *purity* of water, of wine, of spirit; the *purity* of drugs; the *purity* of metals.
2 Cleanness; freedom from foulness or dirt, વિમળતા; સફાઈ; નિર્મળપણું; મળાભાવ; મળરાહિત્ય, જેમકે The *purity* of a linen vesture.
3 Freedom from guilt or the defilement of sin; innocence; chastity, કેવળ નિર્દોષપણું; નિષ્કલંકતા; બેગુનાહી; પવિત્રતા; પાકી; પાકીઝગી; પારસાઈ; નેકી; કેવળ શુદ્ધ સત્વતા; શુદ્ધાત્મા; ચિત્તશુદ્ધિ; શુદ્ધાચાર; સાધુત્વ; ચોખ્ખાઈ; પાકસાફી, જેમકે *Purity* of heart or life.
4 Freedom from any sinister or improper views, નિષ્પાપતા; કેવળ શુદ્ધ બુદ્ધિતા; કેવળ શુદ્ધ બુદ્ધિત્વ, જેમકે The *purity* of motives or designs.
5 Freedom from foreign idioms, from barbarous or improper words or phrases, શુદ્ધતા; અપશબ્દ રાહિત્ય; ભાષાનું ચોખ્ખાપણું; પર ભાષાના કિંવા અયોગ્ય શબ્દ કાઢી નાખેલા તે, જેમકે *Purity* of style.

PURL, *n.* કસબી કોર; જરી કિનાર; સોના રૂપાના કસબથી ભરેલી કોર; કસબી પાલવ; કારચોબી અથવા જરબફતી હારિયો; કસબી ઝાલર; સંજાફ.
2 ચુની અથવા કરચળીવાળી સીવણ, જેથી તે સીવણ લહેરિયાં જેવી દેખાય.
3 વમલ; ભમરો; જોરથી વહેતાં પાણીમાં જે ગોળ કુંડાળા જેવો આકાર થાયછે તે.
4 ઝીણાં ઝીણાં મોજાં; લહેર.
5 પ્રવાહી પદાર્થના વહેવાથી થતો ખળખળ કરતો ઝીણો-ધીમો અવાજ.
6 મસાલો નાખીને બનાવેલો સ્વાદિષ્ટ બીર અથવા જવનો દારૂ.

PURL, *v. i.* ખળખળ કરવું; ખળખળ કરતાં વેહેવું-વહ્યાં જવું.
2 લહેર ઉઠવી; લહેર થવી.

PURL, *v. t.* કસબી કોર મુકવી; જરી કિનારીનું કરવું; જરબાફી અથવા કારચોબીના હારિયાથી આરાસ્તે કરવું; કસબી ઝાલરથી સણગારવું.

PURLIEU, *n.* જે ઉપર જંગલોને લગતા કાયદાનો કશો અમલ ચાલી શકતો નથી એવો શિકારગાહે શાહી (પાદશાહી શિકારગાહ)નો છૂટો પાડેલો ભાગ; અપ્રેવન.
2 કોઈ જગાનો આજુબાજુનો-છેડા ઉપરનો છૂટો પાડેલો ભાગ-લત્તો; પ્રાંત ભાગ; સરહદ.

PURLIN, PURLINE, } *n.* (*Arch.*) છાપરાની ગે.

PURLING, *n.* ખળખળાટ; ખળખળાટો.

PURLOIN, *v. t.* છાનામાના ચોરી જવું-લેવું; હાથ મારવો; છાનામાના લઈ જવું; તફરાવવું; ચપડાવવું.

2 કોઈના લખાણમાંથી ચોરી લેવું-ચોરીને ઉતારો કરવો; પુસ્તક-ગ્રંથમાંથી ચોરવું.

PURLOIN, *v. i.* ચોરી કરવી; હાથ ફેરવવો-મારવો.

PURPLE, *a.* રાતો અને આસમાની રંગ મેળાઈને ભભક મારતો જે રંગ બનેછે તેવા રંગનું;—[આ મેળાયલા રંગોમાં જો ઘેરો આસમાની વધારે દીપતો હોય તો] જાંબુરો; જાંબુઓ;—[જો તેમાં રતાસની ભભક વધારે હોય તો] નાફરમાની; નિલલોહિત; અગાશી; અબ્બાસાઈ; ગુલફામ; સુર્ખ; કીરમજી; અર્ધવાની; અરૂણ; રાતું. એ ઉપરથી,

2 રાજકીય; બાદશાહી; શેહેનશાહી.—[જાંબુરો રંગ શેહેનશાહી હકુમતની એક નિશાન હોવાથી એ શબ્દનો આ અર્થ થયોછે.]

3 લોહીના રંગનું; લોહી જેવું લાલ; રાતું લોહી જેવું.

PURPLE, *n.* અર્ધવાની-જાંબુઓ-જાંબુરો રંગ. એ ઉપરથી,

2 રોમન શેહનશાહતની શેહેનશાહી સલતન. [જાંબુરા રંગનો પોશાગ, રોમના શાહનશાહોની એક ખાસ નિશાન ગણાતી હતી.]

3 (*Rom. Cath.*) Cardinalની પદવી-દરજો.

4 ફોડામાં રેહેનારી એક જાતની માછલી.

5 *pl.* (*Med.*) શરીરની ચામડી ઉપર ન્હાનાં મોટાં લાલ રંગનાં જે ગોળ ચાઠાં પડેછે તે. એ રોગમાં મોડાં ને નાખ વાટે તથા બીજી જગાઓપરથી લોહી વહેછે, અને બીમાર માણસ આસ્તે આસ્તે નબળું પડતું જાયછે.

Purple of Cassius, કલાઈ (tin) અને Chloride of goldની મેળવણીથી બનાવવામાં આવતો જાંબુરો રંગ. કોઠીના અથવા ચિનાઈ વાસણોને જાંબુરો રંગ આપવાના તથા રંગીત કાચ બનાવાના કામમાં એનો ઉપયોગ થાયછે.

Purple of Mollusca, ફોડામાં રેહેનારી એક જાતની માછલીમાંથી નીકળતો જાંબુરો રંગ. ઉન વગેરેને જાંબુરો રંગ આપવાના કામમાં આ રંગ વપરાયછે.

PURPLE, *v. t.* રાતું-જાંબુરૂં કરવું-રંગવું; કશાંથી રાતું રાતું થઈ રહેવું; જાંબુરા રંગનું કરવું; જાંબુરો રંગ આપવો-ચડાવવો.

PURPLE WOOD, *n.* અમેરિકા ખંડના બ્રેઝિલ દેશમાંથી મલી આવતું એક જાતનું લાકડું, જે બંદુકના ગજ બનાવવામાં, મીનાકામમાં તથા તરેહવાર નકશીકામ કરવાના ઉપયોગમાં આવેછે.

PURPLISH, *a.* જેમાં જાંબુરા રંગની કંઈ ભભક હોય એવું; ગુલાબી.

PURPORT, *n.* તાત્પર્ય; ભાવાર્થ; આશય; ખુલાસો; મજમુન; મકસદ; મુરાદ; મતલબ; અભિપ્રાય; ભાવ; ઈરાદો; મંછા.

PURPORT, *v. t.* મનમાં હોવું; અભિપ્રાય-મતલબ-મકસદ હોવી; ઈરાદો-મનસુબો રાખવો-કરવો; ધારવું; આશય બતાવવો.

PURPOSE, *n.* ઉદ્દેશ; હેતુ; મતલબ; અર્થ; ઈરાદો; મુરાદ; મકસુદ; સંકલ્પ.

Of purpose, on purpose, જાણીજોઈને; અગાઉથી મનસુબો-વિચાર કરીને; ખામખા.

To no purpose, વૃથા; વ્યર્થ; ફોકટ; નકામું; નિરર્થક; એલે.

To what purpose, શાથકી; શાને માટે; શું કરવા.

PURPOSE, *v. t.* & *v. i.* મન સાથે નક્કી કરવું; ઠરાવવું; વિચાર-ઈરાદો રાખવો; કસદ કરવો; નિર્માણ કરવું; નિર્ણય-ઠરાવ-નિશ્ચય-સંકલ્પ કરવો.

PURPOSELESS, *a.* મતલબ-અર્થ વિનાનું; નિરર્થક; લાહાસિલ; બેફાયદે; વ્યર્થ.

PURPOSELY, *ad.* જાણીબુજીને; જાણીજોઈને; આગળથી નિશ્ચય કરીને; વિચારપૂર્વક; નક્કી વિચાર કરીને; મતલબથીજ.

PURPOSIVE, *a.* ચોકસ મતલબ અથવા કારણસર કીધેલું.

PURPRISE, *n.* SEE PURLIEU.

PURPURA, *n.* (*Med.*) SEE PURPLE No. 5. *pl.*

PURPURE, *n.* (*Her.*) ઢાલ અથવા Coat of arms ઉપરની જાંબુરા રંગની અલામત-નિશાન.

PURPUREAL, *a.* જાંબુરૂં. SEE PURPLE.

PURPURIC, *a.* *Purpura* રોગને લગતું.

2 (*Chem.*) જાંબુરા રંગનું; જેમાં જાંબુરો રંગ હોય એવું.

PURPURINE, *n.* (*Chem.*) મજીઠની અંદરનો રાતો રંગ; મજીઠ રંગ.

PURR, *n.* બિલાડીએ ખુશીમાં ઘુરવું-ખુરખુર-ઘુરઘુર કર્યાં કરવું તે. SEE PUR.

PURR, *v. i.* બિલાડીએ શરીર સાથે લપેટાતી વેળા ગળામાંથી અવાજ કરવો અથવા ખુશીમાં આવી ઘુરવું-ઘુરઘુર કર્યાં કરવું.

PURSE, *n.* પૈસાની કોથળી; વાટવો; બટવો.

2 ખજાનો; કોશ; ધનકોશ; જામદારખાનું, જેમકે The public *purse*.

3 ઈનામ આપવા કહાડેલાં અથવા ભેટ કરવા માટે ઉઘરાવેલાં નાણાંની રકમ.

4 રૂપીઆની અમુક-ચોકસ રકમ, જેમકે એક હજાર રૂપીઆની રકમ તે ટોડો.

Light purse or empty purse, ખાલી ખીસાં; નિર્ધનપણું; લાચારી; ગરીબી.

Long purse or heavy purse, ધન; દોલત; પૈસો; સમૃદ્ધિ.

Long, narrow purse (to be tied around the loins) વાંસળી; હમિયાની.

Sword and purse, પ્રજાનું લશ્કરી બળ-ધન.

PURSE *v. t.* કોથળીમાં ભરવું-મૂકવું.

2 ચીન ચઢાવવી; કરચલી વળે તેમ કરવું; વાટવા-બટવાનું મોહોડું બાંધ કરતી વખતે તે જેમ સંકોચાયછે તેમ સંકોચાવું.

PURSE CRAB, *n.* (*Zool.*) એક જાતનો એકડો, જે ડુંગર અને ખડકના કોતરમાં રહેછે, અને કોઈ કોઈ વાર તે તાડ ઉપર છેક ઉંચે ચઢી જઈ તાડગોળા-ગલેલી ખાઈ જાયછે.

PURSEFUL, *n.* એક કોથળીમાં જેટલું જે કંઈ માય તેટલું તે.

Purse pride, *n.* ધન ગર્વ; ધન દર્પ; ધનાભિમાન; પૈસાથી આવેલો ગર્વ; માલ મસ્તી.

Purse proud, *a.* પૈસાના મદ-મસ્તીવાળું; ધનોન્મત; માલ-જર મસ્ત; પૈસાના જોરે છાતી-ફુલી ગએલું.

Purser, *n.* (*Naut.*) વહાણ ઉપરનો તમામ સરંજામ, ખોરાકી, લુગડાં લતાં તથા સરકારી નાણાં વગેરેનો કબજો જે સનદી અમલદારને હસ્તક હોય તે અમલદાર; વહાણનો ભંડારી-કોશાધિકારી. C. S. G. પરસર.

Purslane, *n.* (*Bot.*) ઘોલની ભાજી; કોરફાની-ખરફાની ભાજી. *Portulaca oleracea.*

Pursuance, *n.* અનુસરણ; અનુસંધાન; ચલાવ્યાં જવું તે; આગળ ચાલુજ રાખવું તે.

In pursuance of, પ્રમાણે; બમુજબ; કશાને અનુસરીને-અનુસરતાં; કશાને લીધે.

2 ચલાવ્યાં જવાને માટે; પાર પાડવાને માટે; સંપાદનાર્થે.

Pursuant, *a.* પ્રમાણેનું; અનુસરતું; અનુસારી; બમુજિબ; મુઆફિક.

Pursue, *v. t.* To chase, કોઇની-કશાની પાછળ લાગવું-પડવું; પકડવા ફરવું; પીછો ધરવો; પુઠે લાગવું; પુઠ પકડવી; કેડો લેવો; ખંતે પડવું; ફુંબાલો પકડવો; ખદેડવું.

2 To seek, મેળવવાનો ઉદ્યોગ-ઉપક્રમ-પ્રયત્ન કરવો-ચલાવવો; કશાની પાછળ મંડવું-મંડ્યાં રહેવું.

3 To follow, કોઇને પગલે ચાલવું-ચાલ્યાં જવું-ચાલ્યાં કરવું; કોઇએ કીધું હોય તેમ કર્યાં જવું.

4 To continue, આગળ ચલાવવું; ચાલુ-જારી રાખવું; ચલાવ્યાં કરવું-જવું; પીછો છોડવો નહી.

5 To imitate, કોઇની નકલ કરવી; કોઇની લઢણ પકડવી.

6 To persecute, કોઇને હેરાન સરગરદાન કરવું; કોઇની પુઠ ધરવી-પુઠે લાગવું; કોઇ પાસે ખુલાસો-જવાબ માંગવો; કોઇને જોઇ લેવું-પુછી રાકવું.

To pursue with dire purpose, હાથ પગ ધોઇને પુઠે લાગવું.

Pursuer, *n.* પાછળ-પુઠે લાગનાર; ખંતે પડનાર; પીછો ધરનાર; પકડવા ફરનાર.

Pursuit, *n.* The act of following or going after, પાછળ લાગવું-પડવું તે; પુઠ પકડવી-પુઠે લાગવું તે; પીછો; કેડો; ફુંબાલો; અનુધાવન, જેમકે The *pursuit* of game; the *pursuit* of an enemy.

2 Endeavor to attain to or gain, મેળવવા-સંપાદન કરવાનો ઉદ્યોગ-પ્રયત્ન-ઉપક્રમ-ખંત-પેરવી, જેમકે The *pursuit* of knowledge; the *pursuit* of happiness or pleasure.

3 Course of business or occupation, ઉદ્યમ; ઉદ્યોગ; વ્યવસાય, જેમકે Mercantile *pursuits*; literary *pursuits*.

4 Continuance of endeavor, ચાલુ-જારી રાખવું તે; ચલાવ્યાં કરવું તે; ખંખોદ; ચાલુ રાખેલો યત્ન, જેમકે And that they would give over further *pursuit* of it.

Pursuivant, *n.* A state messenger, સરકારી-બાદશાહી જાસુસ; રાજદુત; સરકારી કાસદ-હરકારો.

2 An attendant on the heralds, રાજદુતોની આગળ ચાલનારો ખિદમતગાર-અનુચર-ચોબદાર.

3 (*Herald's college*) ઉતરતી પદવીનો અમલદાર જે આગળ જતે ચઢતી પદવીઓ ઉપર જઇ શકેછે.

Pursy, *a.* ફુલેલું; પવન ભરાયાથી ઉપસાયલું. એ ઉપરથી.

2 જાડું; ઠીંગું ટુંકું ને જાડું; બતકું. એ ઉપરથી,

3 દમ ભરાઇ ગએલું; દમ ભર્યું; જેનો શ્વાસોચ્છવાસ ઝડફથી ચાલતો હોય એવું.

Purulence, } **Purulency**, } *n.* (*Med.*) પુય-પરૂ થવું તે; પરૂનું ભરાવું; પરૂ-પુય પુર્ણતા.

Purulent, *a.* (*Med.*) પરૂનું; પરૂથી ભરેલું; પાકેલું; પુયરૂપ; પરૂના જેવું; પુય પુર્ણ; પુય મય.

Purvey, *v. t.* પુરૂં પાડવું; ખાવા પીવાનું-સુખ વસ્તુ પુરી પાડવી; ખોરાકીનો સામન પુરો પાડવો.

2 મેળવવું; સંપાદન કરવું; મેળવી આપવું.

Purvey, *v. i.* ખાવાપીવાનું ખરીદવું; ખોરાકીનો સામન વેચાતો લેવો.

Purveyor, *n.* મોદી; ગોધરી; ખોરાક પુરો પાડનાર-લાવી આપનાર; વાકનીસ.

2 ભડવો-વેણ; કુટણો-ણી; ભડવાઇ કરનાર; કોકબાલ.

Pus, *n.* (*Med.*) પરૂ; પુય; રસી.

Puseyism, *n.* (*Theol.*) ડાક્ટર Pusey અને તેની સાથના બીજા ધર્માચારીઓના ઈંગ્લંડમાં જાહેર પડેલા વિચાર, જેમાં એવું જણાવવામાં આવેલું કે Protestant મત ધરાવનારાઓએ પોતાના ફેરવાયલા વિચારોમાં પાછળ હઠીને એવા વખત સુધીના વિચારો રાખવા, કે જે વિચારોમાં Protestant મતવાળાઓને Roman Catholic પંથવાળાઓથી છુટા પડવાની જરૂર હતીજ નહી.

Puseyite, *n.* Puseyism પંથીઓનો મત ધરાવનાર.

Push, *v. t.* હડસેલવું; હડસેલો આપવો-મારવો; હડસેલો આપવું ઢકેલવું; ઠેલવું.

2 મુઢણિકું મારવું-લગાવવું; ટક્કર મારવી; શિંગડાં મારવાં-ભોકવાં.

3 ધકાવવું; ડોકવાં-ડોકાવ્યાં-ઑકાવ્યાં-ઢકેલ્યાં-ઠેલ્યાં-દોડાવ્યાં જવું.

4 ભીડાવવું; સપડાવવું; અકળાવવું; ધભરાવવું; કશાંથી ભીડાઇ-સપડાઇ જવું.

5 વળગવું; જીવ ખાવો; શરમમાં નાખવું; હેડ કરવી; બજીદ થવું; આગ્રહ કરવો; અડવું.

To push down, હડસેલીને પાડી નાખવું; ઢકેલીને નાખી દેવું.

To push one's fortune, દૈવ સાથે હઠ કરવી; દૈવ સાથે ટક્કર

લડવી; દૈવ વાંકું છતાં ઉદ્યમ કર્યાં જવો.

To push and pommel, ધકામુકી કરવી.

PUSH, *v. i.* ગોદા–રિદો મારવો.

2 હ્લોંસો–ધસારો–હલ્લો–સપાટો કરવો; રિદો કરીને જવું–ધસવું.

3 ફુટી નીકળવું, જેવી કે કળી અથવા પીલો.

To push in, ઘુસવું; ઘુસી જવું.

To push on, ધસ ભેર–ધસારા સમેત દોડયાં–ચાલ્યાં જવું.

PUSH, *n.* ગોદો; અણિવાળા કોઈ હથિયાર વતે જોરથી મારવું તે.

2 હડસેલો; ધક્કો; ઠોંસો; ઠેસ; આંચકો.

3 હ્લોંસો; ધસારો; હલ્લો; સપાટો.

4 જરૂર; અગત્ય; તરત ને તરતજ ઉપાય કરવો જોઈએ એવો બનાવ–પ્રસંગ; અણી; અડી વેળા.

5 ફોલ્લી; ફોલ્લો; ગુમડું.

PUSHING, *a.* સાહસિક; જબરી છાતી–હિમતવાન–વાળું; માથું મારીને પોતાનું કામ કર્યાં જનાર; મુશ્કેલીઓ છતાં પોતાનું કામ ઠોકીને કર્યો જનાર; ખટપટયું.

Pushing and shoving, ધકાધુકી; ઠેલમઠેલા.

PUSILLANIMITY, *n.* નામર્દાઈ; બાયલાપણું; કમજુરતી; છેક પોસ્તીપણું; પચકુપણું; શૌર્યહીનતા; બુજદિલી.

PUSILLANIMOUS, *a.* નામર્દ; બહીકણુ; કમજુરત; બાયલું; પોસ્તી; પોચું; બુજદિલ; પચકણુ; પચકું; નબળાં મનનું; હારી બાઈ જાએ એવું; કમહિમત; ભીરૂ; બડકણુ; હાંજા મુકી દે એવું.

PUSS, *n.* બિલાડીને લાડથી બોલાવવાનો શબ્દ; મીનીબાઈ.

2 સસલું; શશ. —શિકારી લોકો એ અર્થે એ શબ્દ વાપરેછે.

PUSSY, *n.* ન્હાની મીનીબાઈ.

PUSSY, *a.* SEE PURSY.

PUSTULATE, *v. t.* ફુલ્લી–ફોલ્લા થવા.

PUSTULE, *n.* (*Med.*) પરથી ભરેલી ફુલ્લી–ફોલ્લો; સ્ફોટ; ગુમડું.

PUSTULOUS, *a.* ફોલ્લાથી ભરાઈ ગએલું; ફોલ્લાફોલ્લા–ફુલ્લીફુલ્લી થઈ રહેલું.

PUT, *v. t.* To set, lay or place, મુકવું; મેલવું; નાખવું, જેમકે To *put* the hand to the face; to *put* fire to the fuel; to *put* a book on the shelf.

2 To bring into a state of mind or temper, મન કરાવવું; મનમાં આવે તેમ કરવું, જેમકે Solyman, to *put* the Rhodians out of all suspicion of invasion......

3 To propose, વિચાર કે તકરાર કરવા કે મંજુર યા નામંજુર રખાવવા માટે કોઈ બાબદ રજુ કરવી–મુકવી, જેમકે To *put* a case in point.

4 To offer, આગળ કરવું–ધરવું–મુકવું; રજુ કરવું; ધ્યાન પર લાવવું; મ્હો આગળ ધરવું–કરવું; સામે મુકવું–આણવું; બતલાવવું, જેમકે I am ashamed to *put* a loose indigested play upon the stage.

5 To state in language, એકમાંથી બીજી ભાષામાં કહી–બોલી દેખાડવું–સંભળાવવું, ભાષાંતર–તરજુમો કરવો, જેમકે These verses, originally Greek, were *put* in Latin.

6 To express, કહેવું; બોલવું; કહી–બોલી–લખી દેખાડવું; ઉચ્ચારવું, જેમકે All this is ingeniously and ably *put.*

7 To repose, મુકવું; રાખવું, જેમકે How wilt thou...*put* thy trust on Egypt for chariots?

8 To push into action, કોઈની મરજી ઉપરાંત તેની પાસે કંઈ કરાવવું; જબરીથી–પ્રાણે કરાવવું, જેમકે Thank him who *puts* me, loth, to this revenge.

9 To oblige; to require, જરૂર–ફરજ પાડવી; કરાવવું, જેમકે We are *put* to prove things which can hardly be made plainer.

10 To apply; to set to employment, મન લગાડવું–ઘાલવું; ધ્યાન લગાડવું–ચોંટાડવું, જેમકે No man having *put* his hand to the plow, and looking back, is fit for the kingdom of God.

11 To incite, ઉત્તેજન આપવું; ચઢાવવું; ઉશ્કેરવું; મન કરાવવું, જેમકે *Put* me not to use the carnal weapon in my own defence.

12 To Cause, કરાવવું; થાય એવું કરવું, જેમકે The natural constitutions of men *put* a wide difference between them.

13 To throw with the hand raised over the head, માથા ઉપર ચેર હાથ ઉંચકીને ફેંકી–નાખી દેવું.

To put about, (*Naut.*) ફેરવવું; મ્હો ફેરવવું; રસ્તો બદલવો; બીજે રસ્તે લઈ જવું; હેરિયું લેવું (વહાણ).

To put away, કાઢી મુકવું; ખસેડવું; દુર–આઘું કરવું; રજા આપવી.

2 છુટા છેડા કરવા; તલાક આપવી; છુટાં પાડવું.

To put back, હરકત કરવી; વાર લગાડવી; મોડી કરવું; રોકી રાખવું.

2 આગલી જગાપર–જ્યાંહાંનું ત્યાંહાં મુકવું; જ્યાં અસલ હોય ત્યાં મુકવું; પાછું ઠેકાણે મુકવું.

3 પાછું માંડવું–ફેરવવું; ઉલટું હઠાવવું; ઘડિયાળનો કાંટો પાછો ફેરવી થઈ ગયલા વખતપર માંડવો.

To put by, ઉંચું મુકવું; કોરે મુકવું.

2 વાલવું; આડું લઈ જવું; ખસેડી–ફેરવી નાખવું, જેમકે The design of the evil one is to *put* thee *by* from thy spiritual employment; a fright hath *put by* an ague fit.

To put down, મુકવું; મુકી દેવું.

2 વ્યર્થ–નિષ્ફળ કરી નાખવું; કોઈનું ચાલવા–ફાવવા–વળવા નહી દેવું; હરાવવું; ગુંચવવું, જેમકે To *put down* a party.

3 ઉતારવું; ઉતારી પાડવું; દાબી–હોલવી નાખવું; ઝાંખું પાડવું; માન હાનિ કરવી; જેર–નરમ કરવું.

4 વપરાસમાંથી કાઢી નાખવું; વપરાતું બંધ કરવું; વપરાય–

આપે નહી તેમ કરવું, જેમકે Sugar hath *put down* the use of honey.

5 તકરારથી હરાવવું-મ્હોં બંધ કરી નાખવું; અફાબંધ કરવા, જેમકે Mark now how a plain tale shall *put* you *down*.

To put forth, મંજુરે વા નામંજુર કરાવવા મ્હોં આગળ ધરવું-મુકવું-કરવું-રજુ કરવું, જેમકે Sampson said, I will now *put forth* a riddle to you.

2 લાંબું કરવું; લંબાવવું, જેમકે To *put forth* the hand.

3 ફુટવું; નીકળવું; પીલો ફુટવો, જેમકે To *put forth* leaves.

4 વાપરવું;ઉપયોગ-કામમાં લેવું,જેમકે To *put forth* strength.

5 જાહેર-પ્રગટ-પ્રસિદ્ધ કરવું, જેમકે To *put forth* a book.

To put forward, આગળ પાડવું; ચઢાવવું; વધારવું;બઢતી કરવી.

2 કોઈ વધે-ચઢે તેમ કરવું; મદદ-કુમક આપવી.

3 આગળ માંડવું; ઘડિયાળનો કાંટો આગળ માંડવો.

To put in, મુકવું; ઘાલવું; બેસવું; દાખલ કરવું.

2 બારામાં લાવવું (વહાણને).

3 (*Law*) ઘટતી રીતે કોરટમાં રજુ કરવું; કોરટના દફતર-દસ્તાવેજોમાં દાખલ કરવું.

To put off, કાઢવું; ઉતારવું; કાઢી-ઉતારી નાખવું-મુકવું.

2 ઉડાવવું; વ્હાવું; વાયદા કરવા; ટાળવું; ટાળો કરવો-દેવો.

3 લાંબું-આઘું નાખવું; વાર-ઢીલ કરવી-લગાડવી; પછી કરવાનું રાખવું. [ઠેકાણું-રસ્તો કરવો.

4 કાઢી નાખવું; આપી દેવું; કશાનો નિકાલ કરવો-કાઢવો;

5 જમીન ઉપરથી હડસેલી કાઢવું; દરિયામાં ઉતારવું.

To put on or *upon*, પેહેરવું; ઘાલવું.

2 ડાળ ઘાલવું; ધારણ કરવું; કોઇ રૂપ-સ્વરૂપ પકડવું.

3 કોઈના ઉપર ઢોળી દેવું; કોઇના ઉપર લાગુ પાડી દેવું; કોઇને લગાડવું-આરોપવું; એલજામ લગાડવો.

To put out, બહાર કાઢવું; કાઢી મુકવું-નાખવું.

2 ઉપર આવવું-ફુટવું-બેસવું; કશામાંથી નીકળવું.

3 હોલવવું; ગુલ કરવું;ધેર કરવું;વગું કરવું; બુઝાવવું;વકું કરવું.

4 વ્યાજે મુકવું; વ્યાજે ફેરવવું.

5 નાખુશ-ખફા કરવું; ચ્હીડવવું; ગુસ્સે કરવું.

6 આગળ ધરવું; લાંબું કરવું; બહાર કાઢવું.

7 છાપી પ્રસિદ્ધ-જાહેર-આશકારા-પ્રગટ કરવું; કાઢવું.

8 કોઇને ચાંઈ કરી નાખવું; કોઇને ઘભરાવી-ઝાંખું પાડી દેવું; કોઈને અકળાવી ઘભરાવીને અટકાવી પાડવું.

9 (*Law*) ઉઘાડવું; ખુલ્લું કરવું; બારી મૂકવી.

10 (*Med.*) ખસી-ઉતરી જવું; ઉતરાવી નાખવું.

11 -(the eyes) ડાળા ફોડવા; નેન ખેંચી કહાડવાં.

To put over, ઉપરી બનાવવું; કોઇની ઉપર અધિકાર આપવો-સોંપવો.

2 હવાલો આપવો; બીજાની પાસે જવાનું કહેવું.

3 મુલતવી રાખવું; થોડી મુદતસુધી બંધ રાખવું.

4 ઉપર પાંથરવું-નાખવું-હોરાડવું.

To put to, ઉમેરવું; મેળવવું.

2 કશા ઉપર રાખવું; જોખમમાં રાખવું-નાખવું-મૂકવું.

To put together, જોડી-મેળવી દેવું; સાથે કરવું-મૂકવું.

2 એકઠું કરવું; એકરસ-એક કરવું.

To put to it, દુઃખ-આપદા-મુસીબત-સંકટમાં નાખવું; ફસાવવું; હેરાન કરવું.

To put up, જાહેરમાં-ખુલ્લી જગાપર મૂકવું; ખુલ્લી રીતે વેચવા કહાડવું.

2 એકઠું કરવું; સંગ્રહ-સંચય કરવો; ભરી મૂકવું-રાખવું.

3 આઘું-કોરે-ઉંચું મુકવું; છાનું રાખવું.

4 ઉંચું મુકવું; ઠેકાણે મુકવું; સંભાળી-સાચવીને રાખવું.

5 ભરવું; પેટીમાં ભરવું, જેમકે To *put up* clothing for a journey.

To put up to, ઉસ્કેરવું; ચઢાવવું; શાણી કરવી.

To put on the crown of, તમામ-સમામ-પુરૂં કરવું; આટોપવું.

To put the hand to, પકડવું; ધરવું; હાથમાં લેવું; ઝાલવું;સહાવું.

2 માડવું; કરવા માડવું.

3 હાથ ફેરવવો; ચોરી કરવાની મકસદે લેવું.

To put to a stand, અટકાવી પાડવું; થોભાવવું.

To put to death, મારી નાખવું; ઠાર-ગરદન મારવું; જબે કરવું.

To put to the sword, તરવારે કાપી નાખવું; કતલ કરવું.

To put to use, કામ-ઉપયોગમાં લેવું-લાવવું.

To put in writing, લખવું; લખી કાઢવું; ચોપાંપર કાઢું કરવું.

To put to trial, or *on trial*, ઈનસાફ-તજવીજબાર લેવું; અદાલતમાં તપાસ કરવી.

2 કસોટીપર ચઢાવવું; કસવું; અજમાવવું.

To put trust in, વિશ્વાસ-ભરૂસો-ઈતબાર રાખવો-કરવો.

To put in fear, બ્હીવડાવવું; બ્હીક પેસાડવી-દેખાડવી; ડરાવવું.

To put in mind, યાદ કરાવવું-આપવું; યાદ દેવડાવવી.

To put in practice, સિદ્ધ અનુભવમાં લાવવું; અમલમાં લાવવું.

To put into another's hands, વિશ્વાસ રાખીને સોંપવું; કોઈના હવાલા-જુમ્મામાં આપવું.

To be put upon, છેતરાવું; ઠગાવું.

To put two heads together, સાથે મળીને વિચાર કરવો; મનસૂબો કરવો.

To put a question, સવાલ પૂછવો.

To put oil in a lamp, દીવામાં તેલ પૂરવું-રેડવું.

To put water in milk, દુધમાં પાણી નામવું-ભેળવું.

Put, *v. i.* To steer, ચલાવવું; હંકારવું; જવું; વળવું; હંકારી જવું.

જેમકે His fury thus appeased, he *puts* to land.

2 To shoot, ફણગો-અંકુર-રાણગો ફુટવો-આવવો-નીકળવો, જેમકે the sap *puts* downward. [નીકળવો.

To put forth, ફણગો-અંકુર-રાણગો-પીલો ફુટવો-આવવો-

2 બારૂં છોડવું; બંદર મુકવું; બંદરમાંથી રવાના થવું.

To put in, બારાં-બંદરમાં આવવું; બારામાં દાખલ થવું; બંદરમાં હંકારી જવું-લાવવું. [of profits.

2 દાવો રજુ કરવો; માંગવું, જેમકે A *puts in* for a share

To put in for, ઉમેદવારી કરવી-બતાવવી; ઉમેદવાર તરીકે પોતાને રજુ કરવો; ઉમેદવાર થવું-હોવું. [કોકાઠીને હાંકવું.

To put on, ઉતાવળી જોરાથી ચલાવવું; ઝડફથી દોડાવવું;

To put off, કિનારો મુકી સમુદ્ર તરફ હંકારી જવું; હંકારવું.

To put to sea, સ્હડ ઉકેલવા; લંગર ઉચકવું; બંદર છોડવું; વહાણમાં બેસીને નીકળવું; સફર શરૂ કરવી; સફરે જવું; સમુદ્રયાન આરંભવું.

To put up, કોઇને ત્યાં ઉતરવું-ઉતારો લેવો-મુકામ કરવો.

2 ઉમેદવાર થવું-હોવું; ઉમેદવારી બતાવવી-કરવી.

To put up with, દરગુજર કરવી; ભૂલી જવું; ગઈ કરવું; ખાઈ જવું; મુગાં મુગાં ખમી રહેવું; સાંખી જવું.

2 ચલાવી લેવું; રકઝક કીધા વગર કે વાંધો સુંઘો નાખ્યા વગર કબુલ રાખવું.

PUT, *n.* ગામડિયો; બુસો; ગામડાનો રહેવાસી; રોચો; ગમાર; દહેકાની.

PUTAGE, *n.* (*Law*) ઓરતની છિનાલી.

PUTATIVE, *a.* લોકમાં કહેવાતું-ગણાતું-મનાતું.

Putative father, પિદરે ફરજી; કહેવાતો-ગણાતો બાપ.

PUTEAL, *n.* (*Arch.*) કુવાનો વરો.

PUTLOG, *n.* લાકડાંનો એક ટુંકો ઉભો ટેકો અથવા વાંસો જેની ઉપર પરાંજનાં પાટિયાં ગોઠવવામાં આવેછે.

PUTOFF, *n.* ટાળો; ચુકવવું-ઉડાવવું-ટાળવું તે; અખાડા; બહાનું; ટાળમટોળ. [કોહેલું.

PUTREDINOUS, *a.* કોહોવાણમાંથી ઉત્પન્ન થતું; ગંધાતું; ગંધ મારતું;

PUTREFACTION, *n.* કોહી-સડી જવું તે; કોહોવાણ.

2 કોહેલી-સડેલી વસ્તુ-પદાર્થ.

PUTREFACTIVE, *a.* કોહોવાણનું-ને લગતું-સંબંધી.

2 કોહોવાડે-સડાવે એવું.

PUTREFY, *v. t.* કોહોવાડી-સડાવી નાખવું; કોહી-સડી જાય તેમ કરવું.

2 બગાડવું; ખરાબ કરવું.

PUTREFY *v. i.* કોહી-સડી જવું; ગંધાઈ આવવું-ઉઠવું.

PUTRID, *a.* કોહોએલું; સડેલું.

2 કોહોવાણમાંથી-કોહોએલા-સડેલાપણામાંથી નીકળતું-ઉપજતું-ઉત્પન્ન થતું. (ઝાડપાન અને જાનવર બંનેને એ શબ્દ લાગુ પડેછે).

PUTRIDITY, PUTRIDNESS, } *n.* કોહોવાણ; કોહોએલા-સડેલાપણું.

PUTRILAGE, *n.* (*Med.*) ગુમડાં-નાસુરની અંદરથી નીકળતું-છુટું પડતું મુરદાલ માંસ-ચામડું.

PUTTER, *n.* મુકનાર; મેલનાર.

2 કોલસાની અને તેવીજ બીજી ખાણોમાં ન્હાનાં ગાડાં ઠેલી-ઠેલી-તાણી આપનાર.

PUTTER, *v. i.* SEE POTTER.

PUTTERON, *n.* ઉશ્કેરનાર; સળગાવનાર; ચઢાવી-ભરાવી આપનાર; સળી-સળકડી કરનાર.

PUTTING, *n.* માથાઉપરથી ઘુમાવીને ભારી પથ્થર ફેંકવો-ઉછાળવો તે.

PUTTY, *n.* લાંબી; ચાકના કપડછાણ કરેલા ભૂકામાં અળસીનું તેલ નાખી તેને કુટી મસળી કરેલો જે પદાર્થ તે. એ પદાર્થ કાચ બેસાડવા અને ચીરા-વખતાર-ફાટ પુરવા-ભરવાના કામમાં આવેછે.

Putty powder, કલાઇ અને સીસાની એક મેળવણી. કાચ અને બીજી કઠણ જીનસોને સફાઈદાર-ચળકાટ ભરેલી કરવાના કામમાં એ મેળવણી ઘણી વરાયછે.

PUTTY, *v. t.* લાંબી પુરવી-ભરવી-દેવી.

PUY, *n.* SEE POY.

PUZZLE, *v. t.* ગુંગવવું; ગુંચ-ગુંગવાડા-ગુંચવાણ-ગભરાટમાં નાખવું; કશાંથી ગુંચવાવું; અકળામણમાં નાખવું; ઘભરાવવું; અકળાવવું; કોઈને કંઈ સુજ ન પડે એવું કરવું; આગે જ કરવું; પેચમાં લેવું.

PUZZLE, *v. i.* ચકીત થવું; ઘભરાવું; બાવરું-વ્યાકુલ બનવું.

PUZZLE, *n.* સામા ધણીની ખબરદારી અજમાવવાની હરકોઈ યુક્તિ; સામા ધણીને ગુંચવવાનું વખાણું; જેના સાંધા છુટા પાડયા પછી તે પાછા બેસાડી આપવાના હોય એવું ગુંચનું રમકડું.

2 કચાટ; ગુંચ; કુટ; ઘોળ; ગુંચવણ; આંટી; મુશ્કેલી.

PUZZLED, *p. a* હેરાન; પરેશાન; વ્યસ્તચિત્ત.

To be puzzled, તાજ્જુબ થવું; હેરાન-પરેશાન હોવું-થવું.

PUZZLE HEADED, *a.* જડ બુદ્ધિ; મુઢમતિ; ઠુઓ; બાથડ.

PYÆMIA, *n.* (*Med.*) પરૂમાંના ઝેરી પદાર્થો લોહી સાથે મળી ગયાથી પેદા પડતું ઘાસ્તી ભરેલું દરદ-રોગ.

PYE, *n.* SEE PIE.

PYEBALD, *a.* SEE PIEBALD.

PYET, *n.* SEE MAGPIE.

PYGMEAN, PYGMY, } *a.* ઠીંગણાએલું; ઠુંડલાએલું. SEE PIGMY.

PYGMY, *n.* (*Gr. Myth.*) હિંદુસ્થાનના છેલ્લા ભાગમાં, અથવા કેટલાકોના મત પ્રમાણે "ઇથીઓપિયા"માં વસનારાં એકજ ફુટ લંબાઈનાં કલ્પિત ઠીંગણાં માણસોનો ટોળો. "આરિસ્ટોટલ" લખી ગયા છે કે આ ટોળાનાં લોક જમીનમાં દર ખોદીને તેમાં રહેતાં હતાં, અને મોસમની વખતે અનાજ કાપવાને

હથિયારો લઈ તેઓ બહાર પડતાં હતાં. તેઓ બકરાં અને મેંઢાં પર સ્વારી કરતાં હતાં. દર વર્ષે, તેમની ઉપર સારસ અથવા બગલાની જાતનાં પક્ષીઓ "સાંથીયા" દેશમાંથી ઉલટી આવી તેમના અનાજ ઉપર લૂટ ચલાવતાં હતાં, જેઓ સામે લડાઈ કરવાની એ વ્હેંતિયાંઓને ફરજ પડતી હતી. આ લોક ઉપર જરીના નામની એક ઘણી ખૂબસુરત શાહજાદી રાજ ચલાવતી હતી. એ શાહજાદી પોતાની ખૂબસુરતીના તોરમાં એટલી તો આવી ગઈ કે એક વાર Jupiterની બાયડી Juno કરતાંની વધારે ખૂબસુરત હોવાનું અભીમાન કીધું. એ ઉપરથી Junoએ જરીનાનું માણસનું રૂપ બદલીને તેને એક સારસ પક્ષી બનાવી દીધો હતી. સારસ જાતનાં પ્રાણીઓ સાથની લડાઈમાં એ વ્હેંતિયાંઓનો નાશ થયો હતો. એ ઉપરથી,
2 ઠીંગણું-હિમાયતું-હીમલું-ઠુંડલાઈ ગએલું માણસ; વામનજી; ઠીંગણી ગોટલી; વ્હેંતિયું માણસ.

Pylorus, *n.* (*Anat.*) જઠર અથવા કોઠાનું મ્હોડું જે વાટે ખોરાક આંતરડામાં પસાર થાયછે.

Pyogenic, *a.* પુ-પૂય-પરૂ ઉત્પન કરે એવું; જેથી પરૂ ભરાય એવું.

Pyoid, *a.* (*Med.*) પરૂના જેવું; પરૂવાળું.

Pyot, *n.* See Piet.

Pyramid, *n.* પડારોહો નક્કર પદાર્થ; જેનું તળિયું ત્રણ ખુણિયા કે સમચોરસ અથવા ચાર કરતાં વધારે ખુણાનું હોય અને જેની ઉપલી ટોચ અણિયાળી એવો નક્કર પદાર્થ.
2 ઉપર જણાવેલા આકારની ઈમારત; મિસરી મિનારો; પડારોહી ઈમારત. C. S. G. પિરમિડ.

Pyramidal, *a.* મિસરી મિનારાના જેવું-ના જેવા આકારનું; પડારોહું; એક છેડા તરફથી પતળું થતું જઈ મથાળે અણિયાળી ટોચ થતું. 2 મિસરી મિનારા વિષેનું-સંબંધી.

Pyramidic, **Pyramidical**, *a.* મિસરી મિનારાના જેવા આકારનું; મિસરી મિનારાના જેવું; ગોપુચ્છાકાર; ગાવદુમ; પડારોહું; એક છેડા તરફથી પતળું થતું જઈ મથાળે અણિયાળી ટોચ થતું.

Pyramidoid, **Pyramoid**, *n.* પિરમિડને મળતો-ના જેવો એક નક્કર પદાર્થ.

Pyramis, *n. pl.* Pyramides, See Pyramid.

Pyre, *n.* ચેહ; ચેહ; ચિતા; સ્મશાનાગ્નિ.

Pyrites, *n.* (*Min.*) લોઢું કે તાંબું અથવા "કોબાલ્ટ" નામની કે "નિકલ" નામની ધાતુની સાથે મળ્યાથી થએલો, ધાતુના જેવો દેખાતો ધોળો કે પીળો ઝળકાટ મારતો પદાર્થ; અગ્નિપાષાણ; સ્વર્ણ માક્ષિકા; સુવર્ણ મુખી.

Pyromancy, *n.* અગ્નિ-આતશની મારફતે ભવિષ કહેવું તે; આતશની મદદની જોષગોઈ-ફાલગોઈ; અગ્નિદ્વારા ભવિષ્ય કથન.

Pyrometer, *n.* ઉષ્ણતામાપન યંત્ર; ઉષ્ણતામાપક યંત્ર; હરારત પયમા.

Pyronamics, *n.* *Sing.* અગ્નિ શાસ્ત્ર.

Pyroscope, *n.* અગ્નિ-આતશમાંથી નીકળતાં ગરમીનાં કિરણોનું જોર માપવાનું યંત્ર.

Pyrosis, *n.* (*Med.*) પેટમાં આગ બળીને ખાટા ઓડકાર આવે એવું જઠર અથવા કોઠાનું દરદ; વાઈનું દરદ; અજીરણ.

Pyrotechnian, **Pyrotechnician**, **Pyrotechnist**, *n.* આતશબાજી બનાવવાનો હુનર સારી રીતે જાણનાર; આતશબાજી બનાવનાર; હવાઈગર.

Pyrotechnic, **Pyrotechnical**, *a.* આતશબાજીનું-ને લગતું; આતશબાજી બનાવવાના હુનરનું-વિષેનું-પ્રમાણેનું.

Pyrotechnics, **Pyrotechny**, *n.* *Sing.* આતશબાજી બનાવવાનો હુનર; અગ્નિક્રીડાશાસ્ત્ર-વિદ્યા; હવાઈગરી.

Pyrotic, *a.* દાહક; બાળી નાખે એવું. See Caustic.

Pyrotic, *n.* દાહક-બાળી નાખે એવું ઓસડ.

Pyroxyline, *n.* (*Chem.*) દારૂ જેવો શીઘ્રજ્વાળી એક પદાર્થ. See Guncotton.

Pyrrhonism, *n.* Universal doubt, જ્ઞાન માત્ર સંદિગ્ધ છે એવું [મત-વાદ.

Pythagorean, *n.* પાઈથાગોરસ નામના એક યુનાની કદીમ ફિલસુફના મત મુજબ ચાલનાર; પાઈથાગોરસનો અનુયાઈ; પાઈથાગોરસપંથી.

Pythagorean, *a.* પાઈથાગોરસ અથવા તેની ફિલસુફીનું-ને લગતું.

Pythagoric, **Pythagorical**, *a.* See Pythagorean.

Pythian, *a.* Apollo દેવતાની પુજારણને લગતું, જે પુજારણ દર વર્ષે ભવિષ્યવાની કહેતી હતી એવું ગ્રીક કથામાં જણાવેલું છે.
Pythian games, (*Gr. Antiq.*) પ્રાચીન ગ્રીકલોકના ચાર મોટા તમાશા-મેળામાંનો એક તમાશો. આ મેળો "ડુલફી" શેહેરમાં દર પાંચમે વરસે ભરાતો હતો. (*Python*) એક જબરો અજગર, લોકોને બહુ પીડા કરનાર, થઈ પડયો હતો તેને Apollo દેવતાએ મારી નાખ્યો હતો તેની ખુશાલીની યાદગારીમાં આ મેળો દર પાંચમે વરસે ભરાતો હતો, અને જે વખતે Apolloની તારીફનાં ગીતો ગવાતાં હતાં, અને તેની પુજા પણ બહુ ધામધુમથી થતી હતી તથા લખો રૂપિયાની કિમતની સોનારૂપાની માનતા ચડતી હતી.

Python, *n.* (*Zool.*) Boa જાતના સર્પની એક જાત; અજગરની [એક જાત.

Pythoness, *n.* Apollo દેવતાની પુજારણ, જે, ડુલફી શેહેરમાં થતા *Pythian* તમાશામાં ભવિષ્યવાની કહી સંભળાવતી હતી, અને જેને સવાલો પૂછવા હજારો લોક ભેગાં થતાં હતાં.
2 ભવિષ્યવાની કહી શકનાર કોઈબી જોગણ-પુજારણ-દેવી.

Pyx, *n.* (*Rom. Cath. Church*) પ્રસાદ દરૂનો મૂકવાની દાબડી.
2 ચોક્કસ વજન અને ટચના બનાવેલા સિક્કાના નમુના ટંકશાળમાં રાખવાની પેટી.
3 (*Naut.*) વહાણપર હોકાયંત્ર રાખવાની લટકતી પેટી.

Q

Q. ઇંગ્રેજી મુળાક્ષરો માહેલો ૧૭ મો અક્ષર; એનો ઉચ્ચાર ક્યુ થાયછે.

QUACHA, *n.* (*Zool.*) SEE QUAGGA.

QUACK, *v. i.* બતકની પેઠે બોલવું; બતકે બોલવું; વકવક કરવું.

2 ડોળ ઘાલવું; ખોટો દમામ–પતરાજી કરવી; બડાઇ કરવી; લાફ મારવી.

QUACK, *n.* બતકનું બોલવું; બતકનો સાદ–અવાજ.

2 વગર આવડતનો વૈદ; નીમહકીમ; ઊંટવૈદ; આંખ કાનનો વૈદ; ઊંટવૈદું કરનાર.

3 બડાઇ–પતરાજી કરનાર; ડોળ ઘાલનાર; ડોળઘાલુ; બડાઇખોર; લાફજન; ખુદફરોશ.

QUACK, *a.* ઊંટવૈદનું; ઊંટવૈદોના જેવું; ઊંટવૈદો વાપરે–આપે એવું.

QUACKERY, *n.* ઊંટવૈદું; વૈદનું ડોળ; આવડત વગર વૈદું કરવું તે; નીમહકીમી.

QUADRAGESIMA, *n.* (*Eccl.*) ઇસ્ટરના તેહવારની અગાઉના ચાલીસ દહાડાનો અપવાસ.

QUADRANGLE, *n.* (*Geom.*) ચાર ખુણાવાળી આકૃતિ; ચોખુણ–ચતુષ્કોણ આકૃતિ; ચતુરસ્ર.

2 (*Arch.*) ચોક; ઘરની આસપાસની ખુલ્લી જગા–વાડો.

QUADRANGULAR, *a.* ચાર ખુણાવાળું; ચોખંડ; ચોખુણ; ચોરસ; ચતુષ્કોણ.

QUADRANT, *n.* (*Geom.*) ગોળનો ચતુર્થાંશ; વર્તુલ–ગોળનો ચોથો ભાગ; વર્તુલપાદ; પા ગોળ; ૯૦ અંશ; ત્રિજ્યા; વ્યાસાર્ધ.

2 આકાશના તારા વિગેરેની ઉંચાઈ માપવાનું યંત્ર; સૂર્યયંત્ર.

QUADRANTAL, *a.* વર્તુલપાદ–ગોળના ચોથા ભાગને લગતું.

2 વર્તુલપાદ–ગોળના ચોથા ભાગમાં આવેલું–સમાયલું.

QUADRAT, *n.* (*Print.*) કંપોસ કરતી વખતે બોલો અથવા ઓળીની વચમાં ખાલી જગા રાખવાની હોય ત્યાં સીસાનાં જે નહાનાં ચપટાં ખીલાં ભરવામાં આવેછે તે. (ટાઇપ અથવા છાપવાના ખીલાંની ઉંચાઈ કરતાં ઓછી ઉંચાઈના એ ખીલાં ઓતવામાં આવેછે). C. S. G. કવાદ્રેટ.

QUADRATE, *a.* Square, ચોરસ; ચોખંડ; ચોખુણ.

2 Separable into four equal parts, જેના ચાર ભાગ કરી શકાય એવું; જેના ચાર સરખા ભાગ થાય–પડે એવું.

3 Even, સમાન; બરોબર.

4 Suited, લાગુ પડતું; મળતું આવતું; લાયક; બંધ બેસતું.

QUADRATE, *v. i.* લાગુ પડવું; મળતું આવવું; બંધબેસવું. [એ શબ્દની પાછળ (*with*) શબ્દ આવેછે.]

QUADRATIC, *a.* ચોરસ; ચોખંડ.

Quadratic equation, (*Alg.*) વર્ગસમીકરણ.

QUADRATURE, *n.* કોઈએક આકૃતિના ક્ષેત્રફળની બરોબર ચોરસ કરવું તે; પદસંસ્થાન.

QUADRENNIAL, QUADRIENNIAL, } *a.* ચાર વરસનું; ચોસાલી; ચાતુર્વાર્ષિક.

2 ચાર ચાર વર્ષે આવતું–થતું–બનતું.

QUADRICORNOUS, *a.* ચાર શિંગડાંવાળું; ચોસિંગું.

QUADRIFARIOUS, *a.* ચાર હારમાં ગોઠવેલું.

QUADRIGA, *n.* (*Rom. Ant.*) પુરાતન સિક્કા–ચાંદો ઉપર પાડેલું હોયછે તેવી રીતે એકેકની પાસેપાસે જોડેલા ચાર ઘોડાની ગાડી.

QUADRIGENAREOUS, *a.* ચારસોવાળું; જેમાં ચારસો હોય એવું.

QUADRILATERAL, *a.* ચાર બાજુવાળું; ચોખુણ; જેને ચાર બાજુ અને ચાર ખુણા હોય એવું.

QUADRILATERAL, *n.* ચાર બાજુવાળી અને ચાર ખુણાની આકૃતિ.

QUADRILITERAL, *a.* ચાર અક્ષરનું; ચાર અક્ષરવાળું; ચતુરક્ષર; ચતુર્વર્ણ.

QUADRILLE, *n.* ચાર જણ વચ્ચે રમાતી ચાલીસ પાનાંની એક રમત. [બધા રંગનાં પાનાંની દસી નવ્વી ને અઠ્ઠીનાં પાનાં કહાડી નાખી બાકી રહેલાં ચાલીસ પાનાંથીજ એ રમત રમવામાં આવેછે.]

2 સ્ત્રી પુરૂષ મળી ચચાર જણની ટુકડી બંધાઇ કરવામાં આવતો એક જાતનો નાચ.

QUADRISYLLABLE, *n.* ચાર પદ–અક્ષરનો શબ્દ; ચતુરક્ષર શબ્દ.

QUADRIVIUM, *n.* ગણિત, ગાયન, ભુમિતિ અને ખગોળ એ ચાર વિદ્યા. [નિશાળીઆઓમાં વપરાતો શબ્દ છે.]

QUADROON, *n.* જેનો બાપ ગોરો અને મા (*Mulatto*) મુલાટ્ટો છે તે માણસ. [એ શબ્દ *Quarteron*, *Quarteroon*, *Quateron* એવી રીતે પણ લખાય છે.]

QUADRUMANE, *n.* (*Zool.*) ચોપગું એક જાનવર જેના પગો માણસના હાથને મળતા હોયછે, જેવો કે વાંદરો; વાંદરાની જાતનું પ્રાણી. [એ શબ્દ *Quadruman* એમ પણ લખાય છે.]

QUADRUMANOUS, *a.* ચાર હાથવાળું; વાંદરાની જાતનું.

QUADRUPED, *a.* ચાર પગવાળું; ચોપગું; ચતુષ્પાદ.

QUADRUPED, *n.* (*Zool.*) ચોપગું; ચોપગું–ચતુષ્પાદ પ્રાણી; પશુ; ઢોર; હેવાન.

QUADRUPLE, *a.* ચોપટ; ચાર પટ; ચારગણું; ચોવડું.

QUADRUPLE, *n.* ચારગણી રકમ.

QUADRUPLE, QUADRUPLICATE, } *v. t.* ચોગણું–ચોવડું–ચારગણું કરવું.

QUADRUPLE, *v. i.* ચોગણું–ચોવડું–ચારગણું થવું.

QUÆRE, *v. t* (*Lat*) કોઈ બાબદ, શબ્દ અથવા ફકરાની આગળ *quære* શબ્દ લખ્યાથી તેનો આજ્ઞારૂપ અર્થ એવો થાયછે કેઃ- જુઓ, તપાસો, પુછપરછ કરો, ખોળ-જોસ્તેજુ કરો; ખબર કહાડો.

QUAFF, *v t &v i.* ગટગટ પીવું; ઢાંસી જવું; ગટક કરી જવું; ઢાંસવું.

QUAGGY. *a.* પગ પેસી જાય એવું; પોચું; નરમ.

QUAGMIRE, *n.* પગ પેસી જાય એવી ભીની અને પોચી જમીન.

QUAIL, *v. i.* બીહીવું; હિમત હારવી; આશા ભંગ-નાઉમેદ-નાસીપાસ થવું; હાંજા ગગડવા-મેસવા; હાથ પગ ભાગી જવા.

QUAIL, *n.* (*Ornith*) એક જાતનું પક્ષી; બટેર; લાવરી; લાવા.

QUAINT. *a.* વિલક્ષણ; વિચિત્ર; તરેહવાર; અદ્ભુત.

QUAKE, *v. i.* કાંપવું; થરથરવું; ધ્રુજવું; ધ્રુજારી આવવી-છુટવી; કંપારો-ધ્રુજરાં છૂટવાં.

2 કાંપવું; ડગડગવું; ડગમગવું; હાલવું; કંપ થવો, જેમકે ધરતીકંપ થવો.

QUAKE, *n.* કંપ; કંપારી; ધ્રુજારો; ધ્રુજરાં; ધ્રુજારી; લરજો.

QUAKER, *n.* ધ્રુજરો; ધ્રુજનાર; કાંપનાર.

2 ખ્રિસ્તી ધર્મનો એક પંથ, જેમાં સામેલ થયનાં સઘળાં માણસો એકમેકને દોસ્ત અથવા મિત્ર કરી કહેછે. એવું કહેછે કે આ પંથના ભાષણ કરનારાઓના મનની લાગણી બોલતી વખતે એટલીતો ઉસકેરાઈ જતી હતી કે ભાષણ કર્તાં તે વખતે, ધ્રુજતો, કાંપતો અને તરેહવાર રીતે પોતાના શરીરના અવયવોને મરડી મચોડી નાખતો, જેથી આ *Quaker* શબ્દ તેમને લાગુ પાડવામાં આવ્યોછે.

QUAKING, *n.* થરથરી; ધ્રુજરી; કંપ; કંપારી; લરજો.

QUAKING, *a.* થરથરતું; ધ્રુજતું.

QUALIFICATION, *n.* કમાલિયત; કાબેલિયત; જોહર; ખુબી; હુનર; સિફત; યોગ્યતા; ગુણ; લિયાકાત; લાયકી; ઉપયુક્તતા; ક્ષમતા; યોગ્ય-લાયક હોવું તે.

2 કહેલી શરતો પાલ્યાથી સંપાદન કરેલો અધિકાર.

3 ઓછું કરવું-ઘટાડવું તે.

4 કશામાં ફેર-ફેરફાર-અર્થ ભેદ કરવો તે; મર્યાદા બાંધવી તે; પરિમિતપણું.

QUALIFIED, *a.* યોગ્ય; લાયક; ગુણી; ક્ષમ; ગુણસંપન્ન.

2 કશામાં ફેર-ફેરફાર કરેલો-થયલો; મર્યાદા બાંધેલું; સમર્યાદ.

QUALIFY, *v. t.* યોગ્ય-લાયક-સજાવાર કરવું; જેવું જોઇએ તેવું કરવું; ગુણવિશિષ્ટ કરવું.

2 અખ્તિયાર-અખત્યાર આપવો; કોઇને કાયદાની રૂએ હક-અખ્તિયાર મળે એમ કરવું.

3 કમી-ઓછું કરવું; ઘટાડવું; નરમ પાડવું.

4 ફેરફાર કરવો; મર્યાદા-હદ બાંધવી; માફકસર કરવું.

QUALITY, *n.* ગુણ; ધર્મ; ખાસિયત; જાત; ખવાસ; ખસલત; સિફત; સ્વભાવ.

2 સારાનરસાપણું; ગુણાવગુણ.

3 જાતી-અસલ જીગરની શક્તિ, જેમકે તેનો હાથ લાગતાંજ દરદીનું દુઃખ દફે થઇ ગયું.

4 અસર ઉપજાવવાની શક્તિ, જેવી કે જડી બુટ્ટીની-વનસ્પતિની ઔષધી શક્તિ.

5 દરજો; પદવી; મરતબો.

6 મોહોટી પદવી; શ્રેષ્ટ પદ; કુલીનતા; ગૌરવ; મહાત્મ્ય.

7 મોહોટા લોક; કુલીન વર્ગ; બડે લોક; ઉમરા; અશરાફ.

QUALM, *n* ઉલાળો; ઉલટી; ઓકારી; ઉબક; મોળ; ઉછાળો; વમનેચ્છા.

2 ખખરો; બળાપો; દલગીરી; વતવતો; ઉદાસી; ખરખરો; મનસ્તાપ.

QUALMISH, *a.* ઓક આવે એવું; ઉલટી થવાજેવું; મોળ આવે તેવું; ઓકારી કરવાનું થાય તેવું; વમનેચ્છુ.

QUANDARY, *n.* સંદેહ; અનિશ્ચિતપણું; ગુંચવણ; સંશય.

QUANTITY, *n.* A mass or collection of matter, પરિમાણ; પરિમિતિ; ઢગલો.

2 A large portion, ઘણું ઘણું; મોહોટો જથો; બાહુલ્ય; પ્રચુરતા; મહાભાગ; જિયાદતી; બિસિયારી; બહુ ભાગ.

3 –(in Prosody) માત્રા.

4 –(in *Math.*) રકમ; રાશિ.

Known quantity, જાણીતી રકમ; વ્યક્તરાશિ.

Unknown quantity, અજાણી રકમ; અવ્યક્ત રાશિ.

A positive quantity, જે સંખ્યાની પુર્વે (+ આવી) વત્તાની નિશાણી હોયછે તે સંખ્યા.

A negative quantity, જે સંખ્યાની પુર્વે (- આવી) ઓછાની નિશાણી હોય છે તે; ક્ષય.

QUANTUM, *n.* જથો; રકમ; પરિમાણ.

Quantum meruit, જેટલું તેને ઘટે એટલું; જેટલાંને તે લાયક-યોગ્ય હો એટલું.

Quantum sufficit, } (*Med.*) જોઇએ તેટલુંઃ જેટલું જોઈતું હોય
Quantum suff, } તેટલું; ખપ-જરૂર જેટલું; જોઇતો જથો.

Quantum volebat, (*Law*) જેટલી કિમ્મતનું હોય તેટલું; જેટલી જેની કિમત હોય તેટલું.

QUARANTINE, *n.* ચાલીસ દહાડાની મુદત; ચાલીસ દહાડાનો ગાળો-અરસો; ચાલીસું.

2 દેશાવર ખાતેથી આવેલાં કોઈ વહાણમાં ચેપી રોગવાળાં માણસો હશે એવા સંદેહ ઉપરથી તે વહાણપરનાં માણસોને અસલવારામાં ચાલીસ દહાડા સુધી કિનારે ઉતરવાની કે કિનારાપરના લોકો સાથે કંઈ પણ વેહેવાર રાખવાની જે બંધી હતી તે મુદત. (ઉપલી ચાલીસ દહાડાની મુદતમાં હાલ ગમે તેમ ફેરફાર કરવામાં આવેછે.)

QUARREL, *n.* કજિયો; બગાડ; તુટફાટ; કંકાસ; કલેશ; કલહ; વઢવાઢ; બોલાચાલી; મિનાકિસો; ટંટો; મારામારી; લડાઈ; અણબનાવ; કુટ; ફાટફુટ; તુટ; ઝગડો; રાડ; ફસાદ; બખેડો; ખુસૂમત.

To pick a quarrel, કજિયો શોધવો; લડાઈ હોરવી-વેચાતી લેવી.

QUARREL, *n.* કાચ કાપવાનો હિરો; હિરકણી.

QUARREL, *v. i.* લડવું; વઢવું; ઝગડવું; મરાવું; બાખડવું; કજિયો-ટંટો-ફસાદ કરવો; તુટ પડવી; બગાડ-અણબનાવ થવો.

2 ખોટી-નિષ્કારણ-નકામી-નજીવી-અમથી-બેજા હરકતો-ચૂકો-દોષ-વાંધા કહાડવા-ઉઠાવવા; વાંકાં છિદ્ર કાઢવાં; એબજોઈ કરવી; નુકતેચીની કરવી.

3 જુદાં પડવું-હોવું; મળતાં ન આવવું; તફાવત પડવો-હોવો.

QUARREL, *v. t.* કોઈની સાથે લડવું-વઢવું-મરાવું.

2 કજિયો કરીને કોઈ પાસે કરાવવું; મરાઈને કોઈને ફરજ પાડવી; લડી-વઢીને કોઈ પાસેથી જબરીથી ખુંચી લેવું.

QUARRELING, *n.* બખાબખી; મારામારી; લડાલડી; ટંટો; વઢવાઢ.

QUARRELSOME, *a.* વઢકણું; કજિયા-ટંટા-લડાઈખોર; કંકાસિયું.

QUARRY, *n.* પથ્થરિયા-પથ્થરની ખાણ; પાષાણસ્થાન-ભૂમિ; ખાનેસંગ; સંગિસ્તાન.

QUARRY, *v. t.* (પથ્થરની) ખાણમાંથી ખોદી કાઢવું; ખણવું; ખણીને કાઢવું.

QUARRY MAN, *n.* પથ્થર ખણનાર; પથ્થરની ખાણમાંથી પથ્થરા કાઢનાર; પ્રસ્તર-પાષાણ ખનક.

QUART, *n.* એક ગ્યાલનનો ચોથો ભાગ; પા ગ્યાલન; બે "પૅંટ"; બસેર.

2 પા ગ્યાલન માએ એટલું વાસણ; બસેરિયું; બસેરી.

QUARTAN, *a.* ચોથિયું; દર ચોથે દહાડે થતું; બનતું-આવતું, જેમકે ચોથિયો તાવ.

QUARTAN, *n.* (*Med.*) ચોથિયો તાવ.

QUARTER, *n.* પા; પાવ; ચતુર્થ ભાગ; અર્ધાર્ધ; ચોથો ભાગ-હિસ્સો; ચતુર્થાંશ; ચોથાઈ; ચોથિયું; પાદ.

2 (of a hundredweight), ૨૮ પૌંડ-રતલ; એક મણ.

3 (*Astron.*) The fourth part of the moon's period or, monthly revolution, ચંદ્ર માસનો ચોથો ભાગ.

4 One limb of a quadruped with the adjacent parts, પશુના શરીરનો ચોથો ભાગ; પશુની તંગડી-પગ; બટાંગડી; રાન; ટાંગ.

5 That part of the shoe, which forms the side, from the heel to the vamp, ખાલું; જોડાનું ઉપલું આમડું.

6 (*Far.*) That part of a horse's foot between the toe and heel, being the side of the coffin, ઘોડાની ખરી આગળનો એક ભાગ.

7 A fourth part of the year (a term of study in a seminary, college, &c.) ત્રણ મહિના; ત્રણ માસ; વર્ષપાદ.

8 A region, a territory, પ્રાંત; દેશ; કિશ્વર; કેશ્વર, જેમકે The seven quarters or regions, હફ્ત કેશ્વર.

9 A division of a town, county or the like, પરું; મોહલ્લો; ફળિયું; વાડો; ચકલો.

10 Proper station, ઠરાવી આપેલું ઠામ-ઠેકાણું; મુકરર કરેલો મુકામ; ચોકસ જગા.

11 (*Mil.*) A station or encampment occupied by troops, સિપાઈ લોકોના ઉતારાની જગા; મુકામ; છાવણી; ડેરો.

12 Merciful treatment shown to an enemy, શત્રુને મારી નહી નાખતાં છુટો મેલવો તે; પ્રાણદાન; જાનબક્ષી; જીવતદાન; દયા; અમાન; પનાહ.

Quarter of a rupee, પાવલો-લી.

Three quarters, પોણી-ણું-ણો.

One and a quarter, સવા.

From all quarters, ચોમેરથી; ચારે ગમ-બાજુથી.

Head quarters, સદર મકામ; સેનાધિપતિનો મુકામ.

High quarters, મ્હોટું ખાંચરું; મ્હોટાં ખાંચરાં.

To ask quarters, શરણે જવું; જીવતદાન માગવું.

To give or show quarters to, (*Mil.*) શરણે આવેલા શત્રુને જીવતદાન આપવું; દયા કરવી; પનાહમાં લેવું.

Close quarters, બાહુયુદ્ધ; હસ્તાહસ્તી; હાથોહાથ.

QUARTER, *v. t.* ચાર સરખા ભાગ કરવા.

2 ભાગ કરવા-પાડવા; વેહેંચણ-વાટણી કરવી.

3 મુકામ-ઉતારો આપવો; ઉતારવું.

QUARTER, *v. i.* ઉતરવું; મુકામ કરવો.

QUARTERAGE, *n.* ત્રૈમાસિક લવાજમ; ત્રૈમાસિક વેતન.

QUARTER DECK, *n.* (*Naut.*) વહાણના ડબુસા તરફનું તુતક.

QUARTERLY, *a.* પા ભાગનું; ચોથા ભાગનું.

2 ત્રણ ત્રણ મહિને થતું; ત્રૈમાસિક.

QUARTERLY, *n.* ત્રણ ત્રણ મહિને નીકળતું ચોપાનિયું-પુસ્તક; ત્રૈમાસિક ગ્રંથ.

QUARTER MASTER, *n.* સિપાઈઓના મુકામ અને ખાવાપીવા વગેરેનો બંદોબસ્ત રાખનાર અમલદાર; બિનીવાળો.

QUARTET, QUARTETTE, } *n.* (*Poet.*) ચાર લીટીનું કડવું; રુબાઈ; ચોપાઈ; ચતુષ્પદ શ્લોક.

QUARTO, *n.* એક તાવના ચાર પાનાં કરવાથી થયલા કદની ચોપડી.

2 ન્હાનો પલંગ-કોચ; પલંગડી.

QUARTO, *a.* કાગળના એક તાવના ચાર પાનાં કરવાથી થયલા કદનું; એક તાવના ચાર પાનાનું; ચતુષ્પત્રી; ચાર પાનાનો ફડો હોય તેવું; કાગળના આખા તાવની બેવડી ઘડી કરી તેને પાછી બેવડી ગોઠવાથી જે કદ થાય તેવું.

QUARTZ, *n.* (*Min.*) કાચમણી; એજ્મો Silica નો પથ્થર; ચોખ્ખી ચકમકી મણી. એ પદાર્થ કાચ અથવા હીરા જેવો અણીદાર, પારદર્શક અને ચકચકતો હોયછે. *Quartz* તરેહવાર રંગના હોયછે જેવા કે ગુલાબી, સફેદ, લાલ, કાળા, પીળા, અકીક જેવા, ભુરા. ચકમકનો પથ્થર અને અકીક એ Quartz ની જાત છે. Granite જાતના પથ્થરમાં Quartz હંમેશા મિશ્ર થયલો હોયછે. SEE GRANITE.

QUASH, *v. t.* છુંદી–ચગદી–કચડી નાખવું.

2 નરમ પાડવું; બંધ પાડવું; એકદમ હોલવી નાખવું.

3 (*Law*) રદ કરવું; બાતલ કરવું.

QUASHEE, *n.* હબસી; સીધી. [Quassy નામના એક સીધીએ Quassia છોડના ઔષધી ગુણ પેહેલવેહેલા જાહેર કીધા હતા તે ઉપરથી આ શબ્દ ઉત્પન્ન થયલો કહેવામાં આવેછે.]

QUASI, જાણે કે; ગોયા કે; એ શબ્દ બીજા શબ્દની પૂર્વે જોડાઈનેજ વપરાયછે, જેમકે *Quasi* argument.

QUASIMODO, *n.* (*Rom. Cath. Ch.*) ઈસ્ટર પછીનો પેહેલો રવિવાર.

QUASSIA, *n.* [Quassy નામના એક સીધીએ આ વસ્તુને રામબાણ ઓસડ તરીકે વાપરયું હતું તેના નામ ઉપરથી આ શબ્દ ઉત્પન્ન થયાછે.] કવાશિયા નામનું એક જાતનું લાકડું.—એનો રસ ઘણોજ કડવો હોયછે ને એ લાકડું તથા તેની છાલ ઓસડના કામમાં વપરાયછે.

QUATERNARY, *n.* ચાર; ચારનો આંકડો–રકમ–સંખ્યા.

QUATERNARY, *a.* ચચ્ચારનું; ચાર ચારનું; ચાર ચોકડીવાળું.

2 (*Geol.*) પૃથ્વિનું tertiary પડ જે જમાનામાં બંધાયું હોય તેની આગમજના જમાના–વખતને લગતું.

QUATERNION *n.* ચાર; ચારની સંખ્યા–આંકડો.

2 ચારનો જુમખો; ચારનું જુથ–ટોળું; ચારનો સટ; ચોકડી; ચોકડું.

3 ચાર પદનો શબ્દ–બોલ.

QUATERON, *n.* SEE QUADROON.

QUATRAIN, *n.* (*Poet.*) ચતુષ્પાદ કવિતા; રૂબાઈ.

QUAVER, *v. i.* ધ્રુજવું; હાલવું; થથરવું.

2 (the voice) થરથરવું; ધ્રુજતો આવાજ કાઢવો; લેહેકાવીને ગાવું; લેહકાવવું; મહલાવવું; લરઝો ખાવો.

QUAVER, *n.* ધ્રુજતો સુર–અવાજ; ગટકરી; ગિટકડી; મુરકી.

2 (*Mus.*) આઠમું સુર.

QUAY, *n.* A mole or bank formed towards the sea, બંદર; ડક્કો; —(on the side of a river) ઓવારો; ઘાટ; પુશ્તો.

QUEACHY, *a.* પગ પેસી જાએ એવું; પોચું; નરમ.

QUEASY, *a.* ઓક આવે એવું; ઉલટી થવા જેવું.

2 અતિશય ખંતીલું; બહુ ચીકણું; ચિપાસિયું; ખોડ કાઢયા કરે એવું; ખુશ થાય નહીં તેવું.

QUEEN, *n.* The consort of a king, રાજાની ધણિયાણી–બાએડી–વહુ; રાજપત્ની; રાણી; રાજભર્યા; પટરાણી; શાહ–બાદશાહ બેગમ; બાનુ; રાસી; મહિષી; દેવી.

2 A female monarch, રાજ ચલાવનારી સ્ત્રી; રાણી; મલિકા; સુલતાના.

3 The sovereign of a swarm of bees,—called also *queen bee*, મધમાખીઓની રાણી.

4 (*Chess*) વજીર. [બુરની રાણી.

5 (Cards) જે પાના ઉપર રાણીની છબી હોય તે પાનું, જેમકે

Queen-consort, રાજકર્તા રાજાની રાણી; બાદશાહ બેગમ.

Queen-dowager, વિધવા રાણી.

Queen-mother, રાજમાતા; રાજ કર્તા રાજા અથવા રાણીની વિધવા માતા; રાજજનની.

Queen of May, SEE MAY-QUEEN.

Queen-regent, *Queen-regnant*, } રાજ ચલાવનારી રાણી; રાજકરતી રાણી; રાજરાણી.

Queen's bench, ઈંગલંડ મધેની એક કોરટ.—રાણીની હૈયાતી સુધી એ કોરટ એ નામે ઓળખાયછે.

Queen's counsel, રાણીના બારિસ્ટરો તરીકે જેમને પસંદ કરેલા તે બારિસ્ટરો; રાણીના બારિસ્ટરો.

Queen's evidence, (*Eng. Law*) ગુનાહમાં સામેલ હોનાર શખ્સ, જેને પોતાના મળતિયાની સામે સાક્ષી પૂરવા સરકારની તરફથી કબૂલ રાખવામાં આવેછે તે.

Queen's metal, *n.* કાંસું; નવભાગ કલૈના ને એકેક ભાગ સીસું, સુરમો, તથા "બિસમથ"નાને ભેળીને બનાવેલી રૂપાના રંગની એક ધાતુ.

Queen's pigeon, (*Ornith.*) હિંદી મહાસાગર માહેલા કેટલાક ટાપુઓ ઉપરથી મળી આવતું એક અતિ શોભિતું પક્ષી.—એને માથે અતિ સુંદર પીછાંની કળગી હોયછે.

QUEEN, *v. i.* રાણી થવું–બનવું; રાણીનો વેષ લેવો–ભજવવો.

QUEEN, *v. t.* સેતરંજની રમતમાં વજીર મારયા ગયા પછી, પ્યાદાને ચલાવીને વજીરના ઘરપર લઈ જઈ તેને પાછો વજીર બનાવવો. એવીજ રીતે, ઘોડા, ઊંટ, હાથી બનાવવાને પણ એ શબ્દ વપરાયછે.

QUEEN CRAFT, *n.* રાણીના દાવપેચ–છળ–કળા–ચતુરાઈ–યુક્તિ; રાણી ચરિત્ર.

QUEENLY, *a.* રાણીના જેવું; રાણી યોગ્ય; રાણીને છાજતું.

QUEEN-POST, *n.* (*Arch.*) ઉલવેભના છાપરાની ગેના બારવટિયા ઉપર જડી લીધેલા ન્હાના થાંભળા–ટેકા માહેલો એક; થાંભલી.

QUEEN'S-WARE, *n.* ભાખેટેલાં અથવા કાચનો ઓપ આપેલાં પીળાસ પડતા રંગનાં માટીનાં વાસણ.

QUEER, *a.* વિલક્ષણ; તરેહવાર મિજાજનું; અજાયબ જેવું; અદ્ભુત; અનોખું.

QUEERNESS, *n.* વિલક્ષણતા; તરેહવારપણું; કઢંગાપણું; વિચિત્રપણું.

QUELL, *v.t.* To crush, subdue, નરમ પાડવું; દાબી દેવું; હોલવવું; કમજોર કરી નાખવું; હરાવીને બળહીન કરી નાખવું; શિકસ્ત આપવી; જેર કરવું.

2 To quiet, alley, શાંત કરવું; મટાડવું; નરમ-થંડું પાડવું.

QUENCH, *v. t.* હોલવવું; બુજાવવું, જેમકે To *quench* flame.

2 નરમ-શાંત પાડવું; મટાડવી; છિપાવવી; ભાંગવી, જેમકે To *quench* thirst, love &c.

QUENCHLESS, *a.* હોલવાય-નરમ પડે-ભાંગે નહી એવું; અશામનીય.

QUERIST, *n.* સવાલ કરનાર; સવાલ-પ્રશ્ન પૂછનાર; પૃચ્છક.

QUERN, *n.* ઘંટી; દળણી; હાથ ચક્કી; અનાજ દળવાનો પથ્થરના બે પડવાળો જે યંત્ર તે.

QUERULOUS, *a.* રડતું; બબડતું; કકળતું; રડ્યા કરતું; રડકણું; રડગાણું; નાસબર; અસંતોષી; વિલાપશીલ; દુઃખાત્મક.

QUERY, *n.* સવાલ; પ્રશ્ન.

QUERY, *v. t.* & *v. i.* પૂછવું; પ્રશ્ન-સવાલ કરવો-પુછવો.

2 સંદેહ રાખવો; શકમંદીથી જોવું-લેવું. [કોઈ શબ્દ વિષે અથવા કોઈ હકીકત ઉપર શક પડતાં તે શબ્દ અથવા હકીકતની પાસેજ આ *Query* શબ્દ અથવા તેના સંક્ષેપ *Qu.* અથવા *Qy.* મુકવામાં આવેછે.] SEE QUÆRE.

QUEST, *n.* શોધ; તલાશ; તપાસ; ખોળ; જુસ્તજુ; તહકીકાત.

2 ઇચ્છા; ખાહેશ; મરજી; ચાહના; અરજ; આજીજી સાથેનું માગણું; વિનંતિ.

3 શોધક; તલાસ-તપાસ-ખોળ કરનારા; જાસુસ-દ.

QUEST, *v.i.* કશાના શોધાર્થે નીકળવું; શોધ-તલાસ-ખોળ કરવા જવું.

QUESTION, *n.* The act of asking, પુછવું તે; પ્રશ્ન; સવાલ.

2 Inquiry, શોધ; તપાસ; ખોળ; પુછપરછ.

3 Dispute, વાદ; તકરાર; વાદવિવાદ; બોલાચાલી.

4 Trial, તપાસ; તલાસ; ચોકસી.

5 Torture, યાતના; આજાબ; તકલીફ; શરીર કષ્ટ-વેદના પાડીને-પીડીને પુછવું તે.

6 A query, સવાલ; પ્રશ્ન; જે કંઈ પૂછવામાં આવ્યું હોય તે.

7 Theme of inquiry, તપાસની બાબદ; જે વિષયની તપાસ-ચોકસી કરવાની તે વિષય; વાદ વિષય; મામલો.

To Call in question; તકરાર લેવી; સંશય લાવવો; વાંધો-શક કહાડવો-ઉઠાવવો.

In question, તકરારને દરમ્યાન; તપાસ અથવા તકરાર ચાલતી હોય ત્યારે-તેમાં.

Leading question, શાહેદી અથવા સામો ધણી ચેતી જઈ, પુછાયલા સવાલનો, પૂછનારને જોઈતોજ જવાબ આપે એવી ઢબથી પુછેલો સવાલ; પૂછનારને જોઈતો ઉત્તર, જેને પૂછ્યો હોય તેને સુઝી આવે એવો પ્રશ્ન.

A nice question, સવાલેદકીક; બારીકી ભરેલો સવાલ.

Out of question, બનેજ નહી એવું; અશક્ય; અયોગ્ય.

Past question, બચીત; નિસંશય; નક્કી.

Point in question, પ્રસ્તુત વિષય; હાલની-હાથ ધરેલી બાબદ.

String of questions, પ્રશ્નમાળા; પ્રશ્નાવલી.

To move the previous question, સભામાં કોઈ તકરાર ચાલવા માંડતાંજ, તે ચલાવવી ન જોઈએ, એવી દરખાસ્ત કરવી; અગાઉની દરખાસ્ત કરવી.

QUESTION, *v. i.* સવાલ પુછવા; પુછવું; પ્રશ્ન-સવાલ કરવા.

2 સવાલો કરીને તકરાર ચલાવવી; સવાલ જવાબ કરવા.

QUESTION, *v. t.* પુછવું; શાહેદી-સાક્ષી લેવી; સવાલો પુછીને તપાસવું; પરીક્ષા લેવી.

2 સંશય-શક હોવો-આવવો; સંદેહ પડવો.

3 શકની નજરે જોવું; ભરૂસો રાખવો લાયક નથી એવી રીતે વરતવું.

QUESTIONABLE, *a.* શક આવે એવું; શંકા લાવવા જોગ; શક ભરેલું; સંશયયુક્ત; સંશયીક; સંદિગ્ધ.

QUESTIONABLY, *ad.* શક ભરેલી રીતે.

QUESTIONARY, *a.* પૂછપરછ કરતું-કરનાર-કરે એવું; જેમાં સવાલ પૂછ્યા હોય એવું; પ્રશ્ન પ્રચુર.

QUIB, *n* મેહેણું; કરડું-કડોર-આકરું વચન; તાણો; તાણોતુણો.

QUIBBLE, *n.* ફાંફાં; ગાંગાતલ્લાં; ગલ્લાંતલ્લાં; ઉડાવવાની યુક્તિ; બાહાનું; અખાડા; ટાળમટોળ; હીલાબાજી.

QUIBBLE, *v. i.* યુક્તિથી ઉડાવવું; આડું અવળું બોલવું; ફાંફાં મારવાં; ગેંગેંફેંફેં-ગાંગાતલ્લાં-ગલ્લાંતલ્લાં કરવાં; બહાનું કાઢવું.

QUIBBLER, *n.* હીલાબાજ.

QUICK, *a.* Alive, જીવતું; સજીવન; સજીવ; જાનદાર.

2 Brisk, ચપળ; ચાલાક; જલદ; ઝડપથી કામ કરનારું; ઝટપટયું; ચંચળ; હોશિયાર; ફુરતીલું; ચટપટયું.

3 Swift, ઉતાવળું; જલદીનું; શીઘ્ર; સત્વર; ત્વરિત.

Quick with child, ગર્ભવતી; ચલિતગર્ભા; ગર્ભચલિત થએલી (સ્ત્રી); જીવતું છોકરું જેના પેટમાં છે એવી દહાડાવાળી; જીવતા ગરભવાળી.

QUICK, *ad.* Nimbly, જલદી; ઉતાવળે; ઉતાવળ-ઝડપ-ત્વરાથી; ચપળતાથી.

2 In a short time, જલદી; ઝટપટ; થોડા-સેહજ વારમાં; ખોટી થયા-વાર લગાડ્યા વગર; શિતાબ; ચડપ દઈને; ચટ.

QUICK, *n.* ઘણું અને જલદી દુઃખ થાય એવી જગા; જરા અડકવાથી પણ દુઃખ થાય એવી જગા; નાજુક-આળી જગા.

2 મર્મભેદી; જેથી દિલમાં ઘણું લાગી આવે તે; જેથી મર્મ ભેદાય-હાડોહાડ લાગે તે.

To cut to the quick, નખથી તે માથાસુધી આગ લગાડવી.

To be stung to the quick, સળગી ઉઠવું; લાગી જવું.

QUICKEN, *v. t.* જીવતું-સજીવન કરવું; જીવ મુકવો.

2 ઉશ્કેરવું; જાગૃત કરવું; ઉત્તેજન આપવું.

3 ઉતાવળ-ત્વરા-ઝડપ કરાવવી; ગતિ વધારવી; દોડાવવું.

QUICKEN, *v. i.* જીવતું-સજીવ થવું.

2 ઝડપ-ઉતાવળથી ચાલવું; ઉતાવળ કરવી.

QUICKENING, *n.* જલદી-ઉતાવળ કરવી તે.

2 (*Physic*) છોકરાંનું માનાપેટમાં પેહેલવેલું કુદકવું તે;ગર્ભચલન.

QUICK GRASS, *n.* (*Bot.*) SEE QUITCH GRASS.

QUICK LIME, *n.* (*Chem.*) કળીચુનો.

QUICKLY, *ad.* જલદી-ઉતાવળ-ઝડપ-ત્વરાથી; તુરત; તાબડતોબ; ઝટપટ; ઝપાઝપ; ઝરઝરાક.

QUICKNESS, *n.* જલદી; તાકીદ; ઉતાવળ; ત્વરા.

2 ચપળતા; ચાલાકી; ફુરતાજ.

3 હોશિયારી; શીઘ્ર બુદ્ધિ; તેજફહમી; ચતુરાઈ.

4 નાકમાં બળતાં બળે એવો સવાદ; ઝમઝમાટ; તેજી; ઝાટકો લગાડે એવો સવાદ; તીક્ષ્ણતા; તીખાટ; તલખી.

QUICK SAND, *n.* ચોરબાલુ; પગ પેસી જાય એવી રેતી.

QUICK-SET, *n.* વાડને સારૂ-વાડ બાંધવા-બાગી લેવાને સારૂ જમીનમાં લગાડેલાં ઝાડનાં ડાંખળાં-કાંટા-ડાળીઓ.

QUICK SIGHTED, *a.* બારીક-તેજ નજરનું; તીક્ષ્ણ-સૂક્ષ્મ દૃષ્ટિનું; તેજનિગાહ; તેજ ચશ્મ.

QUICK SILVER, *n.* (*Min.*) પારો; સીમાબ.

QUICK SILVERED, *a.* પારો ચઢાવેલું; સીમાબી.

QUICK SILVERING, *n.* મ્હોડું જોવાની આરસીના પાછલા ભાગ પર ચઢાવેલો પારો.

QUICK-STEP, *n.* (*Mus.*) ચાલતી ગત.

QUICK-WITTED, *a.* તીક્ષ્ણ બુદ્ધિનું; શીઘ્ર બુદ્ધિ; તેજફહમ; હાજર જવાબ.

QUIDDITY, *n.* કોઈ વસ્તુનું સત્વ-તત્વ; કોઈ વસ્તુમાં સમાયલો ગુણ-ખવાસ; મુળ વસ્તુસાર-સત્વ.

2 નજીવી ખોડ; ખોટી-બેજા હરકત-વાંધો.

QUIESCE, *v. i.* મુંગું હોવું; અવાજ-ઉચ્ચાર નહી હોવો-થવો, જેમકે Palm શબ્દમાં *l* અક્ષરનો ઉચ્ચાર-અવાજ થતો નથી.

QUIESCENCE, QUIESCENCY, } *n.* Absence of motion, ચલનાભાવ; નિશ્ચલતા; સ્થિરતા.

2 Rest of the mind, શાંતિ; શાંતતા; ચેન; આરામ; સમાધાન; નિવૃત્તિ; મનશાંતિ; રાહત.

3 (*Gram.*) નિશબ્દપણું; અવાજ નહી હોવો તે; જેનો ઉચ્ચાર થતો નહી હોય તે.

QUIESCENT, *a.* સ્થિર; નિશ્ચલ; અચલ; હાલતું ચાલતું-હાલે ચાલે નહી એવું.

2 શાંત; અવ્યગ્ર; ઠંડું; સ્વસ્થ; ઉશ્કેરાયલું નહી એવું.

3 (*Gram.*) અનુચ્ચારિત; લુપ્તોચ્ચાર; જેનો અવાજ-ઉચ્ચાર થતો નહી હોય એવું.

QUIET *a.* Not moving, અચલ; સ્થિર; નિશ્ચલ; હાલે ચાલે નહી એવું.

2 Free from alarm or disturbance, સ્વસ્થ; શાંત; સ્વસ્થે ગુજરેલું; ઉપદ્રવ-ઈજા-હરકત વગરનું; નિર્વિઘ્ન; નિર્ભય; નિર્વિઘ્ન; સુખચેન ભરેલું-વાળું.

3 Not giving offence, નરમ; ગરીબ; નિરૂપદ્રવી; શાલસ; ભાલું; રાંક.

4 Not turbulent, શાંત; સ્થિર; ખલભલ વગરનું; તળે ઉપર થઈ નહી ગએલું; તોફાન ઉપર ચઢેલું નહી એવું.

QUIET, *n.* ન હાલવું તે; સ્થિરતા; નિશ્ચલતા.

2 શાંતતા; ચેન; નિરાંત; સ્વસ્થપણું; આરામ; કરાર; રાહત.

3 નિરૂપદ્રવતા; સલાહશાંતિ; સમાધાની; નિર્ભયતા.

At quiet, શાંત; નચીંતાઈ ભરેલું; અમનચમેનનું; બેહરકત.

In quiet, ચુપચુપ; મુગામુગા; ચુપચાપ; ચુપાચુપ.

QUIET, *v. t.* સ્થિર કરવું; હાલતાં બંધ કરવું.

2 શાંત-મંદ કરવું; નરમ-ઠંડું પાડવું; શમાવવું; સ્વસ્થ કરવું; શાંતિ કરવી.

3 મટાડવું; નરમ પાડવું; ધીરજ આપવી.

QUIETISM, *n.* શાંતિ; શમ; નિરાંત; ચિત્તશાંતિ.

2 (*Eccl. Hist.*) શાંતિ માર્ગ; નિવૃત્તિ માર્ગ.

QUIETIST, *n.* નિવૃત્તિ માર્ગી; વેદાંતી.

QUIETLY, *ad.* હાલ્યા વગર; સ્થિર; નિશ્ચલ.

2 સ્વસ્થપણે; નિરાંતે; નચિંતાઈથી; સલાહ શાંતિથી; કરારે.

3 હળવેહળવે; ધીમેધીમે; ધૈર્યથી; સ્વસ્થ-શાંત રહીને; આહિસ્તે; ધીરેધારે.

4 ચુપચુપ; મુગામુગા; કશી ગડબડ કરયા વગર; છાનામાના.

QUIETUDE, *n.* નિરાંત; ચેન; શાંતિ; કરાર; આરામ.

QUILL, *n.* –(of a goose or other bird) પીછું; શાહપર.

2 –The instrument of writing, લખવાનું પીછું; કલમ; લેખણી. U. S. G. ક્વીલ.

3 A spine or prickle as of a porcupine, શેળોળિયું.

4 A piece of small reed, or other hollow plant on which weavers wind the thread which forms the woof of cloth, ખાલું; વણતરના કાંઠલામાં ભેરવી રાખવાનો નેતર-બરૂનો કકડો.

To carry a good quill, સારૂં-સફાઈદાર લખવું; ખુશખત લખવા.

QUILL DRIVER, *n.* લખનાર; કારકુન; મુનશી; કલમકસાઈ.

QUILT, *n.* રજાઈ; સુજની; ગોદડી; બાલાપોશ.

QUILT, *v.t.* ખોલમાં રૂ અથવા એવોજ કોઈ બીજો પદાર્થ ભરવો-ભરીને સીવવું; ગોદડી ભરવી; સુજની-રજાઈ જેવું કરવું-સીવવું.

QUINCE, *n.* (*Bot.*) સફરજન. *Quince seed*, બેદાના; મોગલાઈ બેદાના.

QUINIA, QUININA, QUININE, *n.* તાવ મટાડવાની એક દવા; કોઈનાન; કિવનાઈન. SEE CINCHONA.

QUINQUAGESIMA, *a.* પચાસમું.

Quinquagesima Sunday, ઇસ્ટરની અગાઉના પચાસમા દહાડાની નજદીકમાં આવતો રવિવાર. એને *Shrove Sunday* કરીને પણ કહેછે.

QUINQUANGULAR, QUINQUE-ANGLED, *a.* પાંચ ખુણાવાળું; પંચકોણ; પંચકોણાકાર.

QUINQUENNIAL, *a.* પાંચપાંચ વરસે થતું-આવતું-બનતું અથવા પાંચ વરસવેર ટકતું; પંચવાર્ષિક.

QUINQUENNIUM, *n.* પાંચ વરસની મુદત.

QUINQUE-SYLLABLE, *n.* પાંચાક્ષરી શબ્દ; પાંચ પદનો શબ્દ.

QUINSY, *n.* (*Med.*) કંઠમાળા; ગંડમાળા.—એને *Squinancy* અને *Squinzey* કરીને પણ કહેછે.

QUINT, *n.* પંચક; પાંચનો સમુદાય.

QUINTAN, *a.* ચારવાર થઈ ગયા પછી પાંચમીવાર થતું.

2 પાંચ દહાડામાં એકવાર થતું-આવતું; પાંચમે દહાડે થતું-આવતું, જેમકે *A quintan fever*.

QUINTAN, *n.* (*Med.*) દર પાંચમે દહાડે આવતો તાવ; પાંચમે દહાડે આવતી બેમ્બાર.

QUINTERON, *n.* SEE QUINTROON.

QUINTESSENCE *n.* સાર; કસ; તત્વ; ઉત્તમ સાર; મૂળ દૈવત.

QUINTROON, *n.* મુસ્ટિફિનિ (*mustiphini*) એટલે જે સ્ત્રીના લોહીમાં સોળમો ભાગ સીધીનું લોહી હોય તેવી મા ને ગોરા બાપનું છોકરું. એ હિસાબે એ છોકરાના લોહીમાં સીધીના લોહીનો બતરીસમો ભાગ આવેછે.

QUINTUPLE, *a.* પાંચગણું; પાંચવડું.

QUINTUPLE, *v. t.* પાંચગણું-પાંચવડું કરવું.

QUIP, *n.* મેહેણું; ડોક; તાણો; વેણ; દુઃખ-ચટકો લાગે એવો સામો ઉત્તર.

QUIP, *v. t.* તાણો મારવો; મ્હેણું મારવું; ચટકો લગાડવો.

QUIP, *v. i.* હાંશી કરવી; હશી કાઢવું; બનાવવું.

QUIRE, *n.* ચોવીસ કાગળ-તાવનો જે જથો તે; દસ્તો; ધા; ધાયો. C. S. G. કવાયર.

QUIRE, *n.* ગાનારાઓનો તાયફો; ગાયકગણ.

2 ગાનારાઓને બેસવાની દેવળમાંની જગા.

QUIRK, *n.* A quibble, ઉડાવવું તે; ઉડાવવાની યુક્તિ; યુક્તિથી નીકળી જવાની બારી; તોડ.

2 A short paroxysm, ચુટકો; લેહેજો; લવ.

3 A smart taunt or retort, દુઃખ-ચટકો લાગે એવો સામો ઉત્તર; મેહેણું; ડોક.

QUIT, *v. t.* To absolve, છુટું-મોકળું કરવું; નિરપરાધી-નિર્દોષ ઠેરવવું; મુક્ત કરવું; આજાદ-ખલાસ કરવું.

2 To acquit, પોતા ઉપર બંધાયલી આશા પાર પાડી આપવી; પોતાની ઉપરનો હક અદા કરવો; પોતાની ફરજ બજાવવી-અદા કરવી.

3 To repay, બદલો-અવેજ વાળવો-લેવો; વાળી આપવું; ફેડવું; અદા કરવું.

4 To leave, એકદમ છોડવું; ત્યાગ કરવો; તજવું; વર્જવું; છોડી-મુકી દેવું; તરક કરવું.

5 To carry through, પુરું કરવું; પાર ઉતારવું; છેડો લાવવો; બજાવવું.

To quit cost, આપવું; ભરી-વાળી આપવું.

To quit scores, એકેકનું લેણું દેવું આપીને સરખું થવું; ફિટંફાટ કરવું; હિસાબ બેબાક ચુકતો કરવો.

QUIT, *a.* મોકળું; છુટું; દોષ-ઉપકાર મુક્ત; આજાદ; ખલાસ.

QUITCH GRASS, *n.* (*Bot.*) જેનાં મુળિયાં જમીનમાં ઘણાં ઉંડાં ગયલાં હોય અને જે સેહેલાઈથી ટુંપી-ઉખેડી શકાતું નથી એવું ઘાસ; કસાઈ ઘાસ. આ જાતનું ઘાસ ઘણું લાંબું ઉગેછે ને તે ગાય ઢોરના ખાવામાં આવતું નથી, પણ ખેતર અથવા જંગલ બાળવાના કામમાં આવેછે. એ ઘાસને માટે *Couch grass, Dog grass, Twitch grass, Witch grass* એવા બીજા શબ્દો પણ છે.

QUITE, *ad.* તમામ; સંધું; ઠેઠ; બિલકુલ; તદન; કેવળ; પુર્ણરીતે; પુરેપુરું, જેમકે Man shall not *quite* be lost.

2 ઘણું; અતિ; અતિશય; બહુ; ધણુંજ, જેમકે *Quite* young.

QUIT RENT, *n.* (*Law*) જાગીર આપતી વખતે જાગીરદારને ગણોત ભરવાની સરકાર જે ફરજ પાડે તે. (ગણોત ભરવાની ફરજ હોવાથી જાગીરદાર બાજી બધી ચાકરી કરવાથી મોકળો થાયછે).

QUITS, *n.* બરાબરી; ફિટંફાટ.

To be quits, બરાબર થવું-હોવું; એક બીજાના લેણદેણામાંથી મુક્ત થવું; એક બીજાની સફાઈ થવી; એક બીજાનું અપાઈ લેવાઈ રહેવું.

QUIT CLAIM, *v. t.* (*Law*) દાવો છોડી દેવો.

QUITTANCE, *n.* અબરામ-ન-દાવા; બેદાવો; કરજમાંથી છુટું થવું તે.

Deed of quittance, ફારગતી.

2 બદલો; પ્રતિફળ; અવેજ.

QUITTOR, *n.* (*Far.*) ઘોડાના પગના બાહ્ય અને ખરી વચ્ચે અંદરથી પડતું નાસુર; ઘોડાના પગની પાલખીમાં પડતું નાસુર.

QUIVER, *n.* A case or sheath for arrows, ભાથો ; તીર રાખવાની કોથળી; ભાતો ; ભાથડો ; તરકશ.

QUIVER, *v. i.* થરથરવું ; કાંપવું ; ધ્રુજવું ; હાલવું ; ધ્રુણવું.

QUIVIVE, સામે આવનાર કોઈ શખ્સને ઓળખવા સારૂ ફ્રેન્ચ પોહોરગીરોએ પૂછવા-ટોકવાનો એક શબ્દ, જેનો અર્થ એવો થાયછે કે તું કોણ છે? એટલે તું કોના પક્ષનો છે? તેનો સામો ઘણો *vive le roi* એટલે "પાદશાહની ઉમર દરાજ હોજો" એવો ઉત્તર આપેછે, જેથી તે માણસ દુશ્મન તરફનો ગણાતો નથી. હાલમાં ફ્રાન્સ દેશ ઉપર પાદશાહતને બદલે પ્રજા સત્તાક રાજ ચાલેછે તેથી *vive la republique* એટલે પ્રજા સત્તાક રાજની ઉમર દરાજ હોજો એવો ઉત્તર આપવામાં આવેછે. ઇંગ્રેજી પોહોરગીરો Who goes there? એમ પુછેછે, ને તેનો જવાબ પણ subject અથવા રઈઅત એવો મળેછે. લશ્કરી રેવાજ મુજબ છાવણી તરફ કોઈ અણજાણ્યા માણસને આવતો જોતાંજ સાવચેતીના ઉપાય લએ એવી રીતે પુછવા અથવા ટોકવામાં આવેછે, ને તેનો જો ઘટતો જવાબ ઝટ મળે નહી તો તે શખ્સને તાબડતોબ પકડવામાં આવેછે. એ ઉપરથી,

To be on the *quivive* એટલે (જેમ પોહોરગીરો સાવચેત રહે છે તેમજ) સાવધ-ચોકસ-બેદાર-ખબરદાર-જાગૃત રહેવું.

QUIXOTIC, *a.* Don Quixote ના જેવું; વિલક્ષણ વૃત્તિનું; અક્કલથી ઉલટી રીતનું; અક્કલ હેરાન રહે એવું; કિસ્સા કહાણી જેવું; અદ્ભુત કિસ્સાનું.

Quixotic શબ્દ Don Quixote નામ ધરાવનાર એક પ્રખ્યાત વીર પુરૂષના ચમત્કારિક અને સહાસિક કામો ઉપરથી નીકળ્યોછે. યુરપ ખંડમાં એક એવો વખત વહી ગયોછે કે જે *Chivalrous period* or Age of chivalry એટલે બહાદુરીના જમાના લેખે ગણાતો હતો. તે જમાનામાં જેઓ મ્હોટ મ્હોટી લડાઈઓ મારી મ્હોટા જોખમો ખેડી સહાસનાં ભારે કામોં બજાવી જય મેળવતા હતા તેઓ *knight errant* ના એલકાબથી ઓળખાતા હતા. આ વર્ગના શૂરવીરો અબળા જાતીનું માન રાખવાને ઘણા ખંતી રેહેતા હતા, ને કોઈપણ સ્ત્રી જાતની આબરૂના બચાવને ખાતર પોતાનો જાન વઠીક કુરબાન કરવાને જરા પણ આચકી ખાતા ન હતા. આ વર્ગના શુર વીરોમાં, સ્પેન દેશના La Mancha ગામનો એક રહેવાસી Don Quixote થઈ ગયલો કહેવાએછે, જેની બહાદુરી, લડાઈઓનું સહાસ, તેની હુલડાઈ અને હેમકાઈ વગેરેનો ઘણોજ રસીલો અદ્ભુત કિસ્સો સ્પેનિશ ભાષામાં લખાયો હતો, જેનો ઈંગ્રેજી વગેરે ભાષાઓમાં થયલો તરજુમો લોકોમાં સારી રીતે જાણીતો છે.

QUIZ, *n.* કુટાર્થ વાક્ય ; સમશ્યા ; કડાકુટયો સવાલ ; માથાફોડ કરાવે એવા રીતનું પુછેલું જે કંઈ તે.

2 બીજાઓને અકળાવી ઘભરાવી મારનાર; બીજાઓને ગુંચ-ગુંચવાડામાં નાખનાર.

3 તરેહવાર સ્વભાવનું માણુસ ; વિલક્ષણ જન ; ઠોળિયો ; મશ્કેરો ; ઉપહાસક.

QUIZ, *v. t.* ગુંચવી-ઘભરાવી નાખવું.

2 ઠાવકું મ્હો રાખી કોઈને બનાવવું; પોતે હસ્યા વગર કોઈની મશ્કરી-ઠેકડી કરવી ; કોઈની મઝા કરવી; કોઈને હેમક બનાવવો.

QUOIN, *n.* બહારનું ખુણું.

2 (*Arch.*) ઈમારતનું બહારનું ખુણું.

3 પથ્થર, લાકડા અથવા ધાતુનો બનાવેલો ફાચર જેવો કકડો. (*in print.*) કંપોસ કરેલાં બાબદના પેજ પાડયા પછી લોઢાના "ચેસ" અથવા ચોકઠામાં તે પેજોને ઢીલા નહી રહે એવી રીતે રાખવા માટે આ ફાચર જેવા જે લાકડાના કકડા બાજુએથી ઠોકવામાં આવે છે તે. C. S. G. કાઈન.

QUOIT, *n.* નિશાન મારવાનું ચક્કર; ચક; જમીનમાં ગાડેલી ખુંટી ઉપર નિશાન તાકીને નાખવાનું લોઢાનું અથવા પથ્થરનું ચક્કર.

QUONDAM, *a.* આગલું ; માજી ; પુર્વનું ; અગાઉનું.

QUORUM, *n.* કામ ચલાવી શકે એટલા સભાસદોની સંખ્યા-મંડળી. C. S. G. કોરમ.

QUOTA, *n.* પાંતી ; હિસ્સો ; ભાગે પડતો-ફાલે આવતો ભાગ ; વરાડ ; યથાયોગ્યાંશ ; યથોચિતાંશ.

QUOTATION, *n.* અવતરણ ; બીજાના ગ્રંથમાંથી ઉતારી લેવું તે અથવા ઉતારી લીધેલું વાક્ય-ફકરો ; ઉતારો.

2 (*Com.*) કિમત કહેવી તે ; કિંમત ; બજાર ભાવ ; પીઠ.

3 (*Print.*) છાપવાનાં બીબાંની ઉંચાઈ કરતાં ઓછી ઉંચાઈનો શીસાનો પોકળ કકડો.—છાપવાના કામમાં જે ઠેકાણે ખાલી જગા અથવા કોરો ભાગ રાખવાનો હોય તે ઠેકાણે આ કકડા, જે જુદા જુદા લાંબા પોહળા કદના હોય છે તે, મુકવામાં આવેછે. C. S. G. કોટેશન.

QUOTE, *v. t.* બીજાના ગ્રંથમાંથી વાક્ય-ફકરો ઉતારી લેવો ; ઉતારો કરવો.

2 (*Com.*) કિમ્મત કહેવી ; ભાવ કહેવો ; પીઠ કહેવી-જણાવવી.

QUOTH, *v. i* બોલ્યો; કહ્યું. આ શબ્દ પ્રથમ અને તૃતિય પુરૂષના ભુતકાળમાંજ વપરાયછે, જેમકે Quoth I, હું બોલ્યો ; મેં કહ્યું; quoth he, તે બોલ્યો ; તેણે કહ્યું.

QUOTIDIAN, *a.* દૈનંદિન ; પ્રતિદૈનિક ; રોજિંદું ; રોજનું ; રોજ આવતું-બનતું.

QUOTIDIAN, *n.* (*Med.*) રોજનો-રોજ આવતો તાવ.

QUOTIENT, *n.* (*Arith.*) ભાગ ; ભાગાકાર.

R

R. ઇંગ્રેજી મુળાક્ષરો માહેલો અઢારમો અક્ષર.—એનો ઉચ્ચાર આર થાયછે, અને એ આપણા ર અક્ષરને મળતો આવેછે.

Rabbet, *v. t.* ફાંસ કાપવું; ઢાળ પડતું કાપવું; લાકડાના છેડા એકમેક સાથ જુસ બંધ બેસે એવી રીતે તે છેડાઓને ફાંસ અથવા ઢાળ પડતા કાપવા; લાકડાના છેડાના સાંધા મેળવવા સારૂ તેમને ફાંસ કાપવા; કલમ તરાશ કાપવું.

2 ઉપર મુજબ કાપેલા લાકડાના સાંધા જોડવા; ફાંસ કાપેલા સાંધા જોડવા.

Rabbet, *n.* લાકડાંને ફાંસ-ઢળ પડતું કાપેલું તે.

Rabbi, Rabbin, *n.* ધણી; ગુરૂ; સ્વામી.—યહુદી લોકોમાં શિક્ષક અથવા ધારાશાસ્ત્રીને આપેલો એલકાબ.

Rabbinic, Rabbinical, *a.* યહુદી લોકના શાસ્ત્રી-પંડિતનું-સંબંધી-ને લગતું.

Rabbit, *n.* (*Zool.*) સસલું; સસો; ખરગોશ.

Rabbitry, *n.* સસલાં-પાળેલાં સસલાં રાખવાની જગા.

Rabble, *n.* તોફાની-હુલ્લડી-હલકા લોકોની ભીડ-ઠઠ-ટોળું-ધાડું; અધમ જનસમૂહ.

2 નીચ-હલકા-પાજી લોક; ગામનો કચરો; તેલી તંબોલી.

Rabid, *a.* ઘેલું; દિવાનું. —(a dog) હડકાએલું.—Canine જાતના જાનવરને જ આ શબ્દ લગાડવામાં આવેછે.

Raca, *a.* ચિથરડિયું; ભીખારી; નીચ; હલકું; લફંગું. [ધિક્કાર નાખવાનો શબ્દ.]

Race, *n.* A lineage. વંશ; કુળ; નસલ; ખાનદાન; ઓલાદ; પેટો; સંતતિ. કુદરતી તવારીખ જાણનારા અને મનુષ્ય જાતિ વિવેચન કરનારા વિદ્યાર્થીઓએ, માણસ જાતને ઘણા ભાગોમાં વેંહચીછે. Cuvier શાસ્ત્રીએ માણસ જાતના ત્રણ ભાગ કીધાછે; Prichardએ સાત, Agassizએ આઠ, અને Pickeringએ અગીઆર ભાગમાં વેંહચણી કરીછે. પણ Blumenbachએ પાંચ વર્ગોમાં સામાન્ય વેંહચણી કરીછે.

પેહેલો વર્ગ. *Caucasian* એટલે ગોરી સફેદ ચામડીવાળાં લોક, જેમાં યુરપ ખંડનો ઘણોખરો ભાગ તથા એશિયા ખંડનો પશ્ચિમ ભાગ સમાયલો છે.

બીજો વર્ગ. *Mongolian* એટલે પીળા રંગની ચામડીવાળાં લોક, જેમાં તારતરી, ચીન, જપાન વિગરેના મુલકો સમાયલા છે.

ત્રીજો વર્ગ. *Ethiopean* એટલે કાળી ચામડીવાળાં લોક, જેમાં તમામ સીધીઓની જાત સમાયલી છે અને તે માત્ર ઉત્તર પ્રાંતના દેશો સીવાય આખા આફ્રિકા ખંડની વસ્તી છે.

ચોથો વર્ગ. *North and South America* ખંડનાં અસલ રેહેવાસીઓ જેઓની ચામડીનો રંગ રાતો છે.

પાંચમો વર્ગ. *Malayan* એટલે મલાઈ લોક જેઓની ચામડીનો રંગ ભુરોછે, અને એવાં લોક Malaca, અને Indian Archipelago ના ટાપુઓમાં વસનારાં છે.

2 A breed, જાત; ખુનીયાદ; તોખમ; લોહી.

3 Herd, ટોળું; જુથ; ટાંડું.

4 Company, જમાવ; મંડળી; ટોળી; ફિરકો.

5 Peculiar flavor, taste, or strength of wine, જે જીનસમાંથી વાઈનદારૂ ગાળ્યો હોય, તે અસલ જીનસની ખુબી ધરાવતું વાઈન દારૂનું કૌવત-ખવાસ. એ ઉપરથી,

6 Smack, સવાદ; લેહેજત; પાસ; હાથ. એ ઉપરથી,

7 Disposition, સ્વભાવ; ગુણ.

8 Root, મુળ; મૂળિયું; કુણગો; પીલો; મુઠી; ગાંઠ, જેમકે આદામુઠી, પીપરી મુળનો ગાંઠ.

Race, *n.* A course, દોડ; માર્ગ; રસ્તો; ગતિ; ગમન.

2 Rapid course, દોડ; ઉતાવળી ઝડપ; દોડાદોડી.

3 Contest of speed, દોડવાની સરત-હોડ.

4 *pl.* A meeting for contests in the running of horses, ઘોડાની સરતને માટે પોતપોતામાં સરત બકવાને થયલો માણસોનો જમાવ-મેળાવડો.

5 A strong or rapid current of water, વેગથી વેહેતો પાણીનો પ્રવાહ-ઓઘ.

6 A mill race, નીકમાં વેહેતા જે પાણીના પ્રવાહથી પાણી ચક્કી કરેછે તે.

Race, *v. i.* દોડ મારવી-કરવી; ઝડપથી દોડવું; ધાવું.

2 સરત થકી દોડવું; સરત રમતાં દોડાવવું.

Race, *v. t.* ઝડપથી દોડે તેમ કરવું; ઝડપથી દોડાવવું; સરત મુકવી.

Race course, *n.* સરતનો રસ્તો-જગા; ઘોડદોડની સરતને માટે કરેલો ગોળાકાર અથવા લંબગોળ રસ્તો-જગા; સરતનું મેદાન; ચોગાન.

2 ચક્કી ફેરવવાને સારૂ પાણીનું નાળું અથવા ચક્કી ફેરવીને ત્યાંથી નીકળતાં પાણી ll નીક.

Race cup, *n.* સરત જીતે તેને ઇનામમાં આપવાનું વાસણ.

Race ginger, *n.* આદાંમુડી.

Race horse, *n.* સરતનો ઘોડો; અરબીરાત.

2 (*Ornith.*) પાણીપર ઘણી ઝડપથી દોડતું એક જાતનું બતક.

Raceme, *n.* (*Bot.*) કલગી શેરી ફૂલોની ડાંખળી; ડાંખળી ઉપર ફૂલો બાગઈને બનેલી કલગી.

Racer, *n.* સરત દોડનાર; સરત જીતવા માટે દોડવાની હરીફાઈ કરનાર; તેજ રફતાર; સરત બકીને દોડનાર.

2 (*Zool.*) એક જાતનો કાળો સાપ-નાગ.

Rach, *n.* એક જાતનો શિકારી કૂતરો; ટૂંઢીઆ વાળીને શિકાર બતાવનાર કૂતરો. See Pointer No. 3.

Rack, *v. t.* To stretch or strain, જોરથી તાણવું; ખેંચવું; જોર-જબરીથી તાણી-ખેંચીને લાંબું કરવું. એ ઉપરથી,

2 To wrest, આમળાવવું; મરડી મચડી નાખવું.

3 To torture by an instrument that strains the limbs and pulls the joints, શિકંજામાં દાબવું-દાબીને ખેંચવું; યાતના યંત્ર શિગાર્ડીન-ચાંપ મુકીને શરીરના સાંધા ઢીલા કરવા-દુખવવા-ખેંચવા.

2 To torment, પરાકાષ્ઠાનું દુઃખ દેવું; દમવું; તીવ્ર-અસહ્ય વેદના થાય એમ કરવું; રિબાવવું; વલાણવું; યાતના થાય એમ કરવું; પીડવું; અજીયત આપવી.

3 To harass by exaction, જબરી-જબરદસ્તીથી પૈસા કઢાવવા.

4 To exhaust, બેજાર કરવું; થકવી નાખવું; દોડાવી મારવું.

5 (*Naut.*) વળ દેવો, જેમકે દોરડાંને.

To rack one's brains, કપાળકૂટ-માથાફોડ કરવી.

Rack, *n.* કોઈ પણ વસ્તુને તાણી-ખેંચીને લાંબી કરવાનું યંત્ર-ઓજાર.

2 ગુનાહ કબુલ કરાવવાને અંગ તાણવાનો-ચીપડી બાંડવાનો શિકંજો-યંત્ર; ચાંપ; યાતના યંત્ર.—રાજદરબારી ખટપટોમાં સામેલ રહેનાર લોકોને અથવા ધર્મ સંબંધી ગુનાહ કરનારાઓને શિક્ષા કરવા સારૂ ઈ. સ. ૧૫ મા સદીમાં આ જાતના યાતનાયંત્રનો ઉપયોગ થવા માંડયો હતો.

3 A grate, અંગીઠી; આતશદાન; સગડી.

4 —(for fodder), ગભાણ.

5 ઘોડી; ઘોડો; કપડાં, ટોપી, પાઘડી વગેરે સામાન ગોઠવી મુકવાનું ચોકઠા જેવું એક સાધન.

6 ઘોડાએ ચોકસ રીતે પગલાં નાખવાં-ભરવાં તે; ઉતાવળી રવાલ ચાલ; સાવક ચાલ; તેજ કદમ.

7 અતિ વેદના; પરાકાષ્ઠાનું દુઃખ; યાતના; અતિ વ્યથા; તીવ્ર વેદના; અજીયત; તકલીફ.

To put to the rack, અતિ વેદના થાય તેમ કરવું; બહુ દુઃખ દેવું-પાડવું; વલખાવું.

Rack, *v. i.* રવાલ ચાલે ચાલવું.

2 બાફ-વરાળાકારે ઉડવું; કશામાંથી વરાળ-બાફ-ધુમાડો નીકળવો-છુટવો.

Rack, *n.* The neck and spine of a fore quarter of veal or mutton, ગરદન; ગરદનનું ગોસ.

Racket, *n.* દડા રમવાની હાથાવાળી એક પટી-લાકડી; ગુલિકા તાડની.

2 પોચી જમીનપરથી ચાલી જવા માટે ઘોડાના પગમાં ઘાલવાની લાકડાની પોહોળી પાવડી.

3 કલબલ; ઘોંઘાટ; બુમ; શોર; પોકાર; કોલાહલ.

Racket, *v. i.* શોર-બકોર કરવો; બુમ બરાડા પાડવા; સભા-રમત કરવી; ધિંગાનું મચાવવું.

Racket court, *n.* દડીદાવ રમવાની જગા; દડા રમવાની જગા. Racketના દડીદાવમાં દડીને જમીનપર પડવા દેવાજ નથી. કસાયલા રમનારાઓ તે દડીને ઉછળતી ને ઉછળતીજ રાખે છે, અને તે જમીનપર પડી એટલે પડવા દેનાર તે દાવ હારે છે. આખા શરીરને આ રમતથી ઠીક કસરત મળે છે.

Racking, *a.* અતિ વેદનાકારક.

Rack lashing, *n.* (*Mil.*) તાણીને બાંધેલું દોરડું તેનીજ હાલતમાં રાખવા માટે વચ્ચે લાકડાનો એક કટકો ઘાલી દોરડાંના બે ભાગને આમળાવી અથવા વળ દઈ રાખેલો હોય તે ભાગ.

Rack rent, *n.* વાજબી કરતાં વધારે ભાડું; વધતામાં વધતું ભાડું-ગણોત.

Rack saw, *n.* ફાટાફુટા-પોહોળા દાંતાની કરવત.

Rack stick, *n.* (*Mil.*) તાણીને બાંધેલું દોરડું પાછું ઢીલું નહીં પડી જાય તે માટે વચ્ચે જે એક લાકડાનો કકડો ઘાલી તેને આમળવી અથવા વળ દઈ ગાળામાં આવે છે તે કકડો.

Racy, *a.* Having a strong flavor indicating origin, પોતાની ઉત્પત્તિ સુચવે એવો સ્વાદ રાખનાર; પોતાની ઉત્પત્તિનો ભાસ કરાવતું. એ ઉપરથી,

2 રસિક; સુરસ; રંગીલું; નમકીન; મજાદાર; ખુબીવાળું; રંગવાળું.

Radiance,) *n.* પ્રભા; ચકચકાટ; પ્રકાશ; તેજ; ચળકાટ;
Radiancy,) ઝગમગાટ; કાંતિ; દીપ્તિ; જ્યોત; છબી; તેજ; નૂર.

Radiant, *a.* Emitting or proceeding from centre, મધ્યબિંદુમાંથી નીકળતું-આવતું; મધ્યબિંદુમાંથી સીધી લીટીમાં નીકળતું.

2 Issuing in beams of rays, કિરણ રૂપે આવતું-નીકળતું; રોશની અથવા ગરમીનાં કિરણ ફેંકતું.

3 Emitting a vivid light or splendor, ચકચકતું; નુરાની; પુરનુર; રોશન; તાબદાર; પ્રકાશિત; તેજસ્વી; ચકચકિત; સુનાવ્વર; દીપ્ત; તેજોમય; દેદીપ્યમાન; કાંતિમાન.

Radiant heat, સીધી લીટીમાં નીકળતી ગરમી; ગરમ થયેલા-તપેલા પદાર્થમાંથી નીકળતી-મારતી ગરમી-ભભક.

Radiant, *n.* (*Opt.*) જે તેજસ્વી બિંદુ અથવા પદાર્થમાંથી રોશની નીકળતી હોય તે બિંદુ અથવા પદાર્થ; જે પદાર્થમાંથી રોશ-

નીના પ્રતિબિંબ ઘણા તેજથી ફેંકાતાં હોય તે પદાર્થ.

2 (*Geom.*) કોઈ ચોક્કસ બિંદુમાંથી નીકળતી સીધી લીટી, જે તે બિંદુની આસપાસ ફરતી જણાતી હોય.

RADIARY, *n.* ચક્ર આકારના પ્રાણી માંહેલું એક.

RADIATA, *n. pl.* (*Zool.*) ચક્ર આકારનાં પ્રાણી માત્ર.

RADIATE, *v. i.* બિંદુ–સપાટીમાંથી સીધી લીટીમાં નીકળવું, જેવીકે ગરમી અથવા રોશની.

2 કિરણ રૂપે આવવું–નીકળવું; કિરણ ફુટવાં–પડવાં; પ્રકાશવું; ચળકવું.

RADIATE, *v. t.* કોઈ બિંદુ અથવા બિંદુઓમાંથી સીધી લીટીમાં બહાર કાઢવું–પાડવું–મોકલવું–ફેંકવું.

RADIATE, *a.* કિરણનું; કિરણમય; મધ્યબિંદુ અથવા કેંદ્રમાંથી નીકળતાં કિરણોનું બનેલું.

2 (*Zool.*) ચક્ર આકારના પ્રાણીનું–ને લગતું–માંનું.

RADIATED, *a.* (*Min.*) એક મધ્યમાંથી નીકળતી પાંખળીવાળું.

2 (*Zool.*) ચક્ર આકારના પ્રાણીનું–માંનું–ને લગતું.

RADIATES, *n. pl.* See RADIATA.

RADIATION, *n.* કિરણોનું નીકળવું–પસરવું–ફેલાવું તે; કિરણ સ્ફુરણ; કિરણ પાતન; નુર અફશાની.

2 ચળકાટ; ઝગઝગાટ; ઝગઝગ થતો પ્રકાશ; તેજી.

3 મધ્ય અથવા કેંદ્રમાંથી સીધી લીટીમાં નીકળવું તે.

RADICAL, *a.* Pertaining to the root or origin, મુળનું; આરંભનું; અસલનું; મુળ પાયાનું.

2 Thorough going; unsparing, કંઈજ કરતાં બાકીએ નહી એવું; કંઈ કરવામાં બાકી–મણા નહી રાખે એવું; કશી વાતની કસર કરે–રાખે નહી એવું.

3 Extreme, અતિશય; બહુ જ; સીમા વગરનું એવું; બેહદ.

4 (*Bot.*) જમીનમાંથી ફુટતું અથવા નીકળતું; જાણે મુળમાંથી નીકળતું હોય એવું, જેમકે કેટલાક રોપાનાં પાત્રાં.

5 મુળને લગતું.

6 (*Geom.*) મુળનું; મુળ; અસાધિત.

7 Natural, કુદરતી; જાતનું; તામસ; જન્મનું; સ્વભાવિક; પ્રાકૃતિક.

Radical quantity, (*Alg.*) જે પરિમાણની આગળ વર્ગમુળ, ઘનમુળ ઈત્યાદિ દેખાડવાનું (આવું $\surd$) ચિન્હ હોયછે તે પરિમાણ.

Radical sign, (*Math.*) કોઈ પરિમાણની આગળ મુકાતું (આવું $\surd$) ચિન્હ.

RADICAL, *n.* (*Philology*) મુળ શબ્દ; અસાધિત શબ્દ; ધાતુ; અસલ–જોડ્યા વગરનો–સંધાયા વગરનો શબ્દ; હરફે અસલી.

2 મુળ શબ્દમાંનો અક્ષર.

3 (*Politics*) મુળથી સુધારો કરનાર; એકદમ–બંધીજ વાતના સુધારામાં આગળ પડનાર; જડ મુળથી ઉખેડીને સુધારો કરનાર–કરવાનો મત રાખનાર; અતિશય–બેહદ ફેરફાર કરવાનો મત ધરાવનાર.

4 (*Chem.*) મુળતત્વ; ઉનસુર.

RADICALISM, *n.* ચાલુ રાજ્ય વ્યવસ્થામાં મ્હોટો ફેરફાર કરીને સુધારો કરવાનો જે મત તે.

RADICATE, *v. t.* જડ ઘાલવી–બેસાડવી; મજબુતીથી ઉંડાણ બેસાડવું; ખુબ ઠસાવવું; ગાડવું.

RADICATE, *a.* મજબુત જડ ઘાલેલું; મજબુત ઠસી ગયલું.

RADICEL, *n.* (*Bot.*) ન્હાનું–કુમળું મુળ; મુળિયું; અંકુર.

RADISH, *n.* (*Bot.*) મુળો. *Raphanus Sativus.*

Follicle of a radish, મોગરી; મુળાનાં ફલ.

RADIUS, *n.* (*Geom.*) ત્રિજ્યા; વ્યાસાર્ધ; મધ્ય બિંદુ થકી પરીઘ સુધી ગયલી લીટી; વ્યાસાર્ધરેષા.

2 (*Anat.*) કહોણી–કોપરિયાંથી તે કાંડાં સુધી ગયલું હાથનું હાડકું.

RADIX, *n.* (*Philology*) મુળ; મુળ શબ્દ; શબ્દનું મુળ.

2 (*Bot.*) ઝાડનું મુળ.

RAFF, *v. t.* વાળી ચોળીને એકઠું કરવું; ઝાડી ઝુડીને ગોળો કરવો.

2 ચોરવું; ચોરી ખુંચવી લેવું; છિનવી–લઈ લેવું.

RAFFLE, *v. i.* સોરતી કહાડવી–ભરવી; સોરતીમાં મુકવું; સોરતીમાં સામેલ થવું.

RAFFLE, *n.* સોરતી; એકાદિ વસ્તુની કિંમત ઘણા જણે હિસ્સા પ્રમાણે ભરવી ને પછી પાસા અથવા ચિઠ્ઠી નાખવી, જેના ધારેલા પાસા પડે તેણે અથવા જેનું નામ નીકળે તેણે તે વસ્તુ લઈ લેવી એવી નસીબ અજમાવવાની રીત–ક્રિયા–રમત.

RAFFLER, *n.* સોરતી ભરનાર–કહાડનાર.

RAFT, *n.* તરાપો; વાંસા પાટિયાં, લાકડાં વગેરેને દોરડાથી સાથે બાંધી બનાવેલો પાણીપર તરવાનો જે ઘાટ તે. એવા તરાપાપર સામાન મુકીને નદી અથવા ખાડીઓમાંથી તે લઈ જવામાં આવેછે. હિંદુસ્થાનમાં કેટલીક જગાપર મ્હોટાં માટલાં ઉંધાં વાળી તેમની ઉપર વાંસ તથા પાટિયાં બાંધી તેના તરાપા બનાવેછે. એવા તરાપાને ચૌઘડા અથવા ઘડનાઈ કરી કહેછે.

RAFTER, *n.* વળી; સાકડી; સાકડો; સાટકો; વાંસો.

Round rafter, સોટો; ગોળ વાંસો.

RAG, *n.* ચિથરું; ચિંધરડી; ચુંથો; ફાટુંતુટું કપડું; પોતું.

2 *pl.* ચિથડાં; ફાટાંતુટાં કપડાં; જરજર–છિન્ન–જીર્ણ વસ્ત્ર; છિન્નછિન્ન થયલાં કપડાં.

RAGABASH, } *n.* ચિથડિયો–ચિથરે હાલ આળસુ માણસ.
RAGABRASH, }

RAGAMUFFIN, *n.* અધમ–હલકું–નીચ–પાજી માણસ; ચિથડિયો; ગુદડિયો; ગુદડશાહ.

RAGDUST, *n.* ચિથડાંનો કરેલો બારીક ભુકો, જેની લાહી બનાવીને, તેને કઠણ કરવા પછી, તેનાં તરેહવાર જાતનાં રમકડાં

બનાવવામાં આવેછે, જેને *Papier maché* ના બનાવેલાં રમકડાં કહેછે.

RAGWORK, *n.* પથ્થરને ધુતરડીના જેવી જાડાઈના ઘડીને તેનું કરેલું બાંધકામ.

RAGE, *n.* –(of anger) ક્રોધાવેશ; ઘણો ગુસ્સો; ઝનૂન; પ્રકોપ; અમર્ષ; ખીસ; કેહેર; સંતાપ; અતિ ક્રોધ; મહા કોપ; ક્ષોભ; ગજબ; ઝાંઝ; રોષ; ઉગ્રતા.

2 –(of pain, fever &c.) જોશ; જોસ્સો; જોર; તડાકો.

3 –(of a tempest &c.) સપાટો; સુસવાટો.

4 Extreme eagerness, અતિહોંસ–આતુરતા–હવસ; ઘણીજ હોંસ; ઓહાડિયો; ચરસ; લલુતા; છંદ; ઉત્કંઠા; અતિ અભિલાષ; લાલસા.

RAGE, *v. i.* ગુસ્સે થવું; ક્રોધ કરવો; ખીસે ભરાવું; ક્રોધાયમાન થવું; ઝુઝવાવું; તપી જવું; જોસમાં આવી જવું; ચડભડવું; પિત્તો ઉછળવો; લાલ પીળું થવું; દાંતિયાં પીસવાં; હાથ પગ પછાડવા; આકળ વિકળ થવું.

2 –(the sea, wind) સપાટો–ઝપાટો થવો–લાગવો; તુફાની થવું; ઉછળવું; જોસબંધ ફુંકી વળવું; મોજાં મારવાં.

3 To ravage, –(a plague, battle) અતિશય દુઃખ–નાશકારક હોવું; અનર્થ–કેહેર–નાશ–ગજબ–પ્રલય થવો.

To vent one's rage on a person, ભરાઈ રહેલું કોઈ પર ખાલી કરવું; ભરાઈ રહેલો ગુસ્સો કહાડવો.

RAGFAIR, *n.* ચિથડાં બજાર; જ્યાં ગિઠડાં, ફાટાંતુટાં કપડાં વગેરે વેચાતાં હોય તે જગા.

RAGGED, *a.* ચિથરે ચિથરાં થઈ ગયલું; ચિથડાં ઉડેલાં; ફાટી તુટી–ચિથરડી ચિથરડી થઈ ગએલું; જરજર; જીર્ણ.

2 ઉંચું નીચું; ખડબચડું; ખાડા ખબચાવાળું; સરખું–સપાટ નહી હેય એવું.

3 ખાંડું; વચમાં ન્હાના ન્હાના ખાડા પડ્યા હોય તેવું.

4 ચિથરડિયો; ચિથરે હાલ; ફાટાંતુટાં કપડાં પેહેરનાર–પેહેરેલું; લબાચિયો.

5 જાડા–બરછટ–ખરબચડા–ગુચ્છાવાળા બાલ–વાળવાળું.

Ragged school, ગરીબ–કંગાલ–મુફલેસ બાળકોને માટે શાળા. એ શાળામાં તેમને શિખવવા ઉપરાંત ખાવા પીવાનું પણ આપવામાં આવેછે. ચિથરે હાલ આવતાં બાળકો ઉપરથી એ નામ અવલમાં આપવામાં આવ્યું હતું.

RAGGEDNESS, *n.* જર્જરતા; જીર્ણતા; છિન્નવસ્ત્રતા; ચિથરેહાલ હાલત.

2 ટેકડા ટેકડીવાળી–ખડબચડી–ભાંગી તુટી પડેલી હાલત.

RAGING, *a.* કેહેરનાક; ક્રોધ ભરેલું; ખિજવાયલું; ગજબનાક; ઉગ્ર.

RAGMAN, *n.* કાગજ બનાવવાના ઉપયોગ સારૂ ચિથડાં વિણનાર; છિન્ન વસ્ત્ર વ્યાપારી; ચિથડાં એકઠાં કરી વેચનાર; ગાભાચુંથાવાળો–લેનાર; રેજા ફરોશ.

RAGOUT, *n.* દમપુખ્ત; જુદીજુદી તરકારીમાં બોટી નાખીને બનાવેલું મસાલેદાર ઈસટુ.

RAG WHEEL, *n.* (*Mech.*) દાંતાદાર ચક્કર. ફરતી વખતે એ ચક્કરના દાંતા સાંકળની કડિઓમાં પોવાતા જાયછે, જેથી તે ચક્કર કોઈ પણ તરફ આડું અવળું ખસી શકતું નથી.

RAID, *n.* દુશ્મનની ભરેલો હુમલો; દ્વેષભાવથી–લુંટને માટે કરેલી સ્વારી–ચઢાઈ–હુમલો.

RAIL, *n.* કટેરો; સળિયો; ગજ; ગરાદ.

2 (*Railways*) રેલ ગાડીનો પાટો; આગગાડીનાં પૈડાં જે પાટા પર ફરેછે તે પાટો. C. S. G. રેલ.

By rail, આગગાડી–રેલવેમાં–ની મારફતે.

RAIL, *v. t.* કટેરા કરવા–જડવા–બેસાડવા; કટેરા ભરી લેવા; કટેરા ભરીને ઘેરી લેવું.

RAIL, *v. i.* ધિક્કારી કાઢવાની મતલબે હશી કહાડવું; ફિટકાર નાખવો; તાનાજની કરવી; બેઅદબી ભરેલી અથવા તિરસ્કારની ભાષા વાપરવી; મોહું ચલાવવું; જબાં–જબાંદરાજી કરવી.

To rail at one another, ગાળ ગલોચ કરવી.

RAIL CAR, *n.* અગ્નિરથ; આગગાડી.

RAILER, *n.* હાંશી–ઠઠા–મશ્કરી કરનાર; બદજબાનની સાથે ઠપકો આપનાર; તાનાજની–તિરસ્કાર કરનાર; નિંદકજન; મોહાડાંનું છુટું માણસ; નિંદક; અપવાદક.

RAIL FENCE, *n.* લાકડાના કટેરાની વાડ.

RAILING, *a.* નીંદા–તિરસ્કાર ભરેલું–યુક્ત; ગાળગલોચ ભરેલું; અપમાન કરતું.

RAILING, *n.* કટેરા; વાડ,

2 રેલના પાટા; રેલને લગતો સામન સરંજામ; કટેરા ભરવાનો સામન–લાકડાં.

RAILLERY, *n.* ઉપહાસ; મજાક; મશ્કરી; ઠઠ્ઠો; ચેષ્ટા; બોલાંડોલી; તાનાજની.

RAIL ROAD, } *n.* લોખંડની સડકનો રસ્તો; લોખંડી સડક–રસ્તો.
RAILWAY, } લોહપથ–માર્ગ. C. S. G. રેલવે.

Railway plant, લોખંડની સડક બાંધવાને લગતો સામન સરંજામ, હથિયાર ઓજાર, સંચા.

RAIMENT, *n.* વાગો; વસ્ત્ર; કપડાં; પેહેરવાનાં લુગડાં; પોશાગ; લેબાસ; ચીર; આચ્છાદન; અંબર.

Food and raiment, અન્ન વસ્ત્ર; ગ્રાસાચ્છાદન.

RAIN, *v. i.* વરસાદ વરસવો–પડવો–આવવો; વરસવું; ઝરમર વરસવું. આ અર્થે એ શબ્દના કર્તા તરીકે તેની આગાડી *it* લગાડવામાં આવેછે, જેમકે *It rains.*

2 વરસાદ–મેઘની માફક પડવું; ધાર ચાલવી–પડવી–છુટવી, જેમકે Tears *rained* from their eyes.

To rain heavily–in torrents, મુસળધાર વરસાદ પડવો; ધોધમાર વરસાદ થવો; ધોધમાર વરસવું; હેલી થવી.

RAIN, *v. t.* કશાનો વરસાદ વરસાવવો; કશાની વૃષ્ટિ કરવી; વરસાવવું.

RAIN, *n.* વરસાદ; મેઘ; મેઘલો; મેહ; બારાં; પર્જન્ય; વૃષ્ટિ; મેવલો; [બરખા.

Rain during sunshine, નાગો વરસાદ.

Pelting rain, સડસડાટ-તડાતડ પડતો વરસાદ.

Soaking rain, પિછોડીપુર વરસાદ; પિછોડી પલાળે-ભિંજવે એટલો વરસાદ.

Heavy rain, મુશળધાર વરસાદ; અતિવૃષ્ટિ; ધોધમાર વરસાદ.

A fall of rain, ઝાપટું.

Drizzling rain, ઝમઝુમ-ઝરમર ઝરઝર વરસતો વરસાદ; છાંટી છાંટી આવતી હોય તેવો વરસાદ; ઝુદનિયાં.

Unceasing pour of rain, ઝડી; હેલી; બત્થુવૃષ્ટિ.

Drifting rain, વાછંટ.

The rains, ચોમાસું; વરસાદના દહાડા; વર્ષાકાળ; પરજન્યકાળ;

The rains have set in, ચોમાસું બેઠું. [બરખા.

RAINBOW, *n.* મેઘ-ઈંદ્રધનુષ; ઈંદ્રચાપ; વરસાદનું કામઠું-કમાન; ઈંદ્રાયુધ.

RAINFALL, *n.* વરસાદ; વરસાદનું પાણી; વરસાદ પડવો-વરસવો તે; વૃષ્ટિપાત.

RAINGAGE, } *n.* વરસાદ માપવાનું યંત્ર; વરસાદ માપક-પરજન્ય
RAINGAUGE, } માપક યંત્ર; પેમાનિબારિશ.

RAINWATER, *n.* વરસાદનું પાણી; મેઘ જલ; વૃષ્ટિજલ; આભે બાગે; આસમાની પાણી.

RAINY, *a.* વરસાદ-પરજન્ય-વૃષ્ટિનું; બારાની; વૃષ્ટિમય-પ્રચુર-બહુલ.

Rainy weather, વરસાદના દહાડા.

RAIP, *n.* જમીન માપવાની કાઠી.

RAISE, *v. t.* To lift upward, ઉંચકવું; ઉંચકી લેવું; ઉપાડવું; ઉઠાવવું, જેમકે To *raise* a stone or weight. એ ઉપરથી,

2 To exalt, ચઢાવવું; મોટી પદવી-દરજ્જો આપવો; સરફરાજ કરવું; બઢતી કરવી; બહાલ કરવું; ઉન્નતિ કરવી, જેમકે To *raise* from a low estate; to *raise* to office.

3 To enhance, વધારવું; વધારી દેવું-મુકવું; તેજ કરવું; તેજી વધારવી; ચઢાવવું, જેમકે To *raise* the price.

4 To increase the strength, vigor or vehemence of, ઘણું વધારી દેવું; જોરા ચઢાવવો; બળ-કૌવત વધારવું, જેમકે To *raise* the pulse; to *raise* the voice; to *raise* the heat of the furnace, to *raise* the spirits.

5 To bring up from the lower world; to call up, ભુત-પિશાચને તેડવું-બોલાવવું-નજર સામે લાવવું-હાજર કરવું-ખડું કરવું-લાવીને ઉભું રાખવું-ઉત્પન્ન કરવું, જેમકે To *raise* a spirit from the world of spirits.

6 To recall from death, મુએલાને ઉઠાડવું; જીવતું-સજીવન કરવું, જેમકે Why should it be thought a thing incredible with you that God should *raise* the dead?

7 To cause to rise up, or assume an erect position or posture, ખડું-તડું-ટટાર-ઉભું-સીધું થાય-બેસે તેમ કરવું; આડું પડેલું નહી રહે તેમ કરવું. એ ઉપરથી,

8 To awaken, ઉઠાડવું; બેદાર કરવું; જગાડવું; હોશિયાર-સાવધ કરવું, જેમકે "They shall not awake, nor be *raised* out of their sleep."

9 To incite to tumult, struggle, or war, ઉઠાવવું; જગાડવું; મચાવવું; ઉશકેરવું; જેમકે,

Æneas then employs his pains,
In parts remote, to *raise* the Tuscan Swains.

10 To give rise to, થાય-પેદા પડે-નીકળે-ઉપજે તેમ કરવું. એ ઉપરથી,

11 To build up, ઉભું કરવું; ઉઠાવવું; રચવું; બાંધવું, જેમકે To *raise* the frame of a house, a wall &c.

12 To collect; to levy, જમા-એકઠું કરવું; જમાવ કરવો, જેમકે To *raise* money, troops and the like.

13 To procure, to be produced, bred, or propagated, જન્મે-પેદા પડે તેમ કરવું; નિપજાવવું; ઓલાદ વધે તેમ કરવું, જેમકે To *raise* horses, oxen or sheep.

14 To cause to grow, પકવવું; ઉગાડવું; ઉત્પન્ન-પેદા કરવું; પીક થાય-પાકે-ઉગે તેમ કરવું, જેમકે To *raise* wheat, barley, hops &c.

15 To bring into being, સરજાવવું; હસ્તીમાં લાવવું; વુજુદ આપવું; ઉત્પન્ન-પેદા કરવું; બહાર આવે-પડે તેમ કરવું; જેમકે "I will *raise* them up, a prophet from among their brethren."

16 To set a-going, ઉઠાડવું; ઉઠાવવું; ચલાવવું; શોધી કાઢવું; ઉભું કરવું, જેમકે "Thou shalt not *raise* a false report."

17 To give vent or utterance to, બોલવું; મનમાં જે કંઈ હોય તેનો મ્હોડે બોલીને ઉભરો કાઢવો, જેમકે Soon as the prince appears, they *raise* a cry.

18 To cause to rise, as by the effect of leaven, ચહડે તેમ કરવું; ફુલાવવું; ઉપસાવવું, જેમકે Miss Liddy can dance a jig, and *raise* paste.

19 (*Naut.*) To cause to seem elevated, as an object by a gradual approach to it, જાણે ઉંચું થતું દેખાતું હોય તેમ કરવું; જેમ જેમ હરેક વસ્તુની પાસે આવતા જઈએ તેમ તેમ તે વસ્તુ વધારે સારી રીતે દેખાય તેમ કરવું, જેમકે To *raise* the land; to *raise* a point.

20 (*Law*) કરવું; બનાવવું; ઉત્પન્ન કરવું, જેમકે To *raise* a use.

To raise a cry, ચિચાડી-કિકિયારી પાડવી-મારવી.

To raise shout, બૂમ પાડવી; હોકારો કરવો.

To raise one's voice, મ્હોટે સાદે-તાણીને-જોરથી બોલવું.

To raise the spirits of, કોઇને હીંમત-ધીરજ-ઉમેદ આપવી.

To raise a seige, ઘેરો ઉઠાવવો.

To raise a voice against, સામે બોલવું.

RAISED, *a.* સરફરાજ.

RAISIN, *n.* ખિસમિસ; કિશમિશ; સુકી દરાખ; શુષ્કદ્રાક્ષ.

RAKE, *n.* પંજેઠી; પંજો; કળપી; દાંતો.

2 (*Naut.*) વહાણના પઠાણના બંને છેડા ઉપરથી બહાર નીકળી આવેલો ઑક-ઑકાવ-વાંક, જે વહાણના મુખડાથી તે પાછલા ભાગ (નાલ) સુધી પોહોંચી વળેલો હોયછે.

3 (*Naut.*) વહાણના ડોલનું એક બાજુએ લચવું-વાંકું થવું તે.

4 છાપરાની બાજુઓ પરનો ઢાળ.

RAKE, *n.* રંડીબાજ; જિનાકાર; લુચ્ચું-હરામજાદું માણસ; બહારલટો; લંપટ; વ્યભિચારી; ઝાની.

RAKE, *v. t.* પંજેઠીથી એકઠું કરવું.

2 પંજેઠીથી સાફ કરવું.

3 સખ્ત મેહેનત મજુરીથી એકઠું કરવું-સંઘરવું; મહા મેહેનતે અહીંથી તહીંથી કરીને-ખોળવી નીખવીને એકઠું કરવું; જમાવ-સંગ્રહ કરવો.

4 બધે ફરી વળીને તલાશ-ખોળ કરવી; ખોળવું; ઢુંઢવું.

5 ઉપરથી જલદી જવું; ફરી વળવું; ઝપાટા બંધ પસાર થઇ જવું.

To rake up, આતરા ભારવા; આતશ ઉપર રાખ નાખવી.

To rake up old scores, જુના ઘા પાછા તાજા કરવા; વિસરાયલો બનાવ-વાત પાછી તાજી કરવી; ડાટેલું પાછું ઉખેડવું; ઉભેળવું.

To rake with shot, એવી રીતે તોપનો ગોળો મારવો કે તે વહાણના તુતકના એક છેડાથી બીજા છેડા સુધી પોહોંચી વળે.

RAKE, *v. i.* અમથું રખડયા કરવું.

2 દુરાચરણ-બદફેલી-જિનાકારી કરવી.

RAKE HELL, *n.* નરકનો કચરો; રંડીબાજ માણસ; બહારલટો; લંપટ; વ્યભિચારી; ઝાની; શોખચશ્મ; બેહયા.

RAKESTALE, *n.* પંજેઠીનો હાથો-દાંડો.

RAKISH, *a.* બદફેલીવાળું; વ્યસની; બદકામી; બદકાર; બેકેદ; સાંડ; ભોગાસક્ત.

RALLY, *v. t.* વિખેરાઇ ગયલી ફોજ-લશકરને એકઠું કરી ગોઠવવું; પાછું મેળવવું; જમાવવું; એકત્ર કરવું.

RALLY, *v. i.* પાછું એકઠું થવું; પેહેલાની-આગલની સ્થિતિમાં-ઠેકાણે આવવું. એ ઉપરથી,

2 ગુમાવેલું કૌવત-ખોએલું જોર પાછું મેળવવું; બરબાદ થયલી શક્તિ પાછી મેળવવી.

RALLY, *v. t.* ઠઠ્ઠા-મજાક-મશ્કરી કરવી; ઉપહાસ કરવો.

RAM, *n.* મેંઢો; ઘેટો; ભેડ; એડક.

2 (*Astron.*) મેષ રાશિ.

3 કિલ્લાની દીવાલ-ભીંત તોડી પાડવાને તેમાં ગાબડું પાડવાનું આગલા વખતમાં વપરાતું હથિયાર-યંત્ર-સાધન.

4 પાણી ઉંચે ચઢાવવાનું યંત્ર.

5 SEE PILE DRIVER.

RAM, *v. t.* ટક્કર મારવી; ફરાની સાથે અથડવું-અફાળવું.

2 ઠાંસીને ઘાલવું; ઠાંસવું.

3 ડાબીને-ચાંપીને-ઠોકીને ભરવું; ખીચીને ભરવું.

RAMBLE, *v. i.* ભટકવું; અહીંથી તહીં ફેરો મારવો; રખડપટ્ટી કરવી; ફરતા ફરવું; રખડવું; આથડવું; રઝળવું; સયર કરવી; લટાર મારવી.

2 -(in speech) આડું જવું-ફાટવું; લથડવું; ફાંફાં મારવાં.

RAMBLE, *n.* ફેરો; ચક્કર; રખડપટ્ટી; અહીં તહીં ભમવું-ફરવું તે; લટાર; વિહાર; ભ્રમણ; સયર; પરિભ્રમણ; પર્યટન.

RAMBLER, *n.* રખડનાર; રઝળનાર; ભ્રમણકારી; અહીં તહીં ભટકનાર; સેલાની.

RAMBLINGLY, *ad.* ફરતાં ફરતાં; રમતાં રમતાં.

RAMIFACTION, *n.* એક બીજામાંથી ફાંટા ફુટવા-નીકળવા તે, જેમકે ઝાડ પાનની ડાળીઓ અને જાનવરોનાં શરીરમાંની નસો એક બીજામાંથી નીકળીને પસરી રહેછે તેમ.

2 -(of a family) શાખા; ડાળી.

3 -(of a subject) ભાગ; વિભાગ; ખંડ.

RAMIFORM, *a.* ડાળી-શાખાના જેવું.

RAMIFY, *v. t.* શાખા-ભાગ-વિભાગ-ખંડ કરવા-પાડવા.

RAMIFY, *v. i.* ડાળી-ફાંટા ફુટવા-નીકળવા; શાખા પડવી.

2 શાખા-વિભાગ-ખંડ પડવા-થવા.

RAMMER, *n.* ઠાંસીને-દાબીને-ચાંપીને ભરનાર.

2 ઠોકવાની મ્હોટી મોગર; ઘોણ.

3 બંદુક અથવા તોપમાં દારૂગોળો ભરવાનો ગજ-સળિયો.

RAMMISH, RAMMY, } *a.* મેંઢા-ઘેટાના જેવું.

2 બોસરું; ગંધાતું; વાસ મારતું; વીસરું; બદબોદાર.

RAMOSE, RAMOUS, } *a.* શાખા ફુટેલું; ફાંટાવાળું; ડાળીઓથી ભરપુર; શાખાદાર; પુર શાખા; શાખાબહુલ.

RAMP, *v. i.* વેમાની પેઠે ચઢવું; પ્રસરવું.

2 નાચવું કુદવું; મઝા-ગમત કરવી; મોજ મારવી; ખિગાળું કરવું-મચાવવું; કુદાકુદ-દોડાદોડી-ધમચકડી કરવી; કલ્લોલ કરવો.

RAMP, *n.* ભુસકો; કુદકો; છલંગ; ઠેકડો.

2 લુટારુ; ધાડ પાડનાર; વાટપાડુ; કજાક; વાટમાર.

3 કસબન; રાંડ; રામજની; વેશ્યા; કાહિલાહ.

RAMPANT, *a.* Overgrowing the usual bounds, હદ બહાર વધેલું-ગએલું; વધી ગએલું; જેમકે *Rampant* weeds.

2 Overleaping restraint, શિરજોર; બેહયા; બરમસ્ત.

3 (*Her.*) જાણે કોઈ માણસ ઉપર હમલો કરતું હોય તેમ કોઈ જાનવરે પોતાના પાછલા પગ ઉપર સીધું ઉભું થવું-રહેવું. જાનવર કુદતું અથવા છલંગ મારતું હોય અને જ્યારે તેના બંધે આગળના પગો એકેક સાથે ને બંધે પાછળના પગો એકેક સાથે જોડાયલા રહે ત્યારે તેને *Salient* કરી કહેછે.

RAMPART, *n.* કિલ્લાની ભીંત-દીવાલ; ફસીલ; કોટ; હિસાર; શેહેર પનાહ.

RAMPART, *v. t.* કોટ કરવો; કોટ બાંધવો; કોટ કરી લઈને મજબુત-બંદબસ્ત કરવું; ફસીલબંદી કરવી.

Rampart gun, (*Fort*) કિલ્લાપર ગોઠવેલી તોપ.

RAMPIER, *n.* SEE RAMPART.

RAMPION, *n.* (*Bot.*) સળગમની જાતની એક વનસ્પતિ-તરકારી.

RAMPIRE, *n.* SEE RAMPART. [આ શબ્દ કવિતા રચનામાંજ વપરાયછે].

RAMROD, *n.* તોપ-બંદુકનો ગજ-સળિયો.

RAMSHACKLE, *a.* જુનું બખ થઈ ગયલું; પડુપડુ થયલું.

RAMSON, *n.* (*Bot.*) એક જાતનું લસણ. —*Allium ursinum.*

RAMULOSE, RAMULOUS, *a.* (*Bot.*) ડાળીઓથી ભરેલું-ભરપૂર; ઘણી ડાળીઓ-ફાંટાવાળું.

RANA, *n.* (*Zool.*) વગર પુછડીના દેડકાની એક જાત.

RANCID, *a.* ખોટો વાસ મારતું; ગંધાતું; બદબુ; ખોરું; વાસી; ખોસરું.

RANCIDITY, RANCIDNESS, *n.* ખોરાપણું; ખોરાટ; ખોરાસ; બદબોઈ; ખાટો વાસ.

RANCOR, *n.* ભારે અદાવત; કીનો; હાડવેર; ખાર; ખુનસ; દીર્ઘ દ્વેષ; અતિશે વેરભાવ; અંટસ; દુષ્ટભાવ; અતિમાત્સર્ય.

RANCOROUS, *a.* અતિ દ્વેષી; ખારીલું; ખુનરેજી; હાડ વેરનું; કીનાખોર; કીનાકશ; ખારપાટિયું.

RAND, *n.* કોર; કિનાર; હાંસીઓ; કોરણ.

2 પતળી તળી; જોડાની અંદરની તળી; જાડી સુખતળી.

RANDAN, *n.* ફરીથી-બીજીવાર ચારેલો આટો; મેદો.

RANDOM, *n.* નેમ-ઠેકાણા વગરપણું; બેતરતીબી; બેકાયદગી.

2 ટપ્પો; પલ્લો; ફેંકેલી ગોળી જેટલે અંતરે જઈ પહોંચે તે અંતર.

At random, નેમ-ઠેકાણા વગર; ગમે તેમ; અલબટપ્પુ; ધડા વગર; અકસ્માત; બેકેદ; ગેરશિરસ્તે; બે અંદાજે; બે હિસાબે; ઠોરઠેકાણા વગર; અડસટે; અટકળે; સુમારે.

RANDOM, *a.* નેમ-નિશાન-ઠોર ઠેકાણા વગરનું; ધડા વગરનું; ગેર શિરસ્તાનું; બેકાયદાનું; અગાઉથી સુમાર-અડસટો કાઢ્યા વગરનું; અજમાએશ વગરનું; ઈત્તીફાકી.

RANDY, *a.* તોફાની; ફીતુર ભરેલું; ફીસાદનું; હુલ્લડી.

RANGE, *v. t.* હારબંધ-હારેદાર ગોઠવવું; હારબંધ ગોઠવણ-વ્યવસ્થા કરવી; સફ-બ-સફ ઉભું કરવું.

2 વર્ગ-ભાગ પાડવા; ગોઠવવું; મુકવું; તરતીબ કરવી; આરાસ્તાહ કરવું.

3 પાર-પેલી તરફ જવું; ઓળંગી જવું.

4 બાજુએ-પાસે થઈને જવું.

RANGE, *v. i.* ગમે તેમ-અહીં તહીં-મરજી મુજબ ભટકવું-રખડવું; ભમતા-ફરતા ફરવું.

2 પોંહોંચ હોવી; પોંહોંચી શકવું; ફરી વળાય એટલું અંતર હોવું, જેમકે The gun *ranges* three miles; the shot *ranges* four miles.

3 ફરાની બરાબર સીધી હારમાં હોવું; ફરાની સાથે એક હારમાં હોવું, જેમકે The front of a house *ranges* with the street

4 કિનારે કિનારે થઈને જવું; બાજુએ-પાસે થઈને જવું, જેમ To *range* along the coast.

RANGE, *n.* હાર; ઓળ; કતાર; પંક્તિ; પંગત; સિલસિલો; આવલી; રદીફ; માળા; શ્રેણી.

2 વર્ગ; પ્રત; જાત; ગણ; મંડળ; કિસમ.

3 નિસરણી-સિડીનું ડાગ્યું-પગથિયું.

4 ધુમાડિયાની હેઠળ બેસાડેલી રસોઈ કરવાની ભઠ્ઠી; પાકોપકરણપંક્તિ.

5 આંક ચારણી; ઝીણાં કાણાંની આટો ચાળવાની ચાળણી.

6 રખડપટ્ટી; અહીં તહીં રખડવું-ભટકવું તે; સફર.

7 વિચાર શક્તિની પહોંચ; પ્રસર; વિસ્તાર; કાબૂ; હદ.

8 ગોળો-તીર-નજર પોંહોંચી શકે એટલો ટપ્પો; પલ્લો.

RANGER, *n.* ઘોડે સ્વાર સિપાઈ; સેલાની.

2 અરણ્યરક્ષક; જંગલના ઝાડોની ચોકસી રાખનાર અને તેમાં આવતાં સુનેસ-રખડતાં જાનવરોને પકડનાર સરકારી અમલદાર; વન-જંગલ-રાનનો રખેવાળ.

3 જમીન સુંઘીને શિકાર શોધી કાઢનાર શિકારી કુત્તો; મીરશિકાર.

RANK, *n.* હાર; ઓળ; પંક્તિ; કતાર; સતર; શ્રેણી.

2 (*Mil.*) સફ; વ્યૂહ; સૈન્ય પંક્તિ. એકની પાસે એક એમ ગોઠવેલા સિપાઈઓની હાર-કતાર. —opposed to *file*. [એકની પછાડી એક એમ ગોઠવેલા સિપાઈઓની હાર-કતારને *file* કહેછે.]

3 (*Mil. & Naval.*) પદવી; પાયરી; હોદ્દો; દરજ્જો.

4 વર્ગ; જાત; પ્રત; ગણ; કિસમ.

5 ઉંચે દરજ્જેની ખુબી; મનશક્તિ; જોહર; પાણી; દમ; કાબેલીયત, જેમકે A lawyer of high *rank*.

6 મ્હોટો દરજ્જો; ઉંચી પદવી; મરતબો; શોભા; અજમત, બુઝુરગી; ગૌરવ, જેમકે A man of *rank*.

Rank and file, (*Mil.*) સિપાહી મંડળ.

The ranks, સાધારણ સિપાઈ વર્ગ, જેમકે To reduce an officer to *the ranks*.

Breaking the ranks, વ્યૂહભંગ; વ્યૂહભેદ; સફ તોડવી-ભાંગવી તે.

To fill the ranks, પૂરેપૂરી સંખ્યા કરવી અથવા જોઈએ તેટલી પૂરતી સંખ્યા કરવી; જોઈતી ભરતી કરવી.

To take rank of, કોઇની ઉપરની જગાનો હક ભોગવવો અથવા કોઈના કરતાં ચઢતા દરજાની જગાપર ચઢવું.

To rise from the ranks, સિપાઇનું અમલદારની પદવીએ ચઢવું.

To reduce to the ranks, કોઇ લશ્કરી અમલદારને પદવી ભ્રષ્ટ કરીને સાધારણ સિપાઇની જગાપર ઉતારી પાડવો.

Woman of rank, પરદેનશીન; બુર્ખાનશીન.

Rank, *v. t.* હારબંધ-હારોહારે-હારે કતાર-હારેદોર ગોઠવવું; સફ બાંધવી-સમારવી.

2 કોઇ ચોકસ વર્ગ-જાત-પ્રકારમાં મુકવું.

3 ઉંચી પદવી ધરાવવાની ખુબીથી પ્રમુખપણું લેવું.

Rank, *v. i.* કોઈ ચોકસ-વર્ગ-જાત-પ્રકારમાંનું ગણાવું-હોવું.

2 ચોકસ ચઢતી પદવી ધરાવવી; કોઈની બરોબરીના ગણાવું; કોઇની બરોબરીની પદવી-દરજ્જે હોવો; ઉંચા દરજામાં ગણાવું; ગણના થવી; લેખાવું; ગણાવું.

Rank, *a.* Luxuriant in growth, અતિશય ફાલેલું; વધી ગએલું; પ્રચુર; વિપુલ; જંગલી, જેમકે *Rank* grass; *rank* weeds.

2 Excessive, ભારી; જબરૂં; અતિશય; પરાકાષ્ટાનું; હડહડતું, જેમકે

I do forgive
Thy *rankest* faults.

3 Strong; clinching, સજ્જડ-મજબુત પકડેલું-ઝાલેલું હોય તેવું, જેમકે To take a *rank* hold.

4 Very rich and fertile, જેમાં અતિશય પાક થાય તેવું; માતબર; સુપીક; ઘણી રસાળ-ફળદ્રુપ, જેમકે Where the land is *rank*, 'tis not good to sow wheat after a fallow.

5 Strong-scented, સખ્ત વાસ મારતું; ગંધાતું.

6 Rancid, ખોરૂં; ઉતરી ગયલું.

7 High-tasted, ઝાટકો લાગે એવું; ઝમઝમ-રવરવ થાય એવું; તેજ બુદાર.

To set rank, રંદાનું પાનું એવી રીતે ગોઠવવું કે જેથી જાડાં છોડાં છોલાય.

Rankle, *v. i.* બળ્યાં કરવું; બહુ દુઃખ દરદ થાય એવું થવું; સાલવું; ખટકવું.

2 -(as wounds) પાકવું; સડવું; સડી-કોહી જવું. એ ઉપરથી,

3 -(as enmity &c.) વધારે જોરમાં આવતું જવું; પાકું બંધાતું જવું; ઘણા ગુસ્સા-જોરામાં આવતું જવું.

Rankly, *ad.* પૂર જોરમાં ખીલી-ઉગી રહેલું હોય તેવી રીતે. એ ઉપરથી,

2 જેવી તેવી રીતે; સફાઈ વગર; નાજુકી કે બારીકી વિના.

Rankness, *n.* જોરમાં ને પુષ્કળ ખીલી રહેવું તે; પૂર જોર; ઘેઘાટ; ભરભાર; બલિષ્ટવૃદ્ધિ; પ્રચુરવૃદ્ધિ.

2 ખોરાસ; ખોરાપણું; બદબોઇ; તેજબૂ.

Ranny, (*Zool.*) ગેણુ; છછુંદર; ઉંદરના જેવું પણ લગાર લાંબાં મ્હોડાનું એક પ્રાણી. See Shrew mouse.

Ransack, *v. t.* બધે ફરીવળીને તલાશ-ખોળ કરવી; ખોળવું; ઝાડો જોવો-લેવો; ખુણે ખુણા જોઈ વળવું; ઢુંઢવું.

2 લુટવું; ધાડ પાડવી; ધાડ પાડીને વેરાન કરવું; બરબાદ-તારાજ કરવું.

Ransom, *n.* છુટકો; છુટકારો; મુક્તિ; ઉદ્ધાર; બંદ ખલાશ; રીહાઈ; આજાદી; ખલાસી; નિસ્તાર.

2 છુટકારાને માટે આપેલો અવેજ-નાણું; દંડ; શત્રુના હાથપર પકડાઈ ગયલા કોઈ બંધવાને કે જપ્ત થયલી કોઈ માલમતા છોડવવાને માટે આપેલું નાણું-અવેજ-બદલો; જરે મખલાસી; નિસ્તાર મૂલ્ય.

3 (*Law*) કોઈ મ્હોટા અપરાધની માફીનો અવેજ; દંડ; ફટકા અથવા બાંધીમારની સજાને બદલે આપેલો દંડ.

Ransom, *v. t.* દંડ-નાણું-અવેજ લઈ-આપીને છોડવવું; છુટકારો કરવો; મુક્તિ આપવી; કોઇનો દંડ-અવેજ આપવો.

Rant, *v. i.* મ્હોટે સાદે બડબડવું-બકવું; કશી વાતનો વિચાર રાખ્યા વગર મ્હોટા મ્હોટા શબ્દો મ્હોટેથી બોલવા.

Rant, *n.* મ્હોટે સાદે વગર વિચારે કરેલું ભાષણ-બોલવું તે; બડબડાટ; લવારી; વગર સમજનો-અર્થ વગરનો બકબકાટ.

Ranter, *n.* મ્હોટે સાદે બડબડ કરનાર.

Ranty, *a.* ધાંધળિયું; ગડબડવું; ઘોંઘાટ-શોર કરતું.

Ranunculus, *n.* (*Bot.*) ગુલેરાના; કાકુંજકી; સુંદર રંગનું ખુરાનુમા ફૂલ.

Ranunculus, *n.* (*Bot.*) એક જાતનાં ઝાડ, જેનાં ફૂલ ઘણા સુંદર દેખાવનાં હોયછે. એ જાતનાં ઝાડોમાંનાં કેટલાંક ઝાડો દવાદારૂના ઉપયોગમાં આવેછે. વચનાગ અથવા અતિવિષ (aconitum) નામની દવા એ જાતનાં ઝાડમાંથી મળેછે.

Rap, *v. i.* કરાં ઉપર જલદી જલદી ઠોકવું-ટકોરા-ટાંચાં મારવાં.

Rap, *v. t.* ઠોકવું; ઝપાટો-ટપલો લેવો-લગાવવો; મારવું.

To rap out, એકદમ જોરથી-ઠોકીને બોલવું; તડકાવવું; તડકાઈ-તડકાઈ પડવું, જેમકે *To rap out* an oath.

Rap, *n.* ઠોક; સપાટો; ઝપાટો; ટકોરો; ઠોકો. -(on the face) લપડાક; લપ્પડ. -(on the cheek) તમાચો. -(on the head) ટપલો; ઠોલ; ધપ્પો. -(on the back) થાપટ; થબડાક; થપ્પટ.

Rap, *n.* દમડી; કોડી; બદામ, જેમકે It is not worth a *rap*.

RAP, *v. t.* ઝુંટાવી લેવું; ખુંચવી લેવું; પડાવી લેવું; અથાવી પડવું; ઝુંટાવી લઈ નાસી જવું.

2 તલ્લીન–ગરક–નિમગ્ન કરવું; મચેલું–મસ્ત રહે તેમ કરવું.

To rap and rend, ધસી પકડીને ફાડી તોડી નાખવું; ઉખેડી નાખવું; કોઈનાપર ટૂટી પડી હલ્લો કરીને જેટલું લેવાએ એટલું લુટી લેવું; ઝુંટાવી–છિનવી–ખુંચવી લેવું; જબરો હાથ મારવો.

RAPACIOUS, *a.* લુટારૂ; જોર જુલમથી ખુંચવી–ઝુટાવી–છિનવી લેનાર; અપહરણશીલ; અપહારી; હાથ મારનાર.

2 ફાડી ખાનારૂં; હિંસક; દરંદું; ખુનખાર; ખુનખુઆર.

3 જોર જુલમનું ભરેલું; જોર જુલમનું.

RAPACIOUSNESS, *n.* લુટારૂપણું; અપહારશીલતા; લુટવાનો અથવા જોર જુલમથી ખુંચવી–ઝુટાવી લેવાનો ખવાસ–સ્વભાવ.

RAPACITY, *n.* લુટારૂપણું; અપહરણશીલતા; લુટાલુટ.

2 –(of animals) ફાડી ખાવાનો સ્વભાવ–ખવાસ; દરંદગી ખુનખુવારી.

3 બળાત્કાર–જોર જુલમ–જબરદસ્તીથી–ગેરવાજબીપણે માંગવું–કઢાવવું–લેવું તે.

4 અતિશય–બેહદ લોભ–લાલચ.

RAPAREE, *n.* SEE RAPPAREE.

RAPE, *n.* કોઈ સ્ત્રીની મરજી ઉપરાંત જોર જુલમથી–બળાત્કારે તેણીની સાથે કરેલો સંભોગ; બળાત્કાર સ્ત્રી સંભોગ; કોઈ સ્ત્રીપર ગુજરેલી જાસતી–જબરદસ્તી; હઠ સંભોગ.

2 ઝુમખા–ઝુમખામાંથી તોડેલું ફળ.

3 વાઈન દારૂ બનાવવામાં વપરાયલી કિશમિશનો કુચો–છુંછો.

RAPE, *n.* (*Bot*) સરસવ; સરશી. *Brassica Napus.*

RAPE CAKE, *n.* સરસવના બીઆંને પીલ્યા પછી જે કુચો રહે તે; સરસીનો ખોળ.

RAPE OIL, *n.* સરસિયું; સરસવનું તેલ.

RAPE ROOT, *n.* સરસવ; સરસી.

RAPE SEED, *n.* સરસવ–સરસીનાં બી.

RAPE WINE, *n.* વાઈન દારૂ બનાવવામાં વપરાયલી કિશમિશના છેલ્લા રહેલા કુચામાંથી કરીથી બનાવેલો હલકો વાઈન.

RAPID, *a.* Moving with celerity, શીઘ્રગામી; તેજ કદમ; ઉતાવળું; જોરમાં હોય એવું; શીઘ્ર; ત્વરિત; વેગવાન; વેગથી–ઉતાવળે ચાલતું–વેહતું–દોડતું, જેમકે *A rapid* stream; a *rapid* motion.

2 Speedy in progression, શિતાબ; જલદીથી–ઉતાવળથી થતું–થાય તેવું, જેમકે *Rapid* growth; *rapid* improvement.

3 Of quick utterance of words, ઉતાવળિયું; જલદ, જેમકે *A rapid* speaker.

RAPID, *n.* નદીના જે ભાગમાં પાણીનો વેગ વધારે હોયછે તે ભાગ.

RAPIDITY, } *n.* જલદી; ઉતાવળ; ત્વરા; ઝપટ; વેગ; શીઘ્રતા;
RAPIDNESS, } શિતાબી; સત્વરતા.

RAPIDLY, *ad.* ઉતાવળે; જલદીથી; વેગે; સત્વર; ત્વરાથી; ઝપટથી; ઝડપ દઈને; તડ દઈને; સપાટાબંધ; કડાબીડ.

RAPIER, *n.* ખાંડું; સાંકડા પાનાની ટુંકી હલકી તરવાર; ગુપતી; નિમચો; ખડગ.

RAPINE, *n.* લુટફાટ; લુટાલુટ; ધાડ; લુટ; રાહજની.

2 બળાત્કાર; જોરજુલમ; જબરદસ્તી; જબરી; હઠ.

RAPPAREE, *n.* આયર્લંડ દેશનો જંગલી લુટારો.

RAPPEE, *n.* ભુરા અથવા કાળા રંગની એક જાતની તપખીર. કાળા અને જલદ વાસ મારતા તંબાકુનાં પાત્રાં ભીંજવીને તેમાંથી એવી જાતની તપખીર બનાવીને તેને કોઈ કોઈ વાર ખુશબોદાર કરવામાં આવેછે.

RAPPEL, *n.* (*Mil.*) સિપાહીઓને હથિયારબંધ થવા માટે વગાડેલું પડઘમ.

RAPSCALLION, *n.* SEE RASCALLION.

RAPT, *v. t.* જબરીથી ઉઠાવી જવું; બળાત્કારે લઈ જવું.

RAPT, *n.* તન્મયાવસ્થા; તલ્લીન અવસ્થા; સમાધિ; ચકચુર હાલત; ગુલતાન બની રહેવું તે.

RAPTORIAL, *a.* ફાડી ખાનારૂં; દરંદું. કેટલીક ચોકસ જાતનાં પક્ષીઓને એ શબ્દ લગાડવામાં આવેછે, જેવાકે ગરુડ; સકરો ઇત્યાદિ.

RAPTURE, *n.* અત્યાનંદ; હર્ષાવેશ; એકદમ હરખાઈ જવું તે, ખુશી; પરમાનંદ; બેહદ ખુશાલી; હર્ષ નિમગ્નતા; પરમસુખ; અત્યંત સુખ; મગનતા; અત્યંત હર્ષ.

RAPTURE, *v. t.* અત્યંત ખુશ કરવું; અત્યાનંદ પમાડવું; બાગ બાગ કરવું.

RAPTUROUS, *a.* ખુશાહલ; અત્યાનંદનું; હર્ષકારક; આનંદ–ખુશી ભરેલું; દિલરૂબા; દિલકશ.

RARA AVIS, (*Lat.*) કિસ્સા કહાણીમાં જણાવેલું હુમા પક્ષી. હુમા; નવાઈ જેવું એક પક્ષી; કદાચજ–કોઈ કદાચ મળી આવતું પંખેરૂં. એ ઉપરથી,

2 કમયાબચીજ; નવાઈ જેવું માણસ; નવાઈની કોઈ કીમતી વસ્તુ.

RARE, *a.* Not thick or dense, પાતળું, જેમકે *A rare* atmosphere at high elevations.

2 Thinly scattered, અહીં તહીં વિખરાયલું; વેરણખેરણ પડેલું; છુટક; પરાગંદે.

3 Not frequent; seldom met with, અસાધારણ; કોઈજ વખતે જોવામાં આવતું; વિરલું; નવાઈ જેવું; અપૂર્વ; ક્વચિતે મળે તેવું; દુર્લભ; અપ્રાપ્ય; નાયાબ; કમયાબ; અછતનું; અનોખું; અનમિલ.

4 Valuable to a degree, ઘણું સરસ; ઉમદા; અત્યુત્કૃષ્ટ; નાદર; તોફો; અનૂપ; અનુપમ; નિહાયત ખુબ.

RARE, *a.* કાચું; પૂરું ભુજાયલું–બફાયલું–સેકેલું નહી એવું; અદ-કચું; અધકચરૂં.

RAREE SHOW, *n.* સંદુકનો–પેટીનો તમાશો; રસ્તે રસ્તે ફરીને દેખાડવાનો તમાશો.

RAREFACTION, *n.* પતળાપણું; પાતળું અથવા ફુલવીને મ્હોટા વિસ્તારનું કરવું તે અથવા તે કરવાની ક્રિયા; કશાનું ઘટ-પણું ઓછું કરવું તે. —opposed to *condensation.*

RAREFY, *v. t.* પાતળું કરવું; ઘટપણું ઓછું કરવું; કશામાં કંઈ નવું વધારયા કે દાખલ કરવા વગર તેને ફુલવવું અથવા મ્હોટા વિસ્તારનું કરવું; ફેલાવવું. —opposed to *condense.*

RAREFY, *v. i.* પાતળું થવું; ઘટપણું ઘટવું.

RARELY, *ad.* ક્વચિત; કોઈજ પ્રસંગે; કદિકદિ; કદિમદિ; કોઇ કદાચ; જવલે.

2 ઘણી સરસ રીતે; ઉત્તમ રીતે; ખાસ્સી તરેહ; ખુબ; અચ્છી તરાહથી.

RARENESS, *n.* પાતળાપણું; કમઘટ્ટપણું; અઘનતા.

2 અસાધારણપણું; વિરલાપણું.

3 નવાઈ–અછતને લીધે જેની કિમ્મત ગણાય એવી ચીજ.

RARE RIPE, *a.* પોતાના વખત અગાઉ પાકેલું; કમોસમે પાકે-લું; પોતાની સાથના બીજાં કરતાં જલદી પાકેલું.

RARE RIPE, *n.* કમોસમે–ઉતાવળે પાકેલું ફળ.—પીચ ફળ ઘાણું કરીને એવી રીતે જલદી પાકપર ચઢેછે.

RARITY, *n.* અસાધારણપણું; વિરલાપણું.

2 પાતળાપણું; કમ ઘટ્ટપણું; પતળાઈ હલકાપણું.

3 દુર્લભ–અપૂર્વ વસ્તુ–ચીજ; નવાઈ; કમયાબી; અછત; નાયાબી. *A rarity*, સોગાત; નવાઈની જે કિમતી વસ્તુ તે.

RASCAL, *n.* A lean beast, દુબળું પશુ, જેવુંકે દુબળું હરણ.

2 A scoundrel, બદમાશ; લુચ્ચો; શઠ; કિતવ; ઠગ; હરામ-જાદો–ખોર; ખળ; ધૂર્ત; પાજી; નાબકાર; સોદો; દગાબાજ.

RASCALION, RASCALLION, *n.* કંગાલ–કંબખ્ત–અભાગ્યું–અધમ–નીચ મા-ણસ; પાજી; દુર્જન; ઠગ; સોદો; બદમાશ.

RASCALITY, *n.* લુચ્ચાઇ; સોદાઈ; શઠાઈ; ઠગાઈ; હરામખોરી; ધુર્તતા; કૈતવ; નાબકારી; હરામજાદગી; દગાબાજી; ચંડાળ-પણું; પાજીપણું; બદમાશી.

RASCALLY, *a.* લુચ્ચું; ખોટું; લાંઠિયું; શઠ; લુચ્ચાઈ–ખંધાઈનું ભરેલું; હલકું.

RASE, *v. t.* છેકી નાખવું; ભુંસી–લુછી નાખવું; ભુંસવું.

2 જમીનદોસ્ત–પાયમાલ કરવું; જડમુળથી ઉખેડી નાખવું; ખાખમાં મેળવવું. આજ અર્થે *Raze* શબ્દ હાલ ઘણો ખરો વપરાયછે.

RASE, *v. i.* પડી જવું; ભોંય બરાબર થવું; જમીનદોસ્ત થવું.

2 નાશ–પાયમાલ થવા દેવું.

RASE, *n.* જરા જેટલો–સેહેજ જખમ–ઘા; ઉઝેડો.

2 (*O. Eng. Law.*) માપામાં ભરેલી ચીજ મ્હોડાં ઉપરવારી ભરીને તેને મથાળે કરાની ચીપ ફેરવીને વધારાની ચીજ ઘસડી કહાડી તે ચીજને માથા બરાબર કરેલી તે માપું.

RASH, *a.* એકાએક–અકસમાત–ઉતાવળે થતું–બનતું; જલદી વધી જતું, જેમકે *Rash fire.*

2 કાચી મસલહતનું; અવિચારનું; ઉતાવળાપણાનું; બેઅંદેશ; બેધડક.

3 ઉતાવળું; અવિચારી; અધીર; આકળું, જેમકે *Rash* words; *rash* measures.

RASH, *n.* (*Med.*) અળાઈ; ગરમીને લીધે શરીરપર જે ફોલ્લી-ઓ થાયછે તે; દિલપર ગરમીના જે દાણા ફુટેછે તે.

RASHLY, *ad.* જોસ્સાભર; ઉતાવળે; અવિચારથી; વગર વિચારે; બેકિયાસ.

RASHER, *n.* સુઅર–ડુક્કરના ગોશ્તની પાતળી કાતળી–કાતરી.

RASHNESS, *n.* ઉતાવળાપણું; અવિચાર; ફુલડાઈ; ઉતાવળિયાપણું; બેતદબીરી; બેબાકી.

RASORIAL, *a.* (*Ornith.*) Gallinaceous જાતના પક્ષીના વર્ગને લગતું; ખોતરનારૂં; ખવડનારૂં. આ જાતનાં પક્ષોની ચાંચ અને પગનાં નખ વાંકાં આંકડીદાર હોયછે, જેથી તેઓથી ખોતરવા અથવા ખણવાને સારીપેઠે બનેછે. મરઘાં, ટરકી, મોર, કબુતર, તિતર, શાહમૃગ વગેરે પક્ષીઓ આ વર્ગમાં સમાયલાંછે.

RASP, *n.* એકજાતની કાનસ–રેતડી.

RASP, *v. t.* કાનસે–રેતડીવતી ઘસવું–છોલી કાઢવું; કાનસ મા-રવી–ફેરવવી. એ ઉપરથી,

2 કોઈને તરછોડી કહાડવું–નાખવું; કોઈનું અપમાન થાય-દિલ દુખે એવી રીતે તેની સાથે વર્તવું; કોઇને માઠું લાગે એવી ભાષા વાપરવી; દુભાવવું.

RASPATORY, *n.* શસ્ત્રવૈદ્યની કાનસ.

RASP BERRY, *n.* (*Bot.*) એક જાતનું ખરબચડું ફળ; રાસ્પબેરી ફળ–ઝાડ.' *Rubus Laciocarpus.* C. S. G. **રાસ–રાસ્પબેરી.**

RASPER, *n.* ઘસનાર; ઘસીને સાફ કરનાર.

2 SEE SCRAPER.

RAT, *n.* (*Zool.*) ઉંદર; કોળ; ઘુસ; મુષક; મુષ.

2 બાલનો અંબોડો; પોતાના માથાના વાળ ભરચક દેખાય એટલા માટે સ્ત્રીઓ વાળ અથવા એવીજ બીજી ચીજોનો જે અંબોડો કરેછે તે.

3 સ્વપક્ષત્યાગી; પોતાની ટોળી અથવા મંડળને મુકી–છોડી દેનાર–બંડનું કરનાર. એ ઉપરથી,

4 ઠરાવેલા દર કરતાં ઓછે દરે કામ કરનારને છાપગરો આ નામ આપેછે.

Rat trap, કોળ-ઉંદરવાઈ.

Musk rat, છછુંદર.

To smell a rat, શક-વેહેમ-સંશય પડથી સાવચેતીમાં-હોશિયાર રેહેવું; ગંધ-વાસ આવવો; વેહેમ-સંશય આવવો; ખતરો પડવો.

RAT, *v. i.* (*Eng. Politics*) પોતાની કોઈ મતલબને ખાતર અસલપક્ષ-ટોળી છોડી દઈ સામાપક્ષ-ટોળીમાં જવું; સ્વપક્ષ ત્યાગ કરવો.

2 ઠરાવેલા દર કરતાં ઓછે દરે કામ કરવું.—એવે અર્થે એ શબ્દ છાપખરોમાં વપરાયછે.

RATABLE, *a.* જેની ચોકસ કિંમત-મુલ ઠરાવી શકાય એવું; રસદી.

2 ધારા-કાયદાની રૂએ છાપો-કર ભરવાને લાયકનું-થયલું, જેમકે *Ratable* estate.

RATABLY, *ad.* પ્રમાણ મુજબ-પ્રમાણે; પ્રમાણમાં; હિસાબે.

RATAFIA, *n.* નોઈયાની જાતનો મીઠો સેહેજતદાર દારૂ. એ શબ્દ *Ratifia* અને *Ratafee* એવી જોડણીથી પણ લખાયછે.

RATAN, *n.* SEE RATTAN.

RATCH, } *n.* ફરતું એક ચક્કર અવળી રીતે ફરતું અટકાવવા તે
RATCHET, } ચક્કરના દાતામાં મુકેલી આડી ડેસ.

RATCHET WHEEL, *n.* (*Mech.*) ઉપર જણાવેલી ડેસવાળું ખીલીપર ફરતું એક ચક્કર.

RATE, *n.* Fixed allowance, નિમણુક; કોઈ પણ નિયમ પ્રમાણે જે વેહેંચણ તે; ધારો; રાતબ.

2 Standard (of measure, weight &c.) સરકારે નક્કી કરેલું તોલ માપનું પ્રમાણ-ધોરણ; માન.

3 Price, value, કિંમત; મુલ્ય; ભાવ; નિરખ.

4 Degree in which any thing is done, કંઈ ચીજ કરવાનું પ્રમાણ-અંદાજે, જેમકે The ship sails at the *rate* of seven knots an hour.

5 The change in the error of a clock in 24 hours, ૨૪ કલાકના અરસામાં ઘડિયાળની ચાલમાં થતી વધઘટ-ફેરફાર; ૨૪ કલાકના બરાબર ચોકસ વખતમાં જેટલી સેકંડો હોય તેના કરતાં વધતી યા ઓછી સેકંડો થાય એટલો ઘડિયાળની ગતિ-ચાલમાં દરરોજ પડતો તફાવત, જેમકે A clock which gains or loses two seconds in a day is said to have a gaining or losing *rate* of two seconds, whatever may be its actual error.

6 A tax or sum assessed by authority on property for public use, according to its income or value, કર; વેરો; છાપો; મહસુલ.

7 (*Naut.*) The order or class of a ship, કિસમ; દરજ્જો; વર્ગ, જેમકે First *rate*, second or third *rate*.

8 Estimation, હિસાબ; અંદાજ; લેખું, જેમકે At this *rate* the righteous and the wicked are on the same footing.

Above the common rate, સાધારણ દરજ્જાથી ઉંચા દરજ્જાનું.

A book of rates, નિરખનામું.

At the rate of, પ્રમાણે; લેખે; હિસાબે.

At any rate, ગમે તે થાય; ગમે તેમ કરીને.

RATE, *v. t.* આંકવું; ભાવ ઠેરવવો; કશાનો દર-ભાવ-કિંમત ઠેકવવી; નિરખ બાંધવો.

2 કશાની ગણના કરવી; ગણવું; લેખવું; માનવું; સમજવું.

3 (*Naut.*) વર્ગ-દરજ્જો નેમવો-ઠેરવવો, જેમકે *To rate* a ship.

4 ઘણીજ ચોકસ ચાલનાં ઘડિયાળની ચાલમાં કેટલી વધઘટ થાયછે તે ગણી કહાડવી-સિદ્ધ કરવી, જેમકે *To rate* a chronometer.

RATE, *v. i.* વર્ગ-દરજ્જામાં ગણાવું; દરજ્જાનું લેખાવું, જેમકે The ship *rates* as a ship of the line.

RATE, *v. t.* ખુબ-સારી પેઠે ધમકાવવું; ખખડાવવું; ઠપકો દેવો; ઝંઝેરવું; ગાંગરવું; બોલ સંભળાવવા; અડાવવું, જેમકે Go, *rate* thy minions, proud, insulting boy.

RATEABLE, *a.* SEE RATABLE.

RATEL, *n.* (*Zool.*) નોળિયાની જાતનું માંસાહારી એક જાનવર.

RATEPAYER, *n.* કર-છાપો ભરનાર.

RATER, *n.* કર-છાપો ઠરાવનાર; ભાવ-કિંમત નક્કી કરનાર.

RATH, } *a.* બીજાંઓની અગાઉ આવનાર; વેહેલું થયલું-આવેલું-
RATHE, } આવનાર.

RATH, } *ad.* વેહેલું; જલદી; વખત-ટાકણાંસર; રવેળા; યોગ્ય-
RATHE, } બરાબર વખતે; ખરી વેળાએ.

RATHER, *ad.* More readily or willingly, વધારે પસંદ પડવી રીતે; વધારે-ઘણી ખુશીથી.

2 More so than otherwise, કરતાં; તે કરતાં.

3 On the contrary, ઉલટું; તે કરતાં; બલકે.

4 Somewhat, જરાક; કંઈક; લગાર; થોડુંક; થોડું ઘણું; કમબેશ.

5 More correctly speaking, ખરું કહેતાં; ખરું કહીએ તો; બેહેતર તો એ કે.

The rather, વિશેષે કરીને; મુખ્યત્વે કરીને; વિશેષે એ માટે; આમુખ્ય એટલા સારૂ.

Would rather, } એક કરતાં બીજાને વધારે પસંદ કરવું; બીજાપર
Had rather, } પસંદગી ઉતરવી; વધારે ગમવું-સારૂં લાગવું.

RATIFICATION, *n.* બહાલ-કબુલ-મંજુર કરવું-રાખવું તે; સહી મંજુરી-બહાલી આપવી તે; મંજુરી; બહાલી.

RATIFY, *v. t.* મંજુર-બહાલ-મુકરર-કબુલ રાખવું-કરવું; સહી-કાયમ કરવું.

RATIO, *n.* (*Math.*) પ્રમાણ; પરિમાણ; માન.

Ratiocination, *n.* અનુમાન–તર્ક કાઢવો તે; તર્કવિદ્યા–શાસ્ત્ર; તર્કજ્ઞાન

Ration, *n.* દરિયાઈ અથવા ખુશ્કી પરના લશ્કરને આપવું કરેલું ભાથું; સીધું; ખાધખોરાકી–અન્ન પાનાદિની નિમણુક; રાતબ. C. S. G. રાશન. એ ઉપરથી,

2 નિમણુક; બાંધી આપેલો બલાજમ.

Rational, *a.* Relating to the reason, બુદ્ધિ–તર્ક સંબંધી.

2 Having reason or the faculty of reasoning, બુદ્ધિ સંપન્ન; સજ્ઞાન; સાહેબે અક્કલ; તર્કજ્ઞ; જેને તર્ક શક્તિ આપેલી –બક્ષેલી છે તેવું; જ્ઞાન શક્તિક. —opposed to *irrational*.

3 Agreeable to reason, સયુક્તિક; યુક્તિ સિદ્ધ; યથાર્થ; બુદ્ધિને અનુકૂળ–માફક આવે તેવું; બુદ્ધિનું–ભરેલું; મૂર્ખાઈ કે બેવકૂફીનું ભરેલું નહી એવું; માકુલ; મુનાસિબ.

4 Wise, judicious, સારૂં નરસું સમજવાની બુદ્ધિ હોય તેવું; સારાસાર સમજનાર; ડાહ્યું; પાકું; યુક્તિથી કામ કરનાર.

A Rational being, ઇન્સાન; મનુષ્ય.

Rational horizon, See Horizon No. 2.

Rational quantity, (*Alg.*) જે સંખ્યાનું મૂળ બરાબર નીકળે તે સંખ્યા.

Rationale, *n.* ખુલાસો; બારીક રીતે સમજાવેલાં કારણો; ઉતપત્તિ.

Rationalism, *n.* ઇશ્વરોક્ત શાસ્ત્ર ન માનીને માનવી અક્કલથી શોધી કાઢેલું મત; બુદ્ધિશાસ્ત્રવાદ.

Rationalist, *n.* બુદ્ધિશાસ્ત્રવાદી; નિઃશાસ્ત્રવાદી; ઇશ્વરોક્તશાસ્ત્ર કોઈ નથી એવું માનીને માનવી અક્કલથી શોધી કાઢેલો મત માનનાર; ધર્મજ્ઞાન સંપાદન કરવાને માટે માત્ર બુદ્ધિ ઉપર આધાર રાખનાર.

Rationality, }
Rationalness, } *n.* વિચાર–તર્કશક્તિ; જ્ઞાન–ચિદ્ શક્તિ; બુદ્ધિ.

2 બુદ્ધિને અનુકૂળતા; માકુલિયત; યુક્તતા; સયુક્તિકપણું.

Rationally, *ad.* બુદ્ધિ–સમજ–અક્કલથી; યુક્તિથી; યથાર્થ; યથોચિત; ન્યાયાનુસાર.

Ratlin, }
Ratline, }
Ratling, } *n.* (*Naut.*) વહાણના ડોલ ઉપર ચઢવાની દોરડાની સીઢી –નિસરણી.

Ratsbane, *n.* ઉંદરને માટે ઝેર–વિષ–સોમલ. *Arsenious acid.*

Rat tail, *a.* ઉંદર પુછડિયું; ઉંદરની પુછડીના જેવા આકારનું.

Rat tail, *n.* (*Far.*) ઘોડાના પગપર થતી એક ગાંઠ–વરસોળી–રસોળી.

Rattan, *n.* નેતર; છડી; નેતરનું ઝાડ. —*Calamus rotang.*

2 હાથમાં લઈ ફરવાની નેતરની લાકડી.

Batteen, *n.* એક જાતનું ઉનનું સળીસળી વાળું જાડું કપડું.

Battinet, *n.* Batteen જાતનાં ઉનનાં કપડાં કરતાં પતળા કુમાસનું ઉનનું સુગંધું–કપડું.

Ratting, *n.* પોતાના પક્ષના લોકને છોડી સામા તડમાં મળી જવું તે.

2 ઠરાવેલા–મુકરર કરેલા ભાવ–દરથી ઓછે દરે કામ કરવું તે. [છાપગરોમાં વપરાતો શબ્દ.]

3 એક જાતની ઇંગ્રેજી હલકી રમત, જેમાં ઉંદરોને પીપમાં અથવા પીંજરામાં ગોંધી, એક કુત્રાને તેમની ઉપર છોડી મૂકવામાં આવેછે, અને પછી જુએછે કે અમુક વખતમાં તે કુત્રો કેટલા ઉંદર મારેછે.

Rattle, *v. i.* ખખડવું; ગગડવું; ઘુઘરાના જેવો અવાજ થવો.

2 ભડભડ–લપલપ બોલવું; લપલપ કરવી; પટપટવું.

Rattle, *v. t.* ખખડાવવું; ખડખડ વગાડવું; ઘુઘરાના જેવો અવાજ કહાડવો–કહડાવવો; ખણખણાવવું.

2 બુમ શોર કરીને કાન બેહેરા કરી નાખવા; ઘોંઘાટ કરીને કાનના બેહેર ફાડી નાખવા.

3 ધમકાવવું; ફફડાવવું; બુમ બરાડા પાડીને ઠપકો દેવો; ખુબ ઝાડીઓ કાઢવો; હાથ ધાલીને લઈ નાખવું.

Rattle, *n.* ખખડાટ; ઝનઝનાટ; ગડગડાટ; ખડખડ; ખણખણાટ.

2 બડબડ; બકબક; વચવચ; બુમ બરાડા.

3 બરાડીને–તાણીને ધમકાવવું તે; ધમકી; સરજનિશ.

4 ઘુઘરો; ખડખડ–ખણખણ વાગે એવું રમકડું.

5 લવલવ–બડબડ કરનાર; લવારે કરનાર; ગમે તે ભડકા કરનાર; વગર સમજે ફોકટનો બકબકારો કરનાર.

6 (*pl*) ઘરટલો; મરણની છેલ્લી ઘડીએ છાતીમાંથી નીકળતો ઘરટ ઘરટ અવાજ.

Rattle-box, *n.* ઘુઘરો; ધાતુ, લાકડા વગેરેનું પોહોળા અથવા ગોળ આકારનું ને માહે કાંકરા વગેરેથી ખખડે તેવું રમકડું.

Rattle brained, }
Rattle headed, }
Rattle pated, } *a.* ચલિત; ચંચળ વૃત્તિનું; ફરેલું; ફેર–ચક્કર આવેલું; માથું ફરી આવેલું.

Rattle snake, *n.* (*Zool.*) ઘુઘરિયો સાપ; એક જાતનો પીળા રંગનો ઝેરી સર્પ જેનું પુછડું ઘુઘરાની પેઠે ખખડેછે.

Rattling, *n.* See Ratline.

Raucity, *n.* અવાજનું ખોખરાપણું; ગળું પડવું તે; અવાજ બેસી જવો તે.

Raucous, *a.* બેઠેલું; ખોખરૂં, જેમકે A *raucous* voice.

Ravage, *n.* નાશ; સત્યાનાશ; પાયમાલી; ધુળધાણી; વિનાશ; ઉચ્છેદ; બરબાદી; ખરાબી; નખોદ; એ; ક્ષય; વેરાની; તારાજી; ખડિયાખડખડ.

Ravage, *v. t.* લુટવું; લુટફાટ કરવી; ધાડ પાડવી; વેરાન–ઉજડ–તારાજ કરવું; પાયમાલી–ધુળધાણી કરવી; ખરાબખસ્તા–એદાન મેદાન કરવું.

Rave, *v. i.* મગજ ભમવું; ચળવું; ચસેલ થવું; ગાંડા બની જવું; બેહોશ થવું; બેહદ–બહાવરૂં બનવું.

2 ભડકવા–ઝવારાપર ચઢવું; ભડકવું; લવવું; પવનની અસર થવી; વા ઉપર જવું.

3 પેસાં કાઢવાં; હાવરૂં બાવરૂં થવું; પેસાંની પો આંગપર ધસી જવું.

To rave on, upon or of, કશાની પાછળ ઘેલું લાગવું; કશાની અતિશય લેહ લાગવી.

Ravel, *v. t.* To untwist, ગુંથેલું–વણેલું હોય તે ઉકેલવું; વળ ઉખેડવો–કાઢવો; ઉખેલવું, જેમકે *To ravel out a twist; to ravel out a stocking,* એ ઉપરથી,

2 ગુંચ કાઢવી; ઉકેલવું.

3 ગુંથણ–વણાટના દોરા એવી રીતે કાઢવા કે તે બધા ગુંચાઈ તેનું ગુંછળું વળે. એ ઉપરથી,

4 ગુંચવી નાંખવું; ગુંચવવું; ગુંચવણમાં નાખવું; પેચ દર પેચ કરવું; પેચમાં પેચ ભેરવી નાખવો.

Ravel, *v. i.* ગુંથણ–વણાટ છુટી જવી.

Ravelin, *n.* (*Fort.*) બે સફીલ તથા બે અરનો કોટ–કિલ્લો.

Raveling, Ravelling, *n.* ગુંથેલાં–વણેલાંને ઉકેલવું તે.

2 ગુંથણ–વણાટમાંથી ખેંચી કહાડેલો દોરો.

Raven, *n.* (*Ornith.*) જંગલી કાગડો; પહાડી કાગડો.

Raven, *v. t.* જોર જુલમથી લેવું–મેળવવું; જબરી–જબરદસ્તીથી હાસલ કરવું.

2 જલદી–એકદમ–ઝડપથી ખાઈ જવું; ગપાગપ ખાઈ જવું.

Raven, *v. i.* ફાડી ખાવું.

Raven, *n.* લુટાલુટ; લુટફાટ; ધાડ.

2 જબરીથી–લુટીને મેળવેલો ખોરાક; શિકાર.

Raven, *a.* કાળું; કાગડાના જેવું કાળું; કાગડાના રંગને મળતું, જેમકે *Raven locks.*

Ravening, *n.* લુટ કરવાનો લોભ–હવસ–આતુરતા–ઉત્કંઠા.

Ravenous, *a.* વખવખ્યું; ખાઈ જવાને તલપી રહેલું; ભભડો છૂટેલું; અતિક્ષુધિત; ખાવાને વાંખલાં–વલખાં મારતું; ભુખે મરતું હોય તેવું.

2 ફાડીખાનારૂં; ખુનખાર; દરેહ.

A ravenous appetite, વખવખ.

Raven's duck, *n.* સ્હડ બનાવવાનું એક જાતનું કપડું; એક જાતનું તાટ.

Ravin, *n.* જબરીથી–લુટીને મેળવેલો ખોરાક. See Raven.

Ravine, *n.* ખિંડ; કોતર; નાળું; ખાડી; ખાઈ; ખોભણ.

Ravish, *v. t.* છીનવી–ઝુટવી લઈ જવું; જુલમથી લઈ લેવું; હરવું; હરણ કરવું; બરજોરી કરવી; જબરદસ્તીથી પકડી લઈ જવું.

2 મન હરી લેવું; રોમરોમ હર્ષ વ્યાપે એમ કરવું; અતિસે હરખાઈ જવું; મોહી પડવું; ખુશીખુશી થવું.

3 જોર જુલમથી–બળાત્કારે સ્ત્રી સંભોગ કરવો; સ્ત્રી ઉપર બળાત્કાર કરવો.

Ravishing, *a.* મન હરી લેનારૂં; દિલરૂબા; ચિત્તહારી; મનોહર; ચિત્ત મોહન.

Ravishing, *n.* બળાત્કારે કરેલો સંભોગ; હઠ સંભોગ.

Ravishment, *n.* હરણ; હરવું તે; જોર જુલમ–જબરદસ્તીથી; પકડી–ઉઠાવી લઈ જવું તે; મનુષ્ય હરણ, જેમકે The *ravishment* of children from their parents, of a ward from his guardian, or of a wife from her husband.

2 મન હરી લીધેલું હોવું તે; મનનું હરણ; મનોહરણ; ચિત્તહરણ.

3 બળાત્કારે–જોર જુલમથી સ્ત્રીસંભોગ કરવો તે; હઠ સંભોગ.

Raw, *a.* Not cooked, કાચું; અપક્વ; કડકડું; ચઢેલું–રંધાયલું નહી તેવું, જેમકે *Raw* meat. એ ઉપરથી,

2 Unfinished, અધુરૂં; પુરૂં નહી થયલું; ઉપયોગ–વાપરમાં આવવાને લાયકનું નહી થયલું; અપૂર્ણ; કાચું.

3 Unripe, કાચું; પાકેલું નહી તેવું; કડક; અધકચરૂં.

4 Inexperienced; કચ્ચું; અનુભવ–મહાવરા વગરનું; નવું; થોડી આવડતનું; ખામ; બીન અજમાએશી; નાવાકેફ.

5 Not spun or twisted, કાચું; વણેલું–કાંતેલું નહી એવું.

6 Not mixed or adulterated, નરદમ; નર્યું; નિર્ભેળ; ભેળસેળ વગરનું; ચોખ્ખું.

7 Not tried, or melted and strained, તાવેલું નહી–ગાળેલું નહી એવું, જેમકે *Raw* tallow.

8 Not tanned, આળું; સોરેલું–કમાવેલું–કેળવેલું નહી એવું; સાફ નહી કીધેલું, જેમકે *Raw* hides.

9 Deprived of skin, ઉપર ચામડી નહી હોય તેવું; ચામડી ખસી ગએલી; નિર્ચાલ; ચામડી વગરનું; ચર્મ રહિત, જેમકે A *raw* sore.

10 Piercingly or uncomfortably damp or cold, ઠંડું; ટહાડું; શીતળ; સરદીનું; આર્દ્ર શીતળ; સરદ, જેમકે A *raw* air or climate.

Raw, *n.* કાચો જખમ; તાજો ઘા; શરીર ઉપર છોલાયલી–ઉઝરડાવાળી ચામડી અથવા ફાટેલી જગા; ચામડી ખસી ગયલી જગા; જેમકે To hit one on the *raw.*

Raw bone, Raw boned, *a.* થોડા માંસવાળા હાડકાનું; હાડકા સાથે ચામડું લાગી રહેલું; સુકડું.

Raw head, *n.* બાહુક; બાહુ; હાઉ; બાવો; ઘોઘર; બાગુ; મમકો; બાળક છોકરાંઓને બ્હીક આપવાને કલ્પેલો બિહામણો પુરૂષ, જેમકે *Raw head* and bloody bones.

Raw hide, *n.* ઘોડે સ્વારના હાથમાં રાખવાનો આમના ચામડાનો ચાબખો–કોરડો.

Rawness, *n.* કાચાપણું; અપક્વતા.

2 અણુકિસબીપણું; આવડત વિનાની હાલત; અકુશળતા; કુચ્યાશ; ખામી; નાપુખ્તગી; અનાડીપણું.

3 ઉતાવળાપણું; દોડાદોડી; ધાંધલધુંધલ.

4 શરદી; ઠંડી; સરદ હવા અથવા ભેજવાળી હાલત; આર્દ્ર-શીતળતા.

Ray, *n.* કિરણ; તેજ; અંશું; રશ્મિ; રજાસ; કોઇ એક ચળકતા બિંદુમાંથી નીકળ્યાજ કરતું રોશની અથવા ગરમીનું કિરણ, જેમકે A solar *ray*; a polarized *ray*. એ ઉપરથી,

2 બુદ્ધિરૂપી તેજનું કિરણ; બુદ્ધિ પ્રકાશ; નૂર; રોશની.

The visual ray, કોઈ પદાર્થ ઉપરથી રોશનીના કિરણનું પરાવર્તન થઈ તેનું પ્રતિબિંબ આંખ ઉપર પડે તે પ્રતિબિંબનું કિરણ. એ કિરણ આપણી આંખ ઉપર પડવાથી તે પદાર્થનું દર્શન થાયછે; આંખનું તેજ.

Ray, *n.* (*Ichth.*) ચાન માછલી; Rain માછલીની જાત. એ માછલીની ચામડી જાડી હોઇને તે ઉપર ઉભા કાંટા હોયછે, તથા તારાના અથવા ચાનના જેવાં ચળકતાં ગોળ ચકરડાં હોયછે, જે ઉપરથી તે Starry ray એ નામે પણ ઓળખાયછે. એની બીજી જાતને Skate ray, thorn back, અને torpedo ray કરી કહેછે. Torpedo જાતની માછલીમાં વીજળી ઉત્પન્ન કરવાની ખાસીઅત છે. જ્યારે કોઇ તેને પકડવા જાયછે ત્યારે તે પોતાના શરીરમાંથી વીજળીના આચકા મારેછે જેથી તેને પકડનાર ગભરાઈ જઈ છોડી દેછે. તેમજ જે માછલીનો તે શિકાર કરેછે તેવી માછલીઓને, વીજળીના ધકા લગાવ્યાથી તે માછલીઓને એકદમ બેભાન કરી નાખી તેમનો સેહેલાઇથી ભક્ષ કરેછે.

Raze, *n.* મૂળ. See Race.

Raze, *v. t.* ભુંસી-લુછી-નુછી નાખવું; ભુંસવું; ચહેરી-છેકી નાખવું.

2 નાશ કરવો; જમીનદોસ્ત-ભોંય બરાબર-સપાટ-મિસમાર-પાયમાલ કરવું.

3 જડ મૂળથી-મૂળ સુદ્ધાં ઉખેડી નાખવું; નિર્મૂળ-નાબુદ કરવું.

Razee, *n.* લડાઈના વહાણનું તૂતક કાપી નાખી તેને ગણેલું ઉતરતા વર્ગનું વહાણ.

Razee, *v. t.* ઉતરતા વર્ગમાં ઉતારી પાડવું, જેમકે વહાણને. એ ઉપરથી,

2 ટુંકું કરવું; કાપી-છાંટી-ડાળીને ઓછું-કમી કરવું; ઘટાડવું.

Razor, *n.* અસ્ત્રો, અસ્તરો; સજાયો; છરા; પાકી.

Razors of a boar, ડુક્કર-ભુંડ-સુવરના દંતુસળ અથવા બહાર પડતા મોટા દાંત.

Razor-stone, *n.* પથરી; જે પથરના લાંબા કકડા ઉપર હજામ અસ્ત્રો ઘસેછે તે પથર.

Razor-strop, *n.* ટપટપી; ચામડાના જે લાંબા કકડા ઉપર હજામો અસ્ત્રાને ટપટપ ઘસેછે તે; ટપટપિયું; ઘીપટી.

Re, પાછું, ફરીથી, પ્રતિ, પુનઃ, બીજી વાર એવે અર્થે વપરાતો ઉપસર્ગ, જેમકે *Reabsorb*.

In re, બાબુકદમા.

Reach, *v. t.* To extend, પોહોંચવું; કશાને અડકવું; હાથ પોહોંચવો.

2 To stretch, લાંબું કરવું; લંબાવવું.

3 To hand over, હાથોહાથ આપવું; પોહોંચાડવું; હવાલે કરવું.

4 To attain or obtain by stretching forth hand, હાથ લાંબો કરીને-બહાર કાઢીને લેવું-મેળવવું.

5 To extend an action, effort or influence to, લાગવું; અસર કરવી-થવી; ભેદવું, જેમકે If these examples of grown men *reach* not the case of children, let them examine.

6 To stretch out as far as, પોહોંચે ત્યાંસુધી પોહોંચાડવું, જેમકે His land *reaches* the river.

7 To arrive at, આવી-જઈ પોહોંચવું; પોહોંચવું: આવવું; દાખલ થવું.

8 To gain, મેળવવું; સંપાદવું.

Reach, *v. i.* હાથ લાંબો કરવો.

2 કંઇ મેળવવાની મેહેનત-કોશીશ કરવી.

3 કશાનો વિસ્તાર વધવો-ફેલાવો-પસરવો.

Reach, *n.* પોહોંચ; ગ્રહણ શક્તિ; કુદરત: મકદૂર; તાકાત; પોહોંચવું-પોહોંચી વળવું તે.

2 વિસ્તાર; ફેલાવો.

3 વાંક વગરનો નદીનો કોઇ પણ ભાગ.

4 કોઇ પર ફાવી જવા-કશી વાતનો લાભ મેળવવા માટે કીધેલી તાલમેલ-કાવાદાવા-દાવપેચ; હિકમત; ફિતરત.

To be within reach of, હાથ પોહોંચી શકવો; પોહોંચમાં હોવું; પોહોંચી શકવું.

Beyond the reach of, પોહોંચથી બહાર; પોહોંચી-પુગી વળી શકાય નહી એવું.

Out of one's reach, લાગમાં ન આવતું: દુરદસ્ત.

Within the reach of the hand, હસ્તગ્રાહ્ય; હસ્તસ્પર્શનિય; હાથ પુગે-હાથમાં આવી શકે એવું.

React, *v. t.* ફરી-પુનઃ-પાછું કરવું; બીજી વાર તેનું તેજ કરવું.

React, *v. i.* સામો ધક્કો લાગવો; પ્રત્યાઘાત થવો; સામી અસર થવી; કોઈના કંઈ કીધેલાંની સામે જોર મારીને ઉલટી અસર કરવી; પ્રતિકાર કરવો.

Reaction, *n.* સામું જોર; પ્રત્યાઘાત; પ્રતિ ક્રિયા; પ્રતિકાર.

2 (*Chem.*) રસાયણ સંજોગથી પદાર્થોની એક બીજાપર થતી અસર.

3 (*Med.*) ઘણી મેહેનત કર્યાથી અથવા થાક ચઢથી મ્હો-

ડાંની કાંતિ ઘટવી અથવા ચેહેરો ઉતરી જવો તે; અતિ શ્રમની ગ્લાનિ.

4 (*Politics.*) રાજ દરબારી હુલ્લડ, સુધારા, વધારા, અથવા મ્હોટા ફેરફારને લીધે પાછા હઠવાની વલણ-ધોરણ.

Reactionary, *a.* સુધારા-વધારા-મ્હોટા ફેરફાર કરવાની ધોરણથી ઉલટું-પ્રતિકૂળ; કેટલીક મુદતપેર ચાલુ કરેલી સુધારાવાળી ચાલથી ઉલટું.

Reactionary, } *n.* સુધારા-વધારા-મ્હોટા ફેરફાર કરવાની ધોરણથી ઉલટી વલણ ધરાવનાર; રાજદરબારી
Reactionist, } અથવા એવાજ બીજા મ્હોટા ફેરફાર-ઉથલપાથલ થઈ હોય તેને ઉલટાવી-ફેરવી નાખનાર-રદ કરનાર; ઉંધું મારનાર.

Read, *v. t.* વાંચવું; પાઠ કરવો; પઢવું; જોઇને ભણી જવું; મુતાલ્હો કરવો.

2 To know fully, બુઝવું; બરોબર-સારીપેઠે સમજવું-જાણવું-ઓળખવું-માહિત થવું, જેમકે Who is't can *read* a woman?

3 To discover or understand by characters, marks, features &c., લક્ષણ-રૂપ-ચિન્હો ઉપરથી સમજવું-માલમ પડવું.

4 To learn by observation, અવલોકન-ક્યાસ કરીને જાણવું-સમજવું; દર્યાફત કરવો.

Easy to be read, સુવાચ્ય; વાંચવાને સેહેલું પડે તેવું.

To read mentally, to one's self, મનમાં વાંચવું; છાનુ રહીને વાંચવું-જોવું.

To read off, સડસડાટ વાંચી જવું.

To read out, મ્હોટેથી વાંચવું; સંભળાય તેમ વાંચવું.

To read through, સાદ્યંત-સેવટ સુધી વાંચવું; બધું-આખ્ખું વાંચી જવું.

To read to one, વાંચી સંભળાવવું.

Read, *v. i.* વાંચવું; વાંચી જવું.

2 To be studious, વાંચવાપર ઘણું ધ્યાન-મન-લક્ષ લગાડવું; વાંચવાનો ઘણો મહાવિરો-અભ્યાસ રાખવો; ભણવું; અભ્યાસ કરવો; પઢવું; અધ્યયન કરવું; વિદ્યાભ્યાસ કરવો.

3 To learn by reading, વાંચવાથી જાણવું-જણાવું-માલમ પડવું; વાંચીને માહિત થવું-સમજવું-શિખવું.

4 To appear in reading, વંચાવું; વાંચવામાં આવેલું; લખાયલું.

Well read, ભણેલું; વિદ્વાન; વિદ્યાસંપન્ન.

Readable, *a.* વંચાય-ઉકલે એવું; સ્પષ્ટ; સાફ; ખુલ્લું.

2 વાંચવા જોગ; વાંચવા લાયક.

Reader, *n.* વાંચનાર; વાચક; પાઠક.

2 જે ચોપડીઓનું અધ્યયન કરયા કરેછે તે; અભ્યાસીજન.

3 -(in a Church) પ્રાર્થના પઢનાર; પાઠક; દેવળમાં બંદગીના સબકો વાંચવાનું જેનું મુખ્ય કામ તે.

4 શાસ્ત્રને લગતી બાબદોપર ભાષણ-નિબંધ વાંચનાર.

5 કંપોસ કીધેલી અથવા બીબાંમાં ગોઠવેલી બાબદોનો પ્રૂફ વાંચીને સુધારનાર; પ્રૂફ વાંચનાર-તપાસનાર-સુધારનાર. C. S. G. રીડર અથવા પ્રૂફ રીડર.

Readership, *n.* દેવળમાં પ્રાર્થના પઢવાની-બંદગીના સબક વાંચવાની પદવી.

2 (*University of Oxford, Eng.*) શાસ્ત્રને લગતી બાબદોપર ભાષણ-નિબંધ વાંચનારની પદવી-હોદ્દો.

Readily, *ad.* Promptly, જલદીથી; ત્વરત; તરતજ; ઝટપટ; બિનાવિલંબ; તાબડતોબ; શીઘ્ર; તત્કાળ; તેજ વખ્ખત; ઝટ; સેહેલથી.

2 Without delay or objection, ઢીલ-આનાકાની વગર.

3 Cheerfully, ખુશીથી; સંતોષથી; દિલ-દિલોજાનથી; આનંદથી.

Readiness, *n.* તૈયારી; સિદ્ધતા; કમરબંદી; કમરબસ્તા.

2 તાકીદ; જલદી; શીઘ્રતા; શીતાબી; શિતાબકારી; ત્વરા; સત્વરતા.

3 હોંસ; ઉલટ; ઉત્સાહ; હર્ષ; ઉમંગ; ખુશી; શોખ; સરગરમી.

Reading, *a.* વાંચવાનો શોખ ધરાવતું-ના શોખવાળું; વાંચવામાં ગુતાયલું-મશગુલ રહેલું; વાંચવાનો અભ્યાસ કરનાર-રાખનાર અભ્યાસી. *English University*માં એવા અભ્યાસીને *Reading man* કરી કહેછે.

Reading, *n.* The act of one who reads, વાંચવું તે; વાંચન; મુતાલ્હો; પાઠ.

2 Study of books, અધ્યયન; વિદ્યાભ્યાસ.

3 Literary scholarship, વિદ્યા સંબંધી વિદ્વતા.

4 A lecture or prelection, વાંચેલું ભાષણ; વ્યાખ્યાન; કહેલો પાઠ.

5 A public recital, કથન; લોકોને કહી સંભળાવવું તે; વર્ણન.

6 Version, કરેલો અર્થ; કશાના અર્થ વિષે આપેલી ચોકસ સમજણ.

Reading of a bill, (Legislation) ધારા બાંધનારી સભાની હજુરમાં મુકરર કરેલા અમલદારે ધારાનો ખરડો વાંચી જવો તે.

Reading book, *n.* વાંચવાના અભ્યાસને માટે નિવડી કહાડેલી બાબદોની ચોપડી-પુસ્તક.

Reading boy, *n.* જે અસલ નકલ ઉપરથી કંપોસ કીધું હોય તે નકલ, પ્રૂફ રીડરની આગળ વાંચી જનાર છોકરો; પ્રૂફ સુધારતી વખ્ખતે કાપી ધરનાર છોકરો.

Reading desk, *n.* ઈંગ્રેજ લોકના દેવળમાં જે મેજ આગળ બંદગી પઢેછે તે મેજ-ટેબલ.

Reading room, *n.* પુસ્તકશાળા; કિતાબખાનું. C. S. G. રીડિંગ રૂમ.

Readmission, *n.* The act, ફરી-પુનઃ દાખલ કરવું-અંદર લેવું-આવવા દેવું તે.

2 The state, ફરી-પુનઃ-બીજી વખત દાખલ થવું.

READMIT, v.t. ફરીથી-પુનઃ દાખલ કરવું-લેવું; ફરીથી આવવા દેવું.

READY, a. Prepared at the moment, તૈયાર કરેલું-થયલું; તૈયાર; સિદ્ધ; જોઇતી ચીજો પુરી પાડેલી હોય તેવું; મોજુદ; કમરબંધ; કમર બાંધીને તૈયાર રહેલું.

2 Not reluctant, ઢીલ-આનાકાની વગરનું; શીઘ્ર; તરતનું.

3 Willing, રાજી; ખુશી; તૈયાર.

4 Inclined, disposed, મનનું વલણ હોય એવું.

5 Quick in action of any kind, ચપળ; ચાલાક; કરવામાં ઢીલ ન રાખે-આનાકાની ન કરે એવું.

6 Dexterous, કુશળ; નિપુણ; ચતુર; પ્રવીણ; હોશિયાર; દક્ષ; આવડતવાળું; ખબરદાર.

7 At hand, પાસેનું; નજીકનું; તરત મળી આવે એવું; હાજર; મોજુદ.

8 Opportune, અનુકૂળ; સુગમ; બંધ બેસતું; ઠીક પડતું.

9 On the point of, કરવાની તૈયારીમાં હોય એવું; એમ્બે કરાય એવું; કરવા જતું-માંડતું; લગભગ; કરીબ.

Ready at an answer, હાજર જવાબી.

Ready of understanding, સુજાણ; પક્વ.

To make ready, તૈયાર કરવું.

Ready money, રોકડ; નગદ રૂપીઆ-નાણું-પૈસા.

READY, ad. તૈયાર; સિદ્ધ; સજ; કંઇ કરવાને તત્પર થઈ રહેલું હોય એવી રીતે, જેમકે We ourselves will go *ready* armed before the children of Israel. [મુકેલું.

READY MADE, a. તૈયાર; આયતું; આગળથી તૈયાર કરી રાખેલું-

READY RECKONER, n. જનુજથી તે ઘણા ભાવ સુધીની એક કે વધારે વસ્તુઓની કિમ્મત તરત જણાઇ આવે એવું પુસ્તક.

READY WITTED, a. હાજર જવાબી; સમયસૂચક; હાથમાંનો હાથમાં-મ્હોડાંપરનો મ્હોડાંપર જવાબ દે એવું; તેજ ફહમ.

RE-AFFORESTED, a. કોઇ જગા ઉપર નવું જંગલ બનાવેલું હોય એવું.

REAGENT, n. (*Chem.*) મિશ્રિત પદાર્થોમાં કહી કહી જીણસો ભેળેલીછે તે શોધી કહાડવાના સાધન તરીકે વાપરેલી કોઈ વસ્તુ-જીનસ-પદાર્થ.

REAL, a. Actually being or existing, ખરૂં; સાચેસાચ; રાસ્ત; વાસ્તવિક; સત્ય; સાચું; ખરેખરૂં; તથ્ય, જેમકે A description of *real* life.

2 Genuine, અસલ; હકીકી; જાતી; એન; ખરૂં; બનાવટ-ભેળ-તરકટ કરીને બનાવેલું નહી એવું; જેવું પ્રથમ હોય તેવું; ખાલિસ; અકૃત્રિમ; શુદ્ધ; ભેગ વગરનું; ચોખ્ખું, જેમકે *Real* Madeira wine.

3 Not affected, બતાવવાનું નહી એવું; તહકીકી; યકીની; ખોટું-મ્હોનું નહી એવું; જેવું હોય તેવું; ઢોંગ ભરેલું નહી એવું; ઢોંગ વગરનું, જેમકે

Whose perfection far excelled
Hers in all *real* dignity.

4 (*Law*) Pertaining to things fixed, permanent, or immoveable, સ્થાવર; અચળ, જેમકે *Real* estate, —opposed to *personal* or *moveable* property.

Real action, (*Law*) સ્થાવર મિલકત મેળવવા માટેની ફરીયાદી.

Real assets, (*Law*) સ્થાવર ધન-પુંજી; વારસના હાથમાં આવેલી વડવાઓની સ્થાવર માલ મિલકત જેમાંથી વડવાઓનું દેવું અદા કરવું પડેછે.

Real estate or *property*, જમીન, ખેતર, ઘરબાર વગેરે સ્થાવર મિલકત; જાગીર; વતન.

Real presence, (*Rom. Cath. Church*) રોમન કાથોલિક પંથવાળાઓની એક ઘણીજ પવિત્ર ક્રિયા, જેમાં દરૂન અને વાઇન દારૂ ઈજાયા પછી તે દરૂન *Christ*નું ખરેખરૂં શરીર બનેછે, અને વાઇન દારૂ તેનું ખરેખરૂં લોહી બનેછે. અથવા *Christ* પોતે જાતે દરૂન અને દારૂમાં આવી હાજર થાયછે. એવી રીતે ઈજેલા દરૂનની વારંવાર ચાશની કરવાને *Christ*એ પોતાની ઉપર યકીન રાખનારાઓને ફરમાવ્યુંછે; અસ્તિત્વ.

REALGAR, n. (*Min.*) ગંધક અને સોમળ મળીને બનેલો પદાર્થ; . રક્ત ધાતુ; રાતી હરતાળ. SEE RED ORPIMENT.

REALISM, n. સામાન્ય નામ માત્ર નામથીજ નથી પણ કોઈ મોજુદ ચીજોને દર્શાવેછે એવો મત.

REALIST, n. તર્ક શાસ્ત્રના વિષયો ખાલી નામ નથી પણ ખરી વસ્તુ છે એવો મત માનનાર.

REALITY, n. સત્ય; ખરૂં-ખરેખરૂં તે; ખરા-વાસ્તવિકપણું; સત્યતા; અસ્તિત્વ; સચ્ચાઈ; વાસ્તવ્યત્વ; અસલિયત.

In reality, ખરેખાત; ખરેખર; ખરે; તહકીક; માહેલે પેરે.

REALIZATION, n. The act of realizing or making real, or the state of being realised, સિદ્ધિ; સહધન; સાધવું-પાર પાડવું તે. SEE REALIZE.

Realization of an object, અર્થ સિદ્ધિ; કૃતાર્થતા; ઇષ્ટ સિદ્ધિ.

REALIZE, v.t. To make real, ખરૂં કરવું; અસલ જેવું કરવું.

2 To convert from imaginary into actual, અમલ-અનુભવ-વેહેવારમાં આણવું.

3 To accomplish, સંપાદન કરવું; પાર પાડવું; સાધવું.

4 To impress upon the mind as actual, ખરૂં લાગે-દેખાય એમ કરવું; ખરેખરૂં છે એવી મનપર અસર કરવી; ખરૂં માનવું-ગણવું; ખરેખરૂં માનીને વર્તવું; કશાની ખરી અસર થવી; મનમાં ઉતરવું.

5 To make one's own in apprehension or experience, પોતાનું હોય તેમ લાગવું; આત્મ સંબંધમાં-આત્માનુભવમાં લાવવું.

6 To convert into real property, જંગમ મિલકતની સ્થાવર મિલકત કરવી.

7 To gain, મેળવવું; હાંસલ-સંપાદન કરવું.

REALIZE, *v. i.* પૈસા ઉભા થવા; નાણું મળવું; કોઈ માલ-સામાન-જીનસ વેચીને નાણું કરવું-મેળવવું-ઉપજાવવું.

REALLY, *ad.* ખરેખર; ખરેખાત; સાચેસાચ; વાસ્તવિક; વસ્તુતઃ; અસલ્યત્તે; યથાતથ્ય; યથાર્થ; ફિલહકીકત; યકીનન.

REALM, *n.* રાજ્ય; રાજ; બાદશાહત; પાદશાહત; સલતનત. એ ઉપરથી,

2 પ્રાંત; દેશ; મુલક.

REALTY, *n.* (*Law*) સ્થાવર મીલકતની કાયમી. [*Reality* શબ્દને બદલે કાયદા કાનુનના લખાણમાં આ શબ્દ વાપરવામાં આવેછે.]

REAM, *n.* કાગળના વીસ દસ્તા-થાપા. C. S. G. રીમ.

2 વાધરી; વાધરીઓને વણીને બનાવેલું ચામડાનું દોરડું અથવા દોરડી.

Printer's ream, સાડીએકવીસ કવેર અથવા પાદ(?) કાગળનો રીમ.

REANIMATE, *v.t.* ફરીથી જીવ આણવો-જીવતું કરવું; ફરીથી સચેતન-સજીવન-જિંદું કરવું; પુનર્જીવિત કરવું, જેમકે *To reanimate* a drowned person.

2 કોઈને ઉત્તેજન-હિમ્મત-ધીરજ આપવી; જોર-બળ-કૌવત આપવું; મજબુત કરવું, જેમકે *To reanimate* disheartened troops.

REANIMATION, *n.* પુનર્જીવદાન; સજીવન.

REAP, *v. t. & v. i.* ઢાળવું; લણવું; કાપણી કરવી. એ ઉપરથી,

2 ખેતરની કાપણી કરવી; ખેતરના માલની કાપણી કરવી.

3 ફળ પામવું; લણવું; ચાખવું; ભોગવવું; હાસલ કરવું.

REAPER, *n.* કાપનાર; ઢાળનાર; કાપણી કરનાર; ઢાળિયો.

2 દાતરડું; કાપણી કરવાનું ઓજાર.

REAPING, *n.* કાપણી; કાપણી કરવી તે; વાઢણી; લાણી.

REAPING HOOK, *n.* દાતરડું; વાઢવા-લણવાનું ઓજાર; કોઈતું.

REAPPEAR, *v. i.* ફરીથી-બીજી વખત દેખાવું-નજરે પડવું; પુનઃ દેખાવું.

REAR, *n.* પછવાડું; પાછલી બાજુ; પશ્ચાતભાગ; પાછલો-પછવાડેનો ભાગ.

2 -(of an army) હરોલ; ફોજની પછવાડેની ટુકડી.

3 અનુક્રમમાં જે છેલ્લું તે.

In the rear, પછાડી; છેલ્લે; પાછળ.

REAR, *a.* કાચું; પૂરે બુંજાયલું-પાકાયલું-સેકેલું નહી એવું; અધકચું; અધકચરું.

2 પાછળનું; છેક-સહુથી પાછલું.

REAR, *v. t.* To raise, ઉંચું કરવું; ઉભું કરવું; ઉઠાવવું.

2 To lift after a fall, પડેલાને ઉંચકવું-ઉપાડવું-ઉઠાવવું, જેમકે

In adoration at his feet I fell
Submiss; he *rear'd* me.

3 To bring up or to raise to maturity, a young, છોકરી મોટું કરવું; ન્હાનેથી મ્હોટું કરવું; પાળવું; પોષવું; ઉછેરવું; પરવરશી કરવી.

4 To educate, શિખવવું; તાલીમ દેવી-આપવી; શિખવી તૈયાર કરવું; કેળવણી આપવી; વિદ્યા શિખવવી.

5 To exalt, to elevate, ઉંચે પદ્દ-દરજ્જે ચઢાવવું; વધારવું; સરબુલંદ-સરફરાજ કરવું, જેમકે

Charity, decent, modest, easy, kind
Softens the high, and *rears* the abject mind.

6 To rouse, to stir up, ઉશ્કેરવું; અતિશય ચઢાવવું.

REAR, *v. i.* -(as a horse) પાછલા પગ ઉપર ઉભું થવું.

REAR ADMIRAL, *n.* (*British Navy*) ત્રીજા દરજ્જાનો દરિયાઈ સેનાપતિ; Vice-admiralથી ઉતરતી પદવીનો અમલદાર, જેની હકુમત દરિયાઇ કાફલાની બીજી અને છેલ્લી ટુકડી ઉપર ચાલેછે.

REAR GUARD, *n.* ફોજની પછવાડેની ટુકડી; ફોજના આગલા ભાગની સંભાળ કરવા પછવાડે રહેનાર-ચાલનાર ટુકડી.

REAR RANK, *n.* (*Mil.*) ફોજની સહુથી છેલ્લી પંક્તિ.

REAR WARD, *n.* હરોલ; ફોજની સહુથી છેલ્લી ટુકડી.

2 પાછળો-પછવાડેનો ભાગ; શેવટ.

REASON, *n.* Ground of argument, કારણ; સબબ; હેતુ; બાયસ; પ્રયોજન; મતલબ; નિમિત્ત.

2 The faculty or capacity of the human mind by which it is distinguished from the inferior animals, બુદ્ધિ; તર્કશક્તિ; સારાસાર વિચાર બુદ્ધિ; સારું નરસું સમજવાની અક્કલ-સમજ; વિવેક બુદ્ધિ; ફહમ; સુજ. [તર્ક કરવો તે.

3 Due exercise of the reasoning faculty, અક્કલ દોડાવવી તે;

4 Right, justice, ઇનસાફ; ન્યાય; રાસ્તપણું; વાજબીપણું; જે રાસ્ત-યોગ્ય-વાજબી તે; યોગ્યતા; યુક્તતા.

5 The truths and laws by which the universe is supposed to be constructed and governed, નીતિ; સૃષ્ટિ ચલાવવાની નીતીનો નિયમ.

6 Moderate demands, નીમ-રીતસર માગણી; હલકી-નરમ માગણી, જેમકે The most probable way of bringing France to *reason*....

By reason of, ના કારણ માટે; ને લીધે; ને થકી.

For this reason, એ કારણ માટે; એ થકી; એને લીધે.

For what reason, શા કારણમાટે; શામાટે; કાંય.

In reason, in all reason, ન્યાયથી; વાજબીપણે-રીતે.

With reason, યથાયોગ્ય; જેમ જોઇએ-ઘટે તેમ; યથાયુક્ત.

Without reason, હકનાહક; વિનાકારણે; નાહક; અમસ્તું; બેસબબ.

To come to reason or to listen to reason, સમજવું; સમજણ-ભાન આવવું.

Reason, *v. i.* તર્ક કરવો; બુદ્ધિ-અક્કલ દોડાવવી; અનુમાન કરવું.
2 વાદવિવાદ કરવો; તકરાર કરવી; દલીલો કાઢવી.
To reason with. કોઈને સમજુત આપવી; કોઈને સમજાવવું-સમજાવીને કહેવું-સમજ પાડવી.

Reason, *v. t.* તકરાર-ચરચા કરવી-ચલાવવી; કોઈ બાબદ-વાત તકરારપર લઈ વિવાદ કરવો; ચર્ચાવવું.
2 પ્રમાણ દેખાડીને-દાખલો આપીને ખાતરી કરવી-કરી આપવી; મન વાળવું.

Reasonable, *a.* જેને બુદ્ધિ છે તેવું; તર્કશક્તિવાળું; તર્કશક્તિસંપન્ન; સારૂં માઠું સમજવાની જેને બુદ્ધિ હોય તેવું; સજ્ઞાન; વિવેકી; બુદ્ધિમાન; બુદ્ધિ-અક્કલ દોડાવનાર; વિચારીને ચાલનાર; અક્કલમંદ.
2 વાજબી; રાસ્ત; માફક; મુનાસેબ; ન્યાયી; નીતીનું; યોગ્ય.
3 માફકસર; નિયમસર; ઘટતું; હદમાં હોય એવું; મધ્યમ.
4 ચાલી-કામ લાગી શકે એવું; ઠીક.

Reasonableness, *n.* વાજબીપણું; યથાયોગ્યતા; ઉપયુક્તતા; માકુલિયત; લિયાકત. 2 મધ્યમપણું; માફકપણું.

Reasonably, *ad.* અક્કલમંદીથી; વાજબી રીતે; બરાબર રીતે જોતાં; યથાન્યાય; ન્યાયાનુસાર; યથોચિત.
2 ઘટતી હદમાં રહીને; મધ્યમ રીતે; ઘણું-બહુ નહી; નિયમ-[સરીતસર.

Reasoner, *n.* તર્ક-વિતર્ક કરનાર; તર્કબાજ.

Reasoning, *n.* તર્ક-વિતર્ક-વાદવિવાદ-વિચાર કરવો તે.
2 તર્કપ્રબંધ; રજુ કરેલી દલીલો-તકરારો-કારણો.

Reassure, *v. t.* કોઈને ફરીથી હિમ્મત આપવી; કોઈની બહીક મટે તેમ કરવું; ભયમાંથી છૂટું-મોકળું કરવું; ધીરજ આપવી; દિલાસો આપવો.
2 ફરીથી-બીજીવારનો વીમો ઉતારવો.

Reassuring, *a.* ભરૂસો-વિશ્વાસ બેસાડે એવું; ધીરજ આપે-દિલાસો દે-ભયમાંથી મોકળું કરે એવું.

Rebate, *v. t.* બુઠું કરવું; ધાર બેસાડી દેવી; ખાંડું કરવું.
2 ઘટાડવું; ઓછું-કમી કરવું; તારીખે અથવા રોકડ નાણા પગાર કરવાથી વટાવ કાપી આપવો; મુદત કાપી આપવી-લેવી.

Rebate, **Rebatement**, *n.* (*Com.*) વટાવ; મુદતને અંગે કાપી આપેલું વ્યાજ.

Rebec, **Rebeck**, *n.* (*Mus.*) એક જાતની સારંગી-સીતાર-રબાબ.

Rebel, *n.* બંડખોર; બંડ કરનાર; રાજદ્રોહી; સરકારની સામે તોફાન ઉઠાવનાર; બળવાખોર; સરકશ; ગરદનકશ.

Rebel, *a.* તોફાની; બળવાખોર; હુલ્લડ-બંડ કરતું-મચાવતું.

Rebel, *v. i.* બંડ કરવું-મચાવવું; સરકારની સામે ઉઠવું; હુલ્લડ ઉઠાવવું-મચાવવું; દંગો કરવો; સર ઉઠાવવું; માથું ઉંચકવું; સરકશી-ગરદનકશી કરવી.

Rebeller, *n.* બંડખોર; બળવાખોર; દંગો કરનાર; બહારવટિયો.

Rebellion, *n.* બળવો; દંગો; બંડ; હુલ્લડ; ફસાદ; ફીસાદ; ફીતુર; રાજદ્રોહ; સરકશી; ગરદનકશી.

Rebellious, *a.* ફીસાદી; ફીતુરી; ફીતને અંગેનું; રાજદ્રોહી; બંડખોર; દંગાખોર; તોફાની; બળવાખોર.

Rebiting, *n.* (*Engraving*) કોતર અથવા નકસીકામની ખવાઈ-ઘસાઈ ગયલી લીટીઓ તેજાબની મારફતે પાછી દેખતી-દરસ્ત કરવી તે અથવા તે કરવાની ક્રિયા.

Reboil, *v. i.* સળગી ઉઠવું; સળગવું; તપીને ગરમ થવું.

Reboil, *v. t.* ફરીથી ઉકાળવું.

Rebound, *v. i.* ઉછળીને-ઉઠીને-પાછું આવવું-જવું-પડવું; ઉથલો ખાવો; કશાપર જે ફેંક્યું હોય તે, સ્થિતિ સ્થાપકતાને લીધે પાછું આવવું; કોઈ ઠેકાણે જગા અથવા સપાટી ઉપર જે ફેંક્યું હોય તેનું તેને અથડીને પાછું ફરવું, જેમકે ફેંકેલો દડો-અવાજ ઈત્યાદિ.

Rebound, *v. t.* પાછું હડસેલી આપવું.
2 પડસાદ ઉઠવો; પાછો અવાજ-પ્રતિધ્વની થવો.

Rebound, *n.* સ્થિતિ સ્થાપકતાને લીધે ઉછળીને પાછું આવવું તે.

Rebuff, *n.* પ્રતિઘાત; સામેથી દબાણ કરવું-પાછું ઢકેલવું તે; પાછું હડવું પડે એવો એકાએક લાગેલો ધકો-આચકો-અટકાવ.
2 દાબ; હાર; પરાજય. [કરવું તે.
3 ના કહેવી તે; નકાર; નિષેધ; અસ્વિકાર કરવો તે; નામંજુર
To give a rebuff to, કોઈના મોડાપર મારવું.
To meet with a rebuff. મોડામાં ખાવું; ઠપકો ખમવો.

Rebuff, *v. t.* પાછું મારવું; સામે થવું; સામુ અપમાન કરવું; ધુતકારી નાખવું; ઝણકારી કહાડવું.

Rebuild, *v. t.* ફરીથી બાંધવું; સમારવું.

Rebuke, *v. t.* To check, silence, or put down, with reproof, ધમકાવીને દાબમાં રાખવું-અટકાવવું; દબાવવું.
2 To reprehend sharply and summarily, ઠપકો દેવો; બોલ મારવા-સંભળાવવા; ધમકાવવું; ધમકી આપવી; ડોક મારવા-લગાવવા.

Rebuke, *n.* ઠપકો; ધમકી; દાબ; દબામણ; બોલ; સરઝનિશ; ડોક; ચશ્મનુમાઈ. 2 શિક્ષા; સજા.
To suffer rebuke, મેણાંટોણા-બોલ-ડોક સાંભળવા-સહન કરવા.
To be without rebuke, નિર્દોષી-બેતકસીર-બેગુનાહ હોવું-રહેવું.

Rebus, *n.* A mode of expressing words or phrases by pictures of objects whose names bear a resemblance to those words, or to the syllables of which they are composed, ચિત્રોની મારફતે શબ્દો અથવા વાક્યો જણાવવા-સમજાવવાની એક રીત. નીચે આપેલા દાખલાપરથી એ રીતની વધારે સમજ પડશેઃ—

A gallant, in love with a woman named *Rose Hill,*

painted on the border of his gown a rose, a hill, an eye, a loaf, and a well, which reads, *Rose Hill I love well.*

Rebut, *v. t.* જોર કરીને પાછું હઠાવવું-ઠેલવું-હાંકી કહાડવું.

2 (*Law.*) તકરારમાં હઠાવવું; દલીલો કાઢીને સામે થવું; સામી તકરાર કરવી-બાથ ભીડવી; રદ જવાબ-પ્રત્યુત્તર આપવો.

Rebutting evidence, સામો પુરાવો.

Rebutter, *n.* (*Law*) પ્રતિવાદી તરફનો રદ જવાબ; પ્રતિ ઉત્તર; જવાબુલ જવાબ.

Recalcitrant, *a.* પછાડી ઝાડવું; પાછલા પગની લાત મારવું. પાટું મારવું. એ ઉપરથી,

2 ધિક્કાર-નામરજી-કંટાળો-ત્રાસ દેખાડવું.

Recalcitrate, *v. t. & v. i.* પછાડી ઝાડવી; લાટ-પાટું મારવું. એ ઉપરથી,

2 કશા વિષે ધિક્કાર-નાખુશી-કંટાળો-ત્રાસ દેખાડવો.

Recall, *v. t.* પાછું તેડવું; પાછું બોલાવી લેવું-તેડી મંગાવવું.

2 રદ-બાતલ કરવું; કાઢી-ભાંગી નાખવું; ફેરવવું; તોડવું.

3 યાદ કરવું; ફોમ કરવી; યાદદાસ્ત તાજી કરવી.

4 જે પોતે કહ્યું તે ન કહ્યું ગણવું એમ કહેવું; આવરે બોલ પાછો તેમ કહેવું; પોતાનું કહેલું પોતેજ પાછું ફેરવવું.

Recall, *n.* પાછું બોલાવવું-તેડી મંગાવવું તે.

2 રદ-બાતલ કરવું તે; ફેરવવું-તોડવું તે.

Past recall, જે થયું તે થયું; પાછું ફેરવી ન શકાય એવું.

Recant, *v. t. & v. i.* સ્વિકારેલાનો પાછો નકાર કરવો; કબુલાતનો પાછો ઈનિકાર કરવો; કબુલેલું નાકબુલ કરવું; બોલેલો બોલ પાછો લેવો-ફેરવવો; જબાં બદલવી; પતળી જવું.

Recantation, *n.* The act of recanting, ઈનકાર. See Recant.

To read one's recantation, ઈનકાર નામું વાંચી સંભળાવવું.

Recapitulate, *v.t.* બોલેલી મુખ્ય બાબદો ફરીથી પાછી કહી જવી; ટુંકામાં સાર કહી જવો; સારાંશ-મતલબ ફરીથી કહી જવો; સંક્ષેપમાં મુખ્ય બાબતો ફરીથી કહેવી.

Recapitulation, *n.* બોલેલી મુખ્ય-બાબતો ફરીથી ટુંકામાં કહી જવી તે; ટુંકામાં આટોપવું તે.

2 બોલેલી મુખ્ય બાબદોનો ટુંક સારાંશ-મતલબ; સંક્ષેપ; ઉપસંહાર.

Recaption, *n.* પોતાનો માલ, મિલકત અથવા બચ્ચાં છોકરાં કોઈએ લઈ લીધાં હોય અને તે ગેરવાજબીપણે અટકાવી રાખ્યાં હોય તેમને કશી જબરી વગર પાછાં પોતાને હસ્તક લેવાં તે.

Writ of recaption, (*Law*) કોઈનો માલ તેની કરજદારીને સબબે એકવાર જપત કરવાપછી ફરીને તેનો માલ તેજ દેવાં માટે જો કોઈએ જપત કીધો હોય તો, બીજીવાર જપત કરનાર ધણી પાસેથી નુકસાની ભરી લેવાનું હુકમનામું.

Recast, *v. t.* ફરીથી-પાછું ફેંકવું-ઉરાડવું.

2 ફરીથી-નવેસર-નવે નામે બનાવવું.

3 ફરીથી સાંચામાં-બીબામાં બોતવું-બીબું પાડવું; ભરવું.

4 ફરીથી-બીજી વખત ગણવું-હિસાબ ગણવો.

Recede, *v. i.* પાછું હઠવું-ખસવું-ખસી જવું; પાછાં પગલાં ભરવાં; ઓસરવું; મચક આપવી; ડગવું.

2 મુકી છુટવું; કરાપરથી દાવો-હાથ ઉઠાવવો; છોડી-મુકી દેવું.

Recede, *v. t.* પાછું આપવું; પાછું આપી-સોંપી દેવું; જેનું હોય તેને-આગલા ધણીને પાછું સપુરદ કરવું.

Receipt, *n.* The act of receiving, મળવું-પ્રાપ્ત થવું-હાથ આવવું-લેવું તે; પોહોંચ.

2 Power of receiving or containing, લેવા-મવાડવા-સમાવેશ કરવાની શક્તિ; ગ્રાહક શક્તિ.

3 Place of receiving, લેવાની જગ્યા; નાકું; મહસુલઘર, જેમકે Sitting at the *receipt* of custom.

4 A plan, scheme or formulary according to the directions of which things are to be received or combined, કોઈ મિશ્ર પદાર્થ બનાવવા માટે ભેગ કરવાની જીનસોની ટીપ-યાદ; નુસખો, જેમકે She had a *receipt* to make white hair black. See Recipe.

5 Acknowledgment of payment, પોહોંચ; ભરપાઈ; પાવતી. C. S. G. રસીદ.

6 That which is received, જમા; આમદની; આદાય; વસુલાત; આવક. [વક જાવક.

Receipts and expenditure, જમાખરચ; આમદો ખરચ; આ-

Receipt, *v. t. & v. i.* પોહોંચ ઉપર સહી કરવી; પોહોંચ આપવી; ભરપાઈ કરી આપવી.

Receivable, *a.* લેવા-ગ્રહણ કરવા જોગ-જેવું; ગ્રાહ્ય; દરઆમદી.

Bills receivable, વસુલ કરવાની હુંડી.

Receive, *v. t.* To take as a thing offered or sent, લેવું; સ્વીકારવું; કબુલ-માન્ય કરવું; અંગીકાર કરવો; ગ્રહણ કરવું; મંજુર કરવું.

2 To give admission to, આવવા દેવું; દાખલ થવા-પેસવા દેવું.

3 To take or obtain from another in any manner, and either good or evil, કોઈની પાસેથી મળવું; પામવું, જેમકે Shall we *receive* good at the hand of God, and shall we not *receive* evil?

4 To allow, as a custom, tradition, or the like, કબુલ રાખવું; પસંદ કરવું; પાળવું; આચરવું, જેમકે A custom long *received*.

5 To welcome; to lodge and entertain, as a guest, પરોણા રીત કરવી; સતકાર કરવો; આગતા સ્વાગતા કરવી.

6 To have capacity for, સમાવું; માવું; અંદર રહેવું.

7 To bear, to suffer, સોસવું; ખમવું; બરદાસ્ત કરવું.

8 To take, as goods from a thief, knowing them to be

dishonestly obtained, જાણીજોઈને ચોરીનો માલ લેવો.
To receive in full, ભરી પુરી પામવું.

RECEIVER, *n*. One who takes or receives in any manner, લેનાર; ગ્રાહક; ઘરાક.

2 (*Law*) વાંધામાં પડેલી મિલકત અથવા અવેજનો ઈનસાફની રૂએ નીકાળ થતાં સુધી, કોરટના હુકમથી જે ધણીના તાબા-હવાલામાં તે મિલકત સોંપવામાં આવેલી હોય તે ધણી; અમાનતદાર. C. S. G. રીસીવર.

3 ચોરીનો માલ જાણી જોઈને લેનાર.

4 (*Chem.*) રસાયન સંજોગથી કોઈ પદાર્થનો તેજાબ ગાળવાનો હોય ત્યારે જે વાસણમાં તેજાબ ગળાઈને એકઠો થાયછે તે વાસણ. (દારૂ ગાળનારાઓ એવા વાસણને ભપકા-ડાગરૂં વગેરે નામે ઓળખેછે).

5 (*Pneumatics*) Air pump ની ઉપર જે કાચનું વાસણ મુકીને તેમાંની હવા બહાર ખેંચી જઈ તે હવાની જગા ખાલી કરી નાખેછે તે વાસણ. એવી રીતે ખાલી કરેલી જગાને *vacuum* કરી કહેછે, અને તે ખાલી જગામાં, તે વાસણની અંદર વાયુ સંબંધી ઘણાક પ્રયોગો કરવામાં આવેછે.

RECENSION, *n*. તપાસ; ગુણ દોષ વિવેચનાવાળી તપાસ.

RECENSIONIST, *n*. ગુણ દોષનું વિવેચન કરનાર; તપાસ લેનાર; અધિપતિ.

RECENT, *a*. હમણાનું; હાલનું; હાલ-હમણા-થોડા કાળ-દહાડા ઉપર થયલું-બનેલું; નવું; તાજું.

2 (*Geol.*) આદમની પેદાએશ પછીના વખતનું.

RECENTLY, *ad*. હમણા; થોડી વાર થઈ; નરતકું; નવુંસવું; થોડુંક થયું.

RECEPTACLE, *n*. જેમાં કંઈ રહે-માય તે; પાત્ર; આશય; ઠામ; ખાનું; ઘર; બારદાન.

2 (*Bot.*) ફુલનાં દીટાં-ડીચકાંની વાટકી-પ્યાલી.

3 ફુલના ડીચકાની ફુલેલી અણી; ફુલની પેંદી.

RECEPTION, *n*. લેવું-સ્વીકારવું તે; અંગીકાર; ગ્રહણ.

2 આવકાર; આગતાસ્વાગતા; સત્કાર; એસ્તેકબાલ; મેહમાનદારી.
A warm reception. મમતા ભરેલો આવકાર.

RECEPTIVE, *a*. ગ્રાહક; લઈ-સમાવી શકે એવું; ગ્રાહક શક્તિક્ષમ.

RECESS, *n*. પાછું વળવું-ઉતરી-ઓસરી જવું તે; ઓટ.

2 -(from business) એકાંતવાસ કરવો-એકાંતમાં રહેવું તે; જાહેર કામકાજથી પરવારી ઘેર બેસવું તે; વિશ્રાંતિ.

3 એકાંતવાસ; બધાથી નિરાળું-નોખું-અલગ રહેવું તે; ગોશેનશીની.

4 રજા-છુટ-અવકાશની વેળા-નો વખત; કામકાજની તહકુબી.

5 દીવાનખાના-ઓરડામાં એકાંત બેઠક.

6 ગોખલો; ગોખ; ખાંચો; તાક.

7 એકાંત-ખાનગી વાસ; રહેવાનું ખાનગી ઠેકાણું-જગા; ગોશે.

8 ગહન-ગૂઢ ભાગ; નહી સમજ પડે એવી ગુંચવણો-ગુશ્કેલી-છૂપી બાબદો, જેમકે The difficulties and *recesses* of science.

RECHEAT, *n*. (*Sporting*) શિકારી કુત્રાઓને હાથથી શિકાર છટકી જવા પછે કુત્રાને પાછા તેડી લેવા સારૂ શિકારીએ જોરથી વગાડેલું રણશીંગું.

RECHERCHE, *a*. જેની ઘણી પુછપરછ થતી હોય તેવું; જે મેળવવા માટે ઘણો પ્રયત્નો થતો હોય તેવું; જેની પાછળ ઘણું લાગવામ આવતું હોય તેવું. એ ઉપરથી, 2 અતિ સુંદર-સોહામણું.

RECIPE, *n*. (*Med.*) નુસખો; કોઈ અમુક ઓસડના અંદર કઈ કઈ ચીજો ભેગ કરવાની છે તેઓની યાદદાસ્ત; ઓસડવિધિ; દવાની યાદી; ચિકિત્સા લેખ; ઔષધ વિધાન.

2 કોઈ મિશ્ર પદાર્થ બનાવવા માટે ભેગ કરવાની જીનસોની [ટીપ-યાદી.

RECIPIENT, *a*. લેનાર; ગ્રાહી; લીએ એવું.

RECIPIENT, *n*. લેનાર; આશય પાત્ર.

RECIPROCAL, *a*. એક પછી એક-વારા ફરતું-ક્રમ પ્રમાણે થતું-આવતું; અવારનવાર બનતું-થતું-આવતું.

2 એક પછી એક; આંતરે આવનાર; અન્યોન્યાનુગામી.

3 અરસપરસનું; પરસ્પરનું; એકમેકનું; અન્યોન્ય; એક બીજાનું.

RECIPROCALLY, *ad*. પરસ્પર; અરસપરસ; એકમેકમાં; એકમેક.

RECIPROCATE, *v. i*. વારા ફરતી-આંતરે આંતરે-એક પછી એક-અવાર નવાર એમ આવવું-હોવું-બનવું-થવું.

RECIPROCATE, *v. t*. અરસપરસ-પરસપર આપવું-કરવું; કશાના બદલામાં-સામું-પાછું કંઈ કરવું; કશાને બદલે-કશાના અવેજમાં સામું-પાછું કંઈ આપવું-કરવું; અરસપરસ આપવું-લેવું.

RECIPROCATION, *n*. અરસપરસ આપવું લેવું તે; અરસપરસની આપલે.

2 વારાફરતી આવવું તે; અદલા બદલી; ફેરફાર; સુબદલો; આવજો માવજો.

RECIPROCITY, *n*. અદલા બદલી થવી તે; અરસપરસ સરખો લાભ-ગુણ થવો તે.

RECITAL, *n*. મ્હોડે ભણી જવું તે; કહી સંભળાવવું તે; કથન; ઉલ્લેખ; વર્ણન.

2 કથા; વાત; અહેવાલ; હકીકત; આખ્યાન; બયાન.

3 (*Law*) લખત પત્રની મતલબ જણાવનાર બાબદો વિસ્તારીને જણાવી જવી તે.

RECITATION, *n*. મ્હોડે ભણી જવું તે; કહી સંભળાવવું તે; કથન; ઉલ્લેખ; વર્ણન; સુણાવણી.

2 અગાઉથી મોહોડે કરેલી કંઈ બાબદ ઘટતા હાવભાવ સાથે અને સારી છટાથી કોઈ સભા અથવા મજલસ હજુર કહી-બોલી જવી તે; છટાદાર ભાષણ.

RECITATIVE, *a*. ગાવાના સ્વરમાં-રાગ કહાડીને બોલવા-કહેવા-કથન કરવાનું-સંબંધી.

RECITATIVE, *n.* ગાવાના સ્વરમાં-રાગ કહાડીને કહેવું-બોલવું તે; કથન.

RECITE, *v. t.* & *v. i.* મ્હોડે ભણી જવું; કથન કરવું; કહી સંભળાવવું; સુણાવવું.

RECK, *v. t.* તમા રાખવી; દરકાર કરવી; ગણવું; ગણકારવું; કશાની ચિંતા-ફિકર હોવી; ખાતરમાં લાવવું.

RECKLESS, *a.* નિર્ભાસ્ત; બેપરવા; બેતમા; બેદરકાર; બેફિકરું; ગાફિલ.

RECKLESSLY, *ad.* બેપરવાઈથી; બેદરકારીથી.

RECKLESSNESS, *n.* બેપરવાઈ; બેદરકારી; બેફિકરાઈ; પ્રમાદીપણું; બેકાળજી; ગાફેલી; ગફલત.

RECKON, *v. t.* ગણવું; ગણત્રી-ગણના કરવી.

2 માનવું; લેખવું; ગણવું; ગણકારવું; પત કરવું.

RECKON, *v. i.* હિસાબ કરવો-ગણવો.

2 હિસાબ નક્કી કરવો; હિસાબ તપાસીને બાકી કાઢવી; હિસાબ તૈયાર કરવો.

To reckon for, જવાબદાર હોવું; જવાબ દેવાને બંધાવું; દંડ ભરવો.

To reckon on or *upon*, આધાર-ભરોસો રાખવો; ભરોસે થઈ [પડવું.

To reckon with, -(oneself) સુમાર જોવો-કાઢવો-બાંધવો; વિચાર કરવો; અટકળ બાંધવી-કરવી.

2 -(another) લેણું-હિસાબ-જવાબ માગવો-લેવો.

3 -(mutually) પરસ્પર હિસાબ જોવો-લેવો-તપાસવો; કોઈ સાથે હિસાબ નક્કી કરવો.

RECKONING, *n.* The act of counting or computing, ગણવું તે.

2 ગણના; ગણત્રી; સુમાર.

3 વખતની રાખેલી ગણત્રી; વખતનો સુમાર.

4 એકેમેક સાથે હિસાબ તપાસવો તે; એકેમેક સાથેનો હિસાબ પતાવવા માટે અરસપરસ હિસાબની તપાસ-રજુઆત કરવી તે; ખાતાની રજુઆત, જેમકે Short *reckonings* make long friends, એ ઉપરથી,

5 લાગુ પડેલો દંડ અથવા જાહેરી લીધેલી ગુન્હેગારી જવાબથી લેવી-કહડાવવી તે.

6 પ્રદ્રતી સજાએ પોહોંચાડવું તે; વાજબી-લાયક સજા કરવી તે; દહાડા ગણાઈ-ભરાઈ ચુકવા તે, જેમકે The day of *reckoning* has arrived.

7 (*Navigation*) વહાણ ક્યે ઠેકાણે છે, તેનો માર્ગ કઈ દશાપર છે, તેણે કેટલો રસ્તો કાપ્યોછે, વગેરે બાબદોનું દરરોજ આકાશમાં અવલોકન કરી વહાણવાળાઓ પોતાના સ્મરણ પુસ્તકમાં જે નોંધ કરેછે તે કરવાની ગણત્રી-હિસાબ. આવાં સ્મરણ પુસ્તકને *Dead reckoning* કરી કહેછે.

8 મુસાફરખાના, પોહોંચખાના વગેરેમાં એક મેહમાનદારે કરેલા ખરચની રકમ, જેમકે A coin would have a nobler use than to pay a *reckoning*.

9 ગણના; ગણકારવું-ગણવું-લેખવવું તે.

RECKONING BOOK, *n.* હિસાબની ચોપડી-ચોપડો; વહી; ખાતાંવહી.

RECLAIM, *v. t.* To reduce from a wild to a tamed state, તાલીમ આપવી; શિખવવું; પશુ પક્ષીનો જંગલી કે ભડકણપણાનો જાતિ સ્વભાવ કાઢી નાખી હેળવવું; પશુ પક્ષીને માણસની ભણી ભાગવી, જેમકે An eagle well *reclaimed*. એ ઉપરથી,

2 To draw back to correct deportment or course of life, સુધારવું; સમારવું; દુરસ્ત કરવું; અનીતિ-બદરાહ ઉપરથી પાછું ફેરવીને સીધા-ખરા રસ્તાપર લાવવું-આણવું, જેમકે It is the intention of Providence, in its various expressions of goodness, to *reclaim* mankind.

3 To rescue from being wild, desert, waste, submerged, or the like, સમુદ્ર વગેરેના પાણીથી ઢંકાયલી જમીનને પાણી ખસેડી ખેડાય તેવી કરવી, જેમકે *To reclaim* wild land, overflowed land &c.

4 To demand as a right the return of, હક્કથી પાછું માગવું; પોતાનો હક્ક રજુ કરી પાછું મેળવવું.

RECLAIMABLE, *a.* સુધારી-ખરા રસ્તાપર લાવી શકાય એવું.

2 ઉપરથી પાણી ખસેડીને ખેડવા જેવું કરી શકાય તેવું.

RECLAMATION, *n.* ફરીથી-પુનઃ-પાછું મેળવવું-પ્રાપ્ત કરવું-સંપાદન કરવું તે; પુનઃ પ્રાપ્તિ.

2 પાછું મેળવવાને માટે કીધેલી માગણી-રજુ કીધેલો દાવો.

Reclamation of land, દરિયાનાં પાણી હઠાવી પુરણી કરી કાઢેલી [જમીન.

RECLINATION, *n.* આડું પડવું તે; અરેઠાવું તે.

2 (*Surg.*) મોતિયો કહાડવાની એક રીત. એ રીત એવી છે કે આંખમાં થયલા મોતિયાને હથિયાર વડે આંખમાં આડો પાડવો, એવી રીતે કે તેની આગલી સપાટી ઉપર થઈ જઈ પાછલી સપાટી નીચે પડી જાય, જેથી મોતિયો આંખની કીકીની એકબ પડી જાયછે ને બાકી સાફ ખુલ્લો થઈ જાયછે.

RECLINE, *v. t.* ટેકવવું; કશાપર મૂકીને-ટેકવીને અઢેલવું.

RECLINE, *v. i.* ટેકવું; અઢીંગવું; અઢેલવું; આડું પડવું; લેટવું; સુવું; અરેઠાવું; આરામ લેવો.

RECLUSE, *a.* સંસાર તજી એકાંતવાસમાં રહેલું; સંસાર ત્યાગ કરી બેઠેલું; એકાંતવાસી; વનવાસી.

RECLUSE, *n.* સંસાર તજી એકાંતવાસમાં જીંદગી ગુજારનાર શખ્સ; વાનપ્રસ્થ; ખલવતનશીન; ખલવતગુઝીન; ગુશેનશીન.

2 મઠવાસી; મઠમાંની એક ઓરડીમાં રહેનારો સંન્યાસી; જોગી.

RECOGNITION, *n.* ઓળખવું-જાણવું-પીછાનવું તે; ઓળખાણ; [મુલાકાત.

2 માન્ય-કબૂલ કરવું તે. 3 સ્વીકાર; અંગીકાર; કબૂલાત.

Recognizance, *n.* કરારનામું; ઇકરારનામું; મુચરકો; મુચલકો.

Recognize, *v. t.* ઓળખવું; જાણવું; પીછાનવું; પછાનવું.

2 માન્ય-કબૂલ કરવું; જાણ્યુંછું એમ કબૂલવું.

Recoil, *v. i.* To move or start back, પાછો ધક્કો લાગવો; સામો આચકો આવવો, જેમકે A cannon *recoils* when fired.

2 To roll back, પાછું હઠવું-વળી જવું, જેમકે Waves *recoil* from the shore.

3 To rebound, સ્થિતિ સ્થાપકતાને લીધે પાછું આવવું, જેમકે The blow *recoils*.

4 To flow back, પાછું વેહેવું, જેમકે The blood *recoils* with horror at the sight.

5 To start back; to shrink, કમકમીને પાછું હઠવું; કંટાળો થવો-લાગવો-આવવો, જેમકે Nature *recoils* at the bloody deed. [his own head.

6 To return, પાછું આવવું, જેમકે The evil will *recoil* upon

Recoil, *n.* The reaction of fire-arms when discharged, તોપ કે બંદુક ફોડવાથી જે ધક્કો-આચકો લાગે-આવે તે; પ્રત્યાઘાત.

Recollect, *v. t.* યાદ કરવું-લાવવું; સાંભરવું; સ્મરણ કરવું; યાદ આવવું; સ્મરણ થવું; ફોમ આવવી; સુરત આવવી-હોવી.

To recollect one's self, જીવ ઠેકાણે આવવો; જીવ શુદ્ધમાં આવવો; હોશમાં આવવું; હોશ પકડવો.

Recollection, *n.* યાદ; સ્મરણ; સુરત; સ્મૃતિ; યાદદાસ્ત; ફોમ; સ્ફુરતા; સરત.

Recommence, *v. t.* નવેસરથી શરૂ કરવું; ફરીથી માંડવું-આરંભવું-આરંભ કરવો.

Recommend, *v. t.* કોઈની આગળ સિફારસ-ભલામણ-તારીફ કરવી; વગ પોહોંચાડવો-લગાડવો-ચલાવવો.

2 માન્ય કરવું; પસંદ પડવું; કબૂલ કરવા જોગ થવું.

3 સોંપવું; હવાલે કરવું; તાબામાં આપવું; સિપુરદ કરવું.

4 સલાહ આપવી; મસ્લેહત કરવી. [વસીલો.

Recommendation, *n.* સિફારસ; ભલામણ; તારીફ; ભાળવણ;

Recommendatory, *a.* ભલામણ-સિફારસ-તારીફનું-વાળું; ભલામણ કરે એવું.

Recompense, *v. t.* To make a return to, બદલો-અવેજ આપવો-વાળવો.

2 To render an equivalent to for service, મેહેનત-મજુરી આપવી; મેહેનતનું દામ આપવું.

3 To render an equivalent to for loss, નુકસાન ભરી આપવું; ખોટ ભરવી.

4 To requite, વાળી આપવું; પ્રતિફળ આપવું; ખંગ વાળવો.

Recompense, *n.* બદલો; અવેજ; પ્રતિફળ; ખંગ.

Reconcile, *v. t.* મનાવવું; મિલાપ-સમજુતી-સલુક-સલાહ-સમાધાન-દોસ્તી કરાવવી; મેળવવું; હમવાર કરવું, જેમકે *To reconcile* men or parties that have been at variance.

2 કગાથી શાંત થઈ રેહેવું-થવું; કગામાં સંતોષ પામવો-માનવો; કશાને લીધે શાંત રહીને-મૂગે મોડે સાંખવું, જેમકે *To reconcile* one's self to afflictions.

3 મળતું આવે-તાલ જમે તેમ કરવું; એક સરખું કરવું. એવે અર્થે એ શબ્દની પાછળ *with* અથવા *to* શબ્દ લગાડવામાં આવે છે, જેમકે The great men among the ancients understood how to *reconcile* manual labor with affairs of state.

4 પતાવવું; નિકાલ કરી આપવો; બંધ બેસે તેમ કરવું; મેળ બેસાડવો, જેમકે *To reconcile* differences or quarrels.

To be reconciled, લઢવું; મળી-જડી જવું; સમજુતીપર આવી જવું.

Reconcilement, } *n.* ફરીથી-પાછો થયલો મિલાપ; મેળ; બનાવ; સમાધાન; દોસ્તી; સલુક; સમજુતી;
Reconciliation, }
સલાહ; નવેસર દોસ્તી; પુનઃ મૈત્રી.

2 (*Script.*) કોઈનું પાપ નિવારણ થઈને ઈશ્વર સાથે મિલાપ થવો તે; પ્રાયશ્ચિત્ત કરીને નિવારણ કરવું તે.

Reconciliatory, *a.* સમજુતી-સમાધાન કરાવે તેવું; સમાધાનનું.

Recondite, *a.* ગુપ્ત; છાનું; કોઈ ન જોય-જાણે-સમજી શકે તેવું;

2 ગહન; અઘરું; ઉંડું; ગૂઢ; દુર્ગમ. [પોશીદા.

Reconnaissance } *n.* શિરૂઆતની તપાસ; આગમચથી કરેલી તપાસ-ખોળ-તલાસ-જોસ્તેજુ.
Reconnoissance, }

2 (*Geol.*) કોઈ દેશની જમીન કેવી છે, તે જમીનના પડોમાં શી શી જીનસો સમાયલી છે, તેમાં કેવી જાતની ધાતુ અથવા પથરની ખાણો છે, વિગેરે બીજી બાબદો વિષે કરેલી ચોકસી-વાકીફી ભરી તપાસ-શોધ.

3 (*Engin.*) કોઈ દેશની જમીનની મોજણી, તે ઉપર કેવાં કેવાં બાંધકામો, કિલ્લા, કોઠી વિગેરે થઈ શકે, અને તેનો નકશો પાડી શકાય તે વિષે કરેલી તપાસ-પરીક્ષા.

4 (*Mil.*) કોઈ દેશમાં દુશમને કહી જગાપર પડાવ નાખ્યો છે, અથવા તેણે લડાઈ માટે કેવી પ્રકારની ગોઠવણો કરી રાખી છે તે વિષે કરવામાં આવેલી ખોળ; દીદબાની; જાસુસી.

Reconnaissance in force, દુશમને કહી જગાપર પડાવ કીધો છે, તેનું કૌવત કેટલું છે, તેની પાસે લશ્કર અને લશ્કરી સરંજામ કેટલો છે, તે સઘળું જાણી લેવા માટે અજમાયશ તરીકે કરેલો હોમલો-હલ્લો.

Reconnoiter, } *v. t.* To examine by the eye, નજર નાખવી; નિગાહ કરવી-પુગાડવી; નજરે જોવું; તપાસવું.
Reconnoitre, }

2 To survey with a view to military or engineering operations, દુશ્મનના લશ્કરની હાલચાલ, સ્થિતિ, હાલત,

આરોગ્યની ભૂમિ ઇત્યાદિ તપાસીને જોવું-ની તપાસ કરવી.

RECORD, *v. t.* નોંધવું; નોંધ લેવી-કરવી; લખી-માંડી રાખવું; દફતરમાં દાખલ કરવું; રેજિસ્તરમાં લખવું.

RECORD, *n.* નોંધ; લેખ; પટ; દફતર.

A court of record, જે કોરટમાં તેનાં બધાં કામનું બયાન, તેના મુકરદમા તથા ઠરાવ, એમ પત્રોપર અથવા દફતરોમાં લખીને રાખેલાં હોયછે તે કોરટ.

A book of records. દફતર.

RECORDER, *n.* લખી રાખવા-દફતરમાં નોંધી રાખવાનું કામ જેને માથે છે તે હોદ્દેદાર; દફતરદાર; દફતરનવીસ; સરિશ્તેદાર.

2 શેહેરનો કે કોઈ જીલ્લાનો મુખ્ય ન્યાયાધિશ.

3 લંડન શેહેરની કોર્પોરેશનનો મુખ્ય ન્યાય શાસ્ત્રી.

C. S. G. રીકાર્ડર.

RECORD-KEEPER, *n.* દફતરી; મજમુદાર.

RECOUNT, *v. t.* તપસીલવાર-સવિસ્તર કહેવું; નિરૂપણ કરવું; કથન-દાસ્તાન કરવું; હકીકત કહેવી.

RECOUP, } *v. t.* અવેજમાં વાળી લે-વાળી લેવા માટે રહેવા
RECOUPE, } દેવું; આપવાના નુકસાનમાંથી કંઈ પાછું રાખી તે ઓછું કરવું.

2 નુકસાન ભરી આપવું; આવેલી-થયેલી ખોટ પુરી પાડવી.

RECOURSE, *n.* પાછું-ફરીથી આવવું-ઉભરવું તે; ફરીથી બનવું-થવું તે; ફરીથી થયેલો હુમલો.

2 કંઈ કારણસર કોઈની પાસે જવું-આવવું તે; આશ્રય કરવું; મદદ માગવા જવું-આવવું તે; આશ્રય ગ; અવલંબન.

To have recourse to, કોઈની પાસે આસરો-આધાર લેવા માટે જવું; આલંબવું.

RECOVER, *v. t.* To get or obtain again, ફરીથી-પુનઃ-પાછું મેળવવું-પ્રાપ્ત કરવું-સંપાદન કરવું.

2 To repair the loss or injury of, પાછું મળવું-પાછું મળે તેમ કરવું; કોઈને થયલાં નુકસાનનો બદલો અપાવવો.

3 To restore from sickness, faintness or the like, સારું-નિરોગી-ચંગુ થાય તેમ કરવું; કોઈને સારું-સાજું કરવું-ફેર પાડવો; જીવાડવું; પાછું હોશમાં આવે તેમ કરવું; શુદ્ધિમાં આણવું-લાવવું.

4 To reach, પોહોંચવું; આવી-જઈ પોહોંચવું; પુગવું.

5 (*Law*) To obtain in return for injury or debt, નુકસાનના બદલા-અવેજ તરીકે અથવા લેહેણા બદલ મેળવવું.

To recover one's self, પાછું ઠેકાણે આવવું; જેવું હતું તેવું પાછું થવું; યથાસ્થિત થવું.

RECOVER, *v. i.* આરામ થવો; સારું-સાજું-નિરોગી-ચંગુ-તંદુરસ્ત-રોગમુક્ત થવું.—એવે અર્થે એ શબ્દની પાછળ *of* અથવા *from* લગાડવામાં આવેછે.

2 પાછું ઠેકાણે આવવું; દુઃખ-આપદામાંથી છુટી-મોકળું થઈ અસલ સ્થિતિમાં પાછું આવવું; હતા તેવા થવું.

3 (*Law*) કજિયો-મુકરદમો જીતવો; જીતવું.

RECOVERABLE, *a.* ફરી-પુનઃ-પાછું મળે-હાથ આવે-આગે એવું; ફરીથી મળવા સરખું; પુનઃ પ્રાપ્ત થાય તેવું; પુનર્લભ્ય; પુનઃપ્રાપ્ય.

2 માંદગીમાંથી સાજું કરી શકાય એવું; આરામ કરી-આપી શકાય એવું.

3 આગલી-અસલ હતી તેવી હાલતપર લાવી શકાય એવું.

4 દેવાદાર પાસેથી મેળવી-અપાવી શકાય એવું; દેણદાર પાસેથી મળી શકે એવું.

RECOVERY, *n.* The act of recovering, regaining, retaking, or obtaining possession, પુનઃપ્રાપ્તિ; ફરીથી-પાછું મેળવવું તે; પુનર્લાભ; વસુલાત.

2 Restoration from sickness, faintness, weakness, or the like, રોગ મુક્તિ; આરામ; સારું-સાજું થવું તે; રોગ-વ્યાધીમાંથી છુટકો; આરોગ્ય; કરાર; રોગમોચન-નિવારણ; આરોગ્યપ્રાપ્તિ.

RECREANT, *a. & n.* રડી-રડમસ થઈને દયા માંગતું, જેમકે કોઈ લડાએક હરીફના હાથમાં સપડાઈ જવાથી કરગરીને દયા માંગવામાં આવેછે તેમ.

2 બહીકણ; બાયલો; નામર્દ; હિચકારો; બુજ દિલ; ક્લીબ.

3 જૂઠું-બેવફા નીકળેલું-નિવડેલું; સ્વપક્ષત્યાગી.

RECREATE, *v. t.* તાજું કરવું; વિશ્રાંતિ-વિસામો-સુખ આપવું.

2 ખુશ-ખુશી કરવું; આનંદ-સંતોષ પમાડવો; બેહેલાવવું; મન રંજન કરવું; ગમત-મઝા કરાવવી; રિઝવવું; દિલ-લગી કરવી.

3 ફરીથી-નવું બનાવવું-કરવું-ઉભું કરવું, જેમકે On opening the campaign of 1776, instead of reinforcing, it was necessary to *recreate* the army.

To recreate one's self, ગમત-રમુજ-મઝા કરવી; ખુશી થવું; વિનોદ કરવો.

RECREATE, *v. i.* તાજું થવું; આરામ લેવો; આસાયશ લેવી.

RECREATION, *n.* તાજું થવું-નિવૃત્તિ પામવી તે; વિસામો; આરામ; આસાયશ; વિશ્રાંતિ; તાજગી.

2 ગમત; મઝા; રમુજ; વિનોદ; રમત; આનંદ; રંજન; મન વેરાવું તે; દિલલગી.

3 નવી બનાવટ; જેથી કંઈ નવું કીધેલું-બનાવેલું તે.

RECREATIVE, *a.* તાજું કરે-બનાવે એવું; આસાયશ-આરામ આપે એવું; મન રિઝવનારું.

RECREMENT, *n.* [illegible] કામ-[illegible] [illegible] છુટી પાડેલી નકામી ચીજ. See DROSS.

Recremental, | **Recrementitial,** | **Recrementitious,** *a.* કચરા-મેલવાળું; મેલું; કામની ચીજો છૂટી પડતાં રહેલી નકામી ચીજોનું-વાળું.

Recriminate, *v. t.* & *v. i.* સામો-ઉલટો દોષ મૂકવો; સામું આળ ચઢાવવું; પ્રત્યારોપ કરવો; દોષારોપ મૂકવો; તોહમત મૂકનાર ઉપર સામું તોહમત મૂકવું; બદનામ કરનારને સામો બદનામ કરવો; સામી બદનામી મૂકવી.

Recrimination, *n.* દોષને બદલે સામો દોષ-બદનામીને બદલે સામી બદનામી મૂકવી તે.

2 (*Law.*) સામું આળ; ઉલટું તોહમત; પ્રત્યારોપ; તોહમતદારે તોહમત મૂકનારપર મેલેલું સામું તોહમત; બદનામ થયલાએ બદનામ કરનાર પર મૂકેલી બદનામી; ગલામત; સરજનિરા.

Crimination and recrimination, પરસ્પર દોષારોપ; સામાસામી-એકમેકને ગળે પડવું તે.

Recrudency, | **Recrudescence,** | **Recrudescency,** *n.* (*Med.*) ફેર પડયા પછી થોડોક ગાળો નાખી-ખાંગી બાઈને રોગ-દરદ ફરીથી ઉથલો-ઉથલો.

Recruit, *v. t.* પડેલી ખુટ પુરી કરીને સમારવું-યથાસ્થિત કરવું; જેવું હતું તેવું પાછું કરવું; પાછું આણવું; દુરસ્ત કરવું, જેમકે Food *recruits* the flesh; fresh air and exercise *recruit* the spirit. એ ઉપરથી,

2 કોઈનું ઘસાઈ-વપરાઈ ગયલું કૌવત પાછું આણવું; જોરબળ-કૌવત પાછું આપવું-મજબુત કરવું; પુનઃ શક્તિ આપવી; તકવિયત આપવી.

3 લશ્કરમાં નવા સિપાઈ-માણસની ભરતી કરવી.

Recruit, *v. i.* તંદુરસ્ત-તાજું-સાજું થવું; સમરવું; ઠેકાણે આવવું, જેમકે Lean cattle *recruit* in fresh pastures.

2 નવા સિપાઈનો જમાવ કરવો; નવા સિપાઈની જમાબંદી-ફોજબંદી-ભરતી કરવી.

Recruit, *n.* નવો રાખેલો સિપાઈ.

Recruiting, *n.* (of soldiers) ફોજબંદી.

Rectangle, *n.* જેનાં ખુણાં કાટખુણાં છે એવી ચાર બાજુની આકૃતિ; કાટખુણાવાળો સમાંતર બાજુ ચોખુણ; જેનાં સઘળાં ખુણાં કાટખુણાં હોય એવી ચાર બાજુવાળી આકૃતિ; સમચતુષ્કોણાકૃતિ; સમકોણ; સમચતુરસ્ર.

Rectangular, *a.* કાટખુણાકૃતિ હોય એવું; જે આકૃતિનાં ખુણાં કાટખુણાં હોય તેવું; સમકોણ; સમચતુરસ્ર.

Rectifiable, *a.* સુધારવા-સમારવા-દુરસ્ત-શુદ્ધ કરવા જોગ; સુધારી-સમારી શકાય એવું.

Rectify, *v. t.* સુધારવું; સમારવું; દુરસ્ત-શુદ્ધ કરવું.

2 (*Chem.*) સત્વ શુદ્ધિ કરવી; કસ કાઢવો; વારંવાર-ઘડીઘડી-એક કરતાં વધુ વખત ગાળીગાળીને શુદ્ધ કરવું.

To rectify a globe. કોઈ કૃત્યનો ખુલાસો થાય તેવી રીતે ગોળાને ગોઠવવો-મૂકવો.

Rectilineal, | **Rectilinear,** *a.* સીધી લીટીઓથી થયલું-બનેલું; સરળ-સીધી રેષા-લીટીનું-વાળું; સરળરેખાવિશિષ્ટ.

Rectitude. *n.* સરળતા; સરળપણું; ખરાપણું; નિખાલસપણું; સાચવટ; પ્રમાણિકપણું; નેકી; રાસ્તબાજી; રાસ્તી; ખરાઈ; સદાચાર; સત્યશીલતા; સદાચાર.

Law of rectitude, નીતિ.

Path of rectitude, સત્પથ; સન્માર્ગ; સુપથ; નીતિમાર્ગ.

Rector. *n.* (*Episcopal Church*) કોઈ એક પંથકનો ખ્રિસ્તી ધર્માધિકારી-ધર્મોપદેશક.

2 કૉલેજ-સરકારી નિશાળનો મુખ્ય શિક્ષક-વડા મેહેતાજી.

3 મદરેસા-પાઠશાળાનો મુખ્ય અધિકારી-કારભારી.

4 મુખ્ય મઠાધિપતિ; મઠગુરૂ.

5 (Among the Jesuits) નિશાળ-મકતબ-પાઠશાળાનો મુખ્ય અધિકારી.

Rectory, *n.* કોઈ જીલ્લાના ખ્રિસ્તી ધર્માધિકારી-ધર્મોપદેશકની પદ્ધિ તથા ધર્માદાય.

2 જીલ્લાના ધર્માધિકારીનો મુકામ-હવેલી.

Rectum. *n.* (*Anat.*) મ્હોટાં આંતરડાનો છેવટનો ભાગ; મળાશય; મળનો કોઠો.

Recumbence, | **Recumbency,** *n.* આઢીગેલા-વિસામો લઈ પડેલા-લંબાવેલાની સ્થિતિ; આઢીંગી-અઢેલીને પડેલા હોવું તે અથવા તેવી હાલત.

Recumbent, *a.* આડું પડેલું; આઢીગેલું; આઢીગેલાનું.

2 વિસામો લઈ પડેલું; લંબાવેલું; અમથું પડી રહેલું.

Recuperation, *n.* ખોવાયલી કોઈ પણ ચીજ પાછી હાથ આવવી તે; ખોવાયલી ચીજનું પાછું હાથ આવવું; પુનઃ પ્રાપ્તિ.

Recuperative, | **Recuperatory,** *a.* જેથી પાછું-ફરીથી મળે-હાથ આવે-યથાસ્થિત થાય એવું; પુનઃ પ્રાપ્તિનું-સંબંધી.

Recur, *v. i.* To Come back, પાછું આવવું; ફરીથી આવવું; ફરીથી-પાછું આવ્યા કરવું.

2 To Come again to mind, ફરીથી-પાછું મનમાં આવવું; પાછું યાદ આવવું-સાંભરવું; ફરાની સ્મૃતિ થવી; ફરાનું સ્મરણ થવું; ફેમ-સુધ આવવી.

3 To occur at a stated interval, or according to some regular rule, ચોકસ વખતે બનવું-થવું-આવવું-હોવું; ઠરાવી મૂકેલા કોઈ નિયમ પ્રમાણે બનવું-આવવું, જેમકે The fever will *recur* to-night.

4 To go for help, કોઈ પર આધાર રાખવો; કોઈનો આસરો લેવો; મદદ માગવા કોઈ પાસે જવું; કોઈની મદદ માગવી.

Recurrence, } *n.* ફરીથી-પાછું આવવું-બનવું-થવું તે; પુન-
Recurrency, } રાગમન.

Recurrent, } *a.* ફરીયાદ-પુનઃ આવનાર; વારંવાર આવનાર-
Recurring, } થનાર; ઘડી ઘડી-વખતે વખત બનનાર-થનાર.

Recurring decimal. પુનરાવર્તિ દશાંશ.

Recusant, *n.* & *a.* ધર્મ સંબંધી સઘળી બાબતોમાં દેશના રાજાની જે સર્વોપરી સત્તા તેનો ઇનકાર કરનાર-તે કબુલ કરવાની ના કહેનાર. સાધારણ ચાલતા આવેલા આચાર વિચારની સામે હઠીલાઈ પકડી બેસનાર.

Red, *a.* રાતું; લાલ; સુર્ખ; રક્ત. લોહીના રંગનું; આરક્ત; કીરમજી.

Dark red, અરૂણ; ઉગતા સુરજના રંગ જેવું; ઘેરું લાલ.

Deep red, લાલચોળ; રાતું ગહક; લાલચટ્ટક; ઘેરું આરક્તવર્ણ.

Dusky red, ભૂરું.

Pale or *light red,* શ્વેત રક્ત; ઝીણું ભુરું; ખુલ્લું ગુલાબી.

Red ant, (*Entom*) રાતી-લાલ ઝીણી કીડી.

Red antimony, (*Min*) લાલ સુરમો.

Red ash, (*Bot.*) અમેરિકા ખંડમાંનું Ash જાતના લાકડાનું એક [ઝાડ.

Red cedar, (*Bot*) Cedar જાતનું એક ઝાડ, જેને કાપવાથી તેમાંનો ગર પમરતા લાલ રંગનો નીકળે છે. *Juniperus* [*Virginiana*

Red chalk, ગેરૂ.

Red coral, લાલ પરવાળું. [-વાવટો

Red cross, સેંટ જાર્જનો ક્રાસ; ઇંગ્રેજ લોકો-પ્રજાની નિશાન-ઝુંડો

Red currant, સુકી દરાખ.

Red lead, (*Chem.*) સિંદુર.

Red man, } અમેરિકા ખંડનો ઘઉંવર્ણા વર્ણનો એક અસલી
Red skin, } રહેવાસી.

Red mulberry, (*Bot.*) રાતા સેતુરનું ઝાડ; રાતી સેતુરી.

Red ocher, ગેરૂ; લાલ મટોડી-માટી.

Red precipitate, See Precipitate.

Red tape, લાલ ફીત. જાહેર ખાતાંઓમાં દસ્તાવેજો, વગેરે બાંધવાના કામમાં એ ફીત વપરાય છે. એ ઉપરથી,

2 સરકારી કામકાજ સંબંધની ચાલતી આવતી રૂઢી; કોઈ હોદાને લગતી રીતિ અતિશય પાળવી તે.

Red, *n.* રાતો-લાલ રંગ; રક્ત વર્ણ.

2 (*pl.*) (*Med.*) દસ્તાન; અળાઈ; ઓરી.

English red, વલંદા લોકોએ બનાવેલો લાલ મટોડીના રંગને મળતો રંગ.

Indian red, લાલ રંગની મટોડી જેમાં *Silicate of iron* હોયછે અને તે ઈરાની અખાત તરફથી લાવવામાં આવેછે.

Red book, *n.* લાલ કિતાબ; જેમાં સર્વ સરકારી નોકરોનાં નામ નોંધેલાં હોયછે તે ચોપડી (ઇંગ્લંડમાં.)

Red breast, *n.* રાબિન નામનું એક પક્ષી. એ પક્ષીની છાતી રાતી હોવાથી તેને એ નામે ઓળખવામાં આવેછે.

Red cap, *n* (*Ornith.*) Goldfinch ની જાતનું એક પક્ષી જેના માથાનો ઉપલો ભાગ લાલ રંગનો હોયછે.

2 સ્કાટલંડ દેશમાંનાં વાપરવામાં ન આવતાં અખંડ પડેલાં જુનાં ઘરો-મહેલોમાંનો ભતનો ચારો; લાંબા દાંતવાળો એક ભુત, જેને વિષે સાધારણ રીતે એવું માનવામાં આવે છે કે તે સ્કાટલંડ દેશમાંની જુની પુરાણી હવેલીઓમાં ભમતો ફરેછે.

Red coat, *n.* લાલ ડગલાવાળો સિપાઈ. ઇંગ્રેજ સિપાઈનો તિરસ્કાર કરવાની મતલબે એ શબ્દ વપરાયછે.

Red deal, *n.* લાલ દેવદારનું લાકડું. *Pinus sylvestris.* એ લાકડાને કીડ મુદલ લાગતી નથી અને તે જાતે ઘણું ટકાઉ હોવાથી કિમતી લાકડાં તરીકે તે ગણાયછે.

Redden, *v. t.* લાલ-રાતુ કરવું; કરાથી લાલ-રાતું થવું; રાતો રંગ આપવો; લાલ રંગનું કરવું.

Redden, *v. i.* રાતું થવું-હોવું. એ ઉપરથી,

2 શરમથી મોં લાલ થઈ જવું; શરમાઈ-લજવાઈ જવું.

Reddish, *a.* રતાશ મારતું-પડતું; સુર્ખ રંગ.

Reddishness, *n.* રતાશ; લાલી; રાતો ભાસ; સુર્ખરંગી; સુર્ખી.

Reddle, *n.* (*Min*) Red chalk, ગેરૂ.

Redeem, *v. t.* વેચેલું પાછું વેચાતું લેવું-ખરીદ કરવું; કબજામાંથી ગએલાને ફરી કબજ કરવું. એ ઉપરથી,

2 (*Law.*) ઘરેણે મુકેલી મિલકત નાણાં આપીને છોડવવી.

3 (*Com.*) લખી આપેલી ચિઠ્ઠી, ખત વગેરે દસ્તાવેજ પૈસા ભરીને પાછા લેવા-છોડવવા.

4 દંડ-નાણું-અવેજ આપીને છોડવવું; છૂટકો કરવો; આશ્રાદ-બંદીવાસ-રિહા કરવું.

5 (*Theol.*) માણસની વતી જે કરવાનું તે કરી અને જે ભોગવવાનું તે ભોગવી તેને પાપમાંથી તારવું-ઉદ્ધારવું; તારણ-ઉદ્ધાર કરવો. [a promise.

6 પાળવું; પુરૂં કરવું; વફા કરવું; બજા લાવવું, જેમકે *To redeem*

7 કરાથી બદલો-અવેજ મળવો-આવવો.

8 ભરી આપવું; નુકસાન-તોટો ભરી આપવો.

Redeemer, *n.* અવેજ આપી-પ્રાયશ્ચિત કરાવીને છોડવનાર; છૂટકારો કરનાર; ઉદ્ધારનાર. [ખ્રિસ્ત.

2 તારનાર; ત્રાતા; તારક; જગતને તારનાર; જગદુદ્ધાર; ઈસુ

Redemption, *n.* The act of redeeming, or the state of being redeemed. See Redeem.

Red fire, *n.* લાલ આંચે બળતી, આતશબાજીના કામમાં આવતી એક રસાયની મેળવણી. એ મેળવણીમાં Nitrate of strontia, chlorate of potash, sulphur અને antimony, એટલી ચીજો હોયછે.

RED GUM, n. (*Med.*) તરતના જનમેલાં બાળકોને ચામડીપર થતો એક રોગ; આગીવા; ગરમીની ફુલ્લીઓ.

2 અનાજને લાગતો એક રોગ; અનાજમાં પડતો સળો-કીડ.

RED HAND, ad. ખૂન કરતું હોય તે વખતેજ-તેવી હાલતમાં; જાણે ખૂન કરતાંજ પકડ્યું હોય એવી હાલતમાં.

RED HEAD, n. લાલ-રાતા બાલવાળું માણસ; રાતા વાળનું માણસ.

RED HOT, a. તાપથી લાલ ચોળ-રાતું ચટક થયલું; તપાવીને લાલચોળ કરેલું.

RED LETTER, a. રાતા-લાલ અક્ષરનું; રાતા અક્ષરની નિશાનવાળું.

Red letter day ખુશાવખતી-ખુશાલીનો દહાડો; સપરમો દહાડો; બખ્તાવર રોજ; શુભ-મંગળ દિવસ; તેહેવાર.— આગળના વારોનાં પંચાંગોમાં તેહેવારના દિવસોની નોંધ લાલ અક્ષરે થતી હતી તે ઉપરથી આ શબ્દ એ અર્થે વપરાવા લાગોછે.

REDNESS, n. રતાસ; સુર્ખી; રક્તત્વ; લાલી.

2 રાતો-લાલ રંગ; રક્તવર્ણ.

REDOLENCE, } n. પિમળ; ખુશબો; સુગંધ; સુવાસ; મઘમઘાટ;
REDOLENCY, } પમરાટ; મેહેકમેકાટ; સરસ શોરમ; મેહેક; આમોદ.

REDOLENT, a. સુગંધીવાળું; ખુશબોદાર; પિમળતું; મઘમઘતું; સુવાસિત; પમરતું; મેહેકમેહેક થતું; મહેકવાળું.

REDOUBLE, v. t. વારે ઘડીએ-વધારેને વધારે-ઉપરાઉપરી-ઉપરાચાપરી કર્યા કરવું; બેવડું-દુપટ-બમણું કરવું; ઘણું વધારવું.

REDOUBLE, v. i. ઘણું વધું થવું; ઘણું વધારે થઈ જવું; બેવડ-દુપટ-બમણું થઈ જવું.

REDOUBT, n. (*Fort.*) બહારના કોટની અંદરનો કોટ; બહારના કોટમાંથી નહાસી અંદર ભરાઈ જવાનો કોટ; રનગઢ; કિલ્લાની અંદરનો કિલ્લો; છેલ્લો આશ્રમ થાય એવો માંહેનો કિલ્લો. એ શબ્દ *Redout* એવી જોડણીથી પણ લખાય છે.

REDOUTABLE, a. બીક લાગે એવું; ભયંકર; હેબતનાક; ભયાનક; ભય લાગે-ઉપજાવે એવું; બિયામણું. એ ઉપરથી,

2 ધીર; હિમ્મતવાન; બેહાદુર; સૂર; પરાક્રમી; જવાંમર્દ; (ધિક્કાર-મશ્કરીમાં) લાકડી પેહેલવાન.

REDOUND, v. i. પાછું ગબડવું-આવી પડવું-ઢકેલાવું; લોટવું.

2 કશાથી-કશાને લીધે-પરિણામે-શેવટે કોઈને-કશાને મળવું-હાંસલ થવું; પરિણામ અથવા ફળ લેખે મળવું; ગુણ થવો; હોવું; થવું.

3 ઘણું-વધારે-અતિ-અતિશય થવું-હોવું; જોઇયે તેથી વધારે થવું; ફાજલ-ફાલતુ પડવું.

RED POLE, n. (*Ornith.*) જેને માથે ઘેરા કીરમજી રંગની કલગી છે એવું એક નહાનું ગાતું પક્ષી. એ શબ્દ *Redpoll* એ જોડણીથી પણ લખાય છે.

REDRAFT, n. મુસદાની બીજી નકલ; ફરીથી-બીજીવાર કરેલી નકલ.

